ગુજરાતી પંચની ૧૯૦૯ની સાલની બીજી ભેટ

જ્યોતિપુંજ.

લખનાર,

માધવરાવ બાબારાવ ભોળાનાથ.

પ્રકાશક,

સોમાલાલ મંગળદાસ શાહ,

અધિપતિ—"ગુજરાતી પંચ."

કીમત રૂ. ૧—૮—૦

મધુકર.

ધી ગુજરાત પ્રિ. પ્રેસ—અમદાવાદ.

૧૦ જ્યોતિ પુંજ

" ગુજરાતી પંચ " પત્ર તરફથી આપવામાં આવેલી ભેટો.

નામ.	લેખક.	કિંમત.
૧૯૦૩		
૧ માલતી અથવા આર્યોના સાંસારિક દુર્ગુણોથી થતી ખુવારી.	રા. ચુનીલાલ પુંજીરામ મણીઆર	૧-૦-૦
૧૯૦૪		
૨ સીગીતા અથવા વીજળી ગામડીઅણ.	રા.	૧-૦-૦
૧૯૦૫		
૩ સંસાર યાત્રા.	રા છગનલાલ કેવળરામ મ્હેતા	૦-૧૨-૦
૧૯૦૬		
૪ શૈલપુરની સુંદરી.	રા. રશ્મિકાન્ત.	૧-૮-૦
૧૯૦૭ ની બે ભેટો.		
૫ અયોધ્યા અને અંગ્રેજ.	રા. ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા.	૧-૮-૦
૬ અલક્ષ્યજ્યોતિ.	રા. શિવભાઇ બાપુભાઈ (બન્ધુ-સમાજ.)	૧-૮-૦
૧૯૦૮ ની બે ભેટો.		
૭ ઉષાકાન્ત.	રા. ભોગીન્દ્રરાવ રતનલાલ દિવાટીઆ બી.એ (બન્ધુસમાજ)	૧-૮-૦
૮ પદ્મનાભ.	રા શિવભાઈ બાપુભાઈ (બન્ધુ-સમાજ.	૧-૮-૦
૧૯૦૯ ની બે ભેટો.		
૯ મધુકર.	રા. શિવભાઈ બાપુભાઇ (બન્ધુ-સમાજ.)	૧-૮-૦
૧૦ જ્યોતિ પુંજ.	રા મધૂક.	૧-૮-૦

Motiram Heerabhoy Adenwala



रा. मोतीराम हीराभाइ एडनवाळा.

અર્પણ પત્રિકા.

રા. રા. મુરબ્બી મોતીરામ હીરાભાઇ,

નામદાર બ્રિટિશ સરકારની પૂર્ણ નિમકહલાલીથી નોકરી બજાવી સરકારી અમલદારોને આપે જે સંતોષ આપ્યો છે, એક ન્હાના દરજ્જામાં શરૂઆત કરી આપબળથી મ્હોટા દરજ્જે ચઢવામાં આપે જે કુશળતા દર્શાવી છે, હિંદુસ્તાનની બહાર પડેલા એડન જેવા દેશમાં હિંદુસમાજની ઉન્નતી કરવા આપે જે પરિશ્રમ ઉઠાવ્યો છે, તથા મ્હારા પ્રત્યે આપની શુભેચ્છાઓ વારંવાર પ્રદર્શીત કરી આપે મને જે ઉપકૃત કર્યો છે તે તથા એવા બીજા આપના સદ્‌ગુણોથી લલચાઈ આ પુસ્તક આપને અર્પણ કરવાની રજા લઉં છું.

લી. સેવક

સોમાલાલ મંગળદાસ શાહ,

અધિપતિ—"ગુજરાતી પંચ."

રા. રા. મોતીરામ હીરાભાઇનું ચરિત્ર

"ગુજરાતી પંચ" પત્રની આ ભેટનું પુસ્તક એક જાણીતા ગુર્જર ગૃહસ્થ રા. રા. મોતીરામ હીરાભાઇને અર્પણ કરવામાં આવ્યું છે. ગુજરાતના જે ગૃહસ્થો નામદાર બ્રિટિશ સરકારની ઉત્તમ સેવા બજાવે છે તેમાંના એક મી. મોતીરામ હીરાભાઈ છે. નામદાર સરકારની લગભગ ૩૫ વર્ષની લાંબી મુદત સુધી એક નિષ્ઠાથી વફાદારી ભરેલી રીતે નોકરી બજાવી આ ગૃહસ્થ હાલમાં રીટાયર થયેલા છે. નામદાર સરકારનાં જુદાં જુદાં ખાતાંઓમાં નાની પાયરી ઉપરથી મોટી પાયરી ઉપર જઇ ચહેલા ઘણા ગુર્જર ગૃહસ્થોનાં દૃષ્ટાંતો આપણી દૃષ્ટીએ પડે છે એ ગૃહસ્થોનો ઘણો-લગભગ ઘણો ખરો ભાગ એવો છે કે જેમની નોકરીનું સ્થાન હિંદુસ્થાનની અંદરજ રહેલું છે પરંતુ આ ચરિત્રવાળા પુરૂષે આખી નોકરી હિંદુસ્થાનની બહારની બાજુએ-એડનમાં બજાવી છે એટલે એ બાબત આપણું ખાસ ધ્યાન ખેંચાય તેમ છે. મી. મોતીરામની નોકરીની શરૂઆત એડનની અંદર સન ૧૮૭૩ થી થઇ હતી. ૩૫ વર્ષ ઉપરનો એ સમય એવો હતો કે જ્યારે આપણા ગુર્જરબંધુઓ મુંબાઇ ઇલાકાને મૂકીને ભાગ્યેજ બહાર નીકળતા તેવા વખતમાં મી. મોતીરામે નોકરી અર્થે એડન જેવા હિંદુસ્થાનથી ૧૫૦૦ માઇલ દૂર પડેલા બહારના દેશમાં જવાની ચલાવેલી હિમતથી આપણને આજે ભાગ્યેજ નવાઇ લાગશે પરંતુ તે સમયની તેમની તેવી હિમત તેમને ખાસ અભિનંદન આપવા યોગ્ય છે. એ વર્ષમાં મી. મોતીરામ એડનના મહેરબાન આસીસ્ટંટ પોલીટીકલ એજંટ મી. એફ. એમ. હંટર સાહેબના તાબામાં બંદર ઉપર એક "કોપીંગ કલાર્ક" તરીકે નોકરીમાં રહ્યા હતા. તે જગોએથી ધીમે ધીમે વધતાં વધતાં હેડ કલાર્કની માનભરી પદવીએ તે ચઢયા હતા. તેમણે પોતાની નોકરી એવી તો ખંત, મહેનત અને ઉલટભેર બજાવી હતી કે તેમના દરેકે દરેક યૂરોપિયન ઓફીસર તેમના કામથી અતિશય સંતોષ પામ્યા હતા એટલુંજ નહીં પરંતુ તેમનામાં રહેલા સદ્દગુણોને સારૂ ઉપરા ઉપરી સર્ટીફીકેટો આપી ગયેલા છે. આ ઓફીસરોમાં આસી. પોલીટીકલ એજન્ટ મી. એફ. એમ. હંટર, પોર્ટ ઓફીસર મી. વોલ્ટર પોવેલ,

ચીફ એન્જનીઅર મી. જે. હોર, સેલ્વેજ મી. વોલ્ટર થોમ્પસન, કમાન્ડર મી. જેમ્સ બ્લોક, પોર્ટ ઓફીસર મી. ડબ્લ્યુ. કે. થાંપ્સન, સીપીંગ માસ્ટર મી. ઇ. બિશપ, મી. એચ. એસ. બ્લેક, પોર્ટ ઓફીસર મી. ઈ. આર. શેપલેન્ડ વિગેરેનો સમાવેશ થાયછે. મી. મોતીરામને આ મુજબ સર્ટીફીકેટો મળેલાં છે એટલુંજ નહીં પરંતુ તેમને ખીતાબ આપવાની મજબૂત ભલામણો એડનના પોર્ટ ઓ. ફીસર્સ અને શીપીંગ માસ્તર્સ કમાન્ડર એફ. બારવીક, એસ. બી. રીમસન, રૉડ બ્રાઉનલો, ડબલ્યુ મીચલ, સી. એફ. ફ્લેચર વીગેરેએ કરેલી છે, આ ભલામણ તેમણે એડનની પોર્ટ તથા શીપીંગ ઓફીસમાં નિમકહલાલીથી કરેલી નોકરી ઉપરાંત સને ૧૮૮૫ માં સોમાલી એકસપીડીશન, સન ૧૯૦૨–૦૩ અને ૧૯૦૪માં સોમાલી લેન્ડની ચઢાઇ દરમ્યાન તેમજ ધાલાફીલ્ડ ઓપરેશનમાં એકલા હાથે રાત્રી દિવસ કાંઇ પણ લાભ મળ્યા વગર બજાવેલી ખાસ નોકરીમાટે કરવામાં આવેલી છે. તે ભલામણનો અમલ નામદાર સરકારે જો કે હજુ સુધી કર્યો નથી તોપણ ભવિષ્યમાં મી. મોતીરામની સેવાઓની કદર બુજાશે એવી આશા અમે રાખીએ છીએ. મી. મોતીરામે ઉપર પ્રમાણેનો ઉત્સાહ માત્ર પોતાની નોકરીમાં બતાવ્યો છે એમ નથી. એડનમાં સ્થપાયેલી હિંદુ સમાજને તેઓ અનેક રીતે મદદગાર થઇ પડયા હતા અને એ સમાજના તેઓ પ્રેસીડન્ટ હતા. ગયા વર્ષે તેઓ એડનમાંથી આ દેશમાં આવવાને જયારે છેવટના વિદાય થયા તે વખતે એક મેળાવડો કરી એ સમાજે તેમના કાર્યની માનભરી નોંધ લીધી હતી. આવા એક મહાન્ પુરૂષનું આટલું ટુંક ચરિત્ર જે પુરૂષો આપ બળથી જગત્‌માં યશ પ્રાપ્ત કરવા ઈચ્છે છે તેમને અનુકરણ કરવા યોગ્ય છે અને એવા સત્પુરૂષનું ભવિષ્યનું જીવન વિશેષ બોધદાયક નીવડો એવી ઇશ્વર પ્રત્યે અમારી નમ્ર પ્રાર્થના છે.

અમદાવાદ, તા. ૧૫–૧૨–૦૯.

આધિપતિ—“ ગુજરાતી પંચ.”


પ્રસ્તાવના.

' To see oneself in print ' પોતાની કૃતિ છપાએલી જોવાની ઇચ્છા કે લેખક તરીકે ગણાવવાની ઈચ્છાએ નહીં, પરંતુ જગત્‌માં નિત્ય બનતા બનાવોને લઇને કેટલાક વિચારો મનમાં ઘોળાયા કરતા હતા તેનું આ પરિણામ છે. આ ઘોળાતા વિચારોને Victor Hugo (વિકટર હ્યુગો) જેવા લેખકો વાંચ્યાથી પુષ્ટિ મળી, ને એજ મહાન્ લેખકનાં વચનોમાં કહીયે તો ખોટું નથી કે ' જ્યાં સૂધી રૂઢિ બંધનથી અમૂક વ્યક્તિ જનસમાજમાં અધમ ગણાશે; ચારે દિશાએથી વિદ્યા કળામાં આગળ વધતા જગત્‌માં, જનસમાજ ગરીબ વર્ગ તરફ બેદરકાર રહેશે, ત્હેમની જરૂરીઆતો પૂરી નહીં પાડે ને હેવાહેવા અનેક સાંસારિક પ્રશ્નોનું જ્યાં સૂધી નિરાકરણ નહીં થાય ત્યહાં સૂધી હાવી નવલકથાઓ લખાઇને જનમંડળ આગળ મૂકાશે તો તે બીન ઉપયોગી નહીં ગણાય.

આ વિચારોને જનસમાજ આગળ મૂકવાની અનુકુળતા " ગુજરાતી પંચ " પત્રના માલિક અને તંત્રી રા. રા. સોમાલાલે આ લેખકને કરી આપી છે, તેને માટે તે ત્હેમનો ઉપકાર માને છે. ભાષા ઘરગથ્થુ વાપરવા પ્રયત્ન કર્યો છે કારણ સર્વને વાંચવું સરલ પડે. પુસ્તક લખ્યા પછી ફરીથી જોઈ જવાનો વખત મળ્યો નથી, તેમજ પ્રેસની ઘણી ભૂલ્યો રહી ગઇ છે, તેને માટે વાંચક વર્ગ દરગુજર કરશે.

અમદાવાદ
ઑગસ્ટ. ૩૦ ૧૯૦૯
નાળીયેરી પુર્ણિમા સં. ૧૯૬૫

મધુક.

તેજનો  ઝરો !

ખરા પેબલના ચસમા ઓળખીનેજ લેજો.

અમો ઉંચા બ્રાઝીલીયન પથ્થરના ચશ્મા ઘણાજ કિફાયત ભાવે આપને આપી શકીશું, તેનું કારણ માલમાં ફારફેર નથી પણ ન્હાને કોળીએ વધારે જમાય, એમ સમજી થોડા નફાથી અમે સંતોષ પકડી શકીએ છીએ.

ઠગાવાનો ડરજ નકામો છે.

કારણ કે અમે કાંઈ ઉંટવૈદ્ય હસ્તક કામ લેતા નથી પણ ડાકટરી ઉંચો અભ્યાસ કરેલા ડાકટર મારકંડરાય એલ.એમ એન્ડ એસ.જેવા અનુભવી ડાકટરને ખાસ રોકીને તેમની પાસે આંખ તપાસાવરાવી ચસમાનો નંબર કાઢી આપીએ છીએ અને તેની ફી મુદ્દલ લેતા નથી.

મોતીઆના ચશ્મા પણ અમારે ત્યાંથી મળીશકશે. વળી ચશ્માની ફ્રેમો (એલુમીનીયમ, રોલગોલ્ડ, કેરેટ વિગેરેની) પણ મળશે. વળી ચશ્માને લગતું દરેક પ્રકારનું રીપેર કામ પણ અમો સસ્તા ભાવથી કરોએ છીએ. **દુકાન નં. ૩૬૨૦**

ફતેચંદ દોલતચંદ શાહ, ત્રણદરવાજા—અમદાવાદ.

ચશ્મા ! પેબલના ચશ્મા !!

ખાસ વિલાયતથી મંગાવેલ ખરા **પેબલના** ચશ્મા અમારે ત્યાંથી ઘણાજ ઓછા ભાવથી મળશે.

વિલાયતમાં પાસ થયેલા આંખના ડાક્ટર બળવંતરાય નરસિંહલાલ કાનુગાને અમારે ત્યાંથી ડાક્તરી ચશ્માની પેટીમાંથી આંખ તપાસી ચશ્માનો નંબર મફત કાઢવા માટે રોકવામાં આવ્યા છે. ચશ્માની ફ્રેમો નીકલની, એલ્યુમીનીયમની, રોલગોલ્ડ, કેરેટ વીગેરેની મળે છે તથા ચશ્માનું રીપેર કામ ઘણાજ ઓછા ભાવથી કરવામાં આવે છે. મોતીઆના ચશ્મા પણ અમારે ત્યાંથી મળે છે.

અમારે ત્યાંથી લીધેલા પેબલના ચશ્મા એક વરસ સુધી પૈસા લીધા વિના નંબર બદલી આપવામાં આવે છે.

એક વરસ પછી લીધેલા ચશ્મા અગર જુના **પેબલના** ચશ્માનો નંબર ફક્ત રૂપૈઓ એક લેઇ કાચ ફેરફાર કરી આપવામાં આવે છે. ખાસ જૈનના સાધુ સાધ્વીઓને માટે નફો લીધા વિના ચશ્મા આપવામાં આવે છે.

ચુનીલાલ મયાચંદ મહેતા.
ત્રણ દરવાજા નં. ૩૬૧૪, અમદાવાદ.
ડાક્ટર એન. હોલની દવાઓના ચીફ એજન્ટ.

સ્નેહ-સમર્પણ

સ્વર્ગસ્થ મુરબ્બી જ્યેષ્ઠબંધુ,

સને ૧૮૯૬ માં જ્યારે ઈડર રાજ્ય તરફથી રાજ્યકીય કામ પ્રસંગે ત્હમે મુંબાઈ જવા અમદાવાદ આવ્યા, તે વખતે કુટુમ્બી જનતરફથી "મુંબાઈમાં પ્લેગ છે માટે ત્હાં બનતા સુધી ઘણું રહેવાય નહીં તો સારૂં" એમ ત્હમને કહેવામાં આવ્યું હતું; તેના ઉત્તરમાં "રાજ્યનો નોકર છું, મુંબાઇમાં પ્લેગ હો કે એથી પણ મ્હોટી મહામારી હો તેથી શું થયું? હું મ્હારૂં કર્ત્તવ્ય નહિં ચૂકું" એટલાજ શબ્દો કહ્યા હતા. હું તે વખતે ઘણો ન્હાનો હતો. આ ત્હમારા ઉદાર વિચારોની સ્હેજ મ્હને ઝાંખી કરાવી તથા બીજા અનેક ઉપકારો કરેલા તેનો બદલો તો નહીંજ વાળી શકાય, પણ અંતે મુંબાઈ ગયા ને તેજ કર્ત્તવ્યને સાચવતાં પ્લેગના ભોગ થઇ પડતાં દેહ છોડયો. એ ત્હમારી ઉચ્ચ ભાવનાથી પ્રેરાઇ ત્હમારા અમર આત્માની શાંતિ માટે આ પુસ્તક રુપિ સ્નેહાંજલિ ત્હમનેજ અર્પણ કરૂ છું.

અમદાવાદ
તા ૩૦, ઑગસ્ટ ૧૯૦૯
નાળીગેરી પુર્ણિમા સં. ૧૯૬૫

ત્હમારો સદાનો ઉપકૃત
કનિષ્ઠ બંધુ.

જ્યોતિ-પુંજ.

પ્રકરણ ૧ લું.

મહા દુષ્કાળ.

" છાનું રહે, છાનું રહે, મ્હારા હૈયાના હીર બાળુડા !
રખે કો સાંભળે સાદ ! જગના લોક છે ભૂંડા. "

નરસિંહરાવ.

૧૯૫૬ ની સાલ હિંદુસ્થાનને એક મહા વિપત્તિની હતી.' કારણ તે વખતે આખા હિંદુસ્થાનમાં દુષ્કાળ પડ્યો હતો. આ દુષ્કાળ પહેલાં જે અગણોતરો કાળ પડી ગયો હતો તેનાથી પણ ઘણોજ વિકરાળ પડ્યો હતો પરંતુ રેલ્વે ગાડીનાં તેમજ ઈંગ્રેજ સરકારના તરફથી સંપૂર્ણ સાધનોની મદદ મળવાથી કાંઇક અંશે તેના ક્રૂર પંઝામાથી મનુષ્યો બચવા પામ્યા હતા. ગૂજરાતમાં રહેનારાઓને આ કાળની શક્તિનું માપ પૂર્ણપણે ખ્યાલમાં આવી શકશે નહીં કારણ આ પ્રાન્તની સ્થિતિ ઇશ્વરકૃપાથી એવી છે કે તેને ઘણું સોસવું પડે એમ નથી પણ હિંદુસ્થાનનાં બીજા પ્રાંતોની સ્થિતિ આ વખતે સાક્ષાત્ કાળને પણ એક વખત પીંગળાવે એવી થયેલી હતી. આમ હતું છતાં પણ ગૂજરાતમાં પણ આ વિકરાળ કાળનો સોરો એવો તો જબરો હતો કે તેનું વર્ણન કરવું એ શક્તિ બ્હારની વાત છે. જેમણે ઇશ્વરકૃપાથી કાળનું સ્વરૂપ જોયું નથી તેમને તેનો પૂર્ણ ખ્યાલ આપી શકવો મુશ્કેલ છે છતાં પણ એક વખત એમ સમજો કે, બે ચાર દિવસની લાંઘણ કરવી પડી છે, અને અન્ન તરફ એટલી તો રુચિ થઇ છે કે જાણે જો મળે તો ચાવ્યા વિના ગળી જાઓ પણ તે મળવાનો કાંઇજ સંભવ નથી. તે વખતની તમારી સ્થિતિનું અનુમાન કરી જુઓ એટલે કાંઇક

તે દુષ્ટ રાક્ષસની ઝાંખી થશે. આપણી વાર્તા શરૂ થાય છે તે વખતે હિંદુસ્થાનમાં મહા ભયંકર દુષ્કાળ હતો ને હજારો બલ્કે લાખો ને કરોડો મનુષ્યો, એક ટુકડા રોટલા સારૂં ટળવળી તરફડીને પોતાના પ્રભુ પાસે ચાલ્યાં જતાં હતાં. અરે ટુકડો રોટલો તો શું પણ એક ઝાડનું મુળીયું પણ ખાવા ન મળે તેવા પ્રદેશની સ્થિતિનો ચિતાર તાદૃશ ખડો થઇ શકે એમ નથી. દસ દસ, વીસ વીસ, કોસની અંદર પાણીના પણ વાખા પડે ને લોકનાં ટોળેટોળાં ધીમે ધીમે રસ્તો કાપતાં માંખીઓની માફક ટપોટપ હારબંધ પ્રભુશરણ પ્હોંચતાં. આ સમયે માત્ર એકલાં ગામડાંઓનીજ આવી સ્થિતિ હતી એમ નહીં પણ ન્હોટાં ન્હોટાં નગરોમાં પણ જોઈએ તો ઠેર ઠેર નદી કાંઠે, અરે ખુદ ભર વસ્તીમાં લાંબા થઈ ને પડેલાં મડદાં નજરે પડતાં. ત્રાહિ ત્રાહિ પોકરાવે એવા આ સમયમાં મનુષ્ય મનુષ્યત્વ ભૂલી જઈ અનેક કૃત્ય કરતું હતું. માતા બાળક ઉપરનો પ્રેમ ભુલી જતી. તીવ્ર ભૂખની મારી માતાઓ જંગલની અંદર પોતાનાજ બાળકનુ કાચુને કાચુ માંસ ભક્ષણ કરતી જણાતી. પતિ પત્નીને ને પત્ની પતિને ને પિતા પુત્રને, ને પુત્ર માતાને એક ટુકડા સારૂં અનેક કષ્ટ વેઠતાં ને કષ્ટ આપતાં છોડી ચાલી જતાં. આવે સમયે નાસ્તિક પોતાની નાસ્તિકતા મૂકી ઊંચે સ્વરે "ઓ પ્રભુ ?" એમ નિશ્વાસ મૂકી બોલી જતાં. જેના હ્રદયમાં કાંઈપણ દયાનો છાંટો હતો તે તો પોતાના ટુકડામાંથી અડધો બીજાને આપતું.

આવા સમયે પરોપકારી પુરુષો હરદમ પરોપકારાર્થે શહેરમાંને શહેર બ્હાર, ગામડાંઓમાંને સીમોમાં દ્રવતા હ્રદયે મદદને સારૂં સતત ફરી રહ્યાં હતાં. હરિણપુરમાં આ સમયે એક દિવસે શિયાળામાં ટાઢ કડકડીને પડી ને સર્વ કોઈ દિવસના શ્રમથી પરવારી પોતપોતાના મકાનમાં જે કાંઈ મળ્યું તે ખાઇ કરીને પડી રહ્યું હતું. રાત્રી જેમ જેમ વધતી ચાલી તેમ તેમ ટાઢનું જોર પણ વધવા માંડયું. સર્વત્ર શમશમાકાર હતું. અંધારી રાત્યને લીધે કાંઈપણ વસ્તુ જણાતી નહીં માત્ર આકાશમાં તારાઓ ચળકતા તેના તેજથી ઝાંખો ઝાંખો આભાસ માત્ર જણાતો. સર્વત્ર સ્મશાનવત્ શૂન્યકાર પ્રસરી રહ્યો હતો. આ વખતે હરિણપુરની પશ્ચિમે દોઢેક માઇલને છેટે નદીની પેલી બાજુ નદીનાજ પટમાં

રેતીની અંદર બે મનુષ્યોની આકૃતિ આમ તેમ વાંકી વળતી વળી ટટાર થતી ઝડપથી ફરતી જણાતી હતી. હરિણપુર પાસે આ નદી ઉપર એક પુલ આવેલો છે ને પુલની પેલી બાજુ પણ કેટલીક વસ્તી થએલી છે. આ બે મનુષ્યોમાંના એકને ખભે ઝોળી લટકાવેલી હતી ને બીજા હાથમાં એક પેટી તથા ફાનસ હતું. ઘડીકમાં આણીપાસ જાય તો ઘડીમાં પેલી પાસ જાય એમ દોડંદોડા આ મનુષ્યો કરી રહ્યા હતા. નદીના પટમાં રેતી ઉપર અત્યારે પાંચ-પચીસ દુષ્કાળના ભોગ થઈ મનુષ્યો પડેલા હતા તેમને સારૂ ખોરાક ઝોળીમાં નાંખી આ દયાળુ, પરોપકારી સાધુમાંનો એક વ્હેંચતો વ્હેંચતો ફરતો હતો ને બીજો સાધુ પેટીમાં દવાઓ રાખી જેને જે જે જરૂર પડે તેને આપતો અને દીલાસો દેતો ફરતો હતો. વળી નીચે બેશી દરેકને શરીરે હાથ ફેરવી ખબર પૂછી ઔષધની જરૂર જણાતાં આપી નગ્નોને વસ્ત્ર દાન દઇ ક્ષુધા શાન્ત પમાડી કર્ત્તવ્યમાં આ બે સાધુઓ ગરક થઇ ગયા હતા. જે દિશાએથી દુઃખીનો સાદ સંભળાય તે દિશાએ હરિણની માફક દોડી દુઃખીનું દુઃખ ફેડતા. પોતાના શરીરની આવી કડકડતી ટાઢમાં દરકાર કર્યા વિના માત્ર કર્ત્તવ્ય ખાતરજ આવી ઘોર રાત્રીએ ભટકતા હતા.

દૂરથી એક મૃદુ અવાજ સંભળાતાં આ સાધુમાંનો એક બોલ્યો, ભાઇ ? હ્વણે ચાલો કોઈ દુઃખી મનુષ્યનો આર્તસ્વર મ્હારા હ્રદયને ભેદી નાંખે છે. કોઈ અબળા હોય એમ મ્હને લાગે છે. ત્વરાથી બન્ને જણા જે દિશાએથી સ્વર આવ્યો ત્યાં દોડી પહોંચ્યા ને જુવે છે તો એક સ્ત્રી રૂદન કરતી નદી કિનારે બેઠેલી જણાઈ. સ્ત્રી ખોળામાં એક તરતનુંજ જન્મેલું બાળક લઈને રૂદન કરતી બેઠી હતી ને બાળક પણ જાણે માતાના દુઃખમાં ભાગ લેતું હોય તેમ ઘડીએ ઘડીએ રોવા લાગતું હતું. પત્થર જેવા હ્રદયના મનુષ્યની આંખોમાંથી અશ્રુ પડે તો પછી આ સાધુ પુરુષોની તો વાતજ શી ! સ્તબ્ધ થઇ રહેલા આ બે જણે છેવટે હિમ્મત લાવી પૂછ્યું કે બ્હેન ? ગભરાઇશ નહીં તું કોઇ સારા ઘરની દીકરી લાગે છે પણ આ દુષ્કાળ રૂપી રાક્ષસના પંઝામાં સપડાઇ ગઈછે તો તું હમારી સાથે ચાલ્ય, તું હમારા રહેઠાણમાં રહેજે, ત્હને કોઈ વાતનો વાંધો નહીં આવવા દઇએ. ત્હારા ખોળામાં આ બાળક તરતનું જન્મેલું જણાય છે તો ત્હારે હાલ ટાઢયમાં અહીં નદી કિનારે પડી રહેવું સલામત નથી.

મન્દકાન્તિ—બાઈ ? હું હિંદુ છું, તમે ઇંગ્રેજ છો, ખ્રીસ્તિ છો, હું ત્હમારા આશ્રમમાં આવી શું કરૂં ?

રેવરન્ડ ગૉડફ્રીયર--બ્હેન ? હમે ત્હને ઈલાયદું રહેવાનું આપીશું, ત્યાંહાં ત્હારી સગવડ થશે ને ત્હારી પાસે બાઇ માણસ રહેશે ને ત્હારી સારવાર કરશે તો પછી શો વાંધો છે ?

મન્દકાન્તિ--બાઈ ? ના, ના, મ્હને દુઃખીયારીને તો હવે અહીંજ રહેવાદો. આજ સૂધી તો મ્હારી પોતાનીજ ફીકર હતી પણ હવે તો મ્હારી ને આ કમનશીબ બાળકની પણ ફીકર પડી. હું પાપી છું, મ્હારા પાપનું પ્રાયશ્ચિત મ્હને અહીંજ રહેવા દઇ ધોવાય તો ધોવા દો

રેવરન્ડગૉડફ્રીયર--બાઇ? જગત્ સર્વ પાપીજ છે, મનુષ્યમાત્ર પાપથીજ ભરેલું છે. કોઇ મનુષ્યમાં દેવ જન્મ્યું નથી. મારે એક વખત તો તું હમારી સાથે ચાલ્ય પછી રહવારે ત્હારે જ્યે જવું હોય તો જજે પણ જ્યહાં સૂધી ત્હારી સ્થિતિ સુધરે નહીં ત્યાંહાંસૂધી તું ત્હારૂં ઘર જાણી હમારા આશ્રમમાં રહેજે.

રેવરન્ડ ગૉડફ્રીયરે આ પ્રમાણે કહીને પોતાની સાથે જે પુરુષ હતો તેને કહ્યું જોસેફ ? બાઇનામાં ચાલવાની શક્તિ નથી ને આપણે હજી અડધો માઇલ જવાનું છે; જોસેફે રેવરંડ ગૉડફ્રીયર વાક્ય પુરૂં કરે તે પ્હેલાં ફાનસ ને પેટી તેને આપી દીધાં ને આ બાઇને પોતાના ખભા ઉપર બેસાડીને બાળકને કપડાંમાં લપેટી લઇ હાથમાં ઉંચકી લઈ આશ્રમ તરફ ચાલવા માંડયું.

પ્રકરણ ૨ જું.

મિશનરીનો આશ્રમ.

" કપટિ જનનાં કપટ દીઠાં,
કડુઅંતે પ્રથમ મીઠાં;
અમૃત દાખવીજ વિષ રેડયું;
જશે તુજ પાપ ક્યમ ફેડયું ? "

રમેરમ ભીંડુ વિષ રેડ્યું,
નયન મુજ આજ તિમિર ઘેર્યું;
જગત મુજને તજે ડમ્બી,
ન ત્હેમાં રહું હવે થંબી."

નરસિંહરાવ.

મિશનરીના આશ્રમમાં મન્દકાન્તિને રહેવા સારૂં એક જૂદો હોલ કાઢી આપ્યો ને ત્યાં સર્વ જાતની સગવડ કરી આપી. તેની પાસે એક નર્સને સોંપીને તે ત્હેને દવાદારૂ વીગેરે કરી માવજત કરતી હતી. ધીમે ધીમે જેમ દીવસો જવા માંડયા તેમ તેમ મન્દકાન્તિમાં શક્તિ આવવા માંડી ને બાલક છોકરાની જાત હતી તેપણ સ્ફુર્તિ પામતો ગયો. નર્સ એવી તો માયાળુ હતી કે મન્દકાન્તિને ત્હેની સાથે ઘણુંજ ગોઠી ગયું હતું ને મન મળ્યાં હતાં. સ્હવાર સ્હાંજ મન્દકાન્તિને નર્સ બ્હાર ખુલ્લી હવામાં ફરવા જતાં તે વખતે બાલકને નર્સ પોતે ઉચકી લેતી ને નદી કીનારાની હવા પુલ ઉપર જઇ ખાતાં ને ઘેર આવી પોતે પોતાની રસોઇ કરી લઇ જમી ખાઇને બપોરનો વખત આશ્રમમાં જે ન્યુસપેપર આવતાં તે નર્સ વાંચી સંભળાવતી.

આ આશ્રમ એક ન્હાના બંગલાના ઘાટનો હતો. તેને એક કંપાઉન્ડ હતું ને તેમાં ન્હાનો સરખો બાગ કર્યો હતો. કંપાઉન્ડના ઝાંપામાં પેસતાં સ્હામે એક વચલો હોલ હતો તે ડ્રોઇંગરૂમ હતો, આસપાસ બબ્બે ઓરડીઓ હતી. પાછળ તેમજ આગળ લાંબો ને પ્હોળો ઓટલો હતો. ને તે ઓટલા ઉપર લોખંડની ઝાળી ભરી લીધી હતી. ઝાળી ઉપર જાત જાતના વેલાઓ ચ્હડાવ્યા હતા. જમણી પાસની બીજી ઓરડીમાં મન્દકાન્તિને રહેવાને આપ્યું હતું. કોઇ વખતે બન્ને જણુ બ્હાર ખુલ્લી હવામાં ફરવા જતાં. તો કોઇ દીવસ બાગમાંજ બેન્ચો નાંખેલી હતી ત્હાં બેસીને વાતો કર્યા કરતાં હતાં. એક દીવસ બન્ને જણુ કંપાઉન્ડમાં બાગની અંદર સ્હાંજને પ્હોર બેન્ચ ઉપર બેઠાં હતાં. તે વખતે અનેક વાર્તા ચાલી રહી હતી. તે વખતે નર્સ જે હિંદુ હતી ત્હેણે વાત ઉપાડી કે મન્દકાન્તિબ્હેન! ત્હમારી પૂર્વ હકીકત જો કાંઇ વાંધો ના હોય તો કહેશો? બ્હેન આટલા દીવસ

હું જાણી જોઇને પૂછતી ન્હોતી પણ હવે ત્હમારામાં શક્તિ આવી છે તો જો હરકત ના હોય તો કહેશો ?..........

મન્દકાન્તિ—બ્હેન ? મ્હારા મનમાં ઘણા દિવસથી વાત તો ઘોળાયા કરતી હતી પણ કોણ જાણે શાથી હું કહેતાં અચકાતી હતી પણ હવે આજે પ્રસંગ આવ્યો છે તો કહેવાને કાંઇ હરકત નથી.

બ્હેન ! હું આ સ્હામે દેખાય છે એ હરિપુરનીજ રહીશછું.

મ્હારા પિતાનું નામ દિનરાય હતું ને તે મ્હને પાંચ વરસની મૂકીને ગુજરી ગયા હતા. મ્હારા પિતા જો કે ઘણા વૈભવમાં ઉછર્યા હતા કારણ મ્હારા દાદાને ત્હાં પુષ્કળ પૈસો હતો પણ પાછળથી જ્યહારે મ્હારા પિતાની ઉમ્મર વીસ વરસની થઈ તે અરસામાં મંદી તેજી રૂનો સટ્ટો કર્યો ત્હેમાં ઘણીખરી મીલ્કત ખોઇ બેઠા. પૈસો આમ જતો રહ્યો તેનો ઘા મ્હારા દાદાને ખૂબ ખૂંચવા લાગ્યો ને તેને કરીને એકાદ વર્ષમાં તે ગુજરી ગયા. પછી મ્હારા પિતા જેમ કેહેવત છે તેમ હાર્યો જુગારી બમણું રમે તે પ્રમાણે ખોએલી મીલ્કત પાછી મેળવવા સારૂ સટ્ટાના ફંદમાં સ્હડયા તેમાં પ્હેલી વખત તો મળતીઆ હરામખોરે એમને ખટવ્યા પણ પછીથી તો સઘળી મીલ્કત ખોઈ બેઠા ને સ્હામું દેવું કર્યું. ઘરબારની દરકાર કર્યા વગર એતો જ્યારે જોઇએ ત્યહારે સટ્ટામાંને સટ્ટામાં, લોકો ઉઘરાણી કરે તેને વાયદા ઉપર વાયદા દે. મ્હારી માતા બિચારી ઘણી અકળાય પણ શો ઉપાય ? છેવટે એતો જુગારના પણ ફંદમાં પડયા. બ્હેન ? તું મ્હારી બ્હેન જેવી છે ને પરગજુ છે તેથી મ્હારી બધી કરમકથા ત્હને કહું છું બાકી જો કંટાળો આવતો હોય તો પડતી મૂકું.

નર્સ–ના બ્હેન ના ભલે તું કહે. હું તો તારા દુઃખની ભાગીયણછું.

મન્દ—બ્હેન ? શું કહું એક દિવસ હરામખોરોએ–જુગારીઓએ મ્હારા પિતાને દૂર જંગલમાં લઈ જઈ પૈસા માટે તકરાર કરી એમનું ખુન કર્યું. તે ખુનીઓ પકડાયા ને સજાએ ગયા. ત્યાર પછી એક પરોપકારી પુરૂષ હમારૂં ભરણપોષણ કરતો હતો. આ બધી વાત મ્હારી માતુશ્રી કહેતી તે ઉપરથી જાણું છું. હું આ વખતે પાંચ વર્ષની હતી જ્યારે હું બાર વર્ષની થઈ ત્યહારે મ્હારી નાત્યના એક ચૌદ વર્ષના છોકરા જોડે મ્હારી માતાએ મ્હારા લગ્ન કર્યાં. ત્હેનું નામ–હવે બ્હેન ? તારી આગળ કહેવામાં વાંધો નથી.

મણીરાય હતું. પૈસાદારનો છોકરો હતો, લાડઘેલો હતો ને ન્હાનપણથી કુછંદે ન્હડુલો તેને હું કાંઇક સ્હમજણી થાઉં તે પ્હેલાં તો કાળે ઝડપી લીધો. મ્હારે પરણે એકાદજ વર્ષ થયું હશે એટલામાં તો મ્હારા ઘરમાં એક દહાડો રડારોળ થઈ રહી. મ્હને નાતની સ્ત્રીઓએ એકઠી થઇને સર્વ શણગાર વિનાની કરી મૂકી. મ્હારા કેશવપન કરાવ્યા. મ્હને બેડોળ બનાવી દીધી. જગત્ શું, જગત્નું સુખ વૈભવ શાં, તે જાણ્યાં પ્હેલાં મ્હારે તે તજવાં પડ્યાં, અધુરામાં પૂરૂં આ બનાવ બન્યાને છ મહીના નહી થયા હોય એટલામાં તો મ્હારી માતા ગુજરી ગઇ ને હું ભર દરીયામાં ઝોલાં ખાતી એકલી નિરાધાર રહી. સાસરે ગઈ પણ સાસરીયાં દુશ્મન હોઉં તેમજ વર્તવા લાગ્યાં. ન કોઈ મ્હારી સાથે બોલે કે ના કોઇ મ્હને વખત થયે જમવાનું કહે. હું માત્ર જેમ ઢોર હોઉં, અરે બ્હેન ઢોર તો સારૂં કે એની બરદાસ પણ કરે તેનાથી પણ નપાટ સ્થિતિ મ્હારી થઈ ગઇ. હવે બ્હેન મ્હારી ઉમર પણ સોળેક વર્ષની થવા આવી. મ્હારી અભાગીપણની પાપકથા હવે શરૂ થઇ. બ્હેન ! તું મ્હારી ધર્મની બ્હેન છે દુ:ખીયાંનાં દુ:ખ રડવાને તેં ત્હારૂં જીવન અર્પણ કર્યું છે તેથી ત્હને કહું છું કે, મ્હારો પાડોશી એક રવિરાય કરીને હતો ત્હેણે મ્હને અમૃતનો પ્યાલો સ્હમજાવી વિષ પાયું. એ હલાહલ વિષ સર્વત્ર શરીરમાં વ્યાપી ગયું, સાસરામાં એક દીવસ જરા મોઢું ઉડાયું. નણદીએ તેથી મ્હેણું માર્યું. ને દાતણ કરવા જતી હતી ત્હાં મ્હને આવી હાથ ઝાલી ધક્કો મારી બ્હાર કાઢી, સાસુએ બારણા બંધ કર્યાં. આખો દિવસ ઓટલે પડી રહી. ના કોઇ બોલ્યું કે ચાલ્યું. મ્હારો લુગડાનો બચકો બ્હાર મ્હારી તરફ ફેંક્યો ને નણદી બોલી, ઘરમાં પેઠી તો ટાંટીઆજ વાઢી નાંખીશ. અપશુકનીઆળ ! જા, ભીખ માંગી ખા. મ્હારાભાઇનો જીવ લેનાર દુષ્ટા જા ત્હારાં કર્યાં તું ભોગવ્ય. મ્હારા ઉપર વાઘણ માફક ઉછળી પડી. બ્હેન ! હવે એ વાત મ્હને કેહેવી ગમતી નથી તેથી પડતી મૂકું છું. હું તો રઝળતી ભીખ માંગતી થઈ ગઈ પીયરમાં ન મળે કોઇ સગું કે વ્હાલું. સાસરીઆએ દુશ્મન થઇ કાઢી મૂકી ત્હારે રખડતી ભટકતી ફરતી. હેવામાં થોડાજ દીવસ ઉપર આ સાધુ પુરુષ રેવરન્ડગોડફ્રીયર મળ્યા. નદી કીનારે આવી નદીના ઉંડા જળમાં પડી પ્રભૂ પાસે પાપની ક્ષમા માગવા

જવા મન સાથે નિશ્ચય કરતી હતી. ત્હાં પુત્ર પ્રસવ થયો. ત્યાર પછીની બધી વાત બ્હેન તું જાણે છે.

" ના જાણતી સરલ બાલ ! તું ઘોર ભાવિ
સંતાયું શ્યામ સરિતા જળ માંહિ આવી."

નરસિંહરાવ.

પ્રકરણ ૩ જું.

મિશનરીને ત્યહાંથી પ્રયાણ.

" It is an imperative necessity that Society should safe-guard the interests of the poor; the upper classes are indifferent to the lower classes and the former are responsible for the ruin of the latter."

હિંદુસ્થાનમાં અનેક ધર્મોની ઉત્પત્તિ થઈ છે. મહાન્ મહાન્ ધર્માધ્યક્ષો ને આચાર્યો થઈ ગયા છે. ગાદીઓ સ્થપાઇ છે ને તેને અંગે ધર્મને નિમિત્તે અખુટ ભંડાર પણ ભરાઈ ગયા છે; પણ તે ધનનો વ્યય છપ્પનીઆ જેવા વખતમાં કેટલા આચાર્યોએ કર્યો તેનો કોઇ જવાબ માંગે છે ? કેટલાં રઝળતાં દુઃખી હીંદુ તથા બીજી જાતિનાં કુટુમ્બો અન્ય ધર્માવલંબિઓના ઉદાર ને દયાથી દ્રવતા હૃદયના જોરે તેમના ધર્મમાં દાખલ થઇ ગયાં છે તેનો કોઈએ હીસાબ કાઢ્યો ? યુરોપીઅન મિશનરીઓ કરોડો રૂપીઆના ભંડોળ કરી કેટલાં નિરાધાર મનુષ્યને આશ્રય આપી પોતાના ધર્મમાં જોડે છે તે કોઇથી અજાણ્યુ નથી. હિંદુઓમાં તો મ્હોડેથી બોલવાનુંજ રહ્યું છે કે 'દયા ધર્મકો મૂલ હે પાપ મૂલ અભિમાન' બાકી સાપ ગયા ને લીસોટા રહ્યા એ ઉક્તિ પ્રમાણેજ જણાય છે યુરોપિઅન લોકોમાં ' Vagrant ' ભટકતા, ભીખ માંગી ખાતા હેવા હેવા લોકોને સારૂં ' Correction Houses ' સુધારવાનાં આશ્રમો જ્યારે હયાત છે ત્હારે આપણા ધનાઢ્ય આચાર્યોએ તથા

સમસ્ત જૈન મંડળે હેવાં કેટલાં આશ્રમો કાઢયાં છે ? જ્યારે આ બધાના અભાવે ગરીબ વર્ગમાંથી પ્રાંતિત થઇ જાય અથવા બીજા ધર્મમાં દાખલ થાય જ્હાં એમને રોટલો મળે ધંધો મળે તો એમાં શી નવાઇ, પછી નકામી બુમો પાડવી શા કામની. હિંદુ ધર્મે ઉછળતા બાળકોને ધર્મનું જે પ્રમાણે ' Scientific ' શાસ્ત્રીય શિક્ષણુજ ક્યારે આપ્યું છે. હાલનો જમાનો શાસ્ત્રીય શિક્ષણુજ માગે છે તે હાજત પૂરી કર્યાં પડે છે. આના અભાવે ધર્મ તરફ બેદરકાર થાય તો શી નવાઇ. આ બધાના જવાબદાર કોને ગણવા એ વાંચનાર તમારીજ મુનસફી ઉપર રાખીયે છીએ.

નર્સ—બ્હેન ? ત્હારે તું હમારા ધર્મમાં ના આવે ? જોને ઇસુ ખ્રીસ્ત કેવો દયાળુ હતો દુઃખીયાનાં દુઃખ કાપતો ને સર્વને મુક્તિ આપતો. બ્હેન ? ત્હને પણ મુક્તિ મળશે.

મન્દ—બ્હેન ? હું જ્હારે ન્હાની હતી ત્યારે મ્હેં પણ હમારા ધર્મની કથાઓ સાંભળી છે. વ્રત વર્તુંલાં કર્યાં છે ને મ્હને તો મ્હારો ધર્મ ગમે છે. પછી તહમારા ધર્મમાં આવવાની મ્હારે શી જરૂર છે ? ઇસુ ખ્રીસ્ત મહાત્મા હતો તે હું ક્યાં ના કહુંછું. મ્હારા ધર્મમાં અનેક મહાત્માઓ થઇ ગયા છે ને તેમને હમે તો ઇશ્વર તુલ્ય ગણીએ છીએ.

નર્સ—બ્હેન ? પણ જો રેવરન્ડ ગૉડફીયર કહે ને ત્હને સમજાવે તો તું હમારો ધર્મ ના પાળે ? તું હવે ક્હાં ભટકીશ. આ ન્હાનું બાળક છે ને ત્હારૂં ભરણ પોષણ કેમ થશે હેનો તો વિચાર કર્ય. અહીં તો સુખે રહીશ ને આનંદ કરીશ.

મન્દ—બ્હેન ? આજલગી તો મ્હને જીવવાની ઇચ્છા ન્હોતી પણ હવે તો જગતમાં માયા લાગી છે. આ બાળક ઉપર મ્હારો પ્રેમ વધે છે તો હવે તો હું અહીંથી જવાને ઇચ્છુંછું. હિંદુ સંસારમાં આ બાળકને લઇને મ્હારાથી જવાશે નહીં. એ મ્હારૂં છે એમ ખૂલી રીત્યે મ્હારાથી કહેવાશે નહીં. અહીં હું સુખીછું એ ખરૂં પણ કોણ જાણે શાથી હવે મ્હને અહીં ગોઠતું નથી. પિતારૂપ રેવરન્ડ ગૉડફીયરનો હું ઉપકાર માનુંછું કે મ્હને આશ્રય આપ્યો એ ઉપકાર મ્હારાથી ભૂલાશે નહીં. પણ મનમાં કાંઇક હેવીજ વૃત્તિ થાય છે કે હિંદુ સંસારમાંજ ગમે તેટલા ભોગે પણ રહેવા ઇચ્છા

થાય છે માટે બ્હેન ? હવે મ્હને આગ્રહ ના કરીશ. મ્હારૂં કાચું હૈડું પીગળાવીશ નહીં.

નર્સ—બ્હેન ? હવે ત્હારાથી જવાય નહીં, જો તું જઇશ તો રેવરન્ડ ગૉડફ્રીયર ત્હારા છોકરા ઉપર દાવો કરશે કે એ હમારા ધર્મનો છે, હમે હેને ઉછેર્યો છે. ને તું કોણ છે વિગેરે બધી વાત જગતમાં જાહેર કરી તું હમારા આશ્રમમાં નભેલી, લુણ ખાઇ જીવેલી છું. માટે હવે કાંઈ ઉપાય નથી તો મ્હારૂં કહ્યું માની અહીં રહી આનંદ કર્ય.

મન્દકાન્તિના મનમાં આથી ધાસ્કો પડયો ને ગાંઠ વાળી કે અત્યારે હવે કાંઇ કહેવું નહીં. પણ બોલી કે બ્હેન ? ઠીક છે હું વિચાર કરીશ. એટલેથી વાત પતાવી મનમાં ગડભાંજ કરવા મંડી કે હવે શું કરવું. હિંદુ સંસારમાં કોઇ રાખવાનું નથી સર્વત્ર હડે હડે થવાનું છે પણ હા ! કોઈ દયાળું ગૃહસ્થને વિનવીશ. પણ તે પ્હેલાં આ છોકરાને ક્યહાં મૂકવો. ઈશ્વરઇચ્છા ગમે તે થાય પણ આજને આજજ આનો ઉપાય કરવો, નહીં તો વધારે સંકડામણુમાં આવી જઈશ. હુ મ્હારો તો નિભાવ કરીશ. કોઇ કારખાનામાં નોકરી રહીશ-વેતરૂં કરીશ. ને હવે પછીનું જીવન પ્રભુબળ દેશે તો નીતિયુક્ત કાઢીશ. પ્રભુ મ્હારો બેલી છે.

તેજ રાત્રીએ મન્દકાન્તિને ઉંઘ ના આવી. વિચાર વમળમાં ચ્હડી જતાં આખી રાત વ્યતીત થઈ ને છેક સ્હવારના ઠંડે પ્હોરે ચારેક વાગે સ્હેજ ઉંઘ આવી ગઈ. ને સ્હવારે સફાળી સાડાસાતના સુમારે ઉઠી. દાતણપાતણ કરી લઈ પરવારીને છોકરાને બુમ પાડી કે 'જ્યોતિપુંજ' કારણ છોકરાનું નામ એ એણે પાડયું હતું. જ્યોતિપુંજ ? ચાલ્ય સ્હવારના પ્હોરની ખુશનુમા હવા ખાઇ આવીએ. પુલ ઉપર જરા આંટા મારીશું તો સ્ફુર્તિ આવશે. આજે નર્સ એની સાથે જવાની નહોતી કારણ તેની તબીયત સ્હેજ બગડી હતી. રે. ગૉડફ્રીયર પાસેના ગામડાંઓમાં ઉપદેશ કરવા સ્હવારના પાંચ વાગ્યાના નીકળી પડયા હતા. જ્યોતિપુંજને સાથે લઇ મન્દકાન્તિ પુલ ઉપર ફરવા નીકળી પડી બાળક જ્યોતિપુંજ જેની ઉમ્મર હાલ ત્રણ વર્ષની થઇ હતી તેના અનેક અણુસારાના પ્રશ્નોના કાંઈ પણ જવાબ આપ્યા વગર તે પુરપાટ મૌન ધારણ કરી ચાલી જતી હતી. પુલ ઉપર ચ્હડતાં ચ્હડતાં તે બોલી બેટા ?

આપણે હવે નવું જીવન ગાળવાનું છે. એમ કહીને તેને પ્રેમથી બેચાર ચુંબન કરી આંખમાંથી આંસુ ઢાળ્યાં. મનના વિચારને લઈને મનમાં કંઈક ગડભાંજ થઈ રહી હતી ને પુલ વટાવાઇ ગયો તેની ખબર ના પડી. ક્યહાં જવું તે અનિશ્ચિતજ હતું. ગામમાં રખડતે રખડતે બપોરના અગીઆર વાગ્યા. પાસે થોડાક નાણું હતા તેથી એક વીશીવાળાને ત્યહાં જઇ ક્ષુધા તૃપ્ત કરવા વિચાર કર્યો. એક વિશિમાં દાખલ થઇને પુછ્યું ભાઈ ? હુ પરદેશીછું ને મ્હારે જમવું છે તો શું પૈસા લેવાશે. વિશીવાળો એક ઠીંગણો મ્હોંએ શીળીના ચાઠાવાળો ને ઉંડી આંખ્ય વાળો મહા લુચ્ચો માણુસ હતો તેનું નામ મોતીરામ હતું તે અને તેની સ્ત્રી એક ઠેકાણે બેઠાં હતાં ને પાસે બેન્હાની છોકરીઓ રમતી હતી. વિશીવાળાએ કહ્યું જમવાને સારૂ છ આના પડશે. બે વખતનું જો જમવાનું રાખશો તો આઠ આનાને એક વખત જમશો તો છ આના લઈશું. મન્દચાલ્ય ભાઈ જે લેશો તે આપીશું પણ જલદી જમવાનું આપો તો સારૂં કારણ બહુ ભુખ લાગી છે.

મન્દકાન્તિ જમવા બેઠી હતી તે વખતે વિશીવાળો ને તેની સ્ત્રી અંદર અંદર ગુચપુચ કરતાં હતાં કે છોકરો કેવો રૂપાળો છે ચાલાક છે જો આપણે અહીં હોય તો આગળ ઉપર આપણને ઘણો કામ લાગે નોકર ઓક્રો રાખવો પડે ને આપણી બધી ગરજ સરે પણ આ બાઈ આપે ખરી? બાઈ જણાય છે તે૰ કોઇ વખાની મારી પણ વાત કેમ થાય. સ્ત્રી પુરૂષની વાત કાંઇ મન્દકાન્તિના કાન ઉપર આવી. મનમાં વિચાર થયો કે જો છોકરો અહીં સોંપુ તો હું મ્હારે છુટી રીતે કાંઇ પણ ખલેલ શિવાય ધંધે વળગી જાઉં ને પછી થાળે પડયા પછી છોકરાને લઈ જાઉં. સ્ત્રી પુરુષ લાગે છે તો ભલાં માણુસ. વીશીવાળાની સ્ત્રી ને વિશીવાળો મ્હોંએ તો સાકરજ વાટતાં તે આ બાઇ આગળ આવીને અનેક જાત્યની વાતો કરતાં કરતાં વાત છેડી કે બ્હેન ! છોકરો બહુ ચાલાક છે, દેખાવડો છે તો ત્હમે એને અમને ના સોંપો ? અમે એને ભણાવીશું, હુશીયાર કરીશું, ને ધંધે વળગાડીશું. મ્હોંની ખોટી આનાકાની કરી છેવટે જાણે લાચારીથી વિશીવાળાના ભલા સારૂં છોકરાને સોંપતી હોય તેમ છોકરાને ત્હાં રાખવા કબુલ થઈ. વિશીવાળો પણું અષ્ટાવધાની હતો તે સ્હમજી ગયો કે કાંઇક દાળમાં

કાળું છે બાકી કાંઇ છોકરાને મૂકે નહીં. ત્હેને પાઘડી ફરીને બાંધી કહ્યું બાઇ? છોકરાને રાખીએ તો ખરાં પણ બધું ભણાવવાનું લુગડાં લત્તાંનું ખરચ થાય તેનું કેમ?

મન્દ—ભાઇ! જુઓ હું મહીને દહાડે પાંચ રૂપીઆ છોકરાના ખરચના મોકલાવીશ તેમાંથી તમે તમારી મેળે નભાવજો. વીશીવાળો સંતોષ પામ્યો ના હોય પણ જાણે ઉપકાર કરવા મહાપરાણે હા કહેતો હોય તેમ મ્હોં કટાણું કરી કબુલ થયો. છેવટે મન્દકાન્તિએ જરી રહીને પૈસા ચુકવી આપીને છેવટના પુત્રના ભણી ટીકટીકી જોયું; પ્રેમથી શોકથી હૃદય ભરાઇ આવ્યું. પુત્રને સોડમાં લઇ ચુમ્બન કરી આશીર્વાદ દઇ અજાણ્યા સ્ત્રી પુરુષને સોંપી પાછું વાળી જોયા વિના વિશીમાંથી ચાલી નીકળી.

પ્રકરણ ૪ થું.

સુંદરરાયનું કુટુમ્બ.

સુંદરરાયનું કુટુમ્બ હરિણપુરમાં પ્રતિષ્ઠિત ગણાતું હતું ને બાપદાદાથી નાતજાતમાં તેમજ ગામમાં તેમનું ઘર આબરૂદાર ગણાતું હતું. બાદશાહી વખતમાં સુબાઓની સારી નોકરી કરેલી તેને લઇને સુંદરરાયના બાપ મોહનરાયને જાગીર આપેલી હતી. સુંદરરાયનું લગ્ન અસલના રીવાજ મુજબ ન્હાનપણમાં જ થયેલું પણ પ્હેલીવારની સ્ત્રી પરણ્યા પછી બે ચાર વર્ષે ગુજરી ગઇ. ત્યાર પછી બીજીવારના લગ્ન કર્યાં. તે સ્ત્રીનું નામ વિલાસવતી હતું. વિલાસવતીને પુત્ર પ્રસવ્યો તેથી ત્હેનાં માન ઘરમાં વધ્યાં. મોહનરાયને માત્ર સુંદરરાય જ સંતતિમાં હતો ને બીજું કોઇ ન હોવાથી લગ્ન થયા પછી વિલાસવતીને ગૃહસંસાર ઉપાડવો પડયો હતો.

વિલાસવતીને પુત્ર પ્રસવ્યો ને થોડા મહીના પછી મોહનરાય ડોસા લગભગ સાઠય વર્ષની ઉમરે ગુજરી ગયા. ડોસાએ પૌત્રનું મ્હોં જોયું તેથી કૃતકૃતાર્થ પોતાને સમજ્યા ને વાડીવસ્તાર મૂકી દેવલોક પોતે પામ્યા તેથી નાતજાતમાં ભાગ્યશાળી ગણાયા. પુત્રનું નામ ડોસાએ પોતેજ રસિકરાય પાડયું હતું. નાતજાતના રીવાજ

પ્રમાણે તેમજ ઘરની આબરૂ પ્રમાણે ડોસાની પાછળ સુંદરરાયે નાત્યો જમાડી ને વર્ષી વિગેરે ગોર વિગેરેના આગ્રહથી શીયાળામાં મગજ ને હળના લાડુ ફરતા ફરતી જમાડી વાહવાહ બોલાવી રૂપીઆ હજાર દોઢનું પાણી કર્યું. બીજીવારની સ્ત્રી પરણ્યા ને મોંઘો પુત્ર તેથી રવિરાય ઘણાજ લાડમાં ઉછર્યો હતો. વિલાસવતી બીજી વારની સ્ત્રી તેથી સુંદરરાય એને કાંઇ કહેતો નહીં. ગૃહ-સંસાર તો નામનોજ તેણે ઉપાડી લીધો હતો. પણ ધનવાન એટલે બહાર બધે વખાણ થતાં બાકી ઘરના જૂના નોકરો જ ખરો વ્યવહાર જાળવી રહ્યા હતા. પુત્ર રવિરાયને પણ નોકરોની સોબતને કોઇની પણ પુરતી દેખરેખ નહીં તેથી ચબાવલો થઈ ગયો ને ન્હાનપણથી જ નીચ સોબતને લઇને અનેક દુર્ગુણો ભણી વળવા માંડયો. સુંદરરાય પોતે જાગીર સંભાળીને જ બેશી રહેતા પણ વહીવટ કેમ થાય છે ને શું નહીં તેની બીલકુલ કાળજી રાખતા નહીં. ગુમાસ્તા વિગેરે ફાવે તેમ આનો લાભ લેતા ને પોતે તર થયા હતા. જ્યારે રવિરાય પાંચ વરસનો થયો ત્યારે નિશાળે બેસાડવાને દસેરાને દીવસે એક મ્હોટો વરઘોડો કાઢયો ને મેહેતાજીને પાઘડી બંધાવી ઘેર નાત્ય જમાડી.

જે ઉદ્દેશથી હિંદુ સંસારમાં આવા રિવાજો દાખલ થયા છે તે સર્વ હાલ તો ભૂલાઇ જ ગયું છે માત્ર તે વિધિઓજ રહી છે. તેવી વિધિઓનુ ગૌરવ ભૂલઈ ગયું છે. દશેરાને વિજયાદશમથી ઓળખાય છે તેનો મહિમા અપૂર્વ છે. તે દીવસે સરસ્વતિનું આવાહન કરવું તેના જેવું એક પણ સુકૃત્ય નથી. પણ આવા શુભ વરઘોડા અનેક નીકળે છે ને તેનાં પરિણામ તેના ગૌરવનો, તેના મહાત્મનો પૂર્ણ ખ્યાલ વરઘોડા કાઢનાર તથા જેને સારૂ વરઘોડો નીકળે છે તેને નહીં હોવાને લીધે પરિણામ અશુભ નીવડે છે.

નિશાળમાં હરરોજ રવિરાયે આજથી જવાનું શરૂ કર્યું પણ અઠવાડિયામાં પાંચ દીવસ અનેક ક્ષુલ્લક કારણોને લઇને મેહેતાજી છોકરાં તેડવા મોકલે તેમની સાથે "આજે રવિરાયને ફલાણું છે ને ફલાણું થયું છે તેથી નહીં આવે; મેહેતાજીને કહેજો." આમ ચાલવા માંડયું. ઘેર ભણવાનું કહે તો વિલાસવતિ વખતે આડી આવે ને નહીં તો રવિરાય પોતેજ ખુદ હઠ લે એટલે વાત પડતી

મુકાય. મેહેતાજી પણ છોકરાને આંક બોલાવતા જાય ને ગાંજાની ચલમ જરા મ્હોટી ઉમ્મરનો વર્ગમાં છોકરો હોય તેની પાસે ભરાવી મંગાવે. મેહેતાજી જાત્યે તો બ્રાહ્મણ હતા પણ ગાંજો ને બીડીની એમનામાં છુટ હતી. છોકરો કોઇ મોડો આવે ને કોઈ સ્હેજ ભણતાં ભૂલ્ય પડે તો પાસે એક દડી રાખેલી તે એના ભણી ફેંકે એટલે તે છોકરો દડી લઇને મેહેતાજી પાસે જાય એ-ટલે કાં તો જાંગે કે કાને ચુંટી ખણી છોકરાને બે ચાર નઠારી ગાળો દઈ શિક્ષા કરે. કુમળાં કાળજાં આથી ત્રાસી જાય. મ્હેતાજીના નામે ભય ઉત્પન્ન થાય તેને અંગે વિદ્યા ઉપર તિરસ્કાર ઉપજે ને મ્હેતાજીની રીતભાત દેખી તેવી રીતો અંગીકાર કરે એમાં શી નવાઈ.

જેની પાસેથી પુજ્ય સરસ્વતિનું સેવન કરવાનું હોય તે પોતેજ મૂળ સરસ્વતીનો કટ્ટો દુશ્મન હોય ને વખતે કાંઇક અંશે વિદ્યા હોય પણ તે બારશ માંગવામાં ખરચાઈ જતી હોય તેની પાસેથી ઉછરતાં બાલકો શું શીખી શકે તેનો વાંચનારનેજ વિચાર કરવા સોંપવું ઠીક લાગે છે. આ એકડીઆ નિશાળે થોડું ક નહીં જેવું શીખ્યા પછી રવિરાયને મ્યુનીસીપલ સ્કુલમાં મૂકવામાં આવ્યો. ત્યાં પણ માસ્તરને મળે રૂપીઆ આઠ ને પોતે ધોળકા સૂધીજ ભણેલા હોય. આઠ રૂપીઆમાં વધારે શી આશા રખાય? માસ્તર અગીઆર વાગ્યાનો ઘંટ એક છોકરો વગાડી આવે એટલે પાઘડી ટેબલમાં મૂકી ટેબલ ઉપર લાંબા પગ નાંખી માથે ટોપી પ્હેરી લાંબા થઇ ખુરશીમાં સુતા હોય તેમ કલાક શરૂવાતમાં ઝોંકા ખાય પછી પ્હેલો નંબર હોય તેને લેસન લેવાનું કહે ને છોકરા વધારે ગરબડ કરે તો સોટી લઇને ફરી વળે એટલે થોડીક વાર શાન્ત થાય. વળી પાછો ઘોંઘાટ એનો એ. ઉંચ જ્ઞાતિના છોકરાઓને બોલાવી માસ્તર એમને ઘેરથી સારી સારી વાંચ-વાની કે નાટકની ચોપડીઓ મંગાવે. તેની શાળામાં એક પાસ લેસન ચાલતું થાય ને પોતે ચોપડીઓ વાંચે. બે વાગે છોકરાઓને કલાકની રજા આપે તે વખતે રવિરાય ઘેરથી ખાવાનું લાવે તે-માંથી માસ્તર ભાગ પડાવે. એટલે રવિરાયને ઉંચો નંબર આપે. બાકી રવિરાય શું શિખ્યો ને શું નહીં તેની કાંઇજ દરકાર નહીં. તેમજ ઘર આગળ પણ કોઇ પૂછે નહીં કે શું શિખ્યો કે કાંઇ લેવા

કે દેવા. આવા. મારતરો હોય ત્યાં કુમળાં મગજના છોકરાં ઉપર શી અસર થાય તે લખવા કરતાં વાંચનાર તમને સ્હેજ કળાશે. મારતર ઉંધતા હોય તે દરમ્યાન છોકરાં મશ્કરીમાં અનેક અટકચાળાં કરે, કોઇની ચોપડી સંતાડે તો કોઇની ટોપી ફેંકી દે. એમ કરતાં વળી કોઈ તો અંદર અંદર ચોપડી પેન કે સ્લેટ વીગેરે તફડાવી પણ જાય. રવિરાય પણ દેખાદેખી તોફાને ચ્હડયો ને ચોપડીઓ ને ટોપીઓ ને પેન સુદ્ધાં જોડના નંબરના છોકરાઓનાં ઉડાવવા માંડયાં. ઘણી ફેરો પકડાય ત્યારે માસ્તર ફક્ત પ્હેલાં ખોટી ધમકી દે પાછળથી "એ તો મ્હેં તમને એ છોકરાને સ્હમજાવવા જ એમ કહ્યું હતું હો ભાઈ ખોટું ના લગાડવું." આથી રવિરાય ચ્હડવા માંડે. માંડ માંડ કાંઇક શિખ્યો. ના શિખ્યો દર વર્ષે પરિક્ષા થાય તેમાં નપાસ થાય છતાં માસ્તર ક્લાસ ચ્હડાવે કારણ સુંદરરાય તરફથી રવિરાય ચ્હડે એટલે માસ્તરોને ઇનામ મળતાં. આમ કરતે કરતે ઈંગ્રેજી નિશાળમાં અભ્યાસ કરવા મીડલ સ્કુલમાં આવ્યો. ત્યાં પણ ઇંટાળા કરતાં ઢેખાળા સારા એવાજ માસ્તરો હતા. ધનવાન છોકરો ક્લાસમાં હોય તેથી માસ્તર ગમે તેવો હોય પણ તેમને બે પૈસાની પ્રાપ્તિ થતી. અહિંયાં રવિરાય સારૂં ક્લાસના માસ્તરને મહીને રૂ. ૧૦) આપવા કરી ઘેર શીખવવા સખ્યા. માસ્તર ઘેર ભણાવવા જાય ત્યારે કાંતો માસ્તરને વાતે ચ્હડાવે ને માસ્તર પોતે પણ વાતોએ ઉડે કે કાંતો ફાલતુ ચોપડીઓ વાંચવા માંડે. માસ્તર રવિરાયનાં એને મ્હોડેજ વખાણ કરે ને સુંદરરાયને તથા વિલાસવતીને મ્હોડે પણ રવિરાયનાં ઘણાં વખાણ કરે એટલે માસ્તરના પગારમાં વધારો થાય ને ધણી ધણીઆણી ફુલાઇ જાય કે હમારો રવિરાય તો ઘણોજ હુંશીયાર છે. રવિરાયે નિશાળના દરેક માસ્તરોનાં નામ પાડેલાં ને ખુદ પોતાને જે માસ્તર ઘેર ભણાવવાં આવતો તેનું નામ પણ 'ઘાંચીનો એક્કો' એમ પાડેલું કારણ માસ્તર હીંડતા ત્યારે એમની ચાલ ઘાંચીના બળદ જેવી જણાતી. માસ્તરને મ્હોંડે રવિરાય કહે તોપણ માસ્તર હસી કાઢે ને માત્ર 'રવિરાયભાઇ બહુ ના બોલીએ હોં, બધાંના દેખતાં ના બોલીએ હો' એટલું જ કહેતા. ઘણીક વેળા નિશાળનું નામ દઇ બજારમાં બીજા છોકરાંઓની સાથે ફરવા જતો રહે ને પુલ ઉપર જાય કે બાગમાં જઈ

રમ્યા કરે ને જ્યારે નીશાળ છુટવાનો વખત થાય એટલે નિશાળના રસ્તેથી ઘેર આવીને દાખલ થઇ જાય વળી કોઇ દીવસ નિશાળે ના જવું હોય ને ઘેરજ રહેવું હોય ત્યારે ચુંક આવે છે કે ઝાડો થયો છે એમ ઢોંગ કરી અનેકવાર ખોટું ખોટું દીશાએ જવાને બ્હાને કાંડીઆમાં પેશ નીકળ કરે. કાંઠીઆમાં પેસે તેટલી વાર બીડી પીવાની ટેવ પડેલી તે બીડીઓ પીધા કરે ને ઠુંઠાં ત્યાંના ત્યાંજ ફેંકે તે એક નોકર સાબીત કરેલો તે.ફેંકી દે ને બીજી બીડીઓ લાવી આપે. સુંદરરાય પોતે ઘણો ધર્મચુસ્ત હતો ને જુના વિચારનો હતો. પણ ઘરની અંદર જેમ હિંદુ સંસારમાં ઘણે ભાગે બને છે તેમ બાળક રવિરાયને કોઇ પણ જાતનું નિયમિત ધર્મ શિક્ષણ નહોતું મળતું તો પછી હિંદુ ધર્મની ખુબીને તેનું રહસ્ય તો ક્યાંથીજ સમજાવાય. આ બધાં કારણોને લઇને રવિરાયનામાં ઉચ્છૃંખલતા, દુષ્ટસંગત વિગેરે દુર્ગુણોએ ઘર કર્યું હતું.

નિશાળમાં એનો ધંધોજ માસ્તરોને બનાવવામાં, ને અનેક પ્રકારના ન્હાના ન્હાના ગુન્હાઓ કરવાનો હતો-એક માસ્તર બિચારો આંખે થોડું દેખતો તેને છોકરાઓ ઘણું પજવતા. હેના ટેબલની કળીમાં છોકરાઓ નિશાળમાંથી સ્હાંજરે છુટીને ઘેર જતાં કે કાંતો સ્હવારમાં વ્હેલા આવી ધુળ ભરતા એટલે માસ્તર આવીને ટેબલ ઉઘાડવા જાય ને ટેબલ ઉઘડે નહીને ધમપછાડા કરે ને છોકરાઓ પછી ખડ ખડાટ હસી પડે. કેટલાક તો વળી શુક્રવારમાંથી વાઘરી પાસેથી બે પૈસા આપી ચકલીઓ છોડાવી લાવે તેને દોરી પગે બાંધી બિચારા અંધ માસ્તર તરફ છોડી મૂકે, ચકલી ચી, ચી કરી મૂકે એટલે માસ્તર ડાફરીયાં મારે. આથી છોકરાઓને ગમ્મત પડે આ બધાંનો અગ્રેસર રવિરાય થતો વળી પાટીઆ ઉપર અનેક અપ શબ્દો લખે તે અંધ શિક્ષક જોઇ ના શકે ને છોકરાનું હસવાનું કારણ ના માલુમ પડતાં એકાદ બે નિર્દોષ છોકરાઓને શિક્ષા કરે તે છેવટે માસ્તરને ખરૂં કારણને તેનો કર્તા કોણ વિગેરે વાત કહીદે તેથી કેટલીક વખતતો રવિરાયનો દંડ થાય ને નિશાળમાંથી બે ચાર દિવસ સારૂં કાઢી પણ મૂકે.

છેવટે આ બધાનું પરિણામ એ થયું કે રાવરાય ઇંગ્રેજી પાંચ

મા ધોરણ સુધી તો માંડ માંડ આવ્યો પણ પછી આગળ જઈ શકયો નહિં. અધુરામાં પુરૂં એને એક સખ્ત માંદગી આવી ગઇ ત્યારથી તો નિશાળને ભણવાની વાતજ માંડી વળાઇ. ડાકતરને રવિરાયે ભળાવ્યા કે સુંદરરાયને કહેવું કે રવિરાયને જો હવે વધારે ભણાવવાની તસ્દી આપશો તો એની જીંદગી જોખમમાં આવશે. એકનોએક છોકરો ને ડાકતરની હાવી સલાહથી રવિરાયના અભ્યાસનું મીડું તો હતુંજ ત્હેને વળી વધારે ઉત્તેજન મળ્યું. જે જે હોંશ જે ઉદ્યમથી મ્હોટો વરઘોડો નિશાળે બેસાડતી વખત કાઢયો હતો તે બધાંનું પરિણામ આ આવ્યું.

હવે નિશાળની ઉપાધિ ગઈ. રવિરાયની ઉમર અત્યારે સોળ વર્ષની થઈ હતી. નવરાશનો વખત અનેક અપ લક્ષણોમાં પારંગત થવામાં જતો. પડોશમાં મણીરાય કરીને એક છોકરો હતો તેની સાથે દોસ્તી બાંધીહતી. મણીરાયે તેને કુચ્છંદે ચ્હડાવ્યો. મણીરાયનો બાપ એક ધનાઢય ગૃહસ્થ હતો. મણીરાયનાં લગ્ન મન્દકાન્તિ સાથે થયાં હતાં. લગ્ન થયાં ને વર્ષ થયું હશે એટલામાં પ્લેગની મહા મારીમાં મણીરાય ગુજરી ગયો. બાળક મન્દકાન્તિ સંસાર શું ને સંસારના મનુષ્યોનાં હૃદયથી અજાણુ હતી. શ્રીમંત પડોશીનો છોકરો રવિરાય છેલબટાઉ માફક ફરતો, હારમોનીયમ વગાડતો કાંઇક સાધારણ ગાઇ જાણતો તે આ મિત્રની બાલ વિધવાને અનેક ઉપાયે ફસાવવા પ્રયત્ન કરી રહ્યો હતો. અણઘડ બાલા સંસારના મોહને પરવશ થઇ ગઇ ને ફસાઇ.

પ્રકરણ ૫ મું.

મોતીરામની વિશી.

મોતીરામ વિશી વાળાને ત્યાં જ્યોતિપુંજ માતાના ગયા પછી શુન્ય મુન્ય બેશી રહેતો ને દીવસમાં અનેકવાર માતાને સંભારી સંભારી રોવા મંડતો પણ બાળક એટલે વિશીવાળાની છોકરીઓ સાથે રમવામાં ચિત્ત જાય એટલે ભૂલી જતો એમ કરતે કરતે દિવસો જતાં તે પોતાની માતાને ભૂલી ગયો. મન્દકાન્તિ વિશી

વાળાને ત્હાંથી ચાલી નીકળી ને એક દયાળુ ગૃહસ્થ પાસે આંસુ ઢાળી કાંઈક સાચી કાંઇક ખોટી મિશ્ર વાત કરી ત્હાં રહેવા સગવડ કરી પોતે કોઇ મીલ કે કારખાનામાં અગર કોઇ સારી જગ્યાએ નોકરી વૈતરૂં કરવા ખુશી છે એમ જણાવ્યું ને ગોઠવણ કરવા વિનતિ કરી. તે ગૃહસ્થે એક કારખાનાના શેઠને મળી મહિને રૂ. ૧૦) ના પગારે રખાવી. ત્હાં કારખાનામાં જઈને આ ખો દિવસ વૈતરૂં કરે ને સ્હાંજે ઘેર આવી રાંધી ખાઇને પરચુ-રણ ધંધો કરે. દાળ, ચોખા વિગેરે દુકાનદારોને ત્હાંથી લાવીને વીણીને એમાંથી મહિને દહાડે બીજા ચાર પાંચ રૂપીઆ પેદા કરવા માંડયા. દર મહિને નિયમિત પ્રમાણે મોતીરામને પાંચ રૂપીઆ મોકલાવતી; પણ મોતીરામ એ પાંચ રૂપીઆ પોતાના ખપમાં વાપરતો ને જ્યોતિપુંજને તો માત્ર ચીંથરેહાલજ રાખતો. એને પુરૂં ખાવાને પણ ના આપે. બધાંને જમતાં વધે તે છેવટે બપોરે એકાદ વાગે તેને આપે. એની પાસે ઘરનું કામકાજ કરા-વતો ને તે પણ ગજા ઉપરાંત. વળી પોતાની છોકરીઓને રમા-ડવાને જયારે પોતે ધણી ધણીઆણી ઘરકના કામમાં હોય ત્હારે પાસે બેસાડતાં. એમ કરતાં જો છોકરીઓ રૂવે અથવા જ્યોતિપુંજની કાંઇ ચૂક થાય તો તેને ખોખરો કરે. રાત્રની વખતે વિશીનું કામ બંધ થાય એટલે જ્યોતિપુંજને વધ્યું ઘટયું ખાવા આપે. ને એક ફાટી તૂટી ગંધાતી માંકણ વાળી ગોદડી સુવાને આપે. રાતમાં છોકરીઓ રૂવે કે જાગે તો જ્યોતિપુંજને પણ જગાડવામાં આવે. દિવસ ઉપર દિવસ જવા માંડયા. જ્યોતિ-પુંજની ઉમ્મર પણ હવે નવ દશ વર્ષની થઇ હતી. મન્દકાન્તિ નિયમિત રીત્યે પૈસા મોકલાવે જતી પણ પુત્રની ખબર કાઢવા તેનાથી જઇ શકાતું નહીં. પુત્ર વાત્સલ્યને લીધે મનમાં તો ઘણું થતું પણ છ ચોક એને લઈને સાથે રહેવાની હજી હેની સ્થિતિ થઇ નહોતી. વિશીવાળાને ત્હેનાં ઘરાકો ઘણી વખત જ્યોતિપુંજને ગજા ઉપરાંત કામમાં રોકાયલો જોઇ દયા ખાયને ને વિશીવાળાને કહે પણ ખરા કે આ બાળકને આમ શું કામ કરાવો છો. ત્હેમને માત્ર એટલોજ ઉત્તર મળતો કે "ત્હમે એ સેતાનના બચ્ચાને ઓ-ળખતા નથી, એતો મહા કપરો છે જેટલો બ્હાર છે તેટલો અંદર છે. એટલે અજાણ્યા લોકો કાંઇ વધારે બોલી શકતા નહી. જ્યોતિપુંજ કાંઈ પણ બોલ્યા વિના મુગે મ્હોંએ કામ કર્યે જતો જ્યારે એકલો

પડતો ત્હારે રોઈ દેતો કારણ વિશીવાળા આગળ કે ત્હેની સ્ત્રી આગળ એમ રૂવે તો પડયા ઉપર પાટુ પડે ને સાંભળવું પડે તે જૂદું. જ્યોતિપુંજને ધીમે ધીમે સમજ પડવા માંડી કે વિશીવાળો તેનો પિતા નથી પણ એ કોઇ બીજાનોજ પુત્ર છે. પણ તે કોણ ક્ય્હાં છે હેની કોઇ હેને ખબર પડવા દેતા નહી. વિશીવાળાને હવે સમજ પડી કે મન્દાક્રાન્તિ છોકરાને લેવાને આવતી નથી તેમજ હેની ખબર પણ પૂછાવતી નથી માત્ર નિયમિત પૈસા આવે જાય છે તો હવે ત્હારો પુત્ર મ્હોટો થયો છે ને એને લુગડાં લત્તાં ભણવા કરવાનું ખર્ચ વધ્યું છે એ બ્હાને બીજા વધારે પૈસા કઢાવાશે. તે સંકેત પ્રમાણે ટપાલ મારફતજ મન્દાક્રાન્તિને કાગળ લખી વધારે પૈસાની માંગણી કરીને જો પૈસા ના મોકલી આપો તો ત્હમે ત્હમારા છોકરાને લઇ જજો એમ લખ્યું. મન્દક્રાન્તિને વિશીવાળાને ત્યાં પુત્રની શી સ્થિતિ છે તેની કાંઇ ખબર ન્હોતી તેથી મહીને સાત રૂપીઆ મોકલવા કબુલ થઈ એટલે વળી વિશીવાળો (મોતીરામ) થોડા મહિના ચૂપ રહ્યો.

વિશીવાળાના ઘરથી થોડે દૂર એક કુવો હતો ત્ય્હાં જ્યોતિપુંજને રાત્યવરત વિશીમાં પાણી ખૂટે એટલે દોરડુને એક મ્હોટો દેઘડો આપી પાણી ભરવા મોકલે. પાણી ભરીને આવતાં વાર થાય તો એના ઉપર પસ્તાળ પડતી. થોડાવર્ષ ઉપર ત્ય્હાં વિશીવાળાની પડોશમાં એક ઘરની અંદર જુગારીઓ જુગાર રમતે રમતે લ્હડી પડેલાને તેમાંથી એક જણનું ખુન થયું હતું. આસ પાસના જીલ્લાના લોકોમાં એવી માન્યતા થઇ હતી કે ખુન થયેલો જુગારી બ્રહ્મરાક્ષસ થયો છે ને રોજ રાત્રે કુવા ઉપર આવે છે ને એટલામાં ભટકયા કરે છે, તેથી લોકો રાત્યને પ્હોર એ કુવા આગળ જતાં ડરતાં.

હિંદુ સંસારમાં જય્હાં જોઇએ ત્ય્હાં ન્હાનપણથીજ બાલકોને પોતાની મરજી વિરૂદ્ધ નિર્દોષ રમત રમતાં અનેક પ્રકારની બ્હીક બતાવવામાં આવે છે. છોકરાં તેથી બ્હીકણને બાયલાં થઈ જાય છે. તેમાં વળી અનેક જાતના વ્હેમોનું પણ એક જાત્યનું શિક્ષણ મળે છે તેથી અનિશ્ચિતપણું ને શંકાશીલપણું પ્રાપ્ત થાય છે ને એ બાળકો જ્યહારે મ્હોટાં થાય છે ત્યારે ત્હેમના દરેક કૃત્ય દમ વગરનાં થાય છે.

કડકડતી ટાઢયમાં પણ વિશીત્રાભો રાત્યના પ્હોર પાણી ખુટે કે જ્યોતિપુંજને પાણી ભરી આવવા કહેતો. બાલક જ્યોતિ. પુંજનું કાળજુ રાત્રિએ અંધારામાં કુવા ઉપર જતાં થર થર કંપતું પણ લાચાર. બાળકને ગયા વિના છુટકો ના થતો. એક દીવસ કાઠીયાવાડની મેલ રાત્રે આવેલી તેમાં ઘણા મુસાફરો સ્ટેશને ઉતર્યા જે મોતીરામની વીશીમાં ઉતર્યા. પાણીની તાણ પડી રાત્યના અગીયાર વાગી ગયા હતા. શિયાળાના દિવસો હતા. બ્હાર તો બધે શમશમાકાર હતું. બ્હારી ઉઘાડો ત્હોં પણ બ્હાર કાઢતાં ઠરી જતું. હાવી ટાઢયમાં જ્યોતિપુંજને કુવેથી પાણી લઇ આવવા હુકમ થયો. હુકમને તાબે થવું કે નહી તેને માટે છોકરાના મનમાં અનેક વિચાર થયા. ધીમે રહીને દોરડું લીધું વળી પાછું મૂકી દીધું, વળી બ્હીક લાગી કે કાંઈ બીજી દુર્ગ્રા થશે. ભૂખ્યા સુવું પડશે ને તે પણ બ્હાર ઓટલા ઉપર; પણ વળી કુવા ઉપર બ્રહ્મરાક્ષસની બ્હીક છે એ વાત હેને કાને રહેજ રહાજ આવેલી તેથી મન પાછું હઠે. હાવા વ્હેમનો પૂર્ણ ખ્યાલ તો કાંઇ નહોતો પણ કોઇ માણસ કુવા ઉપર તેને પાણી ભરવા જતાં મોતીરામની માફક માર ઝુડ કરશે, પજવશે, હેરાન કરશે, એમ હેના કળવામાં આવ્યું. મોતીરામ જેવોજ બ્રહ્મરાક્ષસ હશે હેવી તેની કલ્પના હતી. ખેર આમે તે દુઃખજ છે તો લાવ્ય વ્હેલો વ્હેલો પાણી ભરી આવીશ. જે થાય તે ખરૂં. નિશ્વાસ મૂકી છોકરાએ દેઘડો ને દોરડું લીધાં. વિશી બ્હાર ધ્રુજતે પગે ને ધડકતે હૃદયે છોકરો બ્હાર અંધારામાં નીકળી પડયો. ને બ્હીકતો માર્યો પૂરપાટ દોડતો કુવા ઉપર જઈ પ્હોંચ્યો. કુવા ઉપર જઇ પગથીઆ ઉપર બેશી ગયો ને હૃદય ભરાઇ આવેલું તે પોક મૂકીને રોયો, પુષ્કળ રોયો. રોવાથી હૃદય કાંઇક ખાલી થયું. કાંઇક સ્વસ્થ થયો. આકાશમાંના તારાઓ તરફ ઉંચું જોઇ રહ્યો ને સ્તબ્ધ ઉભો રહ્યો. મનમાં સ્હમજ ના પડે તેવા વિચારો ઉભરાવા માંડયા મનમાં ને મનમાં બોલ્યો મોતીરામને, જેમ મ્હને શિક્ષા કરે છે તેમ તેને કોઇ શિક્ષા કરનાર નહી હોય ! રાત્રિનો ભવ્ય દેખાવ, અસંખ્ય તારાઓના જુથ, ને સર્વત્ર શૂન્યકાર જોઇ જ્યોતિપુંજ કુવા આગળ કોઈ અવર્ણનીય વિચારોને લઇ દિંગ્મૂઢ ઉભો રહ્યો ને પાણી ભરવાનું વિસરી ગયો. બ્હીકની વાત ભૂલી ગયો. હૃદયમાં કાંઈક હિમ્મત આવવા જેવું લાગ્યું

કારણ શું તે ના સ્હમજાયું. મ્હોંએથી ઉદ્‌ગાર થઇ ગયો હે પ્રભૂ હે પ્રભૂ હે પ્રભુ મ્હને કોણ બચાવે ? બ્રહ્માનું તખ્ત ડોલી ગયું. નિર્દોષ બાલકનું દુઃખ જોઈ તખ્ત છોડી છલ્લંગ મારી ક્રોધ ને શોકથી ભરાઇ ગયેલી છાતીએ હુકમ થયો ને તેની સાથેજ કુવાની પાછલી બાજૂએથી જ્યોતિપુંજના પ્રશ્નનો જવાબ મળ્યો,

બેટા ? સર્વત્ર ઇશ્વરની સત્તા છે. બ્હીશ નહીં, ગભરાઇશ નહીં. હું ત્હારી મદદે આવ્યો છું. એમ કહી તે બોલનાર છોકરા ભણી આવ્યો. સફાળો પાછો ફરી જૂવે છે તો એક મનુષ્યાકૃતિ પાસે આવતી જણાઈ. એકદમ અવાજ આવ્યાથી પ્હેલાં તો છોકરો ચમક્યો પણ કોઈ મદદે આવે છે, મીઠા, ધીરજના શબ્દો સાંભળી છોકરાને હિમ્મત આવી. પ્હેલાં તો સ્હમજ્યો કે બ્રહ્મરાક્ષસ કહે છે તે આ હશે પણ બ્રહ્મરાક્ષસ તો મોતીરામની માફક મારે ઝુડે હાવા આશ્વાસનના બોલ ના કહે. જગતમાં જન્મીને આ પ્હેલાજ આશ્વાસનના શબ્દ સાંભળ્યા. તેથી તેના હૃદયમાં કાંઇ એકદમ આ આકૃતિ તરફ કોણ જાણે શાથી પ્રેમ ઉદભવ્યો.

આકૃતિ પાસે આવતી ગઈ ને છોકરાને પૂછ્યું બેટા ? તું કોણ છે ? ભાઇ ? અત્યારે હાવી અંધારી રાત્રે ને કડકડતી ટાઢમાં અહીં કુવા ઉપર શું કરે છે ?

જ્યો—ત્હમે કોણછો ? જેને બ્રહ્મરાક્ષસ કહે છે તે ત્હમે છો ? પણ ત્હમે તો મ્હને મોતીરામ માફક મારતા કરતા નથી ઉલટા મ્હને 'બ્હીશ નહીં બેટા' એમ કહોછો ત્યારે ત્હમે કોણ છો? હું તો મોતીરામ અહીંઆ વીશીવાળા છે તેમનું પાણી ભરવા આવ્યો છું. અત્યારે વિશીમાં ગાડીએથી માણસો આવ્યા છે તેમને સારૂ રસોઈ કરવા પાણી જોઈએ છે.

છોકરાનું મ્હોં તારાના પ્રકાશથી આ પુરૂષ જોઇ શક્યો ને ઉંડો નિશ્વાસ મૂક્યો. કાંઇક ઓળખાયો પણ નિશ્ચયપણે નહીં તેથી વધારે પૂછપરછ કરતાં કહ્યું બેટા ? તું જે કહે તે ખરૂં, બ્રહ્મ રાક્ષસ કહે તો તે છું. મુસાફર છું, સાધુ છું ફકીર છું. પણ તું ગભરાઈશ નહીં. પાણી લઇ વીશીમાં જા નહીં તો વળી તું કહે છે તેમ માર પડશે. પણ ઉભો રહે, હું તને પાણી ભરી આપું છું ને વિશી સૂધી દેઘડો ઉચકી તને મૂકી આવું છું. એમ કહી કુવામાંથી પાણી કાઢી આપ્યું ને પોતે દેઘડો ઉચકી છોકરાને આંગળીએ વળગાડી

વિશીના બારણા સુધી મૂકી આવ્યો. રસ્તે ચાલતાં બધી હકીકત પૂછી ને જાણી લીધું કે વિશીવાળાનો છોકરો ન હોય પણ કોઇ બીજાનો છે, કોઇ બાઇ માણસ છે તે વિશીવાળાને છોકરા સારૂ પૈસા મોકલે છે તેનો વ્યય કેવી રીત્યે થાય છે વીગેરે બાબતથી વાકેફ થયો, છોકરાને ધીરજ આપી કહ્યું, બેટા ? હિમ્મત રાખજે ગભરાઇશ નહીં મ્હેં પાણી ભરી આપ્યું છે એ વાત મોતીરામને ના કહીશ વળી જા ફરીથી પાછો કોઇ ફેરો મળીશ. જા ઇશ્વર ત્હારૂં ભલું કરે એમ આશીર્વાદ દઈ વિશીના પગથીઆથી છુટો પડયો ને જ્યોતિપુંજ. દેવડો લઇ વિશીમાં દાખલ થયો.

પ્રકરણ ૬ ઠું.

હરિણપુરનો શેઠીઓ.

કચરા શેઠ હરિણપુરમાં એક ધનાઢય શેઠીઓ હતો. ઝવેરીનો ધંધો કરતો હતો. ને રાજા રજવાડામાં હીરા મોતીનો ઉદાવ ત્હેની મારફતે સારો થતો હતો. વાણીઓ જેમ ફાવે તેમ રજવાડાને લુટતો ને માલ ખપાવવા જાય ત્યારે કારભારીઓને અનેક પ્રકારે ખુશ કરતો, દલાલી પણ આપતો તેથી શેઠને પણ દરબારમાં લગ્ન હોય કે કાંઇ શુભ પ્રસંગ હોય તે વખત સારી રીત્યે ખટવતા.

કચરા શેઠ શિયાળાની એક રાત્રે વાળુ કરીને મ્હોંમાં પાન ચાવતા હતા પાન તો ફક્ત અડધુંજ ખાધું હતું પણ સોપારીનો એક ન્હાનો કડકો મમળાવતા હતા. કેડે તમાકુનો વાટવો ઓસ્યો હતો ને હાથમાં હોકાની નળી ઝાલી હોકો ગગડાવતા હતા.

કચરા શેઠ—એએએ-હાંભડયું કે, હાંભડોછો કે, આ શી બલા બ્હેડાં થયાં કે શું ?

મહાકોર—(ધાંટો પાડીને) કયારની કહું છું તે સાંભળતા નથી ? ત્હમે બ્હેરા થયા કે હું ! આમ ન્હાના છોકરાની માફક ધાંટા શું પાડો છો કહો શું છે ? શું કહેવું છે ? જરાએ જંપ નહીં.

કચરાશેઠ—ટે ટેમાં ટે આમ ઉતડી શું પડે છે ! કાંઇક કહેટા હઇશુ સાડીજ વાત હશે લાડેને !

મહાકોર—ત્યારે કહી દ્યોને ઝટ, મ્હારે તો હજી કામ પડયું છે.

કચરાશેઠ—એ ટો હું કહેટોટો કે પેલો સાધુ ગામમાં આવ્યો છે. ટે લોક ટો કહે છે કે જેલમાંથી છૂટેલો કેડી છે ને વળી કોઈક કહે છે કે નાના માહાત્મા છે.

મહાકોર—તે ત્હેમાં શું કહો છો એ તો આ આપણી જડી. એ આજે દર્શન કરવા ગઇ હતી તે કહેતી હતી મ્હને, જે એક કોઇક મહારાજ આવ્યા છે. ભાયડા ગમે તે કહે પણ જડી તો વખાણ કરતી હતી કે મ્હોટી ધોળી દહાડી છે પણ સાધુ જેવા નથી. ખાસ્સાં લુગડાં પ્હેરે છે પણ બધાં ધોળાંજ પ્હેરે છે, કાંઇ ભભુતી ચોળતા નથી કાંઇ નહીંને કહેવડાવે છે ત્યારે સાધુને ફકીર.

કચરાશેઠની ઉમ્મર લગભગ સાઠ વર્ષની હતી. ને મહાકોરને પોતે પાંચમીવાર પરણ્યા હતા. મહાકોરની ઉમ્મર પચીસ વર્ષની હતી. સંતતિ કાંઈ નહોતી તેને લઈને પાંચમી ફેરી પરણ્યા હતા. કચરા શેઠ બહુ વ્હેમી હતા. દોરા ચીઠ્ઠી માદળીઆમાં પૈસા નાંખતાં. મહાકોરને પણ ભુવા, જતી, બાવા, વેરાગી પાસેથી બુટ્ટીઓ લેવા વિગેરેની લત લાગી હતી કે કાંઈ કરતાં સંતતિ થાય. જોકે મહાકોર આમ બોલકણી ને ધણીને અડાવતી, પણ ભોળીને નિર્દોષજ હતી. કચરાશેઠ વાણીયો પાકો તો મહા હતો કોઇનો છેતરાયો છેતરાય નહીં પણ મોહ તથા લોભનો માર્યો જો કોઇ ઉસ્તાદ મળતો તો પાંચ પચાસની ચોળાવતો, તે ચુંમાઈને ખમતો. એક વખત એક વ્યાસડો (વડાદરો) બ્રાહ્મણ સાધુ વેષે પાછળ બજારમાંથી લાગ્યો હતો. "હું માગું તે આપીશ" એટલુંજ બસ કહેતો. કપાળમાં ત્રિપુણ્ડ ખેંચ્યું હતું, હાથમાં માતાજીનું ત્રિશુળ રાખેલું અને ખભે એક ઝોળી ભરવેલી હતી. તે છેક કચરાશેઠના ઘર સુધી પાછળ પાછળ ચાલ્યો આવ્યો. આખે રસ્તે શેઠ મનમાં બાંધછોડ કરતા કે માળો દેખાય છે તો વિદ્યાવાળો મંતરજંતરવાળો પણ વખત છે થાપ મારી તો! ના, ના, એમ શું થાપ મારે આપણે કાંઈ ગાંજ્યા જઇએ હેવા છીએ—લાવ્યને પુછી તો જોઉં—કચરાશેઠ—ટે માહારાજ અડે સાદુ-મહારાજ ટમારે શું જોઇએ છીએ?

વ્યાસ—હું માગું તે આપીશ?

કચરા—ટેપણ કાંઈ માગો ને બોલો ત્યારે હમજ પડે કની ટમાડે શું જોઇએ છીએ—લ્યો કહો ટમે માંગશો તે આપીશું બોલો. આમ કરતે કરતે શેઠ પોળમાં પેશી એક સાંકડી ગલી આગળ

આવ્યા એટલે વ્યાસડો બોલ્યો—શેઠ ત્હમને રાહુની દશા છે ને ત્હમારા ઘરમાં હજી સારો દિવસ આવ્યો નથી કારણ શનિ નડેછે.

કચરા—(મનમાં) વાત તો હાચી કહી—મ્હેં મહુડ જોશીને પુછ્યું હતું ટે પણ એમજ કહેટા હટા—(મ્હોટેથી) વાહ મહાડાજ અડે સાદુ મહાડાજ ત્યારે કાંઈ ઉપાય બટાવોને ટો હું ટમાડો ઉપકાડ નહી ભુલું.

વ્યાસ—શેઠ ? પ્રયોગ કરવો પડશે પાંચ પચાસ ત્હમારે હાથેજ ખરચવા પડશે તમને ફાવે તેને આપજો ને શ્રદ્ધા હોય તો વળી દેખાડું બાકી હમારે કાંઈ તમા નથી ત્હમે નહીં તો ત્હમારો ભાઇ. હમને તો પ્રભૂ આપી રહેશે આમ વાત કરતા કરતા શેઠ ઘેર આવી પ્હોંચ્યા. ઘરમાં પેસતાં પેસતાં બોલ્યા. સાદુ મહાડાજ ટમે અહીં હમણાં ખડકીમાંજ બેસો હમણાં હું આવું છું. વ્યાસડો ખડકીમાં બેઠો ઝોળી ઉતારીને મનમાં બોલ્યો કે હં. વાણીઓ સપડાશે તો ખરો જોઇએ છીયે શું થાય છે. શેઠ ઘરમાં જઇ મહાકોરને કહે છે હાંભડયું.

મહાકોર—શું છે તે.

કચરા—આ ખડકીમાં એક મહાડાજ આવ્યા છે, તું કહેટી હટી ટેવાજ છે. મહાટમા છે ને આપણા મહુર જોશીએ જે કહ્યું હતું ટેજ એમને એમ જોયાં વિના કહ્યું. મ્હને તો શરદ્ધા ચ્હોટી છે. ને કહે છે પરયોગ કડવો પડશે ટો ટહાડી મરજી હોય તો વાટ કહું—

મહાકોર—ધન્ય ભાગ્ય મ્હારાં કે ઇશ્વર સાક્ષાતજ આવ્યા છે. જ્યારે એમને એમ કહ્યું ત્યારે તો જરૂર બસ પ્રયોગ કરાવો. ચાલો હું પણ આવું છું.

કચરા શેઠ ખડકીમાં ગયા ને મહારાજને કહ્યું મહારાજ આવોને અહીં ચોકમાં આવો પદ્યાડો કીડપા કડી મહારાજ.

વ્યાસડો—શેઠ ? હમને ઠેરઠેર માંગવાની ટેવ નથી આતો વળી ત્હમારૂં મ્હોં જોઇ મનમાં એમજ થયું કે ના, ના ઉપકાર કરવો. બાકી હમે કોઇને એકદમ વાત ના કરીએ.

કચરા—મહા—બન્ને—ઠીકઠીક મહારાજ ત્યારે કહો શું કરવું પડશે ?

વ્યાસડો—કાંઇ ગણતો હોય તેમ ઢોંગ કરી બોલ્યો—જૂવો ત્યારે કોઇ ઘરમાં તો બીજું નથીને ? કચરા—ના, ના, મહાડાજ

તમે બેલાશક બોલો. વ્યાસડો-જૂવો ત્યારે આ આવતા ગુરૂવારે ।।
વ્હાર પશ્ચિમ દિશાએ માતાનું સ્થાનક છે ત્હાં આગળ ત્હમારે બન્નેને સજોડે આવવું પડશે. ત્હાં આગળ સવાશેર બરફી, સવા શેર ઘી, સવા શેર ગોળ, સવામણ અનાજ, સવા રૂપીઓ દક્ષિણા ને સવા તોલો સોનું ને એક ચુંદડી એટલું માતાજી આગળ ધરવું પડશે. ને માતાની પ્રદક્ષિણા સાત વખત ફરીને માતાજીને પગે હાથ લગાડવા પડશે ને જે ભીખારી ત્હાં આગળ હાજર હોય તેને એ બધું આપી દેવું ને તેને વધારેમાં સવાપાંચ રૂપીઆ બીજા આપવા. જો ફેરા ફરીને પ્હેલ પ્હેલાં આ બાઈ માતાજીને પગ હાથ દેશે તો છોકરો આવશે ને શેઠ ત્હમે દેશો તો છોકરી આવશે માટે લ્યો આ દોરો મંતરી આપુ છું તે બાઇ ત્હમે અત્યારથી બાધા રાખી હાથે બાંધો ને જૂવો, પ્હેલું સવાશેર ઘી, સવાશેર લોટ, દાળ, ચોખા ને સવારૂપીઓ આ બાધા રાખી તેને સારૂં આપો. જાઓ ત્હમારે ફત્તેહના ડંકા સમજો.

ગુરૂવારે સંકેત પ્રમાણે વ્યાસડાએ સાગ્રીતને માતાના દેરા આગળ ભીખારીના વેષે ફરતો રાખ્યો હતો. ને શેઠ શેઠાણી સજોડે ગયાં ને સર્વ વિધિ પુરી કરી રહ્યાં ને શેઠ તો ફેરા ફરતે ફરતે ભારે શરીરને લીધે મોડા પડયા પણ શેઠાણીએ પ્હેલાં માતાજીના પગને હાથ દીધા. શેઠને શેર શેર લોહી ચઢયું. હાશ, હવે તો છોકરો જરૂર આવશે. ભીખારી ઉભો હતો હાજરજ, તેને બધું આપી દીધું ને ઉપર રૂપીયા સવાપાંચ આપ્યા. ભીખારી લઇને રસ્તે પડયો.

વ્યાસ—શેઠ કહો આ શુકન સારા થયા, ફત્તેહના ડંકા સમજજો હવે છોકરો આવ્યા પછી જે આપવું હોય તે આપજો હામાં મ્હારે તો અત્યારે કાંઇ લેવા દેવા નથી. પણ ત્હમે ખુશી થઇને આપશો તે આપણે તો લઇશું. હમારે સાધુને શું. શેઠના બોલતા પ્હેલાં તો શેઠાણી ખુશીખુશી થઇ ગયાં હતાં તેમણે ગળામાંથી રૂ. ૨૦૦)ની કંઠી કાઢી વ્યાસડાને આપી તે આશિર્વાદ દઇને રસ્તે પડયો તે હવે આવશે.

ઉપર પ્રમાણે શેઠ એક ફેરી ધુતાયા હતા પણ ગામમાં કોઇ સાધુ આવે એટલે વળી શેઠ શેઠાણીને ચળવળાટ થતો.

તેજ પ્રમાણે હાલ પણ બન્યુ. ગામમાં વાતો ચાલી રહી હતી જે સાધુ તો કહેવાય છે બાકી કોણ છે તે કાંઇ સમજાતું નથી.

જગતનો નિયમ છે કે ગમે તેવો સારો પુરૂષ હોય પણ તેનામાં કાંઇને કાંઈ તો ખોડ ખાંપણ કાઢવા તત્પર થઇ જાય છે ને પાછળથી જ્યહારે કોઈ રીતયે ફાવી શકતા નથી ત્હારે હોય ભાઇ એમ કહી બેશી રહે છે.

ગામમાં એક સાધુ જેવો પુરૂષ આ વખતે આવેલો હતો. ઉંમ્મર આશરે સાઠ બાસઠ વર્ષની હતી, ધોળી દાઢી લાંબી હતી, પાતળોને ઉચો હતો, ધોળાં વસ્ત્રજ પ્હેરતો હતો. એક મકાન વસ્તીમાં પણ નહીં તેમજ વસ્તીથી દૂર પણ નહીં ·હેવી જગ્યાએ ન્હાનું સરખું મઢુલી ઘાટનું રાખ્યું હતું. મકાનમાં કાંઇ સરસામન વધારે નહોતો. નાછુટકે જે જોઇએ તેજ રાખ્યો હતો. મઢુલીની પાછળ એક ન્હાની સરખી વાડી બનાવી દીધી હતી ને તેની પોતેજ સંભાળ રાખતો. ત્હેના વિશે લોકમાં તો માત્ર એટલુંજ જણાયું હતું કે સાધુ પૂર્વે તો ગૃહસ્થ હતા પણ પ્લેગમાં સર્વ કુટુમ્બી ગુજરી ગયાં ત્યાર પછી સાધુ થઈ ગયા છે.

લોકો જેને જેમ ફાવતું તેમ બોલતું કોઇ કાંઇ કહે તો કોઇ કાંઇ કહેતું પણ સાધુની વર્તણુંક હેવી હતી કે કોઇની તાકાત નહોતી કે કાંઇ પણ કહી શકે. ઇર્ષ્યાથી ભરેલા લોક અનેક ગપ ગોળા ઉઠાવતું તે વાત સાધુને પ્હોંચતી પણ તેને વિશે કાંઇ પણ મનમાં લાવતો નહીં. જે કોઇ હેની ઇર્ષ્યા કરતાં, હેને હેરાન કરવા તત્પર થતાં, તેમનેજ ઊલટો ઊપકાર કરતો એટલે એમનાં મ્હોડાં બંધ થઇ જતાં.

સાધુનું કર્ત્તવ્ય માત્ર એજ હતું કે રહવારમાં ચાર વાગે ઉઠીને નાહી ધોઈ બે કલાક ઇશ્વરનું ધ્યાન ધરતો પછી છ વાગ્યાથી આઠ વાગ્યા સૂધી પોતાની ન્હાની સરખી વાડીમાં છોડાની સંભાળ લેતો. પાવડા વતી ખોદતો ને સાફ રાખતો ફુલઉતારી એક છાબડીમાં ભરી પોતાની મઢુલીમાં લાવી એક ન્હાના સરખા ટેબલ ઉપર મૂકતો ને ધુપ સળગાવી ખુરશી ઉપર બેશી પુસ્તકોનો પછીથી અભ્યાસ કરતો. મઢુલીમાં આ વખતે ચોપાસ સુગંધ બ્હેકી રહેતી. પુસ્તક વાંચતે વાંચતે કેટલીક વખત હાથમાંજ ચોપડી રહી જતી ને શૂન્યકાર બેશી રહેતો, વળી આકાશ તરફ નજર રાખી એણી પાસજ જોઇ રહેતો, વળી કાંઇ વિચાર આવતાં લખવાનું સુજી આવતું તો જ્યહાં ફાવે ત્યાં કાંઇ પણ નિયમ વગર

ચોપડીમાં કે કાગળ ઉપર લખે જતો. દશ વાગ્યાને સુમારે એક આધેડ ચેલો હતો તે રસોઇ તૈયાર કરતો તેમાંથી સુક્ષ્મ આહાર કરી લેતો ત્યહાર પછી બપોરના શેહેરમાંને શેહેર બ્હાર દુઃખી ને ગરીબ કુટુમ્બોમાં જઇ ખબર અંતર પૂછી જે પ્રકારની સહાય જોઇતી હોય તે પ્રકારની સાહાય્ય કરતો. ગામમાં લોકોમાં કહેવાતું કે સાધુ પાસે અઢળક ધન છે પણ પોતે તો એક ગરીબ માણુસ જેવોજ રહે છે.

જ્યહાં જ્યહાં સાધુ જતો ત્યહાં ત્યહાં એક જાતનો અવર્ણનીય આનંદ છવાઈ રહેતો. ધીમે ધીમે લોકના ગપાટા ઓછા થવા લાગ્યા ને સાધુનાં કૃત્યોનાં વખાણુ થવા લાગ્યાં.

એક મ્હારી હાંકનારો મારવાડી એક ન્હાના પાંચ વરસના છોકરાને સાધુ પાસે લાવ્યો ને બોલ્યો હે પ્રભુ ? આ છોકરાની મા ગુજરી ગઈ છે ને છોકરો આંખે દેખતો નથી તો કૃપા કરી ત્હેને દેખતો કરો. એક બાઇ પોતાની બે વર્ષની છોકરી લઇને આવી ને કેહેવા લાગી હે કૃપાળુ દેવ ! આ મ્હારી છોકરીને પુષ્કળ તાવ આવે છે તેને કંઇ દોરો કરી આપો ને તાવ દૂર કરો.

સાધુ—હે ભલાં મનુષ્યો ? હું કાંઇ ઇશ્વર નથી, પ્રભુ નથી, મ્હારામાં ત્હમે કહો છો તેવી કાંઇ શક્તિ નથી, હું તો માત્ર ત્હમારા જેવોજ એક પામર મનુષ્ય છું. કોણુ જાણે કદાચ તમારાથી ઉતરતો હઇશ, પણુ લાવો તમારા બાળક માટે પ્રભુની પ્રાર્થના કરવા દો. સાધુએ બે છોકરાંને પોતાની પાસે લીધાં. દ્રવતા હૃદયે પ્રેમ પૂર્ણ સજળ નેત્રે ઇશ્વિરની પ્રાર્થના કરી બાલકોના દુખ ફેડવા કૃપા કરવા વિનતિ કરી. બાલકોને શરીરે હાથ ફેરવ્યો. માથે હાથ ફેરવ્યો ને કહ્યું, ભલાં મનુષ્યો જાવ ત્હમે પણુ ઇશ્વિરને પ્રેમથી ભજો ને એ પરમાત્માની ઇચ્છા હશે તો સર્વ મંગળ થશે. તે મારવાડીને બાઇ જ્યહાં સુધી સાધુ પાસે બેઠાં હતાં ત્યહાં સુધી તો આનંદમાં ગરક થઈ ગયાં હતાં, પણુ ત્યહાંથી નીકળી ચાલતાં મનમાં બોલ્યાં અરેરે કાંઈ ફાયદો ના થયો, સાધુએ કાંઇ કરી આપ્યું નહી. ના આપ્યું માદળીયું કે દોરો ચીઠ્ઠી, હરિ હરિ જે નશીબમાં હશે તે થશે.

તેજ દિવસે રાત્રે સાધુએ ફરીથી પ્રભુની કૃપા પેલાં બે બાલકો ઉપર ઉતારવા ઘણાજ નમ્ર થઇ સપ્રેમ અંતઃકરણે પ્રભુની પ્રાર્થના કરી.

મારવાડી સ્હવારે દોડતો દોડતો સાધુ પાસે આવ્યો ને સાષ્ટાંગ દંડવત્ કરી આંખ્યમાં આસુ લાવી સાધુને કહ્યું હે પ્રભુ ? ત્હમે તો મ્હને આંધળાને લાકડી આપી મ્હને જીવાડયો, હે પ્રભુ ? મ્હારો છોકરો દેખતો થયો છે. સાધુએ આશિર્વાદ દીધો ભાઇ જાવ જેમ તું ત્હારૂં ભલું ઇચ્છેછે તેમ સર્વત્ર જગતમાં સર્વનું ભલું ઇચ્છજે. પ્રભુ સારૂં કરશે. પેલી બાઈ પણ પૂજાપો લઇને દોડતી દોડતી સાધુને ત્યહાં ગઇ ને નમ્ર ચિત્તે પ્રાર્થના કરી બોલી, મહારાજ ! મ્હારી છોકરી સાજી થઇ ગઈ છે, હવે ત્હેનું દુઃખ ગયું છે, મ્હારી પૂજા સ્વીકારો.

સાધુ—બ્હેન ? તું કાંઇ ગાંડાઇ ના કહાડય. મ્હેં ત્હને કહ્યું છે ને ફરીથી કહુંછું કે હું ઇશ્વર નથી. હું પૂજા કરાવવા યોગ્ય નથી. બાઇ, એ તો પરમ કૃપાળુ પ્રભુનીજ ઇચ્છાએ સર્વ થયું છે માટે જા, પાછી જા, પૂજાપો લઇ જા ને પ્રભુનું ભજન કર્ય. સર્વ કોઇને પણ કહેજે કે હું ઇશ્વર નથી. દેવ નથી. માત્ર ત્હમારા જેવોજ બલ્કે તેથી પણ ઉતરતો એક મનુષ્ય છું. બાઈ નિરાશ થઈ ચાલી ગઈ. પણ સાધુને અનેક અનેક આશીર્વાદ દેતી ગઇ.

ગામમાં બધે વાત પ્રસરી કે એક મારવાડીના છોકરાને સાધુએ દેખતો કર્યો ને એક બાઇની છોકરીનો તાવ કાઢયો. સપ્રેમ શ્રદ્ધાયુક્ત હૃદયવાળાં લોકોએ માન્યું, કેટલાકે બેદરકારી જણાવી ને કેટલાકે ઈર્ષ્યા કરી કહ્યું અરે કોઇ ધુતારો હશે. વળી એમ તે આંધળા દેખતા થતા હશે? કાંઈ દવા વગર ઉપચાર વગર સાંભળ્યું છે કે દરદ નાશ પામે ? વળી કોઈ બોલ્યું, ભાઇ ! શું કહેવાય, આજકાલ્ય અનેક ચમત્કાર બને છે. પ્રકૃતિના નિયમો કાંઇ આપણે કે કોઇ પૂર્ણ જાણે છે ? કેમ કોઇ હેવા પ્રકૃતિના નિયમને લઇને આ બનાવ ના બન્યો હોય ! ગમે તેમ હોય પણ નજરો નજર આપણે તો જોયું કે આમ બન્યું. એક જણુ બોલ્યો એતો પ્રકૃતિનો નિયમ. ઇશ્વરનો મહિમા. તેમાં સાધુએ શું કર્યું. કાંઇ સાધુ ઇશ્વર થયો? બીજાએ કહ્યું કે ત્યારે સાધુ ક્યહાં કહે છે કે મ્હેં કર્યું, ને એ ક્યહારે કહે છે કે હું ઇશ્વર છું; ત્હમે એને ઈશ્વર ઠોકાડી બેસાડોછો. આમ ગામમાં વાતો ચાલવા માંડી.

જે સાધુને લોકો આજ સુધી નિંદતા, જેના તરફ બેદરકાર રહેતા વળી કોઈક જવલ્લે જેના વખાણ કરતાં તે સર્વ હવે સાધુ

તરફ પ્રેમની દૃષ્ટિથી જોવા લાગ્યા. સાધુને તો કોઇ વાતની દરકાર જ નહોતી.

કચરા—(મહાકોરને) આ ગામમાં વાટ હોય છે રે હાંભડી ? પેલા સાધુ મહારાજ આવ્યા છે રેરો આંઢળાંને દેખતાં કરે છે.

મહાકોર—હા મ્હારી પશી માશી જઇ આવ્યાં ત્હેમણે કહ્યું કે મહારાજ બહુજ સારા છે ને એમને એમ દોરાચીઠી કે કાંઈ પણ પૈસા લીધા વગર બધાંનાં દુઃખ કાઢે છે.

કચરાં—રો હવે ટમાડી મરજી હોય તો હું જાઉં, નહીંતો ટમે જાવ.

મહાકોર—તે મ્હને તો કયારનું એ થાય છે પણ વળી તમે કહો કે પેલા ધુતારાએ ધુત્યાં તેમ વળી અહીં પણ ધુતાવવા ગયાં બાકી આતો મહારાજ કાંઇ ઈશ્વરજ છે. હું તો આજેજ સ્હાંજે મ્હારી પશી માશી સાથે જઇશ.

કચરો—સ્હાકુ જજે પણ જોઇ કાંઇ રે દીવસ માફક કંઠીબંઠી આપટી નહીં બહુ હોય રો વળી ચપટી ચોખા ને એક પૈસો મૂકજે.

મહાકોર—તે કાંઇ ઘેલાં દેખ્યાં? એમ તે આખો ઘડીએ છેતરાઈએ કે

તેજ દીવસે સ્હાંજે મહાકોર પશી માશી સાથે સાધુને ત્યહાં ગઇ; ને બધી વાત પશી માશીને મ્હોડે કહેવડાવી. સાધુ ખીન્ન થયો ને મૌન થોડીવાર રહ્યો પછી બોલ્યો. બાઇ હુ કાંઈ દોરાચીઠી કરતો નથી. મ્હારામાં છોકરાં આપવાની શક્તિ નથી. પ્રભુની ઇચ્છા હોય તોજ બને છે બાકી મ્હારો ધંધો આમ લોકોને છોકરાં આપવાં કે લોકોમાં ચમત્કાર કરવાનો નથી. જાવ પ્રભુની પ્રાર્થના કરો, નીતિયુક્ત જીવન ગાળો. મનમાં એ વિશે પારતાપ ના કરો, લોલુપતા બહુ ના રાખો. ઇશ્વર ઉપર દૃઢ શ્રદ્ધા રાખો; હેની ઈચ્છા હશે તો સારાં વાનાં થશે. છોકરાં થતાં કુપાત્ર થયાં તો શું કરશો ? ઉલટો બળાપો થશે. માટે ઈશ્વરની મરજી એમ સમજો કે હેવીજ છે. કાંઇ છોકરાં સ્વર્ગમાં નહીં લઈ જાય. ત્હમે પોતે જેવું કરશો તેવું પામશો. હેમાં બીજા કોઇ ત્હમને સહાય્ય થાય તેમ માનશો નહી. જાવ નિરંતર પ્રભુની પ્રાર્થના કરો, ત્હેના

ઉપર વિશ્વાસ રાખો ને સુખે આનંદમાં જીવ રાખી નીતિથી વર્તો. મ્હેનો જાવ મ્હારે આટલુંજ કહેવાનું છે.

મહાકોરને પછી નિરાશ થઈ ઘેર ગયાં. પણ મહાકોર આમ તો ભોળી હતી. નિર્દોષ હતી તેને કાંઇક બોધ થયા જેવું થયું. ત્યારથી હેને એ સંબંધી વલવલાટ મૂકી દીધો ને આનંદથી ઘરધંધો કરી સુખમાં દિવસો ગાળવા માંડયા. ઇશ્વર ઇચ્છાએ મહાકોરને સારો દિવસ આવ્યો ને પુત્ર પ્રસવ્યો. કચરા શેઠે બધે સાકરો વ્હેંચી ને સાધુની કૃપાનું ફળ સમજી સાધુ પાસે જઈ જે માગો તે આપવા શેઠ કબુલ થયા.

સાધુએ કહ્યું--શેઠ ત્હમે પણ ઐરાં જેવા શું થાવ છો. જો ત્હમારે ઇચ્છા હોય તો આ ગામમાં એક હેવી ઇસ્પીતાલ કાઢો કે જેનો જોટો કાંઈપણ ના હોય. તેમાં ગરીબો સારૂં ખાસ ગોઠવણ કરો. વિધવાઆશ્રમ કાઢો ગરીબોને સારૂં સુવાવડશાળા કાઢો, વિદ્યા દાન,-હેવાં અનેક પરોપકારનાં કૃત્ય કરો. મ્હારે કાંઇ જોઇતું નથી.

કચરા શેઠે રૂપીઆ પાંચ લાખ તે નિમિત્તે કાઢયા ને ગામમાં અમૂલ્ય ઇસ્પીતાલ ને એક વિધવા આશ્રમ કાઢયાં. સુવાવડશાળા ગરીબોને માટે કાઢી. સારા સારા દાક્તરોને ત્યાં રાખ્યા. પગાર પેટપુર આપવા માંડયો ને કોઇ પણ પાસે ફી નહીં લેવા કબુલાત કરાવી. દાકતરો પણ જે હાવા કામમાં ઉત્સાહ ધરાવનાર હોય તેવાનેજ રાખવા માંડયા. ને આ બધા ઉપર એ સાધુની દેખરેખ રહે એમ ગોઠવણ કરી.

પ્રકરણ ૭ મું.

એક સાધુ.

परोपकाराय सतां विभूतयः

વિશિવાળો મોતીરામ—અલ્યા જ્યોતિડા ? તું હમણાં હમણાંનો બેદરકાર થઇ ગયો છે. આજે કેમ આ મણીની રમવાની ગાડી લઇને તું રમતો હતો ? આ ગલાસ સાફ નથી કર્યા હજી પાણી ભરી આવ્યો નથી, ને રમતે ચ્હડયો. એમ કરી બે ચાર લપડાક જડાવી કહાઢી.

જ્યોતિપુંજ આથી ખિન્ન થઈ રોઇ પડયો. ને પાછું કામમાં ચિત્ત પરોવવા માંડયું.

મોતીરામ જ્યોતિપુંજને આ પ્રમાણે ખીજતો હતો તે વખતે વિશીમાં એક ફાટયાં તૂટયાં કપડાં પ્હેરેલો મ્હોટી ધોળી દાઢીવાળો પુરૂષ દાખલ થયો હતો. તે આવી એક બેંચ પડી હતી તે ઉપર બેઠો. મોતીરામની નજર આ પુરૂષ ઉપર પડી પણ ગરીબ જેવો લાગવાથી કાંઇ દરકાર કર્યા વગર પોતાના બીજા ઘરાકો સંભાળવા ચાલ્યો ગયો. જ્યોતિપુંજે જેવો આ પુરુષને જોયો કે તરતજ રોતો બંધ થયો ને મ્હોં ઉપર કાંઇ આનંદ છવાઈ રહ્યો. આ અજાણ્યા પુરૂષે નાકઉપર આંગળી મૂકી હેને બોલતો બંધ કર્યો ને સમજાવ્યું કે મ્હને એણે ઓળખ્યો છે તે જણાવવું નહીં.

આ અજાણ્યા પુરૂષે થોડીવાર રહીને મોતીરામને પૂછ્યું કે ભાઇ ? મ્હારે ભોજન કરવું છે તે શું લેશો ? મોતીરામે જાણ્યું કે આ ફાટયાં તુટયાં કપડાવાળો ભીખારી શું આપશે ? તેથી બોલ્યો કે મહારાજ ? જમવાના તો એક વખતના છ આના પડશે. તમારા જેવા સારૂ આ વિશી નથી, અહીં તો પૈસા પડશે પૈસા આપવાની શક્તિ છે ? આ વખતે જ્યોતિપુંજ વિશીવાળાની બે છોકરીઓને રમાડતો હતો ને તેમની મા બીજા ખંડમાં છોકરીઓ ઉપર નજર પડે તેમ બેઠી બેઠી શાક શમારતી હતી. જ્યોતિપુંજ

બાળક, તેથી પાછું છોકરીઓનાં રમકડાં પોતે રમવા શરૂ કર્યું, એટલે પણેથી શાક શમારતે શમારતે વાઘણ માફક વિશીવાળાની સ્ત્રીએ તાહાડુકો કરી જ્યોતિપુંજને અડાવ્યો, ને સોટી લઈ ઉઠીને ઉતારી કાઢી ને બોલી અભાગીયા! ત્હારે સારૂં રમકડાં આણ્યાં હશે ખરૂંને. ત્હારાં નશીબ ક્યાંથી આવાં રમકડાં રમવાના હોય, માએ તો તજી દીધો છે. ને મીલમાં મજુરી કરી ખાય છે. એ તો હમે એટલાં સારાં કે ઉછેરીએ છીએ બાકી કાંઈક કમોતે મરી ગયો હોત! જ્યોતિપુંજ ગળગળો થઈ ગયો પણ રોવાની હીમ્મત ના ચાલી–આ બધો વખત સાધુ જોયા કરતો હતો તેની આંખ્યોમાં આંસુ આવી ગયાં. તે એકદમ ત્યહાંથી ઉઠયો, બ્હાર નીકળ્યો ને વળી પાછો થોડીજ વારમાં વિશીમાં દાખલ થયો.

આ વખતે હેના હાથમાં કાંઇ ચીજ લેતો આવ્યો હતો. અંદર આવી જ્યોતિપુંજને પાસે બોલાવી એક ન્હાની રમકડાની મોટોર ગાડી આપી કહ્યું તુ આ ગાડી રમજે.

આ ચીંથરે હાલ વેરાગીને હાવું રમકડું જ્યોતિપુંજને રમવા આપેલું જોઇ મોતીરામ તથા તેની સ્ત્રી બન્ને સાધુ તરફ ટીકી ટીકીને જોવા લાગ્યાં. સાધુ પ્રેમથી જ્યોતિપુંજ તરફજ નજર રાખી બેઠો હતો. તે જાણે શું થાય છે તેની દરકાર કર્યા વિના ગજવામાંથી એક રૂપીઓ કાઢી મોતીરામ તરફ ધરી બોલ્યો કે લ્યો. આ રૂપીઓ મ્હને ભોજન આપો. ત્હમારો જે દસ્તુર હોય તે લેજો. 'મોતીરામ લુચ્ચો માણુસ હતો. આમ પૈસા કાંકરા માફક કાઢતા સાધુ તરફ જોઇ બોલ્યો કે મહારાજ ? હમે આ છોકરાને કાંઇ એમને એમ વિના કારણ કહેતાં નથી. પણ એતો મહા સેતાન છે. આમ ગરીબ દેખાય છે બાકી તો મહા પ્હોચેલી માયા છે. હમારે કાંઇ એ રમે માટે વાંધો નથી. આમ બોલતો હતો પણ મનમાં વિચાર કરતો હતો કે આ સાધુને જ્યોતિપુંજ તરફ આમ પ્રેમ શી બાબત; તથા એ પૈસા ટપોટપ ખર્ચે છે કયહાંથી. કાંતો કોઇ જુગારીહો અથવા તો કોઈ વ્હેપારી લુંટાવાના ભયથી હાવે વેષે ફરતો જણાય છે. મોતીરામે સાધુને સારૂ જમવાની તૈયારી કરવા માંડી ને પોતાની સ્ત્રી શકરીને બોલાવી કહ્યું રાંડ ? જીભડી સમી રાખ્ય જીભડી. ત્હારો બાપ આ બેઠો છે તેના દેખતાં જ્યો-તિડાને શું કહ્યું? વખતે એ પેલી બાઈને ઓળખતો હશે ને બધી

હકીકત કહેશે તો આ મહીને જે હવે દસ રૂપીઆ આપણુને તેના તરફથી મળે છે તે બંધ થશે.

શકરી--તે પીટયા, રોયા, મ્હારી છોડીઓ રૂવે તે ના કહું ? બળ્યા ત્હારા રૂપીઆ બંધ થશે તો ?

મોતીરામે સ્ત્રીને લપડાક બેચાર ઉતારી દીધી ને જીભ બંધ કરવા કહ્યું. તેમ તેમ પેલી સ્ત્રી વધારે બોલવા લાગી.

શકરી--રડયા મારે છે શેનો તે, કાંઈ તું મ્હોટી કરવા આવ્યો હતો? પાપનો ઘડો ફુટશે ત્યારેજ ખબર પડશે. પરદેશીઓને રાત્રે જમાડી સુવાડી પોલીસને ફોડી તેમની માલમત્તાની ચોરીઓ કરી ખુન કરો છો તે કાંઈ ઝાઝું ઢાંકયું રહેશે કે ?

આમ ધણીધણીયાની વાત ચાલતી હતી તે સાધુને કાને પડી. પણ જાણે કાંઇ સાંભળ્યુંજ નથી તેમ કર્યું. મનમાં બોલ્યો, જગતમાં ધંધાને બ્હાને હાવાં નીચ કૃત્યો થાય છે. હે પ્રભુ ? તું કેમ સાંખે છે. આ બાળક છોકરો જરૂર મ્હારો વ્હેમ સાચો પાડે છે. કોણ છે કોણ નહીં તેની હવે તો પાકી તજવીજ કરવી. તેનું મ્હોં તો જાણીતું છે પણ કેમ કહી શકાય. એ સ્ત્રી તો કોણ જાણે કય્હાં હશે તેની હવે તો તજવીજ કરવી. આવાં ઘોર કૃત્ય થાય છે તેવાં પાપીઓને ત્યહાં આ ફુલ જેવું બાળક કેમ રહી શકશે. ઠીક ઈશ્વર ઇચ્છા, હાલ તો કાંઇ બોલવાનો વખત નથી. ચાલ્ય અત્યારે જ તજવીજ થવી જોઇએ, ઢીલ કરવી ઠીક નથી.

સાધુએ સૂક્ષ્મજ ખાધું. કારણ તેને કાંઇ ખાવું નહોતુંજ. પૈસા આપ્યા ને જ્યોતીપુંજને બ્હાર આવવા ઇશારો કરી પોતે બ્હાર નીકળી પડયો. મોતીરામ અને શકરી કામે વળગ્યાં હતાં ને જ્યોતિપુંજ બ્હાર ગયો તે ખબર ના પડી.

સાધુ--બેટા ? તું મ્હને મળ્યો હતો ને ઓળખે છે એમ ત્હારા મોતીરામને જણાવીશ નહીં. થોડાજ દિવસમાં હું પાછો આવીશ. ગભરાઈશ નહીં તું મ્હારી સાથે આવવા ખુશી છે ?

જ્યોતિ—મ્હને અહી નથી ગમતું. પણ તમારી સાથે મ્હને મોતીરામ કેમ આવવા દેશે. મ્હારે તો તમારી સાથે આવવું છે.

સાધુ--બેટા ? બે ત્રણ દીવસમાં પાછો આવીશ. હમણાં તો તું રહે ને કોઇને વાત ના કરીશ.

સાધુ એટલું કહી ચાલતો થયો. તે ઝડપમાં ચાલતો હતો. જો કે ઉમ્મર તો સાઠ બાસઠ વર્ષની હતી પણ બાંધો મજબૂત હતો. વિશીવાળાની સ્ત્રીની વાત ઉપરથી તે મ્હારેમ્હાર મીલોમાં તજવીજ કરવા નીકળી પડયો. એક મીલમાં ગયો. બીજી મીલમાં ગયો કાંઇ પત્તો ના મળ્યો તે બોલ્યો, જો મળે તો તો બાઇને ઓળખું. પણ તે આખો દિવસ ભટકયો પણ કાંઇ પત્તો ના ખાધો. નિરાશ થઇ પોતાની મઢુલીએ ગયો. સતસંગી જે બીજો માણસ પોતાને ત્યાં હતો તેને બધી હકીકત કહી, ને કહ્યું કે કાલે આપણે બન્ને જણુ નીકળીશું ને જો પત્તો લાગે તો પછી વાત.

સાધુના ગયા પછી વિશીવાળાએ પેલી ગાડી જ્યોતિપુંજ પાસેથી લઇ લીધી ને પોતાની છોકરીઓને રમવા આપી-સાધુએ પક્ષપાત જ્યોતિપુંજ તરફ દેખાડયો તેટલા સારૂ તે દિવસે જ્યોતિ પુંજને ભોંય ઉપરજ સૂવાડયો.

પ્રકરણ ૮ મું.

જ્યોતિનો છુટકારો.

ત્રીજે દિવસે ફરીથી સાધુ વિશીવાળાને ત્યાં આવ્યો તે દિવસે વિશીવાળાએ પેચમાને પેચમાં સાધુને નમસ્કાર કર્યા; ને ઇચ્છા પૂછી. સાધુએ પાછી ભોજન કરવાની ઇચ્છા જણાવી. મોતીરામ ભોજનની તૈયારી કરવા ગયો. એટલે સાધુ ત્હેની સ્ત્રી સાથે વાતે વ્હડયો-બાઇ ? આ છોકરો ઘણો ગરીબ લાગે છે. એ ત્હમારો છોકરો ન હોય ખરૂં વારૂ ?

શકરી--તે ત્હમારે ઘરાકને તેવી શી પંચાત. ગમે તેનો છોકરો હશે. ને વળી ગરીબ શેને છે. મહા મહાશાખોર છે.

સાધુ--ના બાઈ મ્હારે પંચાત નહીં પણ આ તો મ્હને તેના ઉપર દયા આવે છે તો એમ કે તેને સારૂં કાંઇ આપું ને એ ભણે એમ કાંઇ ગોઠવણ થાય તો સારૂં તેથી મ્હેં કહ્યું.

શકરી---ખરૂંજતો નિશાળે જાય એટલે અહીં અમારો ઘર-

ધંધો કોણ કુટે. બાકી દયા આવતી હોય તો તો ભલે જે આપશો તે હમે તો એના ઉપયોગમાંજ લઇશું.

સાધુ--પણ બાઇ ધારો કે હું તેને માટે મહિને દસ રૂપીઆ આપું તો ત્હમે તેને ના ભણાવો? તમે બીજો નોકર રાખજો.

આમ વાત થતી હતી ને શકરી જરા નરમ થઇને પીગળી હતી તે હા કહેવા જતી હતી એટલામાં મોતીરામને કાને વાત પડી તે ઝડપથી બ્હાર આવ્યો ને બોલ્યો.

મહારાજ?-કાંઇ દસ રૂપીઆમાં હમે એને નિશાળે મોકલીએ ને બીજો માણુસ રાખીએ એ ના બને. હમારે કાંઇ એટલી બધી ગરજ નથી. મોતીરામ સ્હમજ્યો હતો કે આની પાસેથી વધારે કઢાવી શકાશે.

સાધુ—ભાઇ? પણ સાંભળો ત્હમને એમ ના ગોઠતું હોય તો મ્હારે કોઇ નથી તો ત્હમે મ્હને આ છોકરાને ના આપો?

મોતીરામ--પણ મહારાજ! છોકરો તો કેવો મજાનો છે? ના, ના, હમારે એનાથી છુટા નથી પડવું. તમને ખબર છે અમારે ત્હેની પાછળ કેટલું ખરચ થયું છે?

સાધુ-પણ હું તમને એ સઘળું ખરચ આપુ પછી શું?

મોતીરામે વિચાર કર્યો કે લાગ સરસ છે માટે જે માગીશું તે મળશે, પણ આનાકાની કરીશું નહિ, તો વ્હેમાશે-તેથી બોલ્યો.

હમારે તો ઘણો મોઘો છે-હમારૂ કેટલું કામ થાયછે. વળી હમે લગભગ જાણે કે જુવોને હા, બરાબર—લગભગ—બે હજાર રૂપીઆ હેની પાછળ આજ સુધી ખરચ્યા છે. ને વળી એનું વ્યાજ ગણો એટલે હમારે તો ત્રણહજારની કીમત થઇ.

સાધુ—મોતીરામ? તમને રૂપીઆ ત્રણ હજાર ખર્ચ થયા છે તો લ્યો જાવ હું તમને રૂપીઆ પાંચ હજાર આપુંછું, એ છોકરાને મ્હને સોંપો.

મોતીરામ લલચાયો પણ લોભથી બોલ્યો, ના, મહારાજ ના, વાતજ જવા દોને હમારાથી ન અપાય. એ તો હમારે પણ કોઈ-કને પૂછવું પડે. કાંઇ હમે મુખત્યાર નથી.

સાધુ--ત્હમારે કોને પૂછવું પડે એમ છે તે કહો તો તે પ્રમાણે કરવા હું તૈયાર છું.

મોતીરામે વિચાર કર્યો કે તેની મા આજસુધી બીલકુલ જણાઇ

નથી તે ત્ય્હાં હવે લેવા આવશે. ને કદાચ આવે "તો કહેવાશે કે છોકરો તો નાશી ગયો છે.

મોતીરામ—અરે લ્યો મહારાજ સાચું કહો તો મ્હારૂં મન એનાથી છૂટા થવાનું નથી. પણ ત્હમારો આગ્રહ છે ને જો રૂપિયા સાત હજાર આપો તો ભલે સુખે લઇ જાવ.

સાધુએ ગજવામાંથી રૂપીઆ દસહજારની નોટો કહાડી મોતીરામ આગળ ધરી કહ્યું લ્યો આ છોકરાની કીંમત. છોકરો મ્હને સોંપી દ્યો. મોતીરામ સ્તબ્ધ થઇ ગયો. હાવા સાધુ પાસે આવડી મ્હોટી રકમ ત્ય્હાંથી તેજ વિચારે એનું મગજ ફેરવી દીધું. પણ વળી પ્રત્યક્ષ પોતાની આગળજ નોટોની થોકડી જોઇ મને કહ્યું ના કર્યું. સ્રીની સાથે થોડી મસલત કરી છેવટે હાથ લાંબો કરી બે ચારવાર નોટો તપાસી તપાસી જોઇ ખાત્રી કરી. પોતાની પેટીમાં મૂકી તાળું તપાશી, આવીને નિરાંતના જીવે કહ્યું ભલે છોકરાને લઇ જાવ.

સાધુ—મોતીરામ? એ તો ઠીક પણ, આ કાગળ ઉપર સહી કરી આપો કે આજથી આ છોકરા ઉપર ત્હમારો કોઇપણ જાતનો દાવો નથી.

મોતીરામે કાગળ લઇ વાંચી વિચાર કરીને પોતાની સહી કરી આપી. સાધુએ કાગળ વાળી બરાબર પોતાના ગજવામાં મૂકી, જ્યોતિપુંજને લઇ, આંગળીએ વળગાડી, વિશીમાંથી ચાલવા માંડયું.

આજે જ્યોતિપુંજના મ્હોં ઉપર કાંઇક ઓરજ આનંદ છવાયો હતો. વિશીમાંથી નીકળતાં તે સાધુ પ્રત્યે બોલ્યો હવે મ્હને અહીં પાછો નહીં લાવોને? મ્હારે અહીં હવે નહીં રહેવાનુંને?

સાધુ—બેટા? હવે આ જન્મમાં ત્હારે કોઇ દિવસ અહીં નથી આવવાનું. છોકરાએ એક ઊંડો નિશ્વાસ મૂક્યો ને પ્રેમને ઉપકારની લાગણીથી સાધુ તરફ જોઇ રહ્યો. સાધુની આંખ્યમાં અશ્રુ આવેલાં હતાં તે લુછી નાંખી બોલ્યો—બેટા? આપણા આશ્રમમાં ચાલો ત્ય્હાં તું આનંદ કરજે. ત્હારે કાંઇ કામ કરવાનું નથી. ત્ય્હાં તને કોઇ લઢનાર નથી. ત્ય્હાં પ્રભુનું ધામ છે, ત્યાં સરસ્વતિનું ધામ છે, આનંદ છે, આપણું સ્વર્ગ છે બેટા? ત્ય્હાં ત્હારો વિદ્યાભ્યાસ શરૂ થશે. ત્હારાં કર્ત્તવ્ય ત્ય્હાં ત્હને શીખવાશે.

આટલી વાત થતાં સાધુ પોતાની મંડળીએ છોકરા સાથે આવી પહોંચ્યા. સતસંગીને બોલાવી સાધુએ જ્યોતિપુંજને સોંપ્યો. આ આશ્રમમાં જ્યોતિપુંજને કોઇ અવર્ણનીય આનંદ થવા લાગ્યો વાડીમાં સ્વતંત્ર સ્હવાર સાંજ ફરવા લાગ્યો. દિવસે દિવસે સતસંગી પાસે જ્યોતિપુંજ અભ્યાસ કરવા લાગ્યો ને સ્વાભાવિક રીતે અક્કલમંદ હોવાથી થોડા સમયમાં ઘણું શીખ્યો.

સાધુ. હંસસ્વરૂપની રીતભાત ધ્યાનથી જોવા લાગ્યો ને એની છાપ એના હૃદયને ગમી ને તે પૂર્ણપણે તેમાં ઉતરી હતી, હંસસ્વરૂપ સાથે પોતે પણ સ્હવારે વ્હેલો ઉઠતો. નિત્યકર્મથી પરવારી લઈ, ઇશ્વર સ્તવનમાં નિયમિત રીતે જોડાતો. ને પછી અભ્યાસ કરતો, બપોરના સમયે જે જે અનાથાશ્રમો, વિધવાશ્રમો, ઈસ્પીતાલો વિગેરે હંસસ્વરૂપની દેખરેખ નીચે હતાં, ત્હાં એમની સાથે જતો ને પોતાથી જે જે બની આવતું તે મદદ કરતો.

પ્રકરણ ૯ મું.

વિલાસવતીનું અવસાન.

સુંદરરાયને ઘેર એક દિવસ ઘરમાં દોડાદોડ થઈ રહી હતી. કારણ વિલાસવતી એકદમ માંદી થઇ ગઇ હતી. સુંદરરાય હાંફળા ફાંફળા આમતેમ ફરતા હતા. શું કરવું તે સમજ પડતી નહીં. નોકરને દાક્તરને તેડવા મોકલ્યો હતો. દાક્તર આવે તે દરમ્યાન કાંઇ ઘરગથ્થુ ઉપચાર કરવા પડોશમાં રહેતી વિલાસવતીના પિયરની ઓળખીતી કૃષ્ણા ડોશી આવી હતી. કોઇ પેટે કંકોડી ચોળાવતું કે પેટ ચ્હડયું છે, તો કોઇ શરદી થઇ ગઇ છે માટે ફલાણો ઉપચાર કરો ઢીંકણો ઉપચાર કરો એમ અનેક જણુ કહેવા મંડયું હતું. પણ તેમાંથી કાંઇ પણ બરાબર થતું નહીં. નોકર દાક્તરને તેડીને આવ્યો ને દાક્તરે નાડી જોઇ સુંદરરાયને કહ્યું, વિલાસવતીની પથારી આગળ આમ બહુ ગીરદી થવા ના દેશો. હવા ઘરમાં ખુલ્લી આવવા દો. હાલ તુરત કાંઈ ભય જેવું નથી પણ સંભાળવાનું છે. સારા મકાનમાં ગામ બ્હાર રહેવા જાઓ

નહીંતો સારો રસ્તો આબુ, લાનોલી કે કોઇ પર્વત ઉપર સૂકી હવા હોય ત્યાં જાવ. કારણ જીર્ણ તાવ ઘણા વખતનો લાગુ પડેલો છે ને તેને લીધેજ અશક્તિ ઘણી છે Consumption of second stage છે. સુંદરરાયે લાનોલીમાં ખબર કઢાવી બંગલો રાખવા તજવીજ કરી હતી, પણ એટલામાં જે દિવસે નીકળવાનું હતું તેજ દિવસે વિલાસવતીને ઝોલો આવી ગયો. દાક્તરને બોલાવ્યો તેણે આવી નાડી જોઇ કહ્યું, એકાદ કલાક હવે છે, ત્હમારે જે તૈયારી કરવી હોય તે કરો. સુંદરરાય ગભરાઇ ગયા હતા રવિરાય તો ભાઇબંધ દોસ્તદારોમાં રખડવા ગયો હતો. માંદાની પથારી આગળ પૈસાદાર હોવાને લીધે અનેક જણ—નાત જાતનાં તેમજ પરનાતીલાં બેઠાં ને બેઠાં રહેતાં. કોઇ કામને અંગે બેઠેલુંજ નહોતું. ચિકિત્સા સર્વ જોતું હતું. માત્ર સુંદરરાયજ જે કાંઇ કરી શકે તે કરતા હતા. દાક્તર ચાલ્યો ગયો ને થોડીવાર પછી ફરીથી ઝોલો વિલાસવતીને આવ્યો ને તે સાથે પંચત્વને પામી.

ઘરમાં ભાડુતી બૈરાંઓએ રડારોળ કરી મૂકી. સુંદરરાયના ન્યાતીલા આવ્યા. સુંદરરાયનો એક દૂરનો સગો આવ્યો તેણે પોળને મોઢેથી કકડાવીને પોક મૂકી તે છેક સુંદરરાયને ઘેર આવ્યો ત્હાં સૂધી છાનો ના રહ્યો. પાસે બેઠેલાઓ જેમ જેમ તેને છાનું રહેવા કહે તેમ તેમ ઘરનાં બીજાં કોઇ ના રૂવે તેથી પણ અધિક અધિક પોક મૂકવા માંડી. કેટલાક સમજુએ થાકીને વાળી મૂકયો એટલે થાકીને બંધ પડયો. થોડીવારે શબને સ્મશાન લઇ ગયા ને બાળી ઘેર આવ્યા. કેટલાક સુંદરરાયને ત્હાં આશ્વાસન દેવા થોડીવાર બેઠા પછી સૌ સૌને ઘેર ગયા. તેજ દિવસથી સુંદરરાયને ઘેર પથાણામાં લોકો આવવા માંડયા. પથાણામાં અનેક વાતો ચર્ચાવા લાગી; અંદર અંદર હસાહસ પણ ચાલી. એક વાત ઉપરથી બીજી વાત ઉપર પણ પથાણે બેસનારા ઉતરી પડયા. માત્ર સુંદરરાયજ ખિન્ન વદને બેઠા હતા બાકી સર્વ રીત્ય પડી એટલે ના છુટકે જતા. તેમાં કેટલાક તો જાણે કે હવે પથાણેથી ઉઠવાનો વખત થયો છે તે અગાઉ એકાદ બે મીનીટ જતા ને પછી બધા સાથે ઉઠી ચાલ્યા જતા.

વિલાસવતીના મૃત્યુ પછી સુંદરરાયડોસાની તજવીજ બરાબર ઉઠાવાતી નહીં. ડોસા ખખળી ગયા હતા. તેમણે એક દિવસ રવિ-

રાયને પાસે બોલાવી શીખામણ દીધી. બેટા ! હવે તું કાંઇ ન્હાનો નથી. બધી વાતથી ત્હારે વાકેફ થવું જોઇએ. જો હું તો ઘરડો થયો હવે કેટલું જીવીશ ? માટે ભાઇબંધ દોસ્તદારમાં બહુ આથડવું નહીં. ઘરનું બધું સંભાળી લે ને આમ કાંકરાની માફક પૈસા ઉડાવો છો તે કયાં સુધી પ્હોંચે. માટે નીતિથી રહો ને વ્યહવાર જાળવો તો સુખી થશો.

રવિરાય—તે હમે કયારે પૈસા ઉડાવીએ છીએ. કાંઇ જે વસ્તુ જોઇએ તેમાં ચાલે કે ! એ તો ત્હમને ઘરડાને લાગે એમ. સુંદરરાયે છોકરાને બહુ સ્હમજાવવા માંડયો પણ પત્થર ઉપરજ પાણી. છેવટે બહુ ડોસો કચકચ કરતો જણાયો એટલે ઉઠીને ચાલવા માંડયું, ને જતેજતે બોલ્યો કે હમે સ્હમજીએ છીએ બધું. ડોસાએ જાણ્યું છોકરો છે, અશે સ્હમજશે એમ કહી ડોસાએ મન વાળ્યું. આ વાતને છ મહીના થયા હશે એટલામાં ડોસો નીચે જમવા જતે દાદરેથી ઠોકર વાગવાથી પડી ગયો લોહી પુષ્કળ નીકળ્યું, ધનુર ધાયું ને દેવલોક પામ્યો.

ડોસાના ગયા પછી રવિરાય સ્વતંત્ર થયો. ડોસાની હયાતીમાં ભાઇબંધ દોસ્તદાર બહુ ઘેર ન્હોતા આવતા તે હવે છડેચોક આવવા લાગ્યા. મતલબીઆ રવિરાયને જેમ ચ્હડાવે તેમ રવિરાય ફુલાય ને એકને ઠેકાણે બે રૂપીઆ ખર્ચી નાંખે. અનેક અપલક્ષણે ચ્હડેલો હતો, ને મદિરાનું વ્યસન લાગ્યું હતું. જાગીર હતી તે રવિરાયનાં અપલક્ષણે ગુમાસ્તાઓ આવક ખાઇ જવા માંડયા ને એમ કરતે કરતે જાગીર ઉપર દેવું થયું. બાંધ્યું પાણી કયાં સુધી ચાલે ! એક રાત્રે રવિરાયનાં દોસ્તદારો એકઠા થયા હતા. મદિરા છુટથી વપરાતો હતો. બધા રવિરાયને પૈસે તાનાબાજી કરતા હતા. આજે રવિરાયે ઘેર પોતાની વર્ષગાંઠ નિમિત્તે નાચ પાર્ટી આપી હતી. શરાબની રેલછેલ ચાલી રહી હતી. ને રૂપીઆ હજારેકને માથે છીની મુકી હતી.

રવિરાય—યાર, ડાહ્યલા લોકો કહે છે મદિરાથી તો નુકશાન છે. અલ્પ સમયને મારેજ તે તો હુંશીઆરી આણે છે બાકી પાણું નરમ બનાવી દે છે, પણ આપણે તો બસ ચોવીસે કલાક મશગુલ રહીયે ત્યાં શું નડે એમ છે ?

શિવશંકર—યાર બધા ગમે તે કહો પણ આપણે તો માતાજીની પ્રસાદી જાણીનેજ લઇએ છીએ. એ તો શક્તિ છે શક્તિ.

જાનકીપ્રસાદ—આપણે તો યાર નિયમ છે કે મદિરા ક્યારે લેવો કે ઉપર ઠુંગા પાણી હોય તોજ, નહી તો નહીં.

મદિરાથી ચકચુર થયેલા મિત્રો આમ લવતા હતા ને છેક મોડી રાત્રે વિખૂટા થતા.

સમરસિંહ નામનો ઠાકરડો નોકર હતો તે બધી સામગ્રી રવિરાયને પુરી પાડી આપતો.

દિવસે દિવસે રવિરાયને દેવું થતું ગયું. બાપદાદાની શરમ પહોંચી ત્યાં સુધી તો કોઇ બોલ્યું નહીં; પછીથી તગાજો કરવા મંડયા અંતે જાગીર વેચવી પડી. ઘરબાર મુકવાં પડયાં ને માઠી દશા આવી.

મિત્રો-કહેવાના મિત્રોએ જરૂર વખતે મદદ કરવા અખાડા કર્યા ને ચીંથરેહાલ સ્થિતિએ આવી રહ્યા. છેવટે જ્યાં સુધી સ્હેજ પણ માયા રહી ત્યાં સુધી માંખીઓ મધના પૂડા ઉપર ગણુગણુતી રહી.

રવિરાય વખતો વખત વિશીવાળા મોતીરામને ત્યાં ગરમ ભજીઆ ખાવા જતો ને એને એકના બે આપતો. વળી રવિરાય પોતાના મિત્રોને પણ ત્યાં લઈ જતો. સુંદરરાય જીવતાં તો ઘેર ચકચુર થઇ ધમાલ થતી નહીં તેથી મોતીરામ એમને આશ્રય આપતો ને એમને એક જુદો ખંડ કાઢી આપેલો ત્યાં મજા મારતા. અંતે ફૂટી બદામ ના રહેતાં રવિરાય જુગારે ચ્હડયો. દિનપર દિન ઘરેણાં ગાંઠાં મુકવાં માંડયાં તે બધુંએ સ્વાહા થઇ ગયું. વાસણ કુસણ પણ મુકયાં તેનુ પણ તેમજ થયું. મોતીરામ સાથે હવે રવિરાયે સહીયારૂં કર્યું. ને મુસાફર રાત્રી વિશીમાં ગાળતાં તેમનો સરસામાન ઉડાવવા માંડયો તેમાંથી પોતે જુગારમાં નાણાં મુકવા માંડયાં. એમ કરતે કરતે છેક ખરાબ સ્થિતિએ પોંહાચ્યો.

એક દિવસ રાત્રે મોતીરામને ત્હાં ડાકોરની જાત્રાએ જવા મુસાફર આવેલા તેમની સાથે ઘરેણાંગાંઠાં હતાં. તે લાગ જોઈ રવિરાયને મોતીરામે તે દિવસે બોલાવી પોતાની મતલબથી વાકેફ કર્યો. પણ રવિરાયની હીમ્મત ના ચાલી. મોતીરામે કહ્યું તમારે

તો ફક્ત મદદજ કરવાની છે બાકી બધી વિધિ હું કરીશ. રવિરાયને ન્હડાવ્યો. મદિરા પોતાને પૈસે પાયો તેના તાનમાં રવિરાય કબુલ થયો ને તેજ રાત્રે એક મુસાફરનું ખુન થયું ન્હેની માલમતા ઠેકાણે થઇ ગઇ. આ વખતે પોલીસના માણસોને ફોડેલાં નહીં તેથી હોહા થયો. પોલીસે મોતીરામને, તેની સ્ત્રીને પકડયાં. કેસ ઉભો થયો. રવિરાય અંદર હતો કે નહીં તેની પોલીસને ખાત્રી નહોતી–આવો સારો માણસ હોય નહી એમ ધાર્યું. મોતીરામે અનેક પ્રકારે રવિરાય ઉપર ઢોળવા માંડયું પણ તેના સારા નશીબે કાંઈ ફાવી શકાયું નહીં તેથી લાચાર થઇ ગયો ને કેસ ચાલતાં ખુન પૂર્ણપણે સાબીત નહીં થતાં ચોરીજ માત્ર સાબીત થઇ તથા મદદગીરી સાબીત થઈ, તેથી ધણીધણીઆણી પાંચ પાંચ વર્ષ કેદમાં ગયાં. છોકરીઓ પરણાવી હતી મોટી થયેલી હતી તે તો સાસરે ગએલી હતી. પણ જમાઇઓ પણ ચોરના ભાઇ ઘંટીચોરજ મળેલા હતા. કોઇ છોકરી સુખી નહોતી. હવે રવિરાયને કોઇ પણ આરો ના રહ્યો. આજ સુધી તો મોતીરામ તરફથી કાંઇ મદદ મળતી તે હવે જતી રહી–મોતીરામની વીશી જપ્ત થઇ. રવિરાય રખડતો થઈ ગયો. બાપદાદાના જુના ઓળખીતાઓ પાસે જઇ લાચાર સ્થિતિ જણાવવા માંડી; કોઇને શરમ આવી કોઇને દયા આવી કોઇએ તો 'ઘરમાં નથી" "કામમાં છે" એમજ જવાબો દીધા.છેવટે બધેથી પરવાર્યો ને ગામમાં ચીંથરે હાલ ફરવા માંડયું.

પ્રકરણ ૧૦ મું.

મીલ જીવન.

મન્દકાન્તિ નિયમિત વખતે મોતીરામ વિશીવાળાને પૈસા જ્યોતિપુંજ સારૂં મોકલતી. પોતે કેડ કશીને વૈતરૂં મીલમાં કરતી. દુનિયામાં છેતરાએલી અબળા હરદમ પ્રભુ પાસે મનોબળ માંગતી. એક ભૂલ્ય કરી હવે પ્રભુ પાસેથી દયા માંગતી હતી. મીલમાં સ્ત્રી ઉપર દેખરેખ રાખવા એક મુસલમાન જોબર હતો. તે દરરોજ સાંજરે બધી સ્ત્રી તથા મરદ મજુરો ઘેર જાય તે વખતે ઝાંપે ઉભો

રહેતો ને બધાને તપાસતો કે કોઈ ચોરી કરી ન જાય. દરરોજ તે મન્દકાન્તિને ઉભી રાખે ને તેને તપાસવાને બ્હાને દમ દઈ અડાવે. કાળી દાનતવાળો મુસલમાન અનેકવાર તેને પજવવા ચૂકતો નહીં. પણ દુનિયાનો માર ખાધેલો ને ત્યાર પછી કાંઈક મનોબળ પ્રાપ્ત કરેલું જેથી ઇશ્વરપ્રત્યે દૃઢ શ્રદ્ધાથી ચિત્ત પરોવેલું તેથી આ અબળાએ આ મુસલમાનને ફાવવા દીધો નહીં. મીલમાંથી જો કે સ્ત્રીને છુટવાના ને મરદને છુટવાના વખતમાં કાંઇક ફેર હતો છતાં પણ કેટલાક મજુરોના ઉપરીઓ મીલમાંથી બદદાનતનેલઇ સ્ત્રીઓ છુટતી તે વખતે નીકળી જઇ અનેક મશ્કરીઓ કરતા ચાલતા. મીલમાંથી છૂટી તેમનો ધંધો મીલોની પાસેજ દારૂના પીઠામાં જઇ દારૂ પી ચકચૂર થવામાં જતો. રસ્તે જતાં અનેક મજુરણોને અટકચાળા કરતાં, નીતિથી ભ્રષ્ટ થઇ નબળી મનની સ્ત્રીઓને ભ્રષ્ટ કરતા. મન્દકાન્તિ સીધી સીધી પોતાના મુકામે જતી. ત્યાં જઇ ન્હાઇધોઇ ઇશ્વર સ્તવન સવાર સાંજ કરતી ને પછી રસોઇ પાણી કરી, પરવારી રાત્રે બેઠી બેઠી ભજન કરતી કાં તો બીજું કામ લાવે તે કામ કરતી.

એક દિવસ પેલા મુસલમાને બહુ હેરાન કરેલી તેથી પાસેની ચોકી ઉપર જઇ પોલિસને ખબર આપી; શેઠને ખબર આપવા પણ વિચાર કર્યો; જોબર રહ્યો, બીજા મજુરો તેના હાથમાં રહ્યા બીજાને કામ ઉપર ના આવવા સ્હડાવે તો મીલ બંધ રહે, કામ અટકે તેથી શેઠ એકદમ બહુ ના કહી શકે તેથી તે વિચાર માંડી વાળ્યો. પોલીસો બરાબર દાદ ના સાંભળી પણ એક જમાદાર સારો હતો તેણે બંદોબસ્ત કર્યો ને પેલા જોબરના જામીન લીધા. ત્યારથી મન્દકાન્તિને કોઇ કાંઇ સતાવી શકતું નહી. મન્દકાન્તિને એક રાત્રે જ્યોતિપુંજ સાંભરી આવ્યો રાત્રે મળવા જાઉં એ વિચાર થયો. શોકથી હૃદય ભરાઈ આવ્યું ને નીચે પ્રમાણે ગાવા લાગી.

પિતા આ પાંખ પંખીની
તુટી શાને ? અરે શાને ?
વિના એ આંખ પંખીની
જાૂઠી ઝાંખી અરે શાને ?

તડફડતું ઉડવા ઉપર
વિહંગમ વ્યોમ વસવાને
અરે અંધાર ના ઉતાર
ઉતરતા પ્રાણ કસવાને

હજી કુમળું ઉછળતું આપ
સુમન સુવાસ દેવાને
અરે ત્યાં વજ્રનો શો પાત
એનો હાથ જોવાને

*   *   *   *

અનૂઢાબાળ પંખીની
પ્રભુજી પાંખ તમ બક્ષો
પતિતના પ્રાણ પાવનહાર
પિતા રક્ષો પિતા રક્ષો !

"વિલસુ."

અંધારી રાત્રી છતાં બ્હાર નીકળી. વરસાદ ઝરમર ઝરમર વરસતો હતો. ચાલી ચાલી વિશી આગળ ગઈ. વિશી આગળ ધમાલ પુષ્કળ જામેલી હતી. વિશીનાં અત્યારે બારણાં બંધ હતા. રાત્રી બહુ થઇ ગઇ હતી તેથી કોઇ બીજા મુસાફરો જણાતા નહોતા. પાસે એક મ્યુનીસીપાલીટીનો ઝાંખો દીવો બળતો હતો. અંદર ગડબડ થતી હતી. વિશીના પગથીએ ન્હડી બારણા આગળ ઉભી રહી. અંદરથી ઘોંઘાટ થતો સંભળાયો. વિશીમાં એક ખંડની અંદર ઝપંઝપા ચાલતી હતી. બોલંબોલા ચાલતી હતી. એક જણનો સાદ આવ્યો. મોતીરામ ભજીઆં લાવ ભજીયાં, બીજો બોલ્યો—સાલ્લાને જોને ભજીઆનો સ્વાદ થયો છે. ધારો પરિચિત લાગ્યો. રવિરાયનો સ્વર ઓળખાયો. હૃદય ધબકયું. હાય ! અહીં પણ આજ સ્થિતિજ છે. હે પ્રભુ મ્હારૂં બાળક શું કરતું હશે. ત્યહાં થોડીવારે મોતીરામે જ્યોતિડા કહી બુમ પાડી. અલ્યા કયારનો બોલાવું છું નથી સાંભળતો? તાંહકુકો કર્યો. મન્દકાન્તિનું હૃદય ચીરાયું. નિરૂપાય લાચાર સ્ત્રી રોઇ પડી. બધું વળી શાન્ત થયું. અંદર જવાની હીમ્મત ના ચાલી. રાત્રી બહુ ગઇ હતી. અંદરથી માણસો બ્હાર નીકળવાની તૈયારી કરતા હતા. તેથી પગથીયાં

ઉતરી પડી. પોતાની ઓરડીએ જવા પાછી ગઇ. રસ્તો બહુ વિકટ લાગ્યો કેમ કર્યો કપાયો નહીં. નિશાચરોની બ્હીકથી સ્ત્રી જાતિ તેથી સોડયુવાળી કોરાણે કોરાણે ખુણે ખુણે ચાલવા માંડયું. સીપાઇએ ટોકી હુકમદાર? Who comes there ધીમે સ્વરે "કોઇ નહીં રૈયત". સીપાઇએ ચોરફાનસ મ્હો ઉપર અજવાળું પડે તેમ ધર્યું. કોન હય ? આધી રાતકું કહાં ભટકતી હય ? ખડી રહે. બ્હીકની મારી ઊભી રહી–કહ્યું–મ્હારૂં સગું માંદું હતું. તેને જોવા ગઇ હતી. શું કાંઇ ચોર છીએ?

સિપાઇએ મ્હોં જોયું. સારૂં માણસ લાગ્યું તેથી વધારે ના બોલ્યો; જવા દીધી. ત્યાંથી ઝડપમાં ચાલવા માંડયું. ઓરડીએ પ્હોચી ત્યાં જઇ પથારીમાં પડી ખુબ રોઇ, ઉંઘ ના આવી; એટલામાં વળી બારણાં કોઇએ ઠોકયાં. ગભરાઇ પણ હીમ્મતથી બોલી કોણ છે? તેથી વળી કોઈ બોલ્યું નહીં. બે ચાર મીલમજુરો બીજે દિવસ રવિવાર હતો તેથી દારૂ પી મસ્ત બની નાટકમાં ગયેલા તેજ ત્હાંથી પાછા ફરતા મંદકાન્તિના મીલના હતા તે તેનું ઘર જાણતા હોવાથી કોઇ નીચ સ્ત્રી છે એવો ખ્યાલ હોવાથી બારણું ઠોકયું પણ અંદરથી દમભેર અવાજ આવ્યો તેથી જતા રહ્યા. તે દિવસે આખી રાત્ય તેને ઉંઘ ના આવી અનેક વિચાર આવ્યા બોલી–હે પ્રભુ હિંદુ સંસારમાં વિધવાને કર્મ આજ હશે? હાય! મ્હારી કળકળતી આંતરડીઓ રૂદી દેવી તને શાપ દેછે તેનું પાપ ત્હારે માથેજ હજો.

"ક્ષમા દેવિ! ક્ષમા દેવિ શાપો દે મુજ મસ્તકે
આર્ય ભૂમિ બચાવિ દે; પાપી હું, પાપી હું ખરે"

નરસિંહરાવ.

પ્રકરણ ૧૧ મું.

અકસ્માત.

હંસસ્વરૂપ મઢુલીમાં બીજા દિવસના કામની યાદી સતસંગી પાસે લખાવતા હતા. જ્યોતિપુંજ બેઠો બેઠો મેરીકારેલીનું "સોરોઝ ઑફ સેતાન" (Sorrows of Satan) વાંચતો હતો. વાંચતે વાંચતે (Satan) સેતાનની character વર્ણુક ઉપર હંસ સ્વરૂપ સાથે પ્રશ્નોત્તર કરતો હતો. તે ઈંગ્રેજી વિદ્યાભ્યાસ કોલેજમાં કરતો હતો. ઘર આગળ હંસસ્વરૂપ પાસે ધર્મનાં પુસ્તકો વાંચતો હતો. બીજે દિવસે હોસ્પીટલમાં સ્હવારે જવાનો વખત નોંધાવ્યો ને જ્યોતિપુંજને સાથે આવવા કહ્યું. રાતના દસ વાગ્યા તેથી પ્રભુપ્રાર્થના કરવા હંસસ્વરૂપે ઇચ્છા જણાવી પ્રભુપ્રાર્થના કરી સર્વ સૂઇ ગયા. રાત્રી શાંતિથી પસાર થઇ. સ્હવારમાં ઇસ્પીતાલમાં જઈ દુઃખી જનોને મળવાનો લાભ હતો તેથી જ્યોતિપુંજ જરા વ્હેલો ઉઠયો. નિત્યકર્મથી પરવાર્યો ને તૈયાર થઇ ઉભો હતો ત્હાં હંસસ્વરૂપ આવ્યા. બેટા? ચાલો આજે દરદીઓની માવજત કેમ થાય છે, તેમાં આપણે શું શું કરી શકીએ એમ છે તે જોઇએ, સતસંગી પણ સાથે ગયો. ઇસ્પીતાલમાં ગયા દરેક ખંડે ખંડે ફર્યા. સર્વની સ્થિતિ પૂછી કોઇને કાંઈ ન્યૂનતા હોય તો પુરી પાડવા દરેક ખંડના જૂદા જૂદા ચોકીદારોને હુકમ કર્યો ને તરત પૂરા પાડવામાં આવ્યા. એવામાં બે ડોળીવાળા એક બાઇને ઉચકીને લાવ્યા. દાક્તર પાસે જઇ ડોળીવાળાએ કાગળ ધર્યો. દાક્તરે બાઇને તપાશી. બાઇને મીલમાંથી અકસ્માત થયો હતો. રૂની ગાંસડીઓ એકદમ ગગડી પડી હતી તે તળે બાઇ ચગદાઈ હતી. દાક્તરે સ્ત્રી વોર્ડમાં લઈ જવા હુકમ કર્યો. આ વખતે હંસસ્વરૂપ ત્હાં આવી પ્હોંચ્યા. દાક્તરે એક બાઈ અકસ્માત થવાથી આવેલી જણાવી મીલના શેઠ તરફથી કાગળ દેખાડયો. કાગળ હાથમાં લઈ હંસસ્વરૂપે વાંચ્યો. વાંચવાની સાથેજ મ્હોંઉપર ખેદ અનેઆશ્ચર્ય જણાયાં ત્યાંથીએકદમ જ્યોતિ તથા સતસંગીને ત્હાં ઉભા રહેવાનું નહી તે સ્ત્રી પાસે ગયા. જુવે

છે તે સ્ત્રી બેભાન અવસ્થામાં હતી. સ્ત્રીનું મુખ જોયું મુખ જો-
તાંની સાથેજ હૃદયમાં ઘા વાગ્યો. આજ સૂધીનો વ્હેમ ઘણે અંશે
દૂર થયો; પણ પૂર્ણપણે દૂર થવા સ્ત્રી શુદ્ધિમાં આવે ને હકીકત
પૂછાય તોજ વ્હેમ દૂર થાય એમ હતું. નર્સ માવજત કરવા તૈ-
યાર થઈ ગઇ. અનેક ઉપચાર દાકતરની આજ્ઞાનુસાર થવા માંડયા.
કલાકેક પછી સ્ત્રી શુદ્ધિમાં આવી. સ્ત્રીએ આંખ્યો ઉઘાડી ધીમે
સ્વરે પુછ્યું હું કયાંછું. બ્હેન તું રૂની ગાંસડી તળે આવી ગઇ
હતી તેથી ઇજા થઇ ને હાલ તું ઇસ્પીતાલમાં છે પણ હવે તને
આરામ થઇ જશે. ફીકર ના કરીશ. દૂર ઉભેલા હંસસ્વરૂપ તરફ
સ્ત્રી ટીકીટીકી જોવા લાગી. જોતા જોતાં અનેક પ્રશ્નો મનમાં
ઉદ્દભવ્યા પણ વળી બીજા વિચારો આવતાં તે દૂર થયા. હંસસ્વ-
રૂપ હવે સ્ત્રી પાસે આવ્યા. હકીકત બધી ધીરે રહી પૂછવા માંડી;
સ્ત્રીએ પોતાનું નામ મન્દકાન્તિ છે કહ્યું. આજ બાર વર્ષથી મી-
લમાં મજુરી કરૂંછું જણાવ્યું. બીજું કાંઈ વધારે ના પૂછતાં હંસ
સ્વરૂપે વખત થઇ જવાથી ચાલવા માંડયું. જ્યોતિપુંજ પાસે
આવતાં તેણે પૂછ્યું કોણ બાઇ હતી શું હકીકત હતી ? હંસ
સ્વરૂપે ટુંકામાંજ પતાવ્યું બાઈ કોઇ મીલ મજુરણ છે રૂની ગાં-
સડી તળે આવી ગઈ હતી પણ શુદ્ધિમાં આવી છે, ધીમે ધીમે
આરામ થશે.

હંસસ્વરૂપ જેને સારૂં મીલોમાં ભટકવા ગયા હતા તેજ
બાઇને અહીં આમ અકસ્માત આવેલી જોઇ આનંદ થયો. બીજી
ખાત્રીની જરૂર નહોતી. મનમાં વિચાર થયો જરૂર એજ આ બાઈ.
જ્યોતિનું ને આ બાઇનું મ્હોં આબેહુબ મળતું છે. આંખ્ય નાક
કપાળ ભમ્મર આબેહુબ છે. કહો ના કહો પણ એજ જ્યોતિની માતા
ઇશ્વરની ખુબી ન્યારીજ છે. તે દિવસે ઇસ્પીતાલમાંથી તે બધા
આશ્રમમાં ગયા. જ્યોતિપુંજ ઘેર આવ્યો હંસસ્વરૂપને તે દિવસે
વિચારમાં લીન થયેલા જોયા; આજ ઇસ્પીતાલમાં આવી એ
બાઈને જોઇને હંસ બાવા આમ ખિન્ન થયા એ વિચારે જ્યોતિને
ઘેર્યો. તેની ઉમ્મર અત્યારે સોળ સત્તર વર્ષની થઈ હતી. તે સ-
મજતો હતો કે મોતીરામ તેનો પિતા નહોતો. હંસસ્વરૂપ પણ
કોઇ સાધુ પુરૂષ છે ત્યારે તે પોતે કોણ ? આ વિચાર કેટલાક
દિવસથી એના મનમાં ઘોળાતો હતો. તે જોરથી પાછો ઉપડયો;

કોને પૂછું ? હંસબાવા જાણુતા હશે. પણ જાણીને શો લાભ. તે જીવતાંએ નહીં હોય. પણ કેવી રીત્યે મોતીરામ પાસે આવ્યો તે ગમે તે પ્રકારે મ્હારે જાણવું તો જોઇએજ. તે દિવસ તો નિત્ય નિયમ પ્રમાણે ચાલ્યો ગયો. રાત્રીએ જ્યોતિપુંજને ઉપર કથિત વિચારોને લઇને ઉંઘ ના આવી. હું કોણ? મ્હારૂં જીવન આમ ભેદ મય કેમ ? આજે કાંઇ મ્હને સ્હમજ પડતી નથી. મન વ્યાકુલ છે. હંસબાવા પણ પેલી બાઇને જોયા પછી વિચારગ્રસ્ત રહ્યા છે. કાલ્ય જરૂર સૌથી પ્હેલાં ઉઠી નિત્યકર્મથી પરવારી લઇ ઇસ્પીતલમાં જવું ને એ બાઇ કોણ છે તે તજવીજ કરવી.

પ્રકરણ ૧૨ મું.

મન્દકાન્તિનું મૃત્યુ.

"To be a saint is the exception; to be upright is the rule. Err, falter, sin, but be upright."

Victor Hugo,

નિશ્ચય પ્રમાણે જ્યોતિપુંજ મોડા સૂતો હતો પણ વ્હેલો ઉઠયો. નિત્યકર્મથી પરવારી લીધું. ને એકદમ ઇસ્પીતાલમાં ગયો. હજી દાક્તર પણ આવ્યા નહોતા. બીજા નોકરો હતા તેમની પાસે દાક્તરનો હોલ ઉઘડાવ્યો. અંદર જઇ ગયા દિવસના બધા કેસો વાંચ્યા. વાંચતે વાંચતે પેલી બાઇનો કેસ હાથ આવ્યો. કેસમાં બાઈનું નામ " મન્દકાન્તિ " વાંચ્યું. નાસજાસ વાંચી. પાછું બધું હતું તેમનું તેમ મુકી દઇ, હોલ બંધ કરવાનું કહ્યું. સ્ત્રી હોલમાં અત્યારે મન્દ કાન્તિની સ્થિતિ સૂધરી હતી. તે ખાટલામાં બેઠી હતી–જ્યોતિપુંજ સ્ત્રી વે.ર્ડની બ્હાર નર્સ સાથે વાતે ચડયો હતો ને મીસમાં રૂની ભાંસડી તળે ચગદાએલી બાઈ નામે મન્દકાન્તિની તપાસ કરતો મન્દકાન્તિએ સાંભળ્યો. મન્દકાન્તિએ દૂરથી જ્યોતિપુંજને જોયો.

જોતાંની સાથેજ હ્રદયમાં ધબકારો થયો. જ્યોતિપુંજ વાત કરતો કરતો અંદર હૉલમાં દાખલ થયો. ચાલ્યો ચાલ્યો મન્દકાન્તિના ખાટલા આગળ ગયો. મન્દકાન્તિએ પુત્રને ઓળખ્યો ને એકદમ ચક્કર આવ્યા, ચક્કર આવતાંની સાથેજ મુર્છા આવી ધબ લઇને ખાટલામાં પડી. જ્યોતિપુંજે બુમ પાડી નર્સને બોલાવી, કોલનવોટર વિગેરે છાંટી ઉપચાર કરવા કહ્યું. પોતે છાનો ત્યાં ઉભો રહ્યો. ન સ્હમજાય તેમ જ્યોતિપુંજને પ્રેમનો ઉમળકો આવ્યો. શાથી તે સ્હમજ્યો નહીં. ગળે ડચુરો બાઝયો, પણ શાન્ત થયો. થોડીવારે મન્દકાન્તિ શુદ્ધિમાં આવી. જ્યોતિપુંજને સ્હામે ઉભેલો જોયો.

જ્યોતિપુંજ—બાઇ ? ત્હમને જરા ચક્કર આવ્યા હતા, હવે કેમ જીવને કળ તો વળી છે ?

મન્દકાન્તિ—બોલવાનો પ્રયત્ન કરતી હતી, પણ બોલતું નહીં. આંખ્યોમાં આંસુ આવ્યાં. મહાપ્રયાસે શું કહું બેટા કહું, કે શું કહું તેની ધડભાંજ થઇ છેવટે બોલી, ભાઇ ? ભાઈ ? મ્હને સ્હમજ નથી પડતી કે કળ વળી છે કે નહીં. નર્સ આ વખતે બીજી સ્ત્રીઓના ઉપચાર કરવા બીજા ખંડમાં ગઇ હતી.

વળી બોલી, ભાઇ ત્હારૂં નામ શું ? જ્યોતિ—બ્હેન ? મ્હને બધા જ્યોતિપુંજ કહે છે. નામ સાંભળતાં વળી ચક્કર આવ્યા, પણ આ વખત મુર્છા ના આવી—પડવા જતી હતી ત્યાં જ્યોતિપુંજે પકડી લીધી.

જ્યોતિપુંજ—બ્હેન ? ત્હમે સુઇ જાવ હજી તમારી પ્રકૃતિ બરાબર સારી નથી થઇ.

મન્દકાન્તિ—ભાઇ તમે અહિં કયાંથી. ?

જ્યોતિપુંજ—બ્હેન ? હું અહીં હંસબાવા જે કાલે ત્હમારી પાસે આવ્યા હતા તે આ હાસ્પીતાલમાં બધી દેખરેખ રાખે છે ને દુઃખીનું દરદ ફેડે છે તે મહાત્મા છે તેણે મ્હને કસાઇને ઘેરથી છોડાવી મ્હારા ઉપર અનેક ઉપકાર કર્યા છે. તેમની પાસે રહુંછું. એમને હું પિતા તુલ્ય માનું છું.

મન્દકાન્તિને મૂર્છા આવવા જેવું થયું પણ હવે હિમ્મત રાખી, વૃત્તિઓ દબાવી બોલવા માંડી; કે ભાઈ ? ત્હમે કીયા કસાઇને ત્યહાં હતા.

જ્યોતિ—એક વિશીવાળો મોતીરામ કરીને હતો તેને ત્હાં હતો. હું ત્હાં શાથી હતો તે હું નથી જાણતો.

મન્દકાન્તિની આંખ્યમાંથી આંસુઓની ધારા ચાલતી હતી, તે જોઇ જ્યોતિપુંજ બોલ્યો બ્હેન? ત્હમે શા માટે રૂવો છો, ત્હમને શું દુઃખ થાય છે. શું મ્હારી કર્મ કથાથી ત્હમને લાગી આવેછે.

મન્દ--ભાઇ ? મ્હને દુઃખ નથી થતું. મ્હને કાંઈક થઇ જાય છે. મ્હને સ્હમજ નથી પડતી.

જ્યોતિ--બાઈ ? ત્હમે કોણ છો કહેશો જો હરકત ન હોય તો ? ત્હમે કાંઈ સાધારણ મજુરણ જણાતાં નથી. મ્હને પુત્રને જેમ માતા પ્રત્યે પ્રેમ ઉપજે તેમ મ્હને ત્હમારી પ્રત્યે થાય છે માટે કહો તો સારૂં.

મન્દ—ભાઇ ? મ્હારી અભાગ્યણની કથા ત્હારે સાંભળવી ઉચિત નથી હું પાપીઅણછું, હું કસાઇ છું, હું નિષ્ઠુર હૃદયની છું. બોલતે બોલતે આંખ્યમાંથી ડળક ડળક આંસુ નીકળવા માંડયા. જ્યોતિપુંજ પણ ગળગળો થઇ ગયો, ભીની થયેલી આંખ્યો લોહી નાંખી. મન્દકાન્તએ ઉછળતી વૃત્તિઓ ઘણીએ દબાવી પણ હાથ ના રહી. મને કહ્યું ના કર્યું. ને પુત્રને ભેટી પડી રોતે સ્વરે અધુરૂં અધુરૂં બોલી, "મ્હારા જ્યોતિ, મ્હારા પુત્ર જ્યોતિ ? ત્હારી આ અભાગ્યણ માતાને માફ કરજે." કહી ધબ લઇને પથારીમાં પડી ગઈ.

જ્યોતિપુંજ વિજળી પડી હોય તેમ જાગૃત થઈ ગયો. કોણ શું હું આ બાઇનો પુત્ર-એમજ હશે એમજ હોવું જોઇએ. મ્હને કાંઇ અલૌકિક પ્રેમ ઉપજે છે, પણ ભેદ શો હશે; હંસઆવા વખતે જાણતા હશે, જરૂર તે જાણતા હશે. કાલ્પના એ વિચારગ્રસ્ત છે, જરૂર કારણજ આ છે. થોડીવાર કોઇ પણ ન બોલ્યું. જ્યોતિપુંજને ગળે મડાગાંઠય થઇ ગઈ હતી તે ગભરાએલો ગભરાએલો ઉઠયો, નર્સને બુમ પાડી. નર્સ ને બીજા નોકરો દોડી આવ્યા. દાક્તર આવ્યા હતા, તેપણ સ્ત્રી વોર્ડમાં જોવા નીકળ્યા હતા; તેપણ આવી પ્હોચ્યા. જૂવે છે તો મન્દકાન્તિ શબ થઈ પડી હતી. હંસસ્વરૂપને ખબર આપી કે ગઈ કાલ્ય વાળી સ્ત્રી ગુજરી ગઈ. હંસસ્વરૂપ આવ્યા જ્યોતિને ત્હાં જોયો, જ્યોતિપુંજની આંખ્યો રાતી જોઇ રૂદન કરતો જોયો, કાંઇક પોતે કળી ગયા.

જ્યોતિપુંજે હંસસ્વરૂપને કહ્યું, હંસબાવા? આ મ્હારી માતા થાય. આ મ્હારી માતા શબ થઇ પડી છે. ત્હમે મ્હને વાત ના કહી. હંસસ્વરૂપ ગળગળા થઇ ગયા, શાન્ત કર્યો; ને પછી શબને અગ્નિદાહ દેવરાવવા તજવીજ કરી, શબને ઠેકાણે પાંડયું ને મઢુલીએ ગયા. તે દિવસે મઢુલીમાં સર્વ કાંઇ શૂન્ય મુન્ય રહ્યું. જ્યોતિપુંજે તથા હંસસ્વરૂપે ઇશ્વર સ્તવન કર્યું. મન્દકાન્તિના આત્માની શાન્તિ ઇચ્છી.

રાત્રે વાળુ કરી હંસસ્વરૂપ ને જ્યોતિપુંજ એક દીવો કરી સ્હામસ્હામી ખુરશી મૂકી સતસંગી યોગ વાસિષ્ઠ વાંચતો હતો તે સાંભળતા હતા. જ્યોતિનું ચિત્ત આજે કશામાં ચોટતું ન્હોતું. હું કોનો પુત્ર, આ મ્હારી માતાએ મ્હને શા સારૂં આમ રખડતો મૂકેલો વિગેરે વિચારોથી તે અસ્વસ્થ હતો. રાત્રીના દશ વાગ્યા એટલે હંસસ્વરૂપે પુસ્તક બંધ કરવા કહ્યું. સતસંગી પુસ્તક બંધ કરી ઉઠીને ચાલતો થયો.

જ્યોતિપુંજના મનમાં ઘોળાતી વાતે હેને ચેન ના પડવા દીધું તેથી તે બોલ્યો.

હંસબાવા ? ત્હમે મ્હારા કલ્યાણ કર્તા છો, મ્હારા પાલક પિતા છો. તો પૂછવાને વાંધો નથી કે હવે મ્હને સ્હમજાવશો કારણ હું ધારૂં છું કે ત્હમે બધી હકીકતથી માહિત છો, કે હું કોણ; આજે જે બાઇ ગુજરી ગઇ તે મ્હારી માતા તે કેવી રીત્યે, ને ભેદ શો છે તે કહેશો ?

હંસ—બેટા ? કહેવાને કાંઇ વાંધો નથી, કારણ ઇશ્વર ઇચ્છાજ હેવી હતી કે તું ત્હારી માતાને જન્મ ધરી એક વખત ઓળખે. ત્હેં ત્હારી મેળેજ સત્ય જાણ્યું છે. કોઇક દુઃખને લઇને ત્હારી માતાએ ત્હને મોતીરામને ત્હાં મૂક્યો. ત્હાંથી ત્હને મ્હેં મ્હારી પાસે રાખ્યો. બીજું શું કહું. આમ ઉડાવતો જવાબ દીધો. જ્યોતિને સંતોષ ના થયો તેથી પૂછ્યું પણ હેવું શું દુઃખ હશે કે જેથી માતા, પુત્રને પાસે રાખી ઉછેરી ના શકે ને પારકાને ત્હાં દુઃખમાં ઉછેરવા રાખે ?

હંસ—બેટા ? એ વાતમાં માલ નથી, જાણીને શો ફાયદો છે ?

જ્યોતિ–પણ હું કોણ, મ્હારાં માતપિતા કોણ તે તો મ્હારે જાણવુંજ જોઇએ ને ?

હંસ—બેટા ? આકાશ ત્હારો બાપ, પૃથ્વિ ત્હારી માતા
'अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्चभाषसे'
શું આ તું નથી જાણતો ?

જ્યોતિ—ના, ના, આમ ઉડાવો નહીં. હંસબાવા, ત્હમને શું લાભ છે મ્હને અંધકારમાં રાખવાથી મ્હારા ચિત્તને આમ શાન્તિ નહી વળે.

હંસ—બેટા ? ત્હારી માતા વિધવા હતી. તું વિધવાનો પુત્ર છું.

જ્યોતિ—ત્ય્હારે મ્હારો પિતા કોણ ?

હંસ—બેટા ? તું ઉમ્મર લાયક છું. માતાની શરમની વાત પુત્ર આગળ શું કહું. મારે થોડામાં સ્હમજી જા. ત્હારો પિતા પાપી હતો. ત્હારી માતાને પાપમાં ધસડનાર હતો, અમૃત દેખાડી વિષ પાનારો, કાળજામાં પેશી કટાર મારનારો દુષ્ટ, દુર્વ્યસની, ચંડાળ હતો. બોલતે બોલતે હંસસ્વરૂપ કોઇ દિવસ ક્રોધાવેશ નહીં થએલા તે આજે તેમનું શરીર ક્રોધથી થરથર કંપી ગયું, તેની સાથેજ જ્યોતિપુંજ કંપી ગયો ને ઉંડા વિચારમાં લીન થયો. કાંઈ પણ બોલ્યા વિના બધું કળી ને ગયો ત્ય્હાથી ઉઠી ગયો. હંસસ્વરૂપને નમસ્કાર કર્યા ને પછી પોતાના ખંડમાં ચાલ્યો ગયો.

હંસસ્વરૂપ થોડીજ પળે શાન્ત પાછા થઇ ગયા. ઈશ્વર સ્તવન પાછું કરી લીધું ને ઉઠીને નિદ્રા લેવા ગયા.

પ્રકરણ ૧૩ મું.

એક સ્વપ્ન.

જ્યોતિપુંજ પોતાના ખંડમાં ગયો તો ખરો પણ ઉંઘ ના આવી. વિચાર ઉપર વિચાર શરૂ થયા. ચ્હેન ના પડયું. ચંદ્ર આકાશમાં ઉગ્યો હતો. રાત્રી શમશમાકાર હતી. વાડીમાં જવા ઉભો થયો. મગજને શાંતિ આપવા ઠંડો પવન લેવા બારણું ઉઘાડયું વાડીમાં ગયો કે શાન્તિ મળે. એક ન્હાની બેન્ચ ઉપર બેઠો. આકાશ ભણી જોઇ રહ્યો. ચંદ્ર વાદળામાં લપાતો છુપાતો ક્રીડતો

જણાતો હતો. મનમાં બોલ્યો, હે ચાંદામામા !–કારણ ન્હાનાં છોકરાં ત્હમને ચાંદામામા કહે છે, હિંદુસંસાર દેવ ગણે છે, પણ ત્હમારામાં પણ કલંક છે. તો પછી મનુષ્ય, દુર્બલ મનુષ્યમાં કલંક હોય ત્હેમાં શી નવાઈ ? મ્હારી માતા કલંકિની હતી પણ કલંક કોને લઇને ? હા ! પુરુષ–પુરુષ–તુંજ ખરો દોષિત છે. અબલા જાતિ શું કરે ? પુરુષ ના લલચાવે તો અબલાનું શું ગજું. ત્યારે દોષ પુરુષનો પુરુષનો દોષ. હિંદુસંસારરુઢિ ત્હારો દોષ, કૃત્રિમ બંધનરૂપી બેડીથી જકડનાર દુષ્ટ રાક્ષસિ--હા રાક્ષસિ. આટલુ મનમાં બોલતો તીવ્ર લાગણીને લઇને બેન્ચ ઉપરથી ઉભો થયો. જાણે રહામેજ કોઈ રાક્ષસી આકાશ માર્ગે ચાલી જતી હોય તેમ મૂઠીઓ જોરથી વાળી ઉગામી ઉભો રહ્યો. બે ઘડી આમ ઉભો, વળી કાંઈક શાન્ત થઇ ગયો આસપાસ જોયું, કાંઇ નથી. કોઇએ જોયો નથી તેથી મનમાંને મનમાં કાંઇ શરમાયો, વળી નીચું જોઇ બેશી રહ્યો. વિચાર ચાલ્યા. માતાનો દોષ નહીં ત્હારે તો વિષ પાનાર દુષ્ટ કોણ–જાણીને શું ફાયદો ? માતાને અભાગિણી બનાવનાર, પાપમાં દોરનાર મ્હારૂં જીવન કલંકિત કરનાર–પિતા તો થયો. હાય ! હિંદુસંસાર. શું કરૂં ! એ પિતા કોણ નિર્દય હશે. હું એને શું કરી શકું. યુરોપિયનસંસાર હોય તો એ દુષ્ટ પિતાને બંદુકની ગોળીએ ઉડાવવાની દહેસતે ફસેલી બાળા સાથે લગ્નગાંઠથી જોડાવે. પણ આતો મ્હારો હિંદુધર્મ, પણ હા ધર્મ શું, કોણ રહમજે; હિંદુ ધર્મના હિમાયતીઓ ? મ્હારા પ્રશ્નનો જવાબ દો. અબળાને ફસાવી તેને દુઃખમાં ડુબાવી નિર્દય રીત્યે પોતાનું પાપ છુપાવવા તેને તજી, સ્વાર્થ સાધવા પુણ્યાત્મા લેખાવવું એ શું ધર્મ છે ? પુરૂષ અનેક ભૂલ્યો અને પાપો કરે ને ધર્માત્મા લેખાય. સ્ત્રી એક ભૂલ્ય,–એક પાપ કરે ને સદાને માટે અધમ લેખાય, એ હિંદુ ધર્મ કે રૂઢિ, શું છે? કોણ જવાબ દેશે ! મ્હારા જેવા હિંદુ સંસારમાં કેટલાં હતભાગ્ય હશે ! કોઈ શાસ્ત્રમાં એને સારૂં શિક્ષા નથી ! હિંદુ જનસમાજ એને શિક્ષા ના કરી શકે? કહે છે કે જન સમાજ માત્ર અમુક સામાજીક બન્ધનથીજ બંધાયલો છે. સમાજને કહો કે ત્હમને સર્વ છુટ છે. પછી મનુષ્યનાં કાળાં હૃદય શું કરે છે તે જૂઓ. હા, પુરુષ તો અનેકવાર સ્ત્રીઓ પરણે. ઘરડો થાય તોએ બાલિકા

સાથે લગ્ન કરે. સ્ત્રી માત્ર તેમ કરે તો ઘોર પાપિણી કહેવાય. વાહ, હિંદુ ધર્મ, વાહ ? કીયો ન્યાય ? કોઇ જવાબ દેછે ? આમ પૂર આવેષમાં આવી ગયેલો હોવાથી, ધાંટો પાડી બોલે જતો હતો બીજાકુલ ભાન નહોતું રહ્યું. ક્રોધથી થરથર ધ્રુજતો હતો. પ્રશ્નનો જવાબ મળ્યો. બેટા ? अशोच्यानन्वशोचस्त्वम् હંસસ્વરૂપ બોલ્યા કારણ તેમને પણ ઊંઘ ના આવી. ને આખા ખંડમાં તે આંટા મારતા હતા. જ્યોતિના ખંડમાં ગયા હતા, ત્યાં જ્યોતિને પથારીમાં ના જોયો તેથી જરા આશ્ચર્ય પામ્યા પણ એટલામાં બાગમાંથી અવાજ સંભળાતાં ત્હાં ગયા. બારણામાંજ ઉભા રહી ને સાંભળતા હતા. છેવટે જાણ્યું, જ્યોતિ આમને આમ ચિત્ત ખોશે તેથી બોલી ઉઠયા—જ્યોતિપુંજ સફાળો ઉભો થયો, અવાજ સાંભળ્યો-બોલ્યો, હંસબાવા સાચું કહો છો, પણ પ્રશ્નનો જવાબ મળવો જોઇએ. શું ત્હમે કે હું દેવ છીએ ? શું મ્હારી માતા દેવ હતી? જગતમાં જન્મેલો દરેક પુરુષ યા સ્ત્રી શું દેવ છે ? હિમાલયના બરફથી ઢંકાયલા પ્રદેશોમાં વસનાર મસ્ત ફકીરો, સાધુઓ શું દેવ છે ? મ્હારી માતાનાં દરરોજ થતાં પાપો જેવાં પાપને માટે હિંદુ સંસાર તેને દુઃખ દે ? મ્હારા પ્રશ્નનો જવાબ દ્યો. ના દ્યો તો મ્હને મ્હારે છુટો રહેવા દ્યો. મ્હને રોકશો નહીં.

હંસ—બેટા, આજે જો રાત્રી ઘણી ગઈ છે તું આવેશમાં આવ્યો છે, તો અત્યારે શાન્ત થા. કાલે સ્હવારે ત્હારા પ્રશ્નનો જવાબ દઇશ.

જ્યોતિ—ના, ના, હંસબાવા, ધર્મનો વાંક નથી. ઋષિ, મુનિયોનો વાંક નથી. એમણે તો બિચારાએ ક્યારે કહ્યું છે. એમણે કોઇ દિવસ દાવો નથી કર્યો કે અમે કહીએ છે તે, સર્વ અવસ્થાને, સર્વ કાળને માટે કહીએ છીએ. ત્હેમણે તો માત્ર પોતાના સમયમાં ઉંડો વિચાર કરી અનુભવથી માત્ર એટલુંજ કહ્યું છે, કે હમને આમ સમજાયું છે. ત્હમે પણ હમારી માફક વર્તો તો ત્હમને પણ કદાચ એમ સ્હમજાશે. ત્હ્યારે દાવો ખોટો ઢોંગ લઇ બેસનાર હિંદુ સંસારમાં કોણ છે ? યાદ રાખ્ય, વખત આવે ત્હારી વાત છે. શાપોજ નડે છે; શાપોજ ત્હારૂં સત્યાનાશ કાઢે છે, ને વિધવાનાંજ શાપનાં પાપો ત્હને નડે છે. ત્હારી પરતંત્રતા શાથી ? સ્ત્રીને દુભવ્યાથી; ત્હારી નિર્બળતા શાથી, સ્ત્રીને દુભવ્યાથી; જ્યહારે

સ્ત્રીઓ સતિ થતી ત્હારે ત્હારૂં તેજ શું હતું ? પણ તે તો અ-માનુષી હતું તે તો સારૂં નહોતુંજ. પણ ત્હારે શાપ દેનાર કોઇ નહોતું. પણ હવે એ તો ગયું. ઓની-વિધવાની કકળતી આંતરડી હવે શાપ દે છે. એ શાપથી ક્યારે મુક્ત થઇશ. જ્હાં સુધી કોઇ માર્ગ નહિ સૂચવે ત્હાં સુધી આવી સ્થિતિ, હરદમ, ત્હારે કર્મે ચ્હોંટી છે એ ખૂબ યાદ રાખજે. આમ ક્રોધથી દાઝ કાઢતો હોય તેમ બેન્ચ ઉપર હાથ પછાડયો; ને કાંઇક ચંદ્રની ચાંદનીથી તથા હંસસ્વરૂપના આવવાથી શાન્ત થયો હતો. ને હવે થાકયો હતો તેથી ઉઠયો. લથડતે પગે ઉઠયો ને પોતાના ખંડભણી ચાલ્યો. જઇને પથારીમાં ધબ લઇને પડયો. મગજને બહુ તસ્દી પડી હતી. દૂર દૂર પાછલી રાત્રીનો પવન આવવા માંડયો. તેની લ્હેરમાં લ્હેજ્જે ઊંઘ્યો. પણ, સ્વપ્ન આવવા માંડયાં. સ્વપ્નમાં અનેક વિચારો થયા. જાણે પોતે એક ગિરિશૃંગ ઉપર જઈ પડયો છે, ગિરિશૃંગ ઉપ-રથી દૂર દૂર એક સાગર જણાય છે. ઘડીકમાં પોતે પોતાને સાગર કિનારે દેખતો તો, ઘડીકમાં પોતે અધર પૃથ્વિને આકાશ વચ્ચે ઉભો છે એમ જોતો. થોડીવારે વિણાના મૃદુ સ્વર સંભળાતા હોય તેમ સાંભળતો ઉભો છે. ને સાંભળ્યું કેઃ-

વિણા મારી તૂટે ના તો સદા રંગે રમાડું હું.

× × × × ×

ઘડીકમાં સૂર્યપ્રભા દેખતો તો ઘડીકમાં શીતળ ચાંદની પથ-રાયેલી જોતો. દૂર સાગર પાછો જણાયો, સાગરમાં એક વ્હાણ જણાયું. વ્હાણમાં એક સ્ત્રી પુરુષ જણાયાં. સ્ત્રીને ધારી ધારીને જોઇ. મન્દકાન્તિ હોય તેમ જણાયું. પુરૂષ ઓળખાયો નહીં. પુરૂ-ષને સ્ત્રી શાપો દેતી હોય તેમ લાગ્યું. રૂદનથી સ્ત્રીની આંખ્યો રાતી જણાઇ. શાપ દીધો—

" કાળાં માનવીનાં કર્મ,
ખુંચે જેહ ઊંડા મર્મ;
તે થકી ઉજળુ શતવાર,
દીસે આ ઊંડુ અંધાર.
જીવનમાં નિરાશા ઘોર,
રૂંધે માર્ગ મુજ સહુ કાર્ય.

× × × ×

દાવાગ્નિએહ દહશે બધિ આર્યભૂમિ,
લેશે અસંખ્ય વરસો તણું વેર ધૂમિં.

નરસિંહરાવ.

વ્હાણુ ડોલ્યું. સ્ત્રીએ સાગરમાં પડતું મૂકયું. વ્હાણુમાં પુરૂષતો માત્ર હસતોજ બેઠો જણાયો. પવન ફુંકાયો, વ્હાણુ ભર દરીયે ગયું. ડોલ્યું. એક મગરમચ્છ ઉપર આવ્યો પુરૂષને પકડયો. આખોને આખો ગળી ગયો. એકદમ બધો દેખાવ ઉડી ગયો. હંસસ્વરૂપનો ઘાંટો સંભળાયો—બેટા જ્યોતિ, ? આંખ્ય ઉઘડી ગઈ. સૂર્યનાં કિરણો મ્હોં ઉપર આવ્યાં હતાં. આંખ્યો ભારે હતી, માથુ ભારે થયું હતું. સફાળો ઉઠયો નિત્ય નિયમમાં ભંગ થયો તેથી ઉઠતે ઉઠતે બોલ્યો, હંસ બાવા ઊંઘ બરાબર ના આવી. મોડો સૂતો હતો તેથી મોડું થયું. બેટા ? પ્રકૃતિ કેમ છે ? ચાલો નિત્ય કર્મ કરી લ્યો, આજે જેલની મીટિંગમાં કેદીઓની સ્થિતિ જોવા જવાનું છે.

પ્રકરણ ૧૪ મું.

મોતીરામ જેલમાં.

જે રાત્રે મોતીરામની વીશીમાં ખૂન થયું હતું તેને બીજે દિવસે વીશીમાં પોલીસની જપ્તી બેઠી હતી. લોકનાં ટોળાં વીશી આગળ મળ્યાં હતાં. રસ્તે જનાર લોક શું છે એ ઇંતેજારીને લીધે ટોળામાં ઉભા રહેતા ને ગીરદી કરતા હતા. અજાણ્યા બીજાને પૂછતા શું છે, શું થયું છે. ચોર પકડાયો છે ? એમ પ્રશ્ન કરતા. કોઇ કોઇ સ્હેજસ્હાજ વાત જાણતા તે પ્રશ્ન કરનારને જવાબ દેતા ને તેમાં પોતાનું મરચું મીઠું ભભરાવતા. કોઈ મોતીરામને ખુની કહેતું, વળી કોઈ રવીરાયને ઉદ્દેશીને બોલતું કે જૂવો, બાપ કેવો ખાનદાન માણસ, તેના છોકરા આવા પાકયા. ખુન કર્યું ને ચોરી કરી. કળિયુગ હલાહલ વ્યાપી ગયો છે. પોલીસે પંચ એકઠું કરવા માંડયું. એટલે હુડુડુડુ કરતું લોક ન્હાસવા લાગ્યું. એક બીજા સોબતીનાં હાથ ખેંચી કહેતાં, ચાલ્ય ભાઇ જવા દેને આપણું કામ

નહીં. ક્યહાં પોલીસમાંને કોર્ટોમાં આંટા ખાઇશું. મરશે, જવાદેને આપણે શું. કરશે તે ભોગવશે. આપણા કામમાંથી ખોટી થઇએ છીએ. લોકોમાં વળી કોઇ બોલતું, સાલો વિશીવાળો બહુ ફાટયો હતો. લોકોને ખુબ ધૂત્યા છે, એકના બે કર્યા છે. પાપ કાંઇ છાનું રહે છે ? ઠીક થયું. પોલીસે પંચને સારૂં આગળ ઉભેલા સારા માણસોને બોલાવ્યા. એક બે બોલાવ્યા એટલે રસ્તો કાપવા માંડયો, બીજાને પોલીસ હાથ ઝાલી પકડી વીશીમાં લઇ ગઈ. પોલીસનો ઉપરી ઉભો હતો. માજીસ્ટ્રેટ આવેલા હતા પોલીસે પંચકેસ કર્યો ને મોતીરામને હાથકડી કરી ને હેની સ્ત્રીને સાથે લીધી મોતીરામ પોલીસના માણસને કહેતો, જમાદાર સાહેબ? મ્હારા હાથ ઉપર ખેસ ઢાંકવા દ્યો. મ્હને ગાડીમાં લઇ જજો હો. હું આબરૂદાર માણસ, મ્હારી ફજેતી થશે. પોલીસનો એક કોન્સ્ટેબલ બોલ્યો. ખુન કીયા, મુસાફરોંકે માલ લુંટ લીયા ફીર તુમ આબરૂદાર ? હરામકે માલ લેનેમેં હોશીયાર હો. અચ્છા, દેખેગે અભી તો દો પાઉંકી રબરટાયરકી બગીમેં ચલો. પોલીસના શીપાઇએ લોકોને દૂર ખસેડવા માંડયા. ટોળાને પોતપોતાને કામે જવા ધાંગો પાડી કહેવા લાગ્યો ને વીખેરવા માંડયા. તોપણ ટોળું જરા આઘે જઇને ઉભું. મોતીરામ ઉપર જેને જેને દાઝ હતી તે તાલ જોવા ઉભા રહ્યા. મોતીરામને અને ત્હેની સ્ત્રીને ચાર પોલીસના માણસોએ કેસ ચલાવવા માજીસ્ટ્રેટ પાસે લઇ જવા બ્હાર કાઢયાં. આમ વરઘોડો નીકળ્યો. લોકનું ટોળું પાછળ પાછળ હુરીઓ બોલાવતું ચાલ્યું. કેટલાક અધવચથી વીખરાયા ને થોડાક નવરા છેક માજીસ્ટ્રેટની કોર્ટ સુધી ગયા. બજાર વચ્ચેથી મોતીરામને લઇ ગયા. લોકો પોતાની દુકાનોમાંથી જોઇને બોલવા માંડયા. અલ્યા આ તો પેલો વીશીવાળો મોતીરામ ને તેની બાયડી-કેદ પકડયાં છે ? વળી કોઇએ જવાબ દીધો. ખુન કર્યું છે. હા સાળો હતો તો હેવોજ. મ્હોંએ તો સાકર વાટતો હતો. કેમ અલ્યા ચમન? તે દિવસે આપણે ચાહ પીવા ગયા ત્યારે સાળાએ કેટલી તકરાર કરી હતી ને છેવટે એક કપના ચાર પૈસા લીધા ત્યહારેજ રહ્યો. ઠીક થયું ઠીક થયું એમ ટીકાઓ થવા માંડી. માજીસ્ટ્રેટને ફોર્મ ભરી કેસ કમીટ કર્યો ને કેસ ચાલ્યો. તેમાં ખુન સાબીત ના થયું. પણ મહાવ્યથાને ચોરી સાબીત થયાં તેથી જેલ યાત્રાની

સજા ફરમાવી, તેમને મ્હારો મ્હાર જેલમાં લઇ જવામાં આવ્યા. મોતીરામે બાપના નામની પોક મૂકી ને તેની સ્ત્રીએ મોતીરામના નામનો છેડો વાળ્યો. જેલ ઉપર તેમને જેલરને ફોર્મ સાથે સોંપ્યા. ત્હાં એમનાં કપડાં બદલાવી નાંખ્યાં. જેલર મહા કડક હતો તેને જોઇનેજ તથા તેનો ઘાંટો સાંભળીને ગમે તેવો કપરો કેદી પણ ધ્રૂજી જતો. મોતીરામનો કેસ વાંચ્યો ને તેના સ્હામું જોઈ જેલર બોલ્યો. સીધા ખડા રહે. મોતીરામ વિજળી પડી હોય તેમ ચમક્યો. જેલરે વોર્ડરને હુકમ કર્યો. નંબર પાંચની કોટડીમાં આ મરદને પુરો ને નંબર ૨૨ ની કોટડીમાં આ સ્ત્રીને પુરો. મોતીરામ પાસે જેલર દરરોજ ચાર ચાર મણ દળાવતો, જેલની અંદરના બાગના કુવામાંથી પાણી કઢાવતો. મોતીરામે ધીમે ધીમે જેલરની મેહેરબાની મેળવવા પ્રયત્ન કરવા માંડયો કે કાંઈક વૈતરૂં ઓછું પડે. જેલર આવે તેની આગળ રાંક થઇ જતો. ગરીબ ગાય જેવો બનતો, અનેક રીતે રહમજાવી, છુટયા પછી ઉપકાર નહીં ભૂલતાં કાંઇ બદલો આપવાનાં વચન આપવા લાગ્યો–જેલરે દરકાર ના રાખી પણ સ્હેજ દયા ખાઇ એને છુટ થોડી થોડી આપવા માંડી–કામ ઉપર જ્યહારે મોતીરામ જતો ત્યહારે કેદીઓમાં પોતાના જેવાને ખોળતો, ધીમે ધીમે તેને મેળવી લેતો. મોતીરામને બધાં કરતાં કાંઇક છુટ વધારે મળવા માંડી–તે હવે હરેક યુક્તિપ્રયુક્તિ કરી લાગ સાધવા માંડતો હતો. એક રાત્રે જેલર રાત્રીના બાર વાગ્યા પછી જેલની અંદર ફરવા નીકળ્યો. પાસે બે નળીની રીવોલ્વર રાખી હતી. ફરતેફરતે મોતીરામવાળી કોટડી આગળ આવ્યો ત્યાં ઉભો રહ્યો. બારણે કાન દીધા. કાંઇ સંભળાયું નહીં. મોતીરામ ઉંઘતો લાગ્યો. જેલર બીજી કોટડી તરફ ગયો. કાંઇક ખખડાટ સંભળાવાથી ઉભો રહ્યો. કાન ધર્યા તો પાછળથી જોરથી લોઢું ઘસાતું હોય તેવો અવાજ કાને પડયો. એટલામાં દરવાજા ઉપરથી ચોકીદારે 'આલ-બેલ' (Allwell) પોકારી. વળી કાંઈ શાન્ત થયું. જેલર આગે બીજી કોટડીઓ ભણી ગયો. નંબર ૧૭ ની કોટડી આગળ ઉભો હતો ત્યાં એક ફાનસ બળતું હતું. દિવાનું અજવાળું કાંઇક ઝાંખું થવા માંડયું. ને આકાશમાં વાદળાં એકાએક ચ્હડી આવ્યાં. એક જબ્બર કડાકા સાથે વીજળીનો ચમકારો થયો. ને વરસાદ મુસળધાર તુટી પડયો. સર્વત્ર અંધકાર થઇ ગયો હતો, વચ્ચે

વચ્ચે વીજળીના ચમકારાથી સ્હેજસ્હાજ દૂર દેખાય તેજ. ફાનસનો દીવો પાણી પડવાથી ને પવનના ઝપાટાથી ગુલ થઇ ગયો. હવે જેલર પાછો ફરતો હતો. ત્હાં પોતાની પાછળ કોઈનો થોડે દૂર પગરવ સંભળાયો. જેલર ચમકી પાછો ફર્યો ને બોલ્યો કોણ. સાદતખાંન ? રોન ફીર આયા ? જવાબ અસ્પષ્ટ મળ્યો. પણ શંકાના આવી કારણ વરસાદની ઝડીમાં બરાબર સાદ ના ઓળખાયો. વળી પાછું ચાલવા માંડયું. આ વખતે એક વીજળીનો ચમકારો થયો ને પાછું ફરી જોયું તો સાદખાં ન દેખાયો પણ કોઈ કેદી જોયો. એકદમ રીવોલ્વર તૈયાર કરી પણ તે સ્હામી ધરે તે પ્હેલાં તો કેદી જેલર ઉપર તુટી પડયો. બાથંબાથા થઈ. કેદી જેલરથી જાય તેમ નહોતો. જબરજસ્ત હતો. કેદી જેલરના હાથમાંની રીવોલ્વર છીનવી લેવા જતો હતો. જેલરે ખૂબ જોર વાપરી એક ફેરી તો કેદીને જમીન ઉપર ફેંકયો. જીવસટ્ટે જમીન ઉપરથી કેદી ઉભો થયો. જેલરે વળી રીવોલ્વર ફોડવા પ્રયત્ન કર્યો પણ તે પ્હેલાં તો કેદી પાછો તૂટી પડયો. રીવોલ્વરની નળી કેદીના માથામાં મારી. કેદીએ પણ લોઢાની નળી જેલરના લમણામાં ફટકારી. જેલરે મદદની બુમ પાડી તેની સાથેજ દરવાજા ઉપરના આલબેલ બોલનાર ચોકીદારે વીજળીના ચમકારા સાથે કેદીને જેલરને બાઝેલા જોયા. બંદુક માત્ર અંધારે અધારેજ ચોકીદારે છોડી. બે ત્રણ અવાજ કેદીને દેખેલો તે દીશામાં કયાં પણ ખાગઇ. આસપાસના રોન ફરનારા તરત દોડતા તે જગ્યાએ જઈ પ્હોચ્યા ને કેદીને પકડયો. જેલરને તેના બંગલામાં લઇ ગયા. કેદીને સારી રીત્યે ઠંડો માર માર્યો ને પાછો એની કોટડીમાં પૂર્યો. કેદી મોતીરામજ હતો. જેલરનો રોજનો વખત તપાસ કરવાનો વટાવીને પોતાનું કામ કરવા મંડયો હતો. એણે બેડીઓ એક લોઢાના કાનસ જેવા હથીયારથી તોડી હતી ને વરસાદને ગગડાટની અંદર પોતાનું કામ કરી લીધું હતું. જેલરની રીવોલ્વર લઇ કોઇ પકડવા આવે તો સ્હામી ધરવા કામ લાગે તે ઇરાદે જેલર ઉપર તુટી પડયો હતો ને રીવોલ્વર લઇ કોટ કૂદી ન્હાસવા પ્રયત્ન કર્યો હતો. બીજે દીવસે જેલરે માજીસ્ટ્રેટને ત્હાં મોતીરામ ઉપર ફરીયાદ માંડી. આ વખતે મોતીરામને એકાંત કોટડીમાં પુરવાનો હુકમ થયો. "Solitary imprisonment" ને એના ઉપર ચાંપતી દેખરેખ રાખવામાં આવી હેનું 'રેશન' ખોરાક ઘટાડવામાં આવ્યો.

બીજે દિવસે જેલની ત્રિમાસિક કમિટી જેલમાં કેદીઓની સ્થિતિ જોવા આવનાર હતી. તેમને કાંઇ ફરીયાદ હોય તો તે સાંભળવા આવનાર હતી.

બીજે દિવસે સ્હવારમાં બરાબર આઠ વાગે જેલની મીટીંગ જેલ ઉપર ગઇ. જેલરને આજે સારૂં હતું. તે કમીટીને લેવાને તૈયાર થઈ રહયો હતો. કમીટીમાં અમલદાર વર્ગ હતો ને બીજા સદ્ગૃહસ્થો હતા તેમાં હંસસ્વરૂપ પણ હતા. કમિટી જેલ આગળ જઈ પ્હોંચી. બંદુકવાળા સીપાઇઓએ હારબંધ ઉભા રહી બંદુકવતી સલામ કરી. દરવાજા ઉપરના પ્હેરેગીરે આલએલ બોલાવી. કમીટી અંદર ગઇ ને કેટલાક કેદીઓના પત્રક લીધાં, કેટલાકને "Good conduct marks" સારી ચાલના માર્ક મળેલા હતા તેના ઉપર રીમાર્ક કરી બીજાં પત્રકો જોયાં કેદીઓને રૂબરૂ મળ્યા. કોઇને ફરીયાદ કરવાની જણાઈ નહી એક કેદી માંદો જણાયો તેને કામ ઉપરથી ફારેગ કર્યો, એના ખોરાકમાં સુધારો કરવા ભલામણ કરી. હંસસ્વરૂપે મોતીરામવાળું પત્રક લીધું ને એ કેદીને જોવા ઇચ્છા જણાવી. જેલરે કહ્યું સાહેબ? એ કેદી ઘણો ભયંકર છે. કાલેજ માજીસ્ટ્રેટે ત્હેને મ્હારા ઉપર હુમલો કરી ન્હાશી જવાની કોશીશ કરવા સારૂ એકાન્ત કેદની સજા કરેલી છે. ચાલો ઇચ્છા હોય તો એને દેખાડું. જેલરે સાથે બીજા હથીયાર બંધ પ્હેરેગીર લઇને કેદીની કોટડી ઉઘાડવા હુકમ કર્યો કોટડી ઉઘાડી. મોતીરામ અંદર લાંબો થઈ સૂતો હતો. આંખ્યો કોટડી ઉઘડી એટલે મીંચી દીધી હતી. જેલરે બુમ પાડી એને ઉઠાડયો. પ્હેલી બુમે ગણકાર્યું નહીં બીજી બુમ પાડી એટલે સ્હેજ ઝીણી આંખ્ય કરી સ્હામું જોયું.

જેલર—ચાલ્ય ઉઠય-ત્હારે જે કાંઇ કહેવાનું હોય, ફરીયાદ હોય તો આ કમીટીના સાહેબોને બેધ્ધાશક કહે.

મોતીરામ એકદમ ઉભો થયો. ત્હેની આંખ્ય લાલચોળ થઈ ગઇ હતી. સ્હામેજ હંસસ્વરૂપને જોયા. એકદમ આંખ્યો મીંચી આંખે હાથ દઇ બેસી ગયો.

હંસસ્વરૂપ—કેદીનું નામ મોતીરામ છે નહીં વારૂ.

જેલર—હાજી મોતીરામ.

(મોતીરામ પાછો ઉભો થયો.)

હંસસ્વરૂપ—ત્હારે કાંઇ ફરીયાદ છે.

મોતીરામ—ફરિયાદ-ફરિયાદ પૂછો છો. મ્હારે જેલર ઉપર ફરિયાદ છે. જેલર મ્હારો દુશ્મન છે. જેલર મ્હને માર મારે છે. જેલર મ્હને ભૂખ્યો રાખે છે. જેલર મ્હને સખ્ત મજુરી કરાવે છે. એ મ્હારી ફરિયાદ છે.

હંસસ્વરૂપ--મોતીરામ એ કાંઈ ફરિયાદ નથી. ત્હારાં કૃત્યો હેવાં છે, ત્હેમાં જેલરને શું દોષ દે છે ? હજુ મોતીરામ સુધરવા પ્રયત્ન કર્ય ઇશ્વરથી ડરી નીતિથી ચાલવા પ્રયત્ન કર્ય સર્વ માફ઼થશે.

મોતીરામને જ્યહારથી એકાન્ત સજા થઈ હતી ત્યહારથી ત્હેની સ્મરણ શક્તિમંદ થઇ હતી, તેનું મગજ ભારે રહેતું હતું તે કાંઇ બરોબર સ્હમજી શકયો નહીં. પણ એકદમ એટલું બોલીને પાછો સૂઇ ગયો કમીટીએ ત્યહાંથી ચાલવા માંડયું. આવીને બ્હાર જેલરની ઓફીસમાં બેઠા. હંસસ્વરૂપે કમીટી આગળ સૂચના કરી કે સરકારમાં આ મ્હારી સૂચના વ્યાજબી જણાય તો મોકલવી. હું હેવી સૂચના કરવા માંગુ છું કે કેદીઓને જેલરની અંદર માત્ર સખ્ત મજુરી કરાવવામાં આવે છે તેથી કેદીઓ કાંઇ સુધરતા હોય તેમ જણાતું નથી. જનસમાજને નુકશાન કર્તા એ લોકો છે માટે તેમને કેદ કરી મજુરી કરાવવી તેથી એ ત્હેમની દુષ્ટતાનો પસ્તાવો કરશે એ માનવું યોગ્ય નથી. ભલે કેદ કરો તે વ્યાજબી છે પણ જેલની અંદર ત્હેમને ઇશ્વરને ઓળખવા, ઇશ્વર ભણી ત્હેમનાં હૃદય દોરવા, નીતિ ભણી ત્હેમને ઘસડવાને સારૂં કાંઈ હેવી સંસ્થા સરકાર તરફથી થવી જોઇએ કે જેથી પરિણામે હમ્મેશને માટે જેલ છોડયા પછી ત્હેમની દુષ્ટતા જતી રહે. તેની સાથે એક શિક્ષણ પદ્ધતિ ગોઠવવી જોઇએ કે જેથી કરી જેલમાંથી છુટીને ધંધો શીખ્યા હોય તેની સાથે કાંઈ છેક નિર્ક્ષર પણ ના રહ્યા હોય. આ પ્રમાણે જેલની અંદર જો સરકાર કરશે તો જે જે ગુન્હેગારો ફરી ફરીને જેલર યાત્રાએ આવે છે તેની સંખ્યા ઓછી થશે. આતો સરકારનું મફતનું ખાઇને કેટલાક કેદીઓ તો છુટા હોય છે તેના કરતાં વજનમાં ફરીથી છુટતી વખતે બમણા વધે છે તેમને હાલની પદ્ધતિથી શી અસર થશે. હંસસ્વરૂપની સૂચનાને ટેકો મળ્યો ને તેને સારૂં અમલદાર વર્ગમાંથી સરકારમાં લખવા વચન અપાયું. કમીટી પછી જેલમાંથી નીકળી પોતપોતાને સ્થાનકે ગઇ.

પ્રકરણ ૧૫ મું.

મિત્રોનો મેળાપ.

જ્યોતિપુંજની પ્રકૃતિ તે દિવસના બનાવ પછી આજે કાંઇક શાન્ત થઇ હતી. તેનો અભ્યાસ દિવસે દિવસે વધતો જતો હતો. ઘર આગળ હંસબાવા પાસે ધાર્મિક શિક્ષણ લેતો ને કોલેજમાં પાશ્ચિમાત્ય ભાષાનું શિક્ષણ લેતો હતો. કચરા શેઠની ઉદારતાએ લઇને હરિણપુરમાં વિદ્યા સંપાદન કરવાને હવે વાંધો આવતો નહી. જ્યોતિપુંજે કોલેજમાં મિત્રો કર્યા હતા પણ તે માત્ર ગણ્યા ગાંઠ્યાંજ હતા. આજે મિત્રોને તેણે આમંત્રણ કર્યું હતું. જો કે તેના મિત્રો ઘણુંખરૂં હંસસ્વરૂપના વચનામૃત સાંભળવા આવતા હતા પણ આજે ખાસ આમંત્રણ કરેલું હતું. સારંગધર અને સુભગરાય જ્યોતિપુંજના સમવયસ્ક હતા. સારંગધર રવિરાયના મિત્ર શિવશંકરનો પુત્ર હતો ને સુભગરાય પણ રવિરાયના મિત્ર જાનકીપ્રસાદનો પુત્ર હતો; આ મિત્રો સ્વભાવમાં મળતા હતા ને એક બીજાના વિચાર પણ મળતા હતા. દરેકે કોલેજના જીવન પછી શું કરવું તે પ્હેલેથીજ પોતાની મેળે નિર્માણ કર્યું હતું. સારંગધરની ને સુભગરાયની સ્થિતિ જોઇએ તેવી સારી ન્હોતી. પણ જ્યોતિપુંજ ના કહેવાથી હંસસ્વરૂપે ગોઠવણ કરેલી તેથી તેઓ અભ્યાસ જારીરાખી રહ્યા હતા. સારંગધર ને સુભગરાય બન્ને પોતપોતાના પિતાનાં લક્ષણોથી જાણીતા હતા; જાનકીપ્રસાદ પુરાણ કથાઓ કહી નિભાવ કરતા હતા; ને શિવશંકર તલાટી હતો ને સાથે સાથે ગોરપદુ કરતો ને નિભાવતો હતો. આ પિતાઓની રીત્યભાત્યથી કંટાળેલા આ મિત્રો ઘણું ખરૂં તો ઘરની બ્હારજ જીવન ગાળતા ને ઘરમાં પોતાનાથી કલેશ ના થઇ જાય તેની સંભાળ રાખતા હતા. અનેક વખત શિવશંકર ને જાનકીપ્રસાદ દારૂના પીઠામાંથી મોડી રાત્રે લથડતા, પડતા આવતા ને તેમને આ પુત્રોનેજ ઘરમાં હાથ ઝાલી લઇ જવા પડતા. ઘણા કંટાળી ગએલા હતા પણ લાચાર હતા કે જ્યહાં સુધી અભ્યાસ કરી પોતે પોતાનો નિભાવ કરી શકે હેવી સ્થિતિમાં આવ્યા નહોતા ત્યહાં સૂધી જખમારી મુંગે મુંગે બધું

સહન કરવું પડતુ હતું. બરાબર રહાજના પાંચ વાગે મિત્રોને ન્હોતર્યા હતા. આજે વસંતપંચમી હતી. મિત્રોએ તે નિમિત્તે વાર્તા-વિનોદ વિગેરે કરી આનંદોત્સવ કરવાનું ધાર્યું હતું. પાંચ વાગ્યાને સુભગ તથા સારંગધર બન્ને સાથેજ જ્યોતિને ત્હાં આવ્યા.

જ્યોતિ—સાબાશ-બરાબર વખતે આવી પ્હોંચ્યા ને શું?

સુભગ—હું તો ક્યારનો આવ્યો હોત પણ આ સારંગધરને જરા બજારમાં કામ હતું તેથી ત્હાં થઇનેજ આવ્યા. કારણ જા-ણોછોને કે ઘરમાં બધી ફીકર મ્હારે; પિતાને તો કાંઇ કહેવાય નહી. કહ્યું હોય પણ ભૂલી જાય કારણ ત્હેમનો ધંધો કથાવાર્તાનો રહ્યો તે કોઇ જગ્યાએ વધારે પણ બેસવું પડે.

સારંગધર—ભાઈ સુભગ? જ્યોતિથી કાંઇ અજાણ્યું છે. શા સારૂં ખોટું અમસ્તું કહીયે. મ્હારીને ત્હારી વાત કાંઈ ત્હેનાથી અજાણી નથી.

જ્યોતિ—ભાઇ? ઘેર ઘેર માટીના ચૂલા; હવે એ જવા દો ને વાત; આજ તો આપણે હમણાં થોડું refreshment લઈ લઇએ પછી મ્હારો વિચાર આજ તો કાંઈ બ્હાર જઇ આ-નન્દ લેવાનો થાય છે. ત્હમારો શો વિચાર છે.

સારંગ-સુભગ-બહુજ સરસ-અમે ઘેરથી નીકળ્યા ત્યારે એજ વિચાર કર્યો હતો કે રોજ જ્યોતિની વાડીમાં બેશીને અમથાં ગપ્પાં મારીએ છીએ તેના કરતાં કાંઇ બ્હાર જઇએ તો સારૂં.

જ્યોતિ—એ તો ઠીક, પણ સુભગ! આજે ત્હારે ગાવું પડશે. અરે પણ તું ત્હારી વાંસળી લાવ્યો છે કે નહીં.

સારંગ—વાંસળીતો ન્હોતો લાવતો પણ મ્હેં કહ્યું લઈ લેને જરા બેઘડી આનન્દ થશે.

જ્યોતિ—ચાલો સારે તો ફેરો ઉગર્યો, બાકી હું જરૂર સુભગ ત્હને પાછો ઘેર મોકલત.

સુભગ—વાંસળી વગાડવીને ગાવું એ મ્હારે કબુલ છે પણ એ-ટલી સરત કે તું પણ જ્યોતિ ત્હારા સતસંગીની ઢોલક લઇને વગાડે તો; નહીં તો કાંઈ એકલી વાંસળી વગાડવા મ્હારી સાફ ના છે.

સારંગ—એ પણ ખરૂં "Give and take" આપવું ને લેવું બે નિયમ જોઇએ.

સારંગ--પણ જુઓ ભાઈ આપણે તો સાંભળવાનાજ હો કે. મ્હારી પાસેથી કાંઇ આશા ના રાખશો. સાંભળવાનું કામ મ્હારૂં.

જ્યોતિ ને સુભગ—એ તો કબીરજી કહી ગયા છે.

સારંગ—અરે જ્યોતિ ઠીક યાદ આવ્યું. લોકો તો ગામમાં કહે છે હંસસ્વરૂપ કબીરજીનો અવતાર છે.

જ્યોતિ—પણ તું શું માને છે ?

સારંગધર--પણ હું શું માનું. હુંતો સ્હમજુજ છુંતો. આતો વાત કહું છું.

સુભગ--જ્યોતિ ? મ્હેં સાંભળ્યું કે ત્હારી માતાની કાંઈ ખબર આવી છે. ઇસ્પીતાલમાં કોઇ બાઈ આવી છે તે ત્હારી માતા જેવી જ હતી તે શું હતું ?

જ્યોતિના મુખપર જરા ખેદ છવાઈ ગયો. સુભગ અને સા-રંગધર આથી ઝંખવાણા પડયા-સુભગ-ભાઈ જ્યોતિ ? મ્હેં કાંઇ ત્હને દુઃખ ઉત્પન્ન કર્યું હોય, ખેદ કરાવ્યો હોય યા ખોટું લગાડયું હોય તો માફ કરજે. મ્હેંતો સ્હેજજ વાત કાઢી કે કદાચ ત્હારી માતાની ઓળખાણ થઈ હોય તો—

જ્યોતિ--ભાઈ સુભગ ? તું કહે છે તે સાચી વાત છે. થોડા દિવસ ઉપર એક બાઇ મીલમાં (accident) અકસ્માત થવાથી આવી હતી તેની સારવાર કરતાં મ્હને બધી વાત જણાઇ હતી. તેજ મન્દકાન્તિ મ્હારી માતા હતી. હંસબાવા બધી હકીકતથી વાકેફ હતા પણ હેમણે મ્હને અંધારામાં રાખેલો પણ પાછળથી મ્હારા આગ્રહને લઇને હેમને પણ કબુલ કરવું પડયું હતું. પણ મ્હારી માતા-મિત્રો ત્હમને કહેતા વાંધો નથી, વિધવા હતી. ત્હેના વૈધવ્ય પછીજ મ્હારો જન્મ થયેલો છે. મ્હને એ વાત યાદ ના લાવશો. મ્હેં નિશ્ચય કર્યો છે. મ્હારૂં જીવન તેજ પ્રમાણે મ્હેં (Chalkout) નિર્મ્યું છે ને તે પ્રમાણેજ હું વર્તીશ એમાં સંદેહ નહીં. ત્હમારે મ્હારા મિત્રો તરીકે મ્હારા વિચારોના ભાગીઆ તરીકે મ્હને સહાય્ય થવું પડશે.

સુભગ-સારંગ--જ્યોતિ ? હમે પણ કાંઈ એમજ કર્યું છે. જીવનનું લક્ષ્ય બિંદુ હમે પણ નક્કી કર્યું છે ને આપણા એક બીજાના સંપૂર્ણ મળતા વિચારોને લઇને આપણા પ્રાણની આહુતી તેનેજ સારૂં આપીશું.

જ્યોતિ--પણ ભાઇ હજી મ્હારો પિતા કોણ હતો તે હંસબાવા નથી કહેતા, હું પણ બીજી કોઈ રીત્યે એ હજુ જાણી શકયો નથી. પણ-સુભગ ને સારંગધર ? ત્હમને એમ નથી લાગતું કે એ પિતા કોઇ દુષ્ટ રાક્ષસ હોવો જોઇએ.

સુભગ—દુષ્ટ તો ખરોજ-પાશ્ચિમાત્ય દેશોમાં તો હેવા પુરુષ આમ દગો દઈ ફાવી ના જાય. એતો આપણો નિર્માલ્ય હિંદુ સંસારજ ફાવવા દે.

સારંગ--ત્હારે શાપો પણ ત્હમનેજ નડે છે ને ? દુનિયાના નકશા ઉપર નજર ફેરવો ને કે ત્હમારી સ્થિતિ ક્ય્હાં છે ?

જ્યોતિ--સુભગ ? કદી ધારો એ પિતા મળ્યો તો મ્હારે શું કરવું. ક્રોધ તો મ્હને રગે રગે વ્યાપ્યો છે. પણ હંસબાવા ક્ષમા ક્ષમાજ કર્યા કરે છે. તો મ્હારે શો રસ્તો લેવો.

સુભગ--ભાઈ ? કર્યાં કર્મ ભોગવવાનાં છે. હવે તું એને શું કરવા માંગે છે. ત્હારી માતા તો ગઈ. તું રહ્યો. હંસબાવા ના હોત તો ત્હારી સ્થિતિ હિંદુ સંસારમાં શું હોત તેને લઇને જે જે કરવાનું તું ધારત તે ઠીક હતું પણ હાલ હવે શું છે ? "Forgive him and try to raise him up if you can." ક્ષમા હેને કર્ય ને હેને સુધારી ઉંચે લઈ જવા પ્રયત્ન કર્ય એજ શિક્ષા-પિતાનો આત્મા પુત્રજ ઉદ્ધારે એજ હેને પ્રાયશ્ચિત.

જ્યોતિ—સારંગધર ? તું શું કહે છે ?

સારંગધર—ભાઈ મ્હારી બુદ્ધિમાં તો કાંઇ બંધ બેસતુ નથી પણ એટલું તો કહુંછું કે હું પણ મ્હારા પિતાનાં બધાં લક્ષણો જાણું છું છતાં કાંઈ કહી શકતો નથી તેમજ કહેવા ઇચ્છતો પણ નથી. ત્હારે માત્ર એટલુંજ છે કે ત્હારા પિતાએ ત્હારી માતાને તથા ત્હને ખુલ્લી રીત્યે અને સ્વતંત્રપણે સ્વીકાર્યાં નહીં. ને માત્ર મૂળની પાપી ઘાનતનેજ વળગી રહ્યો ને ત્હમને દુઃખી કર્યાં. જે હેને કરવાનો હક નહોતો. ઇશ્વર હેનો બદલો આપશે. હેમાં તું શું કરીશ. ત્હારૂં કર્તવ્ય તો સુભગ કહે છે એજ વ્યાજબી છે.

જયોતિ—બસ મ્હારે મિત્રો એજ જાણવું હતું. આજ સુધી તો મ્હને કાંઇ ચેનજ ન્હોતું પડતું; પણ મ્હને પણ કાલ્ય રાતેજ તમે બન્નેએ કહ્યું એજ વિચાર આવ્યા ત્હારથીજ મન શાન્ત થયું છે-લ્યો-જુઓ આપણે તો હજી વાતોના ગપ્પામાં ર્‌હડયા છીએ

એટલામાં refreshment આવી પ્હોચ્યું. જ્યોતિ–વાહ સતસંગી આજે તો તમે બહુ શ્રમ લીધો છે.

સુભગ ને સારંગ—સતસંગીને નમસ્કાર કરી બોલ્યા–વાહ ભાઇ ત્હમે હમારી મ્હેમાનગીરી ઠીક કરો છો—

સતસંગી—મ્હેમાનગીરી નહીં, ભાઇઓ ! એતો ઈશ્વરપૂજા થાય છે. સતસંગી એમ બોલી કઢેલા મશાલાદાર દુધના પ્યાલા મૂકી ગયો. ને એક મ્હોટી થાળ લઈ આવ્યો જેમાં જાત્યજાત્યના મેવા મૂકયા હતા. જ્યોતિએ સતસંગીને બેસવાનું કહ્યું તે પણ બેઠો ને જૂદી જૂદી તાસકોમાં જ્યોતિએ મિત્રોને મેવા ભરીને આપ્યા. સતસંગીને આપીને બધા વાતો કરતા કરતા ખાવા લાગ્યા. ખાતે ખાતે–સુભગે કહ્યું, સતસંગી ભાઈ કય્હાં સૂધી અભ્યાસ આવ્યો છે. સતસંગી—સુભગભાઈ ? હમણાં તો હું ને જ્યોતિભાઈ બન્ને સાથે યોગવાસિષ્ઠ વાંચીએ છીએ. સુભગ–અહોહો ત્યારે ત્હમે તો હવે નશીબને કોરાણે મૂકયું હશે નહીં ?

સતસંગી—બેશક પુરુષાર્થજ હું તો માનું છું. તે શિવાય કાંઇજ નહીં.

સુભગ—ત્યહારે જ્યોતિભાઇનો દાખલો લ્યો ને ત્ય્હાં કીયો પુરૂષાર્થ આવ્યો.

સતસંગી—ભાઇ ત્હમે ન રહમજ્યા. જેને તમે નશીબ કહો છો તે પેલા જન્મના પુરૂષાર્થનુંજ ફળ છે.

સુભગ—વાહ. સતસંગી ત્હમે ખૂબ "convince" દૃઢ ત્હમારા વિચારમાં થયા છો. હંસસ્વરૂપજી શિખવે તેમાં શી મણા હોય. હુંતો સ્હેજજ પૂછતો હતો હો. બાકી હું પણ એજ મતનો છું. "Be always optimist" હમ્મેશ સારૂંજ થશે. પુરુષાર્થ કરો એજ વિચાર દઢીભૂત થવો જોઈએ. આટલી વાત થઈ રહી ને બધા ખાઇ રહ્યા ને હાથ મ્હોં ધોઇ પાન સોપારી આવ્યું તે ખાઇને બ્હાર જવા તૈયાર થયા.

ત્રણે મિત્રો બ્હાર નિકળ્યા કય્હાં જવું તે વિચારમાં પડયા. જ્યોતિએ કહ્યું ચાલો તળાવ ઉપર જઇએ ત્ય્હાં બાગ છે તેમાં બેસીશું.

સારંગ—મ્હારો વિચાર એક તમને ગમશે? હું એમ કહું છું કે આપણે હોડીમાં તળાવની અંદર ગમ્મત કરીએ ને પછી બાગમાં બેશીએ. અત્યારે સ્હાંજ પડી ગઇ હતી. ખાધેલું પચાવવા સારૂં

હીંડતા અનેક જાત્યની વાતો કરતા કરતા તળાવ ઉપર ગયા. રસ્તે ચાલતાં ચાલતાં જ્યોતિ બોલ્યો–સારંગધર મ્હેં સાંભળ્યું છે ત્હારાં લગ્ન થોડા વખત પછી થવાનાં છે.

સારંગ–હા ભાઇ સાચી વાત છે. પ્હેલાં જે કન્યા સાથે મ્હારા પિતા ગોઠવણુ કરવાના હતા તે વખતે તું મ્હનેતો જાણે છે, આપણે તો શરમ છોડી ચોખ્ખું ચટ કહી દીધું હતું કે ત્યહાં મ્હારે નથી પરણવું. છેકજ ઢોર હતું એતો યાર શું કહું.

જ્યોતિ–ત્હારે હવે કેવું જોડું છે.

સારંગ૦–કાંઇક મન ઠરે હેવું છે. કેળવીશું તો નીવડશે મારે હવે તો હા કહી છે.

સારંગ–પણ ભાઇ ! હું કાંઇ સુભગના જેવો ભાગ્યશાળી નહીં બનું હો.

સુભગ–ભાઇ હેમાં ભાગ્યશાળી શું ? એતો સૌ સૌની આવડ ઉપર છે, સ્રી ગમે એટલી(educate)થયેલી કહેવડાવે (કેટલાંક અપવાદો તો ખરાજ હેમાં) પણ અમુક બાબતોમાં તો આપણે જ્યારે પાછા (educate) કરીએ ત્યહારેજ.

જ્યોતિ–તે મોઘમ શું કહોછો, ચોખ્ખું કહોને.

સુભગ–મોઘમ કાંઈ નહીં, મ્હારો કહેવાનો ભાવાર્થ હેવો છે કે આપણા પુરૂષો જેટલી મુસાફરી, ને એટલું બ્હાર એ નથી આથડેલાં, ને બહુ શ્રુત નથી તેથી broad horizon (આંતર દષ્ટિની મર્યાદા લાંબી) નહીં.

જ્યોતિ–પણ તેતો ન્હાનપણથી એવું (education) આપે તો પછી શું. ખામીજ ત્યહાં છે ને, જેટલી છુટયથી ત્હમે ઉછરો છો ને ફરો છો તેજ પ્રમાણે એમને કરવા દ્યો પછી જૂઓ.

સુભગ––પણ એ તો હજી બહુ વાર છે આપણામાં.

જ્યોતિ––ત્હારે જે જે મહાન્ ઇચ્છાઓ અત્યારે કરો છો એ બધાના ચોવીઆ સ્હમજજો. એની પણ વાર––

સુભગ––પણ તે ક્યહાં ના કહું છું.

તળાવ વાતોમાં ને વાતોમાં આવી પ્હોંચ્યું. રાત્રી પડી ગઈ હતી. ચંદ્ર પ્હેલી રાત્રે ઉગ્યો હતો. હોડીવાળાને સારંગધરે બોલાવ્યો. માથાદીઠ બબ્બે આના ઠરાવી બેઠા. આખુ તળાવ ફરવાનો બંદોબસ્ત કર્યો હતો.

તળાવમાં પાણી નિર્મળ હતું. મહીં ચંદ્રનું પ્રતિબિમ્બ પડતું હતું. તળાવના કિનારા ઉપરનાં ઝાડોની છાયા પાણીમાં પડેલી આનંદ આપતી જણાતી હતી, નિર્મળ આકાશનો ભૂરો પડછાયો પાણીમાં જણાતો હતો.

હોડીમાં મિત્ર બેઠા ને સારંગધર બોલ્યો–હં સુભગ ચાલવા દે હવે.

જ્યોતિપુંજ ? તું પણ તૈયાર થઈ જા—સુભગ–હવે થાય છે. હોડી જરા પાણીમાં તો આવવા દે–જ્યોતિપુંજે ઢોલક સજી કરી–સુભગે રૂપાની ઘુઘરીવાળી રૂપાના પટાવાળી–કાળી ભમ્મર વાંસળી હાથમાં લીધી ને વાંસળીમાંજ ગાવા માંડયું. જ્યોતિપુંજે ઢોલક વગાડી ગાવાનુ શરૂ કર્યું.

" અમે જોગીઓના બાળ !
ગેરૂ ધરીને ધરાવશું,
પીને પાઇ દઇશું કાળ:
અમે જોગીઓનાં બાળ ! ૧

ધોળ્યા ચાંદાને ધોળ્યા સૂર્યને,
ધોળ્યાં દિવસને રાત્ર:
ધોળી ધોળી ને સોમ સારવ્યો
છલકે એ અમ પાત્ર:
પાત્ર ધર્યું મુખ જગતને
અમે જોગીઓનાં બાળ ! ૨

શોક ને મોહ સરી પડયાં,
લાધ્યાં સ્નેહને કલ્યાણ:
ઝોળી ભરી ભરી લાવીએ
અમને ચાખવાની આણ:

થાળ પૂરી જગ પાઠવ્યા:
અમે જોગીઓનાં બાળ ! ૩

ગિરિ ગિરિના કણ સંઘર્યા
સોંપ્યા મનુને સમાજ:
કોઇએ રચ્યાં રક્ષણ દેહનાં,
કોઇએ પ્રાણ કેરા સાજ:

ઉત્સવ જોઇને આનન્દીએ:
અમે જોગીઓનાં બાળ ! ૪

ન્હાનાલાલ દલપતરામ.

સારંગ—વાહ વાહ સુભગ, જ્યોતિ, આજે ત્હમે તો બહુજ આનન્દ આપ્યો. બાગમાં બેઠેલાં માણસો હોડીમાં થતી ગમ્મત દૂરથી જોતાં હતાં. હોડી તો તળાવ ફરી પાછી કાંઠે ગઇ. મિત્રો પૈસા ચુકવી પાછા વાર્તાલાપ કરતા કરતા પોતપોતાના ઘર ભણી ગયા. કાલે કોલેજમાં વ્હેલા આવજો કહી એક બીજાને ઘેર ચાલતા થયા.

પ્રકરણ ૧૬ મું.

અર્દ્ધ નગ્ન ભીખારી.

" It is a fall but a fall on the knees, which may end in prayer "

Victor Hugo,

જ્યોતિપુંજ ઘેર આવ્યો. હંસસ્વરૂપ તરતજ બ્હારથી આવ્યા હતા ને કપડાં ઉતારી એક ખુરશી ઉપર જ્યોતિની વાટચ જોતા બેઠા હતા. જ્યોતિપુંજ આવ્યો એટલે હંસસ્વરૂપે પૂછ્યું અહો જ્યોતિ ? આજે કાંઇ મિત્રો સાથે બેઠાને શું.

જ્યોતિ—હા હંસબાવા ? આજે તો હમે અહીં refreshment લઇને તળાવ ઉપર ફરવા ગયા હતા. આજ વસંતપંચમી કરીને મ્હેં સુભગ ને સારંગધરને આમંત્રણ કર્યું હતું, કે બે ઘડી આનન્દ થશે.

હંસ—ઘણું સારૂં. હું ખુશી થયો. હમ્મેશ આનન્દમાંજ રહેવું ભાઇ ? મ્હને હમણા થોડા દિવસથી તું ખેદ પામેલો રહેતો હતો તેથી ફીકર થતી હતી, વારૂ ! પણ આનન્દ કર્યો તે શું કર્યું ?

જ્યોતિ—હમારો આનંદ હમારા જેવો. હેમાં આપને રસ પડશે ? જાણે કે હમે અહીંથી તળાવે અનેક વાતો કરતા કરતા ગયા. ત્યાં હોડીમાં બેશી આખુ તળાવ ફર્યા—સુભગે હેની વાંસળી વગાડવી શરૂ કરી. હું મ્હોંએથી ગાતો હતો ને ઢોલક પણ વગાડતો હતો. બધું રાત્રીને લીધે શાન્ત હતું. આકાશ પણ નિર્મલ હતું. ચંદ્રમા ઉગ્યો હતો ને બધું રમણીય આનન્દજનક લાગતું હતું.

હંસ—ભાઇ ? હેવા નિર્દોષ આનન્દમાં તલ્લીન થવાથી ઈશ્વરના અંશની કાંઇક ઝાંખી થાય છે પણ ત્હેં ભક્ત કવિ કહી ગયા છે તે અનુભવ્યું કે ".સલિલે છે શાન્તિ કુસુમે છે કાન્તિ" એ ભક્તકવિ એ જે આ કડી લખી છે તે ખરૂં છે ઈશ્વરની શાન્તિનું કાંઈક અંશે માપ જો જોવું હોય તો શાન્ત સ્થિર પાણીમાં જણાશે. ત્હેની કાન્તિની કાંઇક ઝાંખી કરવી હોય તો ખીલેલા કુસુમની કાન્તિ જોયાથી જણાશે ત્હેની ભવ્યતા, દઢતા અડગતા, ધૈર્યનું કાંઈક માપ કાઢવું હોય તો મહાન્ ગિરિ તરફ જોવાથી જણાશે.

જ્યોતિ-હંસભાત્રા ? હું તો જ્યારે જ્યારે એકડીઓનો વિચાર કરૂં છું ત્યારે હેમાંને હેમાંજ ઉંડો ઉતરી જાઉ છું. ને બે ઘડી તો ક્યાં છું તે પણ વિસરી જાઉં છું.

આમ વાતો કરતા હતા ત્યહાં સતસંગીએ વાળુ કરવા વખત થયો છે જણાવ્યું એટલે ઉઠ્યા. હંસસ્તરૂપે માત્ર સૂક્ષ્મ ફલાહારજ લીધો પછી પરવારીને યોગ વાસિષ્ઠ શરૂ કર્યું. રાત્રિના દસના શુમારે ઈશ્વર સ્તુતિ કરી સર્વ કોઇ પોતાને સ્થાનકે નિદ્રા લેવા ગયું.

× × × × × ×

આકાશ વાદળાંથી એકદમ છવાઇ ગયું. માવઠું થશે એમ લાગ્યું, પવન જોરથી ફુંકવા લાગ્યો. ગર્જના થવા લાગી વિદ્યુત ચમકવા લાગી ઘોર અંધકાર ચોગરદમ છવાઇ રહયો.

હાવા અંધકારમાં એક અર્ધ નગ્ન પુરુષ ભટકતો હતો ક્યહાં જવું, શું કરવું તે સ્હમજાતું ન્હોતું. બે દિવસની લાંઘણ થઇ હતી. હેની આસપાસ અંધકાર હતો, તોફાન હતું, શમશમાકાર હતું. મુંસળધાર વરસાદ કરા સાથે પડતો હતો. આ પુરૂષના હૃદયમાં ભય હતો, પેટમાં તીવ્રક્ષુધા હતી. શરીર થાકેલું હતું સખ્ત પવન શરીરની પાંસળીઓમાં પેશી જઇ સોસતો હતો. હેના હાથ ઠરી જતા હતા તમ્મર આવતા હતા શું કરૂં હેવા વિચાર

અસ્પષ્ટ મગજ ઉપર ભાર કરતા હતા. નિરાશ થતો હતો મૃત્યુ મ્હોંએ માંગતો. બીજીજ પળે જીવવા ઈચ્છા કરતો હતો, હૃદયમાં કાંઈ કાળા કૃત્યના વિચારો સ્વાભાવિક ઉભરાતા હતા. જેમ આકાશમાં બગો ઉડી રહે છે, આનન્દ કરી રહે છે, પૃથિવી ઉપરની મલીન વસ્તુ દેખતાંજ નીચે ઉતરી ઉપાડી લઇ આકાશ માર્ગે પાછાં ચાલ્યાં જાય છે તેમ દુઃખી મનુષ્યોનાં દુઃખ ફેડવા તેમને પંકમાંથી ઉપાડી લેવા ઇશ્વરના દૂતો પણ ફરતા હોય છે. પણ એ દૂતો શું કરે. મનુષ્ય પોતાની શક્તિ ના વાપરે તો શા કામનું!

આ પુરુષને વિચારો આવ્યા. જગતે મ્હને લૂંટયો છે. મ્હારૂં ખેદાન મેદાન કરનાર માત્ર જન સમાજ છે. ત્હેના મગજની સ્થિતિ અત્યારે હેવી હતી કે પોતે શું કરે છે શું વિચારે છે તેની પોતાનેજ સ્હમજ પડતી નહોતી. આંખે તમ્મર આવ્યા એક જગ્યા ઉપર રસ્તા ઉપરજ બેશી ગયો. કાંઇક કળવળી. આંખ્યો ઉઘાડી. અંધકારમાં આંખ્યો તાણીને જોયું. પાછી મીંચી દીધી ઘણા વિચારો ત્હેને આવવા માંડયા. એ ઉઠયો, ઉભો થયો, ચાલવા માંડયું. પાસેના ઘરમાંથી ઘડીઆળમાં એક વાગ્યાનો ટકોરો થયો થોડીવારે ચાલતે ચાલતે પાછો ઉભો રહ્યો વળી ચાલવા માંડયું. વળી વિચાર આવ્યા. જગત કહે છે ઇશ્વર છે. હું કહુંછું કયહાં છે. ઈશ્વર હોય તો મ્હને કેમ દુઃખી કરે. ઈશ્વર, અરે ઇશ્વર કોણ? મ્હેં તો કોઇ દિવસ નથી જોયો. ભલે જગના લોકો કહે ઈશ્વર છે કોઈએ જોયો છે, દેખાડો હોયતો, આસપાસ બધાં સુખે સૂવે છે, ઉંઘે છે, હું અહીંઆં કેમ ? પાપ કેવું ? વળી પુણ્ય શું. જગત્! તું મ્હને કનડે છે. ભકત કહેવડાવો છો, મંદિરોમાં અનેક ભોગો થાય છે, પઇસા આપે છે તેને આપો છો, મને કેમ કાંઈ નથી આપતું. આજ મંદિર કે—આમાંજ લોક ભક્તિ કરવા જાયછે આમ વિચાર કરતાં કરતાં એક મંદિર આગળ આવી પહોંચ્યો. હજી વરસાદ રહ્યો નહોતો. વિજળીના ચમકારા થયાજ કરતા હતા, મંદીર આગળ ગયો ઉભો રહ્યો, ક્રોધ વ્યાપ્યો, જગત્ એના ઉપર જુલમ કરે છે સ્હમજ્યો, ઇશ્વરના અસ્તિત્વને માન્યુંજ નહોતું. ઘાંટા પાડી બોલી ઉઠયો યાદ રાખ્ય જગત્ ત્હારાં દેવાલયો શિવાલયો, મસ્જીદો, સર્વ પાયમાલ કરીશ. ક્રોધમાંને ક્રોધમાં આકાશ તરફ જોરથી મૂક્કી ઉગામી, મંદીર તરફ પણ મૂક્કી ઉગામી, એકદમ મૂઠીઓ

વાળી નાઠો દોડયો, આવેષમાં દોડ્યો પણ થાકી ગયો, રાત્રીના ચા-રના ટકોરા થયા, એક પથ્થર ઉપર બેશી ગયો—પથ્થર ઉપરજ સૂઇ ગયો. આકાશ તરફ જોઇ રહયો, સ્હેજ થાક ઉતર્યો. વરસાદનું ભાન થયું. લદબદ થઇ ગયો હતો. બેઠો ત્યાંથી એક પુરૂષ ચાલ્યો જતો હતો. ગામના દરવાજા તરતજ ઉઘડયા હતા. રસ્તે જતા પુરૂષે પૂછ્યું. ભાઇ ? શેહેરમાં જવાનો આજ રસ્તો કે ? ભટકતો પુરૂષ બોલ્યોજ નહીં. પેલો મનુષ્ય પાસે ગયો. જોયું તો કોઇ ભીખારી લાગ્યો. અલ્યા ભાઈ ? આજ શહેરનો રસ્તો ?

ભટકતો પુરૂષ—ત્હમારે રસ્તે ચાલ્યા જાવ.

આ પુરૂષની સ્થિતિ જોઈ રસ્તે જનારા મુસાફરને દયા આવી ક્ષીણુ શરીર જોયું. અર્ધ નગ્ન અવસ્થા જોઇ ગજવામાં હાથ નાંખ્યો એક બેઆની આપી ભાઈ લે. કહેતો ખરો આજ શહેરનો રસ્તો. ભટકતા પુરૂષે હાથ ધર્યો. બે આની લીધી. જવાબ દીધો ચાલ્યા જાવ એજ રસ્તો. હજી અત્યારે સુર્યનો પ્રકાશ થયો ન્હોતો તેમાં વળી આખી રાત્ય તોફાન થયું હતું વરસાદ પડયો હતો હજી પણ બંધ ન્હોતો થયો. ભટકતા પુરુષે ચાલવા માંડયું. એક કાંઇ વિચાર સુજી આવ્યો. ઝડપથી ચાલ્યો. હંસસ્વરૂપની મહુલી આગળ આ-વ્યો. ધીમે રહી વાડીને રસ્તેથી પેઠો. વાડીમાં જઇને બેન્ચ ઉપર બેઠો. વળી થોડીવારે ઉઠયો. મહુલીમાં પેસવાના દ્વાર આગળ ઉભો રહ્યો. અંદર હજી સર્વ શાન્તિથી ઉંઘતું હતું. થોડીવાર ત્યાં ઉભો ધીમે રહી બારણું ઠેલ્યું. કોઈ ના જાગ્યું જરા જોરથી બા-રણું ઠેલ્યું. બારણાની સાંકળ નહીં જેવીજ હતી તે ખખડી. ઉઘડી ગઇ પાછો હઠયો. થોડીવાર ઉભો રહ્યો. કોઇ જાગ્યું નહીં—બારણું અંદર પેસાય એટલું ઉધાડયું. બારણું ચુંચું બોલ્યું. બારણામાં જીવ આવ્યો હોય તેમ આ પુરુષ ચમકયો, ધ્રુજી ગયો, હૃદય જોર-થી ધબકવા લાગ્યું, સ્તબ્ધ ઉભો રહ્યો. વળી બધું શાંત જોઈ હી-મ્મત કરી અંદર પેઠો. ધીમે ધીમે પગના આંગળાં ઉપર ચાલતો હતો; સ્હામેજ હંસસ્વરૂપ એક ખાટલા ઉપર સુતા હતા. આકાશમાંથી વાદળાં વિખરાયાં, નિર્મળ આકાશ થઈ ગયું. સાડા ચાર વાગ્યા હતા. હંસસ્વરૂપના ખાટલા આગળ આ પુરૂષ ગયો. હંસ સ્વરૂપ ભરઉંઘમાં હતા, ઉંઘમાં સફેત દાઢી ને વૃદ્ધાવસ્થાને લીધે મુખ પણ લોહી નહીં હોવાથી સફેદ દેખાતું હતું કાંઇક

આભાસ જણાય હેવું અજવાળું થયું હતું હંસસ્વરૂપના મ્હોં ઉપર સ્મિત રહી ગયું હોય તેમ જણાતું હતું, સંપૂર્ણ શાન્તિ મુખ ઉપર જણાતી હતી, કાંઈ દિવ્યતા જણાતી હતી રાતની ઠંડીને લીધે હંસસ્વરૂપે ઓઢયું હતું, માત્ર મુખજ ખુલ્લું હતું, સ્હામે ભીંત્ય ઉપર રવિવર્માનાં ચિત્રેલાં દરેક મહાત્માઓનાં ચિત્રો મ્હોટા તકતામાં જડેલાં લટકતાં હતાં–ભટકતો પુરૂષ કાંઇ ખોળતો હોય તેમ આમ તેમ નજર ફેંકતો હતો, પાસે ખીંટી ઉપર એક નાનું ઘડીઆળ ટકટક કરતું હતું, આ પુરૂષની નજર હેના ઉપર પડી. ધીમેથી ત્યાં ગયો. ખાટલા ઉપર સૂતેલા હંસસ્વરૂપ તરફ નજર રાખી હાથ ખીંટી ભણી લંબાવ્યો, જોરથી ઘડીઆળ હાથમાં લઇ મૂઠી વાળી; નીચે વળી એક ખુણામાંથી લાકડી નજરે પડી હતી તે ઉપાડી પાછો ખાટલા આગળ આવ્યો. ઘડીઆળ સ્હામું જોયું ઘડીઆળના સોનાના ઘરથી મોહ પામ્યો. હાથમાં વળી જોરથી દબાવી જોયું કે પોતાના હાથમાંજ છે લાકડી હંસસ્વરૂપ ઉપર ઉગામી ઘા કરવા જતો હતો. હંસસ્વરૂપે ઉંઘમાંજ સ્મિત કર્યું હોય એમ જણાયું. એકદમ સ્હમજ્યા વગર અચકાયો હાથ નીચે પડી ગયો. બ્હાર અજવાળું થવા માંડયું સતસંગીએ ઉધરસ ખાધી. આ પુરુષ ચમકયો. દોડવા ગયો, પગ લથડયો; તમ્મર આવ્યાં. પડી ગયો. ધબાકો થયો. હંસસ્વરૂપ ઇશ્વરનું નામ લેતા લેતા જાગી ઉઠયા. જમીન ઉપર હેમના મ્હોં આગળ નમસ્કાર કરી પડયો હોય એમ કોઇ અર્ધ નગ્ન પુરૂષ જણાયો. જરા આશ્ચર્ય પામ્યા. આ પુરૂષના મુખમાંથી પડી જવાથી વાગ્યું હતું. તેમાંથી લોહી નીકળવા માંડયું હતું. હંસસ્વરૂપે સતસંગીને બુમ પાડી. સતસંગી પણ જાગૃત થયો હતો. પથારીમાં બેઠો બેઠો વિષ્ણુસહસ્ત્રનામ બોલતો હતો. તે એકદમ ધબાકો થયો ને હંસસ્વરૂપની બુમથી દોડી આવ્યો.

હંસવરૂપ—આ પુરુષ કોણ છે. કોઇ લાચાર જણાય છે. હેના મુખમાંથી લોહી વહે છે. હેની સારવાર કરો. હંસસ્વરૂપે ને સતસંગીએ મળી હેને ઉઠાડયો. સૂર્યનો પ્રકાશ અત્યારે થયો હતો. હંસસ્વરૂપ પ્હેલાં તો આ પુરુષનું મ્હો ઉંધું પડયું હતું. તે જોઇ શકયાં ન્હોતા, વળી આ પુરુષ ક્ષીણ થઇ ગયેલો હતો, અર્ધ નગ્નાવસ્થામાં હતો એટલે ઓળખી શકાયો નહી, પણ હવે મ્હોં જોવામાં આવ્યું આશ્ચર્ય પામ્યા ખેદ પામ્યા, બોલ્યા અરે કોણ ? રવિરાય ! તું અહીં શા માટે હાવી સ્થિતિમાં અત્યારે શું

કરતો હતો ભાઇ ? રવિરાયજ હતો. તે કાંઇ ગળામાંજ બોલવા પ્રયત્ન કરતો હતો. કાંઇ બોલી શકયો નહીં. બુદ્ધિજ ઠેકાણેજ ન્હોતી; કાંઈ જવાબ ના દીધો. સતસંગીએ હાથ ભણી નજર કરી. હાથમાં ઘડીઆળ ખૂબ જોરથી દબાવીને પકડી રાખેલી દીઠી. હંસસ્વરૂપને એ વાત જણાવી હંસસ્વરૂપે જોયું ને સર્વ કળી ગયા. પોતાની ઘડીઆળ ખીંટી ઉપર ના જોઇ વાડીનું બારણું ઉઘાડું જોયું. સર્વ જાણી નિશ્વાસ નાંખ્યો ને બોલ્યા—આખરે આજ સ્થિતિ હા ! ભલા ભગવાન તું અહીંનો અહીંજ છે. મનુષ્ય ત્હને નથી ઓળખતો.

રવિરાય—ભગવાનનું નામ કોણ દે છે ! ક્યહાં ભગવાન છે. એમ અસ્પષ્ટ લવ્યો.

સતસંગીએ મ્હો રવિરાયનું ધોઇ નાંખ્યું. લોહી નીકળતું બંધ થયું. તાપણી કરી હેના ધ્રૂજતા શરીર ઉપર શેક કરવા માંડયો. એક પથારી કરી તેમાં સૂવાડયો હાથમાંથી ઘડીઆળ મૂકાવવા પ્રયત્ન કર્યો પણ જોરથી પકડી રાખી હતી, તે ના છુટી રહેવા દીધી શેક કરવા માંડયો. શરીર ઢાંકયું. આખી રાતનો થાકેલો એ દિવસનો ભૂખ્યો તેને આમ કાંઇક આરામ જેવું મળવાથી શાન્તિ સ્હેજ થતાં ઉંઘ આવી ને ઉંઘી ગયો. હંસસ્વરૂપને સતસંગી તેથી નિત્ય કર્મમાં પડયા. પરવાર્યા ને કલાક દોઢેક થયો હશે ત્યહાં રવિરાય જાગ્યો. એકલો પડયો હતો. આસપાસ જોયું; કાંઇક મગજ શાન્ત થયું હતું, બધું સ્મરણ પાછું થયું. પથારીમાંથી ઉઠી બેઠો થવા ગયો, ધબ લઇને પડી ગયો શકિત બિલકુલ ન્હોતી. ઝોમમાં ને ઝોમમાં રાત્રે તો થાક જણાયો નહોતો પણ હવે થાક જણાયો. ધબકારો થયો તેથી હંસસ્વરૂપ જોવા આવ્યા તો રવિરાય ફ્રાંટેલી આંખ્યોએ આસપાસ જોતો હતો. રવિરાયે સંભળાય તેમ હુંકારો કર્યો, નિશ્વાસ નાંખ્યો. હંસસ્વરૂપે બોલ્યા વિનાજ માત્ર લાંબો હાથ કરી ' શાન્ત થા ' કહેતા હોય તેમ સૂચવ્યું. રવિરાય બેઠો થવા જતો હતો તેને હંસસ્વરૂપે તેમ કરવા ના કહી. ને બોલ્યા–રવિરાય? મુંઝાઇશ નહીં આ ત્હારૂં ઘરજ છે એમ માનજે. ત્હને શરમ આવતી હશે પણ હાલ તે વિષે કાંઇ નહિં હમણાં તો થોડું હુનુ દૂધ પી લે. પછીથી રસોઇ થાય તે- જમજે સ્વસ્થ થયા પછી જે કાંઈ કરવું હોય તે કરજે. હાથમાંથી

ઘડીઆળ પથારીમાં પડી ગઈ હતી તે દેખાડી હંસસ્વરૂપ બોલ્યા, આ ઘડીઆળ જોઇતી હોય તો સુખે લેજે. પણ સદ્ઉપયોગ કરજે. ઇશ્વર ત્હારૂં ભલું કરશે.

રવિરાય--ઇશ્વર કોણ ? ત્હમે સાધુ જેવા મ્હને નામથી બોલાવનાર કોણ છો ?

હંસસ્વરૂપ—રવિરાયના સ્હામું એકી ટસે જોઇ રહ્યા.-રવિરાયથી તે આંખ્યોનું તેજ ખમાયું નહીં-આ વખતે જ્યોતિ પણ આવી પ્હોંચ્યો હતો. સતસંગીએ બધી હકીકતથી હેને વાકેફ કર્યો હતો. રવિરાયને જોઇ તથા ત્હેનો છેલ્લો પ્રશ્ન સાંભળી તે વિચારમાં પડયો હતો કે આ માણસ કોણ કે જેને ઇશ્વર શું તેનો કાંઇ પણ ખ્યાલ આટલી ઉમ્મર સુધી નથી.

હંસ--રવિરાય ? ઇશ્વર કોણ. જેણે ત્હને આજ સુધી અનેક દુઃખોમાં હજી જીવતો રાખ્યો, જેણે ત્હારી આ સ્થિતિમાં પણ કોઇ પણ પ્રકારે અન્ન આપ્યું. જેણે ત્હને અહીં આવવા પ્રેર્યો. એ ઇશ્વર ત્હારા હૃદયમાં છે. એ ઇશ્વર મ્હારા, જ્યોતિના, સર્વના હૃદયમાં છે. સર્વત્ર છે સર્વ વ્યાપી છે. તે ઇશ્વર—એ ઇશ્વરને ત્હારે ઓળખવો છે ? રવિરાય હામાંનું કાંઇપણ બરાબર સ્હમજી શક્યો નહીં છતાં બોલ્યો. જો ઇશ્વર જેણે મ્હને જીવતો આજ સુધી રાખ્યો તે હોય તો મ્હારે અહીં રહેવું નથી. કારણ જે ત્હમારો ઇશ્વર છે ત્હેણે મ્હને વિના કારણ દુઃખ દીધું છે. પાયમાલ કર્યો છે. એમ કહી એકદમ ઉઠવા માંડયું-પાછો પડી ગયો-મૂર્છા આવી ગઇ. જ્યોતિપુંજ જે કને ઉભો હતો ત્હેણે હેને ઝીલી લીધો. મ્હોં ઉપર પાણી છાંટયું. કાંઇક શુદ્ધિમાં આવ્યો. જ્યોતિપુંજ તરફ ટીકી ટીકી જોઈ રહ્યો. હંસસ્વરૂપે વધારે વાત ના છેડી ને રવિરાયને હજી આરામ લેવા કહી પોતે જ્યોતિને બોલાવી બીજા ખંડમાં ગયા. થોડીવારે રસોઇ તૈયાર થઇને રવિરાયને જમાડયો. તે પેટ ભરી નીરાંતે જમ્યો. સર્વ કોઇ જમી રહ્યા-હંસસ્વરૂપે રવિરાયને કહ્યું. રવિરાય ? તું મ્હને નહીં ઓળખી શકે પણ હું ત્હને ઓળખું છું એટલુંજ નહીં પણ ત્હારા કૃત્યોને પણ જાણું છું. હજી પણ પાછું વળી જો. કર્યા પાપનો પૂર્ણ પસ્તાવો થશે ને હજી બાકીનું જીવન નીતિમય ગળાશે તો દયાળુ ઇશ્વર કાંઇક સ્હામું જોશે

રવિરાય—ઇશ્વર વિષે જો વાત ન કરવી હોય, ભગતડાં માફક પાપ પુણ્યની લવરી કરવી હોય તો હું મ્હારે રસ્તે, ત્હમે ત્હમારે રસ્તે. અહીંયાં હું કાંઇ હાવી વાત સાંભળવા નથી આવ્યો. ગઈ કાલે રાત્રે ફક્ત ભૂખ્યો હતો તેથી જો અન્ન મળે તો તે યાચવાને આવ્યો હતો. પણ છેવટની ઘડીએ વિચાર ફરી ગયો ને માગ્યા કરતાં અન્ન મેળવવાનો રસ્તો ઘડીઆળના ટકોરાએ સૂચવ્યો. તે વિચાર ફળીભૂત થવા જતો હતો પણ હું ધારૂં છું હું પડી ગયો. બેશુદ્ધ થયો, બાકી અત્યારે મ્હારે ત્હમારી લવરી સાંભળવા વખત ન આવત.

હંસ—રવિરાય ? ત્હારે વિચાર કર્યું કે આમ બધું થવાનું કોની ઇચ્છાને આધિન ? ત્હારી ઇચ્છા ફાવી નહીં તો એ ઇચ્છા કોની ? માત્ર-"**बलीयसीकेवलमीश्वरेच्छा ॥**"

રવિ—જગત્ મ્હારૂં દુશ્મન છે. ત્હમે મ્હારા દુશ્મન છો. સર્વ જગત્ મ્હારી પાછળ પડયું છે, તેને લીધેજ મ્હારે હાડમારી ભોગવવી પડે છે. બાકી હું તો શાહજાદો હતો. છેલબટાઉ હતો, ને હજી પણ છેલબટાઉ, શાહજાદો થઇશ. થઇશને થઇશ. આમ બોલી ઉભો થયો, પગ પછાડયો ને હંસસ્વરૂપ બોલવા જાય તે પ્હેલાં મુઠીઓ વાળી મઢુલીમાંથી નાઠો.

પ્રકરણ ૧૭ મું.

સારંગધરનું લગ્ન ને હંસસ્વરૂપનો ઉપદેશ.

ચૈત્ર સુદી પાંચમે શિવશંકર તલાટીને ઘેર સારંગધરનાં લગ્ન હતાં, તે નિમિત્તે ઘર રંગાતું તથા ધોળાતું હતું. લગ્ન તો ગઇ સાલ કરવાનો વિચાર હતો પણ સારંગધરેજ સાફ ના કહી હતી કે આવતી સાલ બી. એ. માં બેસું ને જો પાસ થાઉં તોજ લગ્ન કરવું છે, બાકી હાલ મારાં લગ્ન મોકુફ રાખવાં. આ સાલ સુભગ, જ્યોતિને સારંગધર ત્રણે મિત્રો પાસ થયા હતા તેથી હવે કાંઇ લગ્ન કરવા વાંધો નહોતો. જો કે સારંગધરના પિતા શિવશંકર

ઘણાં અડીઅલ ને મિજાજી હતા. પણ છોકરો ભણે છે ગ્રેજ્યુએટ થશે ને રેવન્યુખાતામાં નોકર રહી મામલતદાર થશે તો આપણો તલાટી તરીકે રોફ પડશે. એવા વિચારોને લઇને પુત્રની ઇચ્છાઓ વિરૂદ્ધ બહુ થતા નહીં. તેમાં વળી સારંગધર પણ ચોખ્ખા બોલો ને લીધી વાત મૂકે નહીં તેવો હતો ને પિતા " પોતાનાં લક્ષણો પુત્ર જાણે છે " તેથી સ્હેજ સંકોચ પામતો તેને લીધે પણ વધારે કહી શકતો નહીં.

શિવશંકરે કંકોતરીઓ કાઢી હતી. ને વરઘોડાને દિવસે બધા ઓળખીતા પાળખીતાને વરઘોડામાં આવવાને આમંત્રણ કરી આવ્યા હતા. શિવશંકર ગામમાં જેટલા મ્હોટા કહેવાતા હોય તે બધાને નોતરાં દેવા જવાના હતા પણ સારંગધરે કહ્યું હતું કે જેને આપણે ઓળખતા પણ ના હોઇએ તે પછી મ્હોટા હોય કે ગમે તે હોય પણ તેમને જઇને વરઘોડામાં બોલાવવા મ્હારી ઇચ્છા નથી. હેમને મન તો કાંઇ વિસાતમાં નહીં, તો પછી કાંઇ હેમને આવે આપણાં દળદર ફીટે નહીં ને લોક તો સમજેજ કે વરઘોડો એટલે નોતરાં કર્યાં હશે બાકી ઓળખાણ તો શેની હોય, તેમાં વળી અનેક બ્હાનાં કાઢનારા પણ મળે તે કરતાં આમંત્રણ ના કર્યું હોય તો શું ખોટું ? માત્ર હંસસ્વરૂપ ને જ્યોતિને કહેવા માટે કહ્યું હતું ને પોતે પણ પોતાના તરફથી એમને આમંત્રણ કરી આવ્યો હતો.

ચૈત્ર સુદી પાંચમે વરઘોડો ચ્હડીને ઉતર્યો ને સારંગધર ચોરીમાં ઉમાદેવીને પરણવા બેઠો. જ્યોતિ, સુભગ વિગેરે મિત્રમંડળ તો હાજરજ હતું. ગોર કલાકનાં પાંચ લગ્ન પણ કરાવી શકતા ને ઉતાવળ હોય તો દસ પણ કરાવી શકતા. ગોરે લગ્ન વિધિ શરૂ કરવા માંડી ને અશુદ્ધ ઉચ્ચારો ચાલવા માંડયા. સારંગધરથી છેવટે ના રહેવાયું તે બોલ્યો ગોર મહારાજ ? હાના કરતાં તો ગુજરાતી બોલો, ગુજરાતી બધા સ્હમજે તો ખરા, ગોર-અરે ભાઇ હવે ત્હમે ભણ્યા એટલે કહો છો. બાકી આ ત્હમારાજ બાપને જ્યહારે મ્હારા બાપે પરણાવ્યા ત્યહારે શ્લોકોએ ન્હોતા બોલ્યાને કાંઇ નહીં. માત્ર કવિ દલપતરામભાઇની કવિતાઓજ બોલી ગયા હતા. કહો તે વખત ત્હમે હોત તો શું કરત ? માટે એતો એજ. જેમ ચાલતું હોય તેમ ચાલવા દો. બહુ સુધરેલા ન થઇએ ભાઈ ?"

સારંગધરે વાત પડતી મૂકી કે કોણ લમણાઝીક કરે. લગ્ન થઇ રહ્યાં પછી ચોથે દિવસે સારંગધરની ઇચ્છાથી હંસસ્વરૂપ વરકન્યાને ઉપદેશ દે તે નિમિત્તે એક મિજલસ જેવું કરવા ઇચ્છા જણાવી હંસસ્વરૂપને વિનતિ કરી. હંસસ્વરૂપે હા કહી હતી તે પ્રમાણે દિવસ નક્કી કરી બધી તૈયારી કરવા માંડી.

ઉપદેશને દિવસે સારંગધર ઘણીજ હોંસથી સર્વ તૈયારી કરવા મંડયો હતો. ઉપદેશનો વખત રાત્રીનો રાખ્યો હતો. ઘર આગળ પાણી છંટાવ્યું હતું. ચંદરવો તો બાંધેલોજ હતો. એક ન્હાનો સરખો મંડપ નાંખી દીધો હતો. ચારેપાસ મંડપને ફુલનાં તોરણ લટકાવ્યાં હતાં. રવિવર્માનાં અનેક ચિત્ર મૂકી દીધાં હતા. હારમોન્યમ, નરઘાં, ગ્રેમોફોન વિગેરેની સર્વ સામગ્રી આનન્દ આપવા ગોઠવી હતી. સર્વ મિત્રોને ન્હોતર્યાં હતા. શિવશંકરે પણ પોતાનાં સગાંવ્હાલાં, ન્યાતીલાને પણ બોલાવ્યાં હતા બરોબર આઠ વાગે હંસસ્વરૂપ આવ્યા. જ્યોતિ ને સુભગ તો આગળથીજ સારંગધરની મદદે આવ્યા હતા. શરૂવાતમાં સુભગે હારમોનીયમ સાથે મીઠે સ્વરે ગાયન ગાયું પછી ગ્રેમોફોન શરૂ કર્યો. વરવધૂને ફુલના હાર પ્હેરાવી સાથે સાથે બેસાડયાં હતાં.

ત્યાર પછી હંસસ્વરૂપને બોલવાનું શરૂ કરવાનું કહેવાથી તેમણે પ્રભુની સ્તુતિ નીચેનો અભંગ ગાઇ શરૂ કરી.

" તમે પૂર્ણ બ્રહ્મ મંગલ નિધાન,
તમારૂં વિધાન સર્વ સત્ય. ૧
તુલના તમારી નવ કોથી થાય,
કળા ન કળાય કોઇ થકી ૨
રૂષિ મુનિ સર્વ ગાઇને વિરામ્યા,
નહિ કોઇ પામ્યા લક્ષ્ય સ્થળ. ૩
× × ×
નીતિયુક્ત ભક્તિ, માનું મુખ્ય ધર્મ,
પ્રભુ પ્રિય કર્મ કરૂં નિત્ય. ૪
તમારો પ્રભાવ વ્યાપક સમસ્ત,
વરદાયી હસ્ત મૂકો શીશ. ૫
સર્વ દેશદેશે સત્ય ધર્મ ધ્વજા,
ધારે તારી પ્રજા પુણ્યશાલિ. ૬

સત્યનો સદૈવ જય જય થાઓ,
ભક્તજન ગાઓ ગુણ તારા. " ૭

સ્વ. ભોળાનાથ સારાભાઇ.

અભંગ ગાઇ રહ્યા પછી બોલ્યા, ભાઇ સારંગધર ને બ્હેન ઉમાદેવી ? આજથી ત્હમે સંસારમાં એક બીજા સાથે મહા પવિત્ર ગ્રંથીથી ગુંથાયાં છો. ત્હમે એક બીજાના સુખ દુ:ખમાં ભાગીયાં થયાં છો. ઐહિકામુષ્મિક કલ્યાણ ત્હમારૂં થાય હેવી રીત્યે ત્હમારે જગત્‌માં ચાલવાનું છે. એક બીજાનો આત્મા ત્હમે આજથી જોડયો છે. બ્હેન ઉમાદેવી, સ્ત્રીની પવિત્ર ફરજો ત્હને કહી સંભળાવવી એ બીન જરૂરી છે, તું ડાહી છે, સ્હમજુ છે. હેવું, ઉંચ ને પવિત્ર જીવન ગાળજો કે કોઇની મગદૂર ન હોય કે ત્હમારી તરફ આંગળી કરી શકે. એક બીજાના ઉપરથી વિશ્વાસ ઉઠે હેવું કોઇ પણ કાર્ય કરશો નહીં. ભાઇ સારંગધર ? તું ઉમાદેવીનું મન દુભાય તેવું કોઇપણ કૃત્ય ના કરીશ. તું ત્હારી ગૃહસ્થાશ્રમીની જોખમદારી સારી રીત્યે સ્હમજે છે ને ઉમાદેવીમાં કાંઇપણ ન્યૂનતા જણાય તો તેને કેળવી તું નિભાવી લેજે. દિવસે દિવસે એક બીજા પ્રત્યે ત્હમારામાં પ્રેમ વધે ને ત્હમારૂં મંગલ યુગલ સંપમાં, સુખમાં, દિવસો નિર્ગમન કરે હેવી મ્હારી મહાન્ ઈશ્વરને પ્રાર્થના છે.

આટલું બોલી હંસસ્વરૂપ બંધ રહ્યા, પછી સ્હેજસ્હાજ મેવો મીઠાઈ આવ્યું તેનો સત્કાર કરી લઇ બધું મંડળ વિખરાયું.

પ્રકરણ ૧૮ મું.

લગ્ન તિથિ.

આજે વૈશાખ સુદ ૧૨ છે, સુભગનાં લગ્ન થયાં હતાં તેની આ લગ્નતિથિ હતી; સુભગને કલ્યાણીનાં લગ્ન થયે આજ ત્રણ વર્ષ થયાં હતાં. જ્યોતિ, સારંગધર વિગેરેને સુભગે આમંત્રણ કર્યું હતું. સારંગધરને સજોડે આવવા કહ્યું હતું.. સુભગની સ્ત્રી

કલ્યાણીએ પોતાની મ્હેડીમાં, જાત્યજાત્યના તોરણો ભર્યાં હતાં, તે લટકાવ્યા હતા. પોતે એક કળા કરતો મોર રેશમ ઉપર ભર્યો હતો, તેની ગાદી બનાવી હતી તે કોઇ-દિવસ બગડી જાય એમ કરી બ્હાર વાપરવા કહાડતી નહીં તે આજે પોતાની કારીગરી દેખાડવાને બધા આવે તે વખતે ઠીક દેખાય એ ઉદ્દેશથી ખુરશી ઉપર મૂકી હતી. સર્વ ખાવાની ચીજો નવીન નવીન પોતે હાથેજ તૈયાર કરી હતી. ચાંદની રાત્ર નીકળશે તો અગાશીમાં જઈ ઠંડા પવનમાં બેશીને બધી જાત્ય જાત્યની વાનીઓ ખાવામાં લ્હેજત આવશે ધારી અગાશીમાં રંગોળી પુરવાની હતી. પ્હેલાં પાણી પણ સારી રીત્યે છંટાવી અગાશી ઠંડી કરી હતી. ત્યહાં નહીં જેવું ફરનિચર શેતરંજી, એક બે આરામ ખુરશી વિગેરે ગોઠવ્યું હતું. સ્હાંજના છના શુમારે મિત્રોને આવવા આમંત્રણ કર્યું હતું.

સારંગધરને ત્હેની સ્ત્રી સાડા પાંચના આવી પ્હોંચ્યા હતાં. સારંગધરની સ્ત્રી ઉમાદેવી, કલ્યાણી જે રંગોળી પુરતી હતી, ત્હેની પાસે જઇ કહ્યું કલ્યાણી બ્હેન ? લાવોને રંગોળી આ બાકી રહી છે તે હું પુરી દઉં.

કલ્યાણી--ના બ્હેન, જુઓ ત્હમે જોયા કરો હું હમણાં સપાટાબંધ પુરી દઉં છું. વળી પાછાં સારંગધરભાઇને કહેશો કે મ્હને તો ઉમાદેવીએ કામે વળગાડી. કહેવત છે કે " આવી મળવા તો બેસાડી દળવા. " એમ કહી હશી પડી. કહ્યું મશ્કરી કરૂં છું હો. આમાં શું ભારે કામ છે.

ઉમાદેવી--હાસ્તો કાંઇ મ્હને ત્હમારા જેવું આવડે. ત્હમે તો ઘડાએલાં. ને હું તો હજુ આજકાલ્યથી આવી છું.

કલ્યાણી--ના, ના, બ્હેન એમ તે હોય. ત્હમારાં તો ઘણાં વખાણ થાય છે.

એટલામાં સારંગધર આવ્યો ને કલ્યાણીને ઉદ્દેશી કહ્યું. અહો ભાભી આજ તો કાંઈ દાડ કર્યો છે ને શું. આ બધું ત્હમારા મનથીજ કે સુભગભાઇના કહેવાથી.

કલ્યાણી--જેમ સમજો તેમ, ત્હમારે જ્યહાં જેવો રીવાજ હશે તેમ કહેતા હશો.

સુભગ એટલામાં ત્યહાં આવી પ્હોંચ્યો. તેને સારંગધરે પૂછ્યું, કહો તો ખરા આજે લગ્નતિથિ કરી પ્રોગ્રામ શો શો રાખ્યો છે.

સુભગ--જે થાય તે જોયા કર્ય. હવે આવ્યા છો ત કાંઇ એમને એમ તો નહીં જાઓ કે હમે પાછા તો એમને એમ નહી કાઢીએ.

સારંગ—પ્હેલેથી કહીએ તો 'Charm'-એનો મોહ ના રહે કેમ ખરૂં. તેમાં નહી કહેતો હોય.

સુભગ—અરે શું કરવું હતું રહેજ ? બીજું શું હોય, આ હારમોનીયમ છે, ગ્રેમોફોન તો મળ્યું નહીં. થોડું refreshment છે ને પછી તો જો મ્હારાં ભાભી કુમાદેવી કોઇ ગરબી ગાય તો તે આનન્દ મળે બાકી બીજું શું હોય કાંઇ હાથીઘોડા હતા હશે ?

સારંગધર—નારે યાર હજી તો બહુ શરમાળ છે તે ભાગ્યે ગાય.

સુભગ—બીજા ગાય તે સંભળાય ખરૂં કેમ, એતો ત્હમારામાં પાણી જોઈએ પાણી ? આમ વાતો થાય છે એટલામાં જ્યોતિ આવી પ્હોચ્યો. ઘરમાં પેસતાં બોલ્યો, ભાઈ સુભગ ? માફ કરજે હોં. રહેજ મોડું થયું કારણ આજે મ્હારે હંસબાવા સાથે પેલી આંધળા મુંગાને બ્હેરાની સ્કુલમાં જવાનું હતું તેથી વાર થઇ.

સુભગ--એમાં માફ શું માગે છે. શરમાતો નથી, વારૂં પણ ત્હાં શું શું હતું એ તો કહે. મ્હને પણ ઘણા દિવસથી જાઉં જાઉં થતું હતું પણ લાગ ન્હોતો મળતો. યાર મ્હને પ્હેલેથી ખબર કરી હોત તો હું જરૂર આવત.

જ્યોતિ--બધું ત્હાં જોયું પણ એક જે મ્હેં જોયું તે હજુ મ્હારા મનમાંથી વિસરતું નથી. અહાહા ! શું કહું. એક આંધળી ને મુંગી છોકરી ત્યાં છે. ઉમ્મર તો ફક્ત આઠ કે નવ વર્ષની હશે પણ શું ચાલાક છોકરી છે. હેના મ્હોં ઉપર તેજ શું છે. હેની મુખાકૃતિ, હેની અક્કલ બસ દેખતાં ને બોલતાં છોકરાં તો શું પણ મ્હોટા માણસને આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવાં છે. હેની સ્પર્શ શક્તિ બહુજ છે. એક વખત ત્હમારો ઘાંટો સાંભળે ને ત્હમારૂં કાંડું પકડે પછી ત્હમે ગમે ત્યારે જાવ ને બોલ્યા વગર માત્ર ત્હમારો હાથજ હેના હાથમાં ધરો તો એકદમ ત્હમારૂં નામ કહી આપશે. બિચારી છપ્પનીઆમાં રખડતી ભટકતી કોઇ એને મુકી ગયું હતું, ત્હાંથી આ મારતરને હંસબાવાએ સોંપી હતી, તે વખતે તો ત્રણેક વર્ષની હશે, પણ આજે હંસબાવાને માત્ર એમનાં કપડાંનેજ હાથ લગાડી ઓળખી કાઢે છે.

સારંગધર--ચાલ્ય ભાઇ આ પણ એક આશ્ચર્યની વાત ત્હેં કહી. વળી આપણે કાંઇ ફેરી જઇશું. ચાલ્ય ઠીક થયું તું મોડો તો મોડો પણ આ લાભ ત્હને મળ્યો.

જ્યોતિ—બસ મ્હને તો ત્હેની ઉપર બહુજ દયા આવી—હંસબાવાને કહ્યું પણ ખરૂં કે આ છોકરી મ્હોટી થઇ શું કરશે, ત્હેને કાંઈ આપણે ધંધો શીખવીએ તો !

સુભગ--ત્યારે એમણે શું કહ્યું.

જ્યોતિ—એમણે તો કહ્યું કે, એતે કેમ મ્હારા વિચાર બ્હાર હશે. આ છોકરી દરેક જાતનું ભરવા ગુંથવાનું કામ શીખે છે, નેતર ભરતાં જાણે છે. ઘડીઆળના નેતરના અછોડા વિગેરે જાત જાત્યનું કામ કરે છે. આ બધાં સારૂં એક હજુ મ્હોટી સ્કુલ કાઢવી છે જ્યહાં બધી જાત્યનો એમને અનુકુળ રોજગાર શીખવવા મ્હારો વિચાર છે પણ તે પ્હેલાં અમેરિકા-વિલાયત વિગેરે કોઇને મોકલી બધી જાત માહીતી મેળવે કે ત્યહાં કેવી જાત્યનાં Institution સંસ્થાઓ છે. ત્યાર પછી.

સારંગ--તે ત્યહાં કોણ જનાર છે.

જ્યોતિ—કોણ શું વળી. મ્હેં તરત જવા ખુશી જણાવી.

સુભગ--પછી કાંઇ બોલ્યા ?

જ્યોતિ--ના એમણે કહ્યું હું એજ વિચારમાં છું.

સુભગ—સારંગધર-ઠીક યાર ત્યહાં જઇ બધુ જોઈ લવાય તો બહુજ સારૂં.

જ્યોતિ—સાથે સાથે મ્હારો વિચાર તો ‘ Journalistic education ’ ન્યુસપેપરના એડીટરને જે જાણવું જોઇએ જેવી કેળવણી લેવી જોઇએ, તે વિગેરેનો ખાસ અભ્યાસ કરવા ઇચ્છા છે કારણ મ્હારો વિચાર ‘ Daily paper ’ રોજીંદુ પત્ર કાઢવાનો છે તો તેમાં આ શિક્ષણ સહાય્ય થાય-કેમ ત્હમે મ્હને પછીથી Daily paper માં મદદ કરશો કે નહીં ?

સુભગ—સારંગધર-ઘણીજ ખુશીથી.

સુભગ--પણ જ્યોતિ ? એકદમ રોજીંદુ ના કાઢીએ ને શરૂવાતમાં ‘ Weekly ’ અઠવાડીક પેપર કાઢીએ તો કેમ ?

જ્યોતિ—એ વિશે મ્હેં વિચાર કર્યો છે. હંસબાવાને પણ

પૂછ્યું છે. તે કહે છે કે ત્હેમાં શી ધાડ મારવાની હતી. એતો 'Daily' રોજીંદામાંથી તફડનચીનો ધંધો.

સારંગ—વાત તો સાચી ને વળી જ્યારે પૈસાની અનુકુળતા છેતો તું છેક વિલાયત-અમેરિકા જઇ આવીને રોજીંદુ ના કાઢે તો પછી ત્હાં જવું એ શા કામનું.

આમ મિત્રો અંદર અંદર વાતો કરતા હતા એટલામાં હાર્મોનીયમમાંથી ધીમે ધીમે એક ગીત મધુરસ્વર સાથે સંભળાયું. એકદમ બધાનું ધ્યાન એણીપાસ ખેંચાયું ને ત્યહાં ઉઠીને ગયા.

કલ્યાણી એ હાર્મોનીયમ ઉધાડી આ બધાને વાતમાંથી ઉડાડવા વગાડવા માંડયું હતું. બધા જઇ પ્હોંચ્યાને સારંગધર બોલ્યો-વાહ કલ્યાણી ભાભી તમે તો સારૂં વગાડો છે ને શું ?

કલ્યાણી—બીલકુલ નહીં આતો ત્હમને બધાને ખાસ ઉઠાડવા ખાતરજ એક બે કળ આમ તેમ દબાવી હતી. નહીં તો કાંઈ ત્હમારી વાતોનો પાર આવવાનો હતો ?

સારંગ— ત્યહારે ત્હમારે પણ હમારી વાતોમાં ભાગ લેવા આવવું હતું. એ તો ઠીક પણ વગાડો વગાડો બંધ કેમ રહ્યાં ?

કલ્યાણી--ના મ્હને તો બરોબર નથી આવડતું. સ્હેજ વગાડી જાણું છું.

સારંગ--ભાઈ સુભગ ? તું કહે. તું કહીશ તો વગાડશે હમારૂં કહ્યું કાંઇ માને ?

સુભગ--એમ નહીં. ઉમાભાભી વગાડે ને એ ગાય.

'જ્યોતિ--એ ઠીક કહ્યું—ચાલો ત્યહારે હવે શરૂ કરવું જોઇએ. બધા એકમત થયા છીએ. ઉમાદેવીએ હારમોનીયમ વગાડવું શરૂ કર્યું ને કલ્યાણીએ સ્હેજ શરમાતે શરમાતે ધીમે ધીમે ગાવા માંડયું.

" તું બ્હોત ગુમાન ભરી મોરલીયાં ? તું બ્હોત ગુમાન ભરી.
અરે બંસરીયા ? તું બ્હોત ગુમાન ભરી.

× + × ×

જાત ભાત તેરી સબ કો જાને તું જંગલકી લકડીરે
કૃષ્ણ જીવન તુંકો મુખસેં લગતહેં કર સંગત સધરીરે. મો.

× + + +

સારંગ—વાહ વાહ ભાભી ત્હમે તો હમારા સુભગને જ કહેવા માંડયુંને. સુભગની કાળી ભમ્મર વાંસળીની અદેખાઇ આવી કે શું ?

બધાં ખડખડાટ હસી પડ્યાં.

રાત્રી થઈ ગઇ હતી, ચંદ્ર ક્યારનો ઉગ્યો હતો. પવન ઠંડો હતો ને અંદર તાપ લાગવાથી બધાં અગાશીમાં ગયાં. ફરફર પવન આવવા લાગ્યો; કલ્યાણી ને ઉમાદેવી હવે ઉઠીને ખાવાની તૈયારી કરવા ગયાં. મિત્રો પાછા એકલા પડ્યા.

સુભગ—જ્યોતિ ? આજે ત્હેં ન્યુસપેપર વાંચ્યું હતું ?

જ્યોતિ—ના શું કાંઈ નવા સમાચાર છે. ?

સુભગ—હા, હા, આજે (એક લીડરમાં) હતું કે આપણી હરિણપુરની મ્યુનીસીપાલીટીને Elective Franchise નો હક મળ્યો છે.

સારંગ—ઠીક હવે સ્હમજાયું મ્હારા કાકા ગણપતરામ જે મુખત્યારનું કામ કરે છે તે કચરા શેઠને ત્યહાં પેશ નીકળ કરે છે. તે કાંઇ આ સમ્બંધી ઘડભાંજ કરે છે. હવે બધો તાળો મળ્યો.

જ્યોતિ--તે શા માટે ત્યહાં આવ જા કરે છે તે કાંઇ ખબર પડી ?

સારંગ--હા, હા, કચરાશેઠને કાઉન્સીલર બનાવી President નીમવા, ને તેમને સારૂ 'Votes' મત મેળવવા પોતે માથે લેવાના છે. કચરાશેઠની તો બહુ મરજી નથી પણ બધા ચ્હડાવે છે એટલે હા કહેશે એમ લાગે છે.

સુભગ--એ હક મળ્યો તે તો ઘણું સારૂં થયું, પણ ભાઇ હજી આપણે દેશીઓને કેળવાવવાની હજી બહુ વાર છે. હાલ જૂવોજ છોને મામલો મ્યુનીસીપાલીટીઓનો; પછીથી-જો હેવું થાય તો તો શા કામનું.

કલ્યાણીને ઉમાદેવી એટલીવારમાં બધી વાનીઓ પુરીને મ્હોટી મ્હોટી તાસકો લઇને આવ્યાં. અગાશીમાં જાજમ ઉપર જ બધાં બેઠાં, કારણ બધી કોરીજ વસ્તુ હતી. જ્યોતિએ સુભગની લગ્ન તિથિ હમ્મેશ હાવા ઉત્સાહમાં જાય હેવી ઇશ્વરની પ્રાર્થના કરી. સર્વેં પ્રાર્થનામાં ભાગ લીધો ને બધી વાનીઓ વખાણ કરતા કરતા ખાવા લાગ્યા.

કલ્યાણી—જ્યોતિભાઇ ? હવે એક ખામી રહી.

જ્યોતિ—શી ? ને શેની ખામી જણાઇ ?

કલ્યાણી--તમે ક્યારે હમારે ત્યહાં સજોડે આવશો ?

જ્યોતિ—કલ્યાણીભાભી ? હજી ત્હમે અજાણ્યાં છે કે શું ? સુભગે ત્હમને વાતજ નથી કરી. મ્હારો નિશ્ચય તો લગ્ન કરવાનો જ નથી.

કલ્યાણી—વાહ એતો નવાઇનું સાંભળ્યું.

સુભગ—જ્યોતિ ખરૂં કહે છે. હેણે તો નિશ્ચય કર્યો છે. હેની પાસે તે સમ્બન્ધી પૂરતાં કારણો છે ને હમારી દલીલો પણ ત્યહાં વ્યર્થ ગઇ છે.

કલ્યાણી--તેવાં તે શાં મહાભારત કારણો છે.

જ્યોતિ—કલ્યાણી ભાભી ? જૂવો એક તો એક હંસબાવાએ જે જે સંસ્થાઓ ઉભી કરી છે તે બધી મ્હારે સંભાળવાની છે; કારણ હવે એ પોતે વૃદ્ધ થયા છે. બીજું મ્હારે કાંઈ એકજ જગ્યાએ હમ્મેશ રહેવાનું બને એમ નથી. જ્યહાં જ્યહાં હમારી સંસ્થાઓની શાખાઓ છે ત્યહાં ત્યહાં જવું પડવાનું, નવી શાખા ઉઘાડવાની તેથી મુસાફર જેવા જ રહેવાનું અને બીજાં અનેક કારણો છે.

કલ્યાણી--તેમાં શું ? સજોડે બધે ફરજો.

જ્યોતિ--એ કાંઈ ફાવે ? ગૃહસ્થાશ્રમ માંડી બેસવું તેમાં અનેક ઉપાધિઓ નડે, ને દયાનાં કામોમાં અડચણ પડે, માટે હું નિશ્ચય નથીજ ફેરવવાનો. આપણે તો,

"પ્રભો તુજ દ્વારમાં ઉભી જગાવ્યો મ્હેં અહાલેક
જગતના ચોકની વચ્ચે જગાવ્યો મ્હેં અહાલેક."

'છેવટે ખાઇ રહ્યા, પરવાર્યા. રાત્યના અગીઆર વાગી ગયા. એટલે સર્વ વિખરાયાં, જતે જતે સુભગે કહ્યું. જ્યોતિ? હમને બધાંને ફરીથી હંસબાવાના વચનામૃત સાંભળવાનો લાભ નહીં આપો.

જ્યોતિ--ખુશીથી કાલેજ આવજો ? બધાંને લઈને આવજો. કલ્યાણીભાભી ઉમાદેવી વિગેરે બધા આવજો. જરૂર આવજો. એમ કહી જવા માંડયું.

સુભગે મશ્કરી કરી, તમે એકલાં જશો તો હમે બે તમને મુકવા આવીએ.

સારંગધર–હા–વળી પાછા હમે બધાં તમે એકલા જશો એટલે ત્હમને મુકવા આવીશું. આખી રાત્ય એમજ જશે.

બધા હસતા હસતા ઘેર ગયા.

પ્રકરણ ૧૯ મું.

હંસસ્વરૂપનાં વચનામૃત.

બીજે દિવસે ઠરાવ પ્રમાણે હંસસ્વરૂપને ત્યહાં સર્વ મંડળ ભરાયું હતું. સુભગ, કલ્યાણી, સારંગધર, ઉમાદેવી, વગેરેને હંસસ્વરૂપના વચનામૃત સાંભળવા ઘણીજ હોંસ ને ઉત્સાહ હતો.

હંસસ્વરૂપ પૂજામાં બેઠા હતા, ધ્યાનસ્થ હતા. એટલે સર્વ મંડળ વાડીમાં જઈ આમતેમ ફરવા લાગ્યું. વાડીમાં જ્યોતિએ પોતાને હાથે કેટલાક મોગરાને ગુલાબના છોડ ઉગાડયા હતા તેની પ્રશંસા થવા લાગી. વાડીમાં બધે ફરી રહ્યાં એટલે કલ્યાણીએ કહ્યું હાશ, હવે તો થાક લાગ્યો. બેસવા દો.

સારંગ—(મશ્કરીમાં) બહુ નાજુક ખરાંને ! બશ્શેરતો ખાઓ છો ને થાક શેને લાગે છે ?

કલ્યાણી—ભાઇ હા હમે તો ખાવાનાં. ત્હમારા ઘર માફક છે કે, બે રોટલી ખાઇ ઉમાદેવી ઉઠી જાય, પછી હમારે તો ઘર ધંધો કરવાનો રહ્યો તે એમ કેમ પાલવે. એ તો કહેવત છે કે “ ખાય તે ધાય ” અમારે તો બશેર શું પાંચશેર જોઇયે. પણ આજ તો સ્હવારની ઉઠબેશ બહુ થઈ છે તેનો થાક લાગ્યો.

બધાં બે બેન્ચો સ્હામસ્હામી ગોઠવેલી હતી ત્હેના ઉપર બેઠાં ને વાતોએ ચ્હડયાં.

સુભગ--જ્યોતિ ? મ્હારો વિચાર થાય છે કે એક, સ્ત્રીઓનેજ સારૂં ખાસ માસિક કાઢવું.

જ્યોતિ—વિચાર તો બહુ સારો છે. પણ જો હેમાં સ્ત્રીઓ પણ ઉત્સાહથી ભાગ લઈ વખતો વખત મદદ કરી આર્ટિકલ્સ આપે તો પ્રમાણ.

સુભગ--તે તો મ્હને આશા છે કે બની શકશે.

જ્યોતિ--પણ સુભગ ? એ માસિકનો ઉદ્દેશ છેવટનો એવો હોવો જોઇએ કે બંગાળામાં જેમ સ્ત્રીઓજ બધું ઉપાડી લઇ માસિકો ચલાવે છે તેમ આપણે અહિં પણ થાય. શરૂવાતમાંજ માત્ર આપણે સહાય્ય થવું.

સુભગ--ખરી વાત છે પણ હેને ભાઈ હજી વખત લાગશે. આપણે ત્હાં એકદમ સ્ત્રીઓ બ્હાર પડે એમ લાગતું નથી.

સારંગ--ભાઇ જો કરવું ધારે તો હવે કાંઈ પ્હેલા જેવી અડચણો નથી. ઘણા જણ મદદ કરવા મરી ફીટે એમ છે. મ્હને કાંઈ હમણાં હમણાંનું ઉજ્જ્વલ ભવિષ્ય જણાય છે.

જ્યોતિ—પણ શરૂવાતમાં એને મ રે શી ગોઠવણ કરવા ધારી છે.

સુભગ—શરૂવાતમાં તો આપણેજ સાહસ ઉપાડીએ ત્યારે. ને એની (Success) વિજયનો આધાર આપણી શક્તિ ઉપર રહેશે. એમાં કાંઇ આપણે ખાનગી આર્થિક લાભ કરવો નથી. છેવટે તો આપણે આ સંસ્થાનું સઘળું ઉત્પન્ન ' Public property ' સાર્વજનિક મિલકત કરવી છે તો પછી કોઇને શું વાંધો કે કહેવા-પણું રહે એમ છે ?

જ્યોતિ--હું ચાલો મદદ કરવા તૈયાર છું. હંસબાવાને વાત કહીશ ને મ્હને ખાત્રી છે કે પોતે સંમતિ જરૂર આપશે.

હંસસ્વરૂપ એટલામાં પરવારીને બ્હાર આવ્યા ને જ્યોતિને બુમ પાડી બોલાવ્યો.

જ્યોતિ--કેમ હંસબાવા ! હમે જરા વાડીમાં બેઠાં હતાં. સુભગ સારંગધર વિગેરે આવી પ્હોંચ્યાં છે.

હંસસ્વરૂપ—બહુ સારૂં. હું એજ પૂછતો હતો કે હજી કેમ ના આવ્યાં.

બધાં વાડીમાંથી અંદર આવ્યાં ને છાનાં માનાં બેઠાં. સુભગે ને સારંગધરે હંસસ્વરૂપને નમસ્કાર કર્યાં. હંસસ્વરૂપે બધાંનું કુશળ પૂછ્યું ને બોલ્યા. આજે ત્હમે સ્નેહસંમેલન કર્યું તેથી મ્હને આનંદ થયો. મ્હારા મ્હોંએ બે અક્ષર સાંભળવા ત્હમારૂં મંડળ ઉત્સુક છે તે જાણી હું ઉપકૃત થયો છું. ત્હમે જાણો છો કે હું પણ એક ક્ષુલ્લક પ્રાણીજ છું. બાકી તો ત્હમારી શ્રદ્ધાનેજ ધન્ય છે. આમ વાતોએ લાગ્યા. થોડીવાર પછી હંસસ્વરૂપ નીચે પ્રમાણે બોલ્યા.

ભાઇઓ ? આપણને ઘણો વખત અંધશ્રદ્ધા રાખવાનું કહેવામાં આવે છે. ખરી વાત છે કે અંધશ્રદ્ધા વાંધાભરેલી છે પણ એનું પૃથક્કરણ કરીશું તો જણાશે કે એમાં સત્ય રહેલું છે. મનને ખોટા વાદવિવાદથી વિહ્વલ ના કરવું, કારણ વાદવિવાદથી આપણે ઇશ્વરને જોઈ શકીએ નહીં. બધા વાદવિવાદ અમૂક નિયમને આ-

ધારે હોવા જોઇએ. કોઇપણ નિયમવિના વાદવિવાદ હોઈ ના શકે. અમૂક અમૂક સંસવાર્તા જે આપણે જોયેલી ને અનુભવેલી છે તેમની સરખામણી વિચારશક્તિથી થાય છે. જે વાત બાહ્ય ઇંદ્રિયો પરત્વે સત્ય છે તે અંતરની અંદર પણ સત્ય કેમ ના હોઈ શકે? આપણને, અમૂક વાત માનો, એમ કહેવામાં નથી આવતું પણ તે અમૂક વાતો વાદવિવાદથી નહીં પણ અનુભવ આમ છે માટે કહેવામાં આવે છે. જૂવો કે રસાયણશાસ્ત્રી અમૂક ચીજો લે છે ને બીજી ચીજો એમાંથી પેદા કરે છે. આ સત્ય વાત છે. આપણે એ જોઇએ છીએ, એવી રીત્યે દરેક શાસ્ત્રને માટે પણ છે. દરેક જ્ઞાન અમૂક સત્યના ઉપર આધાર રાખે છે. હાલના વખતમાં તો Indifference બેદરકારીપણું ધર્મ પરત્વે થયેલું જણાય છે. ધર્મ માત્ર અનુભવની વાત છે. વાદવિવાદની બીલકુલ વાત નથી. આપણા આત્માનું પૃથક્કરણ કરી તેમાં શું છે તે જાણવાનું છે. ધર્મની વાતો કર્યાથી, ધર્મના ઝગડા કર્યાથી ધર્મ મળતો નથી. સત્ય છે કે અમૂક વાત ત્હમારે માનવીજ એમ કહેવું તે તો મૂર્ખાઈજ છે ને તે મનુષ્યની માનસિક સ્થિતિને નીચું જોવડાવે એવું છે, પણ એ નક્કી માનજો કે ધર્મ માટે જેઓ લ્હડે છે તેમાં સોએ નવાણું જણાએ પોતાના મનનું પૃથક્કરણ કરેલું નથી. સત્ય જાણવા પ્રયાસજ નથી કરેલો હોતો. ધર્મની આ બધી લ્હડાઇ બંધ ત્યારેજ પડશે કે જ્યારે આપણે સ્હમજીશું કે ધર્મ, પુસ્તકો, દેવળો, મંદિરો કે ઇંદ્રિયોમાં નથી રહેલો. ધર્મ માત્ર અનુભવની વાત છે અને જેણે ઇશ્વરને જોયો છે, આત્માને જોયો છે તેજ ધાર્મિક છે બાકીના માત્ર જડવાદી છે; પછી તે ગમે તો મ્હોટો ધર્મગુરૂ હોય ને ધર્મનાં ઢગલેઢગલા પુસ્તકો લખતો હોય. જગતમાં આપણે કહીએ છીએ કે હમે હિંદુ, હમે મુસલમાન, હમે ખ્રિસ્તી છીએ. કરોડમાં એકપણ હિંદુ, મુસલમાન કે ખ્રિસ્તી નથી. બધાજ નાસ્તિક છીયે. પણ જ્યારે જે માણસો ખુલી રીત્યે કહે છે હું નાસ્તિક છું ત્યારે ત્હમે તેની સાથે લ્હડો છો. આપણેજ અંધકારમાં છીએ. આપણે મન ધર્મ માત્ર બુદ્ધિની ખાલી વાત છે. કાંઈજ નથી કહીયે તો ચાલે. ધર્મનાં મૂળતત્ત્વો જાણ્યેથીજ ધર્મની શરૂવાત થશે. હાલ તો સંસાર આપણે માટે શું કહેશે તે બ્હીકને લીધે આપણે નીતિમય જીવન પાળવા પ્રયત્ન કરીયે છીએ.

પશુથી કાંઇ વ્હડતી સ્થિતિ હજી જણાતી નથી. આપણે બગભક્ત છીએ. જ્યારે ખરો ધર્મ અનુભવીશું ત્ય્હારેજ શ્રદ્ધાયુક્ત નીતિને ભક્તિ પળાશે.

જ્ય્હારે આપણે ધર્મ તથા ઇશ્વરને આ બાહ્ય જગત્ જોઇએ છીએ તેનાથી પણ અધિક રીત્યે દેખીશું ત્ય્હારેજ આપણી ઇશ્વર ઉપરની શ્રદ્ધા અડગ થશે, ત્ય્હારેજ ખરો ધર્મ સ્ફુરશે.

હંસસ્વરૂપ આટલું કહી બંધ થયા, ચૂપ રહ્યા. સર્વ મંડળ તલ્લીન થઇ ગયું હતું. સર્વના મનમાં ઔર આનન્દ છવાઇ ગયો હતો. વખત ઘણો થઇ જવાથી હંસસ્વરૂપ નિત્યકર્મ સારૂં ઉઠયા. એટલે જ્યોતિ વિગેરે મંડળ બાગમાં ખુશનુમાં હવા ખાવા આમ તેમ ફરવાને ગયું. આવતી કાલ્યના મ્યુનિસિપાલીટીના ઇલેકશનની વાતો ચાલી તેના ઉપર અભિપ્રાયો અપાવવા મંડાયા. કોણ આ સારૂ કાઉન્સીલર થવા પ્રયત્ન કરે છે વિગેરે વાતો ચાલી. રાત્રી પડવા આવવાથી બધું મંડળ ઘરભણી જવાને તૈયાર થયું.

પ્રકરણ ૨૦ મું.

Election.—ઇલેકશન.

" પ્રભુતાકો સબકો ચહે
પ્રભુકો ચહે ન કોય
તુલસી જો પ્રભુકો ચહે.
આજહી પ્રભુતા હોય. "

હરિણપુર મ્યુનીસીપાલીટીને પ્રમુખ ચુંટવાનો હક પ્રાપ્ત થયો હતો. આને સારૂં ઘણા ઉમેદવાર કાઉન્સીલર થવા બ્હાર પડયા હતા. શ્રીમંત વર્ગમાંથી કચરા શેઠ ઉમેદવાર હતા. સારંગધરનો કાકો ગણપતરામ કચરા શેઠને ત્યાં આવ જા કરતો ને શેઠને સમજાવતો કે તમારે સારૂં હું પ્રયત્ન કરૂં છું. અંદર ખાતે પોતાને પણ કાઉન્સીલર થવું હતું તેથી કચરા શેઠને નામે

હેને પણ લોકો મત આપે એ ધાનત હતી. કાઉન્સીલર થઇ હેની ઘાનત હેમાંથી બે પૈસા કમાવવાની હતી, કચરા શેઠની સામે હેમનીજ જ્ઞાતિનો એક બહુ પૈસાદાર તો નહીં પણ સાધારણ સ્થિતિનો માણસ ગંગાદાસ કરીને ઉભો થયો હતો. બીજા ઉમેદવારો હતા પણ તે તો નામનાજ હતા. ગંગાદાસ માત્ર ઇર્ષાને લઇનેજ ઉમેદવાર થયો હતો. હેના મનમાં હતું કે કચરા શેઠ પૈસાદાર છે તો હેને ઘેર ત્હેમાં હમારે શું! શું કાંઈ હેને હક છે ને બીજાને નહિં. શેઠમાં ફુટી બદામની અક્કલ તો છે નહીં. ઇસ્પીતાલોને ધર્માદામાં પૈસા આપ્યા એટલે પ્રમુખ થવા લાયક ગણાય કે? આમ બોલતો. ગંગાદાસને પણ લાગવગ સારી હતી ને હેની તરફ પણ થોડો જથ્થો હતો. કચરા શેઠની ઇચ્છા તો બહુ નહીં કે ક્યહાં વેપાર રોજગારમાંથી વળી નકામો વખત રોકીએ પણ ગણપતરામના ચ્હડાવવાથી ને પછી તો ગંગાદાસના બોલવાથી શેઠને પણ મમત ચ્હડયો ને ઉઘાડે છોગે ઉભા થયા. નોકર ગુમાસ્તા વિગેરેને છ છ મહીના પ્હેલાંથી શેઠે આ કામો માટે રોકયા હતા. ચડસ બન્ને બાજુ ઉપર વધી પડયો હતો. લોકનું ભલું થાય ને જે યોગ્ય ગૃહસ્થ હોય તેને નીમવાની વાત તો આઘી રહી પણ હમારો ફલાણો પ્રમુખ થાય તેને માટે હમારે પ્રયત્ન કરવાનો છે એમ થઇ ગયું. બે મહીના ચુંટણીના રહ્યા. એટલે ગંગાદાસે પોતે તથા મળતીઆઓએ ચકલે ચકલે ને પોળે પોળે રાત ને દિવસ લોકોને ભાષણો આપવા માંડયા. ભાઇઓ જૂવો જે કમ્મર કશી લોકોના ભલા સારૂ કામ કરવા તૈયાર હોય તેનેજ પ્રમુખ નીમવો જોઈએ. પૈસાદારોને કાંઇ લોકોની ગરજ નથી હોતી. એતો હજાર કામમાંથી લોકોની ફરિયાદ પ્રમુખ થયા પછી કાંઇ સાભળવાના નહીં. ને પોતાનાંજ માણસોના લાભનાં કામો કરવાના કચરા શેઠના માણસો પણ રાત્રેને દહાડે આમ ભાષણો આપવા મંડી જતા. લોકોને સમજાવતા કે સરકાર દરબારમાં પૈસાદારનાં વજન પડવાનાં ને શહેરનું ભલું હેમને હાથેજ થયું છે ને હજી થવાનું માટે આપણે ઉપકારની લાગણીથી પણ હેમનેજ મત આપવો જોઇએ. કોઇ કોઇ વખત બન્ને બાજુનાં માણસો એક જગ્યાએ એકઠાં થઇ જતાં. અંદર અંદર બોલંબોલા થતી. કેટલીક વખત વાત વધી પડતી ને લાકડીઓનો, પથરાઓનો છુટથી ઉપયોગ થતો. વકીલો

રોકાતા ને મામલો કોર્ટે ચડતો. વળી કેટલાક કેસો અંદર અંદર સમજુતી થતા, પાછા ખેંચી લેવામાં આવતા. વારંટો ને સમન્સોનું કાર્ય સરકારને ઘેર વધી પડયું. ગંગાદાસ લોકોને પોતાની જાત મેહેનત કરી લોકનું ભલું કરવાનાં વચનો આપતો. કોઈ કચરા શેઠની તરફ મત આપનાર છે ખબર પડતાં તેને ત્યાં માણસો મોકલતો. વગસગ લગાડતો, મત પોતાને આપવા હા ભણાવતો. એક પોળના લોકો મંડયા કે પોળની પરબડી કરી આપો, બીજા કહે કુવાને કઠેરો ને ઢાંકણું કરી આપો વળી ત્રીજા કહે પોળનાં બારણાં કરી આપો. વળી કોઇ કહે હજાર મણ બાજરી ધર્માદામાં આપો તો તમને મત આપીએ. હાવી રીત્યે કેટલીક જગ્યાએ ગજા પ્રમાણે ગંગાદાસ મમતને લઇને કરી આપવા વચન આપતો. વળી વધારે પાકું કામ થવા સારૂં કેટલીક પોળના લોક તો ચોખ્ખું મ્હોંએ મ્હડી કહેતા કે બ્હાંનાના રૂપીઆ ૫૦) મૂકો તો માનીએ. તેમને બ્હાંનાના રૂપીઆ પણ અપાતા. આ બધું માન અકરામની ખાતર કરવામાં આવતું. કચરા શેઠના માણસોને જ્યારે આ વાતની ખબર પડતી કે તરત તે તે જગ્યાએ જતા ને ગંગાદાસનાં માણસો જે જે સરતો કરતા તેથી દોઢી કબુલ કરી આવતા ને આપતા પણ ખરા. શેઠ તરફથી આ બધી ગોઠવણ કરવા ગણપત રામ રાત્ય દિવસ મંડયો રહેતો. ધીમે ધીમે જેમ ચુંટણીના દિવસો પાસે આવવા માંડયા તેમ તેમ વાત વધી પડવા માંડી. બન્ને બાજુના માણસો પોતાના મત આપનારને સ્હામા વાળો ફોડે નહીં તેટલા માટે સીપાઇઓનું કામ કરવા લાગ્યા. આખી રાત્ય ચોકી પેરા કરતા, રોન ફરતા. સ્હવારના પ્હોરમાં પાછા બાતમીદારો મત વાળાઓનાં લીસ્ટ જે જે જેના ભાગમાં આવ્યા હોય તે પોતપોતાના આગેવાનને જઇને આપી આવતાને ખેરીયાત કહી આવતા. થોડા દિવસ તો આમ ચાલ્યું પણ પછી ગંગાદાસે કાબુલીઓ રાખ્યા ને હુકમ એમને કરેલો કે જ્યહાં જ્યહાં સ્હામાવાળાઓને દેખો ત્યહાં ડંડા ઉછાળવા ને તોફાન કરી સ્હામા વાળાને ફાવવા દેવા નહીં, તેમનાં કામમાં ખલેલ પ્હોંચાડવી. એક રાત્રે, આજે તોફાન થવાનું છે એમ વાતો ચાલી રહી હતી. કચરા શેઠ તરફથી પણ કાબુલીઓ રાખવામાં આવ્યાને તોફાન થાય તો પાછી પ્હાની ના કાઢવા પીઠ ઠોકાઇ હતી. તેજ રાત્રે સરીઆમ રસ્તા ઉપર

બન્ને બાજુના માણસો મળ્યાં, એક બીજાને આગળ જવા માર્ગ ના આપવા રક ઝક થઇ. રકઝક કરતે કરતે ગાલી પ્રદાન ચાલ્યાંને ઈસારત થતાંજ ઉપડયા. કાબુલીઆએ બન્ને બાજુનાં માથાં ફોડયાં લોક પોલીસને બોલાવવા દોડયું ને પોલીસ આવી પ્હોંચતાં કેટલુંક લોક તો વાત વધી ગઇ જાણી ઘેર જઇ પથારી ભેગા થઈ ગયા, જાણે કાંઇ જાણતાજ નથી. કેટલાકને પોલીસે પકડયા. કાબુલીઓને પણ પોલીસે પકડયા. રાત્યની રાત્ય તો ગેટ ઉપરજ રાખ્યા. ગંગાદાસને ને શેઠને રાતો રાત હકીકત બધી પ્હોંચી ગઈ. રાત્રે ને રાત્રે વકીલોનાં ઘર ખોળાયાં, ઉઘડાવ્યા. ને સલાહો લેવાઈ. વકીલોએ પોતાનું કામ નક્કી કરી લીધું. કોથળીનાં મ્હોં છોડાવ્યાં. ફીકર નહી કેસ જીતીશું, જખ મારે છે એમ હિમ્મત આપી. ઇજા થયેલાં માણસોને ઇસ્પીતાલમાં લઇ જવામાં આવ્યાં. ડાકતરોનાં સર્ટીફીકટ લીધાં સ્હવારે બધો કેસ કોર્ટમાં ગયો. માજીસ્ટ્રેટના ઉપર, શેઠે અને ગંગાદાસે વગસગો ચલાવી. શેઠની વગ વધી ગઇ. કોઇને ખોટુ ના લગાડવા ખાતર માજીસ્ટ્રેટે કેસ જોઇ જે ન્યાય પુર:સર હશે તે કરવા કહ્યું. કચરા શેઠ માત્ર સારા સારા લોકને પોતાના સમોવડીઆઓને ત્હાંજ માત્ર પોતાને મત આપવા કહેવા જતા. કેટલાકને તો શેઠ માત્ર ચીઠી લખીજ મત આપવા કહેતાજ. કોર્ટમાં કેસ ચાલતાં કાબુલીઓજ તકસીરવાર જણાયા ને દંડ થયો, દંડ ના આપે તો કેદ ભોગવે એમ થયું.

એક બાજુ કોર્ટમાં કેસ ચાલતો હતો ને બીજી બાજુ તેજ દિવસે ચુંટણીનું કામ સ્હવારથી શરૂ કરવામાં આવ્યું હતું. બન્ને બાજુ તરફથી ભાડાની ગાડીઓ મતવાળાને બેસાડી મત આપવાંની જગ્યાએ લઈ આવવા રાખી હતી. ભાડાની ગાડીઓવાળાઓએ ભાવ વધારી દીધા હતા. તેમને એકના બે આપવા પાછી પાની ન્હોતી કરી. ચાર પાંચ દિવસ સારૂ ગાડીઓ બંધાઇ ગઇ હતી. માત્ર જુજ ગાડીઓજ બાકી રહી હતી તેથી બીજા લોકોને સ્ટેશન વિગેરે સ્થળે જવા સારૂ મ્હો માંગ્યા નાણું આપવાં પડતાં હતાં. મત લેવાની જગ્યાએ આજે એક મંડપ નાંખી દીધો હતો. તેમાં ખુરશીઓ ટેબલ ગોઠવાઇ ગયા હતાં. મત લેનાર અમલદાર વર્ગ સ્હવારથી ત્હાં હાજર થઇ ગયા હતા. પોલીસનો બંદોબસ્ત મંડપ આસપાસ રખાવ્યો હતો. સ્હામે છુટી જગ્યા ઉપર બન્ને બાજુ

તરફથી શમીયાણા ને તંબુઓ નંખાયા હતા. મત આપવા આવનાર સારૂ સોડા, લેમોનેડ, રીફ્રેશમેન્ટ વિગેરે સાહિત્ય તૈયારજ હતું. તેમની બરદાશ સારી કરવામાં આવતી હતી. એક મેળા જેવો દેખાવ થઇ રહ્યો હતો. મત આપવા જેજે આવતા તેને બન્ને બાજુવાળા પોતાના તરફના નામવાળા છાપેલાં કાર્ડ આપતા, કેટલાક બન્ને કાર્ડ લેતા કેટલાક એકજ લેતા વધારે ઉત્સાહી એક બીજા તરફથી લાગણી દેખાડવા જેના તરફ વોટ ન આપવાનો હોય તેનું કાર્ડ લઇ તેમના દેખતાંજ ફાડી નાંખતા એટલે તકરાર થતી. કેટલાક કર ભરનારા જેમને વાંચતાં લખતાં ના આવડતું તેમને બન્ને બાજુવાળા હાથ ઝાલી પોતાની ભણી તાણુતા ને અંદર લઇ જતા. બન્નેના મતો ઉપરા ઉપરી આવવાં માંડયા. બ્હાર ખોટી ગપ્પો ઉડવા માંડી કે હમારી બાજુના વધારે મત છે. પડીકમાં એ વાત શમી જતી ને બીજી બાજુના મત વધી પડયા એમ સંભળાતું. કેટલાકને વોટ શબ્દ ઇંગ્રેજી ભણેલા નહીં તેથી આવડતો નહીં તે ગાડીમાં બેશી આવતા ને કહેતા " હમારે હોઠ ક્યહાં આપવાનો છે ? "—ગંગાદાસ તરફના વોટની સંખ્યા દિવસ જતાં ઓછી આવવા માંડી એટલે હેની તરફના બેચાર જણા સંતલસ કરીને ઉપડયા. બે ગાડીવાળાને બોલાવી હેમાં બેશી શેહેરમાં નાઠા ને બે ચાર મરદને રાંડી રાંડનો વેષ પ્હેરાવી, ઘુમટો તણાવી વોટ આપવા લઇ આવ્યા. વોટ લેવાયા પણ ખરા. મોડેથી શક પડયો, ચેં પેં થઈ પણ હવે શું થાય ? સ્હાંજ પડવા આવી ત્યહાં સુધી નિશ્ચય થયો નહીં કે કોણ જીત ઉપર છે. સ્હાંજના છનો અમલ થયો ને ગણત્રી પ્રમાણે કચરાશેઠ તરફ મતની સંખ્યા વધતી જણાઇ. કેટલી તે નિર્ણય ના થયો પણ આશરે એકાવનનો આશરો જણાયો. મતના કાગળીઆની પેટી બંધ થઇ સીલ થઇ પોલીસના પેરા સાથે અમલદાર તે લઇ મ્યુનીસીપાલીટીમાં ગયા. લોકનું ટોળું કેટલાક ગાડીઓ દોડાવતા કેટલા ચાલતા મ્યુનીસીપાલીટીમાં ગયા. ત્યહાં મીટીંગ મળી મતનાં કાગળીયાં ગણાયાં. કચરાશેઠના મત વધી ગયા, તેથી તે કાઉન્સીલર નીમાયા. ગંગાદાસ તરફનાં માણસો ને ગંગાદાસ સર્વે નિરાશ થયા. મ્હોં લેવાઇ ગયાં. મ્હેનત, પૈશો, ને વખત બરબાદ ગયાં. કચરાશેઠ તરફના માણસો ખુશાલીથી ગાંડા જેવા થઇ ગયા ને કેટલાક

વધારે ઉત્સાહી હતા તેમણે એક વરઘોડા જેવું કાઢી શેઠને વાજતે ગાજતે ઘેર લઇ જવા નિશ્ચય કર્યો. શેઠની સંમતિ અડધીપડધી લીધી. વાજાવાળાને લઈ આવ્યા. એક બગી લાવ્યા. ફુલના હાર તોરા કલગીઓ તાબડતોબ બધું હાજર થઇ ગયું ને મ્યુનીસીપલ હોલમાંથી કચરાશેઠને વાજતેગાજતે ઘેર લઇ ગયા. રસ્તે લોકની ઠઠ જામી હતી. અડધાપડધા જે ગંગાદાસ તરફ હતા તે બોલ્યા આપણે તો જાણતાજ હતા કે બળીયા સાથે બાથ ભીડે ક્યહાંથી ફવાય, આપણે તો મ્હોંડે પણ કહ્યું હતું. ગંગાદાસ તરફના માણસોએ વરઘોડામાં ખલેલ પ્હોંચાડવાની તજવીજ કરવા માંડી પણ ફાવ્યા નહીં. કારણ હવે હેની તરફ હતા તે પણ કચરા શેઠ તરફ થઇ ગયા. જાણે પ્હેલેથીજ શેઠ તરફ હોય તેમ શેઠની નજરે પડે તેમ બંદોબસ્ત કરવા મંડી પડયા. ગંગાદાસના માણસો શેઠનાં માણસોને ખુશી થતાં જોઇ ઇર્ષ્યાના માર્યા બોલવા લાગ્યા કાંઈ એમ કાઉન્સીલર થયાથી પ્રમુખ થઇ જવાશે કે ? મત કેમ મળ્યા છે તે હમે જાણીએ છીએ. હજી વાર છે કહેજો ત્હમારા શેઠને ગંગાદાસ તરફથી ફોજદારી તો થઇ ગઇ હવે દીવાનીમાં ફરિયાદ કરી કે મત લેવામાં ગરબડ થઇ છે. મરી ગયેલા માણસોના મત અપાયા છે વિગેરે અનેક જાતની ગરબડ થઇ છે, માટે તપાસ કરવી જોઇએ એવી ફરિયાદ થઇ. કેસની મુદત પડી. તે દરમ્યાન પાછાં વકીલોનાં ઘર શોધાયાં. કેસ ચાલ્યો પણ કાંઇ સાબીત થયું નહીં ઉલટું પોતાની તરફનું કેટલુંક ભોપાળું સ્હામાના વકીલે ખુલ્લું કરવા માંડયું. છેવટે ના ફાવ્યા ત્યારે કોર્ટમાંથી નીકળતાં લોકો બોલ્યાં હવે ઠીક છે. આ ફેરી ફાવી ગયા પણ આવતી ફેરી જોઈ લઇશું. કચરા શેઠે પોતાનાં માણસોને ઇનામો વ્હેંચ્યા ને મ્હેનતનો બદલો વાળ્યો. ગણપતરામના છોકરાને મ્યુનીસીપાલીટીમાં નોકર રખાવ્યો. સહુ સહુને ઠેકાણે વેરાઇ ગયું. સ્વરાજ્ય મળ્યું જાણી ફુલાયા. ન્યાયી, ભલા મર્હુમ લોર્ડ રીપનની સુસંસ્થાનો ઉપયોગ આ પ્રમાણે થયો જાણી સુજ્ઞોને ઘણું લાગી આવ્યું.

પ્રકરણ ૨૧ મું.

પ્રયાણ.

શિવાસ્તે પન્થાનઃ

હંસસ્વરૂપનું અનુમોદન લઇ જ્યોતિ પાશ્ચિમાત્ય દેશોમાં મુસાફરીએ જવા તૈયારી કરવા લાગ્યો. પાશ્ચિમાત્ય દેશોની સંસ્થાઓ જોવા, તેનો અભ્યાસ કરવા, તેવી સંસ્થાઓ અહીંની સ્થિતિને અનુકુળ આવે તે પ્રમાણે અહીં પણ તેવી સંસ્થાઓ સ્થાપવા આ પ્રયાણ કરવા નિશ્ચય થયો હતો. પાશ્ચિમાત્ય દેશોમાં ફરવાને શી શી તજવીજો કરવી જોઇએ, ક્યહાં ક્યહાં થઇ જવાનું છે વિગેરેની માહિતી કેટલાક પુસ્તકોદ્વારા તથા જે લોકો તે દેશમાં જઇ આવ્યા હતા તેમના દ્વારા જ્યોતિ તૈયારી કરવા લાગ્યો હતો, અનુભવ લેતો હતો. થોમસ કુક એન્ડ સન્સનું "The Traveller" નામનું માસિક ચોપાનીયું તેને માટે તે મંગાવતો. જે જે સરસામાન જોઇએ તેની બધી તૈયારીઓ બે ચાર માસથી કરવા માંડી હતી. સ્ટીમરમાં જે જે કપડાંલત્તાં જોઇએ તેજ માત્ર તૈયાર કરાવ્યાં. બહુ ભાર સાથે લઇ જવાની અહીંથી જરૂર ન્હોતી કારણ અહીંથી જે ઘણું ખરૂં લઇ જવામાં આવે છે તે બધું ત્યહાં નકામું પડે છે. સ્ટીમરનો પેસેજ ફર્સ્ટ કલાસનો લીધો હતો (અ, બર્થ) "અ" કલાસની જગ્યા ખાસ પોતાને સારૂ ખાલી રખાવી હતી. આવતા જતાનોજ પેસેજ લીધો હતો કારણ તે બે વરસ સુધી ચાલે તેમ હતો. જતાં પ્હેલાં શરૂવાતના થોડા દિવસો મિત્રો, ઓળખીતા વીગેરેને મળવામાં જતો હતો. જતાં પ્હેલાં ઇસ્પીતાલના દરેક દર્દી પાસે જઇ આવ્યો. દરેકની ખબરો પુછી જે જે નિરાશ્રીતોની એ ખબર હમ્મેશ લેતો તે સર્વને મળ્યો. જઇ આવ્યા પછી દરેકને પાશ્ચિમાત્ય દેશોની મુસાફરી કરી આવ્યા પછી તે સ્થિતિ પ્રમાણે ત્હેમની રહેવાની ગોઠવણ કરવામાં આવશે હેવી આશા આપવા લાગ્યો. ઉત્તેજનનાં વચનો કહ્યાં. આજ આ મિત્રને ત્યાં ચાહપાર્ટી અપાતી તો કાલ્યે બીજાને ત્યહાં એમ નિત્ય ગુંથાયેલો રહેણ. હંસસ્વરૂપ પાશ્ચિમાત્ય દેશોમાં કેવી વર્તણુંક રાખવી, કેવી

રીત્યે રેહેવું વિગેરે શિક્ષણ રાત્રીએ બબ્બે ઘડી આપતા. છેવટે જ-વાનો દિવસ આવી પ્હોંચ્યો. જ્યોતિએ મિત્રોને પોતાને ત્હાંજ આજે જમવા બોલાવ્યા હતા ને તેમને સહકુટુમ્બ આવવા આમંત્રણ કર્યાં હતા. જ્યોતિને આજે આનન્દ થતો હતો, કારણ પશ્ચિમના દેશો જોવાશે અનેક જાતીના રીત્ય રીવાજો જોવાશે જ્ઞાન સંપાદન થશે ને તેના લાભ દેશને અપાશે. જ્યોતિ રહાંજના મેલમાં ઉપડવાનો હતો. મિત્રો જમવાને આવેલા બધા ત્હાંજ હતા. રહાંજ પડી જ્યોતિએ તૈયારી કરી. હંસસ્વરૂપે બારણા અગળ જ્યોતિના રહામા ઉભા રહી આ-શીર્વાદના વચનો કહ્યાં ને માથે હાથ મૂકયો. કપાળમાં કંકુનો ચાંલ્લો પોતાના હાથે કર્યો. ફુલનો હાર પ્હેરાવ્યો. સારંગધર ને સુભગે પણ અકેકો હાર પ્હેરાવ્યો. ને કલ્યાણી તથા ઉમાદેવીએ કુશળ ઈચ્છ્યુ. મિત્રો સહિત જ્યોતિ સ્ટેશને મેલ ઉપર ગયો. ગામના સંભાવિત ગૃહસ્થો, કચરાશેઠ વિગેરે ત્હાં આવ્યા હતા. ટ્રેન આવી પ્હોંચી કે પોર્ટરે એક રીઝર્વ્ડ કરેલા ફર્સ્ટકલાસના ખાનામાં સામાન મૂકયો. પાછળથી કેટલાક આવી પ્હોંચ્યા. તેમણે જ્યોતિને સ્ટેશન ઉપર બીજા હાર પ્હેરાવ્યા. જ્યોતિએ સર્વને નમસ્કાર કર્યા. સુભગ, સા-રંગધરને જે જે સ્થળે જશે ત્હાંથી અકેકો પત્ર લખવાનું વચન આપ્યું તેમાં ત્હાંની હકીકત લખવાને પણ વચન આપ્યું. હંસ-સ્વરૂપને તથા મિત્રોને પોતાનું અહીંયાનું કાર્ય નિયમિત રીત્યે કરવા ભલામણ કરી. ટ્રેનનો શીશોટો વાગ્યો, ગાર્ડે શીશોડી વગાડી ને ત્રેન ઉપડી, મિત્રના વિયોગને લઇને સુભગ ને સારંગધરની આંખ્યો રહેજ ભીની થઇ. હંસસ્વરૂપ આંખ્યો મીંચી ગળગળા જેવા થઈ ગયા ને જતે જતે પાછો આશીર્વાદ આપ્યો.

આપણે પણ જ્યોતિ જ્યહાં જ્યહાં જાય ત્હાંજ હમણાં જવાનું છે ને તેને તેના નિર્માણ કરેલા સ્થળે મૂકીને પછીજ આપણે અહીં આવીશું. મિત્રોને હંસસ્વરૂપ જ્યોતિ સાથે ના ગયા પણ આપણે તો હેની સાથેજ રહેજ તે દેશોની ઝાંખી કરવા જઈશું.

બંદર ઉપર રીત્ય મુજબ દાક્તરી તપાસ થઇ. લગેજ વિગેરે જંતુનાશક દવાઓથી છંટાયા, પલંગ્યા, બોટમાં બેશી સર્વ ઉતા-રૂઓએ સ્ટીમર ભણી પ્રયાણ કર્યું. સ્ટીમર ઉપર જઇ પો-તાની જગ્યા પ્હેલી જોઈ લીધી. ત્યહાં પોતાની પાસે જોઇતો સામાન મુકાવી દઈ, પોતે ડેક ઉપર ગયો. હવે સ્ટીમર ઉપડવાની વખત

થઇ હતી. ડેક ઉપર જઈ બંદર તરફ મ્હોં ફેરવી ઉભો રહયો. સ્ટીમર ઉપડી ને જ્યહાં સૂધી બંદરના કીનારા ઉપરનાં મકાનો દેખાયાં ત્યહાં સૂધી એ બાજુએજ જોયા કર્યું. સ્વદેશ છોડતાં હૃદયમાં અનેક વિચારો આવ્યા. પણ વળી નવા દેશો જોઈશું એ ઉત્સાહને લીધે એ વિચારો ડૂબી ગયા. સ્ટીમર સડસડાટ પાણી કાપતી ચાલતી જતી હતી. થોડીવાર સૂધી તો આસપાસ જમીનને ઝાડો જણાયાં. પણ પછી તો ઉપર આકાશ નીચે ચોગરદમ ભૂરૂ પાણીજ જણાવવા માંડયું. વચ્ચે વચ્ચે કોઇ ઉંચે નિર્મળ ભુરા આકાશમાં પક્ષી ઉડતું જણાતું. થોડે સૂધી તો કેટલાંક પક્ષી સ્ટીમરની સાથે સાથે ચાલતાં જણાયાં પણ હવે તો પાણીને આકાશ તે સિવાય કાંઇ દેખાતું નહોતું. ડેક ઉપરથી પોતાની જગ્યા ઉપર પાછો ગયો.

સ્વદેશ છોડયાથી અજાણ્યાજ લોકોની અંદર આવવાથી કોઇ સાથે બોલવાનો પ્રસંગ ન મળવાથી ઘર સાંભર્યું, મિત્રો સાંભર્યા, હંસસ્વરૂપ સતસંગી વિગેરે સાંભર્યા ને હૃદય ક્ષોભ પામવા માંડયું. વિચારો ઉપર વિચારો છુટયા. વળી પાછા શમી ગયા. સ્હાંજ પડી પોતાની બેઠકેથી બ્હાર આવ્યો. ડેક ઉપર ગયો તો ત્યહાં પોતાનાજ દેશના બે ચાર મનુષ્યો મળ્યા. બે પારસી હતા ને બીજા બે ખોજા હતા. જન્મ ધરી એક બીજાને કોઇ દિવસ દેખ્યા નહોતા. મનુષ્ય રીવાજ હેવો છે કે પરદેશ જતા હોઈએ અથવા પરદેશમાંજ એક દેશના કે એક ગામના એકઠા થાય છે ત્યહારે એક બીજા તરફ પ્રેમ થાય છે ને વગર ઓળખાણે જાણે ગાઢ મિત્ર હોય તેમ વાતો કરવા હૃદયના ઉભરા કાઢવા મનુષ્ય તત્પર થાય છે. મનચેરજી નામના પારસીએ જ્યોતિને પૂછયું, માસ્તર કહાં જાઓછ ?

જ્યોતિ--હું સાહેબ જર્મની જવાનો છું. પણ પેરિસ વિગેરે સ્થળોએ થઈ પછી જર્મની જઈશ ને ત્યહાંથી અમેરિકા જવાનો વિચાર છે પણ તે તો બનશે તો. ને જાપાન જઇ આવીશ પછી હિંદુસ્થાન આવીશ.

અરદેશર--ત્યારે તો સાહેબ સ્હોખની ખાતરજ જતા હોસો કે કાંઇ વેપાર કાજે ?

જ્યોતિ--નાજી વ્હેપાર સારૂં નહિં. મુસાફરીના શોખથી

તથા રોજીંદા પેપર કેમ ચલાવવાં એ વિગેરેની માહિતી લેવા જાઊં છું. આપ કયાં ને શા સારૂ જાઓ છો ?

મનચેરજી--એવણુ તો I. M. S. આઈ. એમ. એસ થવા જાયછે. હું બેરીસ્ટર થવા જાઊંછે. તમુને મીસ્તર ધનેજ સરસ 'Idea' (વિચાર) આયોછ હં–જોવની આપની આવેર તો તમારૂં હિનદુઓનું એકબી ધીકતું પેપર દેઇસી નથી. અથવાદીક તો તોપરે તોપરાં છે પન તમેજ સરૂઆત કરસો તો ઘનુંજ સરસ છે. 'I like it very much' મ્હને બહુ ગમેછ.

આ વાત દરમ્યાન ડેક ઉપર દેશીઓને દેખી બે ખોજા હતા તે પણ ત્યહાં આવેલા હતા.

હાજીહબીબ--સાહેબજી. આપ જર્મની જાઓ છો તો મ્હેરબાની કરી જો પુરસદ મળે તો મારૂં એક કામ મ્હેરબાની કરીને નહીં કરો ?

જયોતિ--કહોને ખુશીથી.

હાજી—ત્યહાં સ્કીમર સ્કીમર એન્ડ કંપનીમાં ગલાસવેરના કનતરાકટ એક વરસ સારૂં આપવાનો છે તો સુ ભાવે છે તેની તપાસ કરસો તો મ્હેરબાની થશે.

જયોતિ--જરૂર હું તપાસ કરીશ પણ તમને ક્યહાં ખબર આપવી મ્હારે ?

હાજી—જૂવોની સાહેબ હું ને આ હમારા ભાઈ જાનમહમ્મદ ઇંગ્લંદમાં છાપવાના કાગલોનો કનતરાકટ કરવા જઇએ છીએ તે ત્યહાંથી જર્મની જઇ આવવા વિચાર છે તે હમે સપ્ટેમ્બર તા. ૫ મીએ ત્હાં આવીશું એટલે આપને બે અકસર લખી જનાવીશું.

જયોતિએ બહુ સારૂં કહી સ્કીમર કંપનીનું નામ ઠામ લખી લીધું.

જાનમહમ્મદ—સાહેબ આપ કાંઇ રોજીંદા પેપરની વાત કરતા હતા તો આપ પાછા ફરો ત્યહારે છાપવાના કાગલો હમારી પાસેથીજ લેજો. હમે સાહેબ સસતે દરે આપીશું.

જયોતિ—વાહ ઘણી ખુશીથી જો ભાવ ને માલ સારો હશે તો પછી શા સારૂ બીજે જઇશું.

આટલી વાત થઇ ને સંધ્યા પડી ગઇ. જયોતિ સૂર્ય તરફ એકી નજરે જોઇ રહ્યો. દરિયાના પાણીમાં જાણે ડુબી જતો હોય તેમ જણાયો. એક વખત જે પુરુષ તેજસ્વી હોય તે તેજહીન થાય તો શું તેને પાણીમાં આમ ડુબી જવું પડતું હશે !

* * * *

કેટલેક દિવસે જ્યોતિ જર્મની જઇ પ્હોચ્યો ત્હાં ઠરી ઠામ થતાં સુભગ, સારંગધરને હંસસ્વરૂપને કાગળો લખ્યા ને લખ્યું કે,

પ્રિયભાઈ સુભગ તથા સારંગધર.

સુખરૂપ દરિયાઇ મુસાફરી કરી હું અહીં આવી પ્હોચ્યો છું. સ્ટીમર ઉપર કેટલાક દિવસ તો મ્હને કાંઈ ચ્હેન પડયું નહીં કારણ ઉંચે આકાશને નીચે જળ શિવાય કાંઇજ જોવાનું નહોતું. ને તેમાં પણ સહૃદય વર્ગ કોઇ ના હોવાથી ઘણોજ મુંઝાતો હતો; પરંતુ સ્વદેશના બેચાર જણ સ્ટીમરમાં હતા એટલે ધીમે ધીમે તેમની સાથે પરિચય થતાં દિવસ જવા માંડયા. પ્રિય સુભગ! પાશ્ચિમાત્ય દેશોની પ્રવૃત્તિની વાત ત્હને શું કહું ? પ્હેલાં તો હમે જીબ્રોલ્ટર આગળ આવી પ્હોચ્યા ને જોઉંછું તો અહીંયાં મહાન્ ઇંગ્રેજ પ્રજાએ એક અભેદ્યકિલ્લો બાંધેલો છે. દરિયાઇ લસ્કર અહિં રાખેલું છે. જીબ્રોલ્ટર એ દરિયાઈ માર્ગની કુંચી છે ઇંગ્રેજ પ્રજા અહી પ્રબળ છે છતાં જ્યહાં જોઇએ ત્યહાં ફ્રેન્ચ લોક નજરે પડે છે. ત્યહાંથી પછી થોડા દિવસમાં હુ ફ્રાન્સ દેશમાં ગયો ને તેનું મુખ્ય શેહેર પેરિસ જોવા ગયો. પેરિસ, પ્રિય સારંગધર ! ત્હને તો છોડવુંજ ના ગમે હેવું સુશોભિત શેહેર છે. પેરિસ 'garden of Heaven' સ્વર્ગનો બાગ કહેવાય છે. લોકો શુરવીર જણાય છે મોજીલા શોખીલા છે તેની સાથે 'Hell on Earth,' પૃથ્વિ ઉપર નર્ક પણ છે. સેંકડે પુણોસો ટકા અનીતિને રસ્તે દોરવાયલા જણાય છે. અહિં પ્રજાસત્તાક રાજ્ય છે. અહીંની પોલીસ મશહુર છે. અહિં થોડા દિવસ રહી હું જર્મનીના મુખ્ય શેહેર બર્લીનમાં આવ્યો છું. અહિંની હકીકત હવે બીજા કાગળમાં લખીશ. હંસબાવાની સંભાળ લેતા રહેજો કારણ હવે એ વૃદ્ધ થયા છે. હેમને હેમના કામમાં મદદ આપજો. સુભગ ? મ્હને કોઇકોઇ વખત એમ થાય છે કે આપણે ત્રણે અહીં સાથે હોત તો કેવી મજા પડત ? હંસબાવા સાથે હોત તો કેવી મદદ મળત, પણ તમે બન્ને મિત્રો ના આવ્યા તે ઠીક કર્યું. કારણ મ્હારી કલ્યાણી ભાભીને ઉમાભાભી વખતે વાંધો નાંખત, ને અહીંયાં તમે હોત ત્યહાં સુધી કાગળો લખી લખી તમારો ડુચો કાઢત, ને તમારો પણ કાગળો લખવામાંજ વખત જાત. ત્યહાં ઇસ્પીતાલનાં દર્દીઓ તથા બીજાં અનાથોને ભૂલશો નહીં.

લી. સ્નેહાંકિત જ્યોતિ.

પ્રકરણ ૨૨ મુ.

સુભગની કોલેજ.

સુભગના પિતા જાનકીપ્રસાદને કચરાશેઠ જાત્રાએ ગયા હતા તે પોતાની સાથે ભણેલો બ્રાહ્મણ જાણીને હેને લઇ ગયા હતા. જાનકીપ્રસાદ પોતે પણ હવે વૃદ્ધ થયા કરીને જાત્રાની ઇચ્છા બહુ કરતા હતા. બાકી બીલાડી સો ઊંદર મારી પાટ બેઠી હતી. કચરા શેઠ સાથે જવાનો લાગ મળ્યાથી, જાનકીપ્રસાદ સ્ત્રીને પણ સાથે લઈ ગયા હતા. સુભગ હવે ઘરમાં એકલો હતો. એ ને હેની સ્ત્રી એક રીતે નિરાંતે રહેતાં હતાં. એક દિવસ બપોરે સુભગ જમી ખાઇને ખુરશી ઉપર પડ્યો પડ્યો Educational system in the West. 'પશ્ચિમની કેળવણી પદ્ધતિ' ઉપરનું પુસ્તક વાંચતો હતો. કલ્યાણી સ્હામે હીંચકા ઉપર બેઠી બેઠી અનાથ આશ્રમમાં જન્મેલા એક બાળક સારૂં ઉનનું ઝભલું ભરતી હતી.

સુભગ મનમાં બોલ્યો હજી સારંગધર કેમ ના આવ્યો.

એટલામાં ટપાલવાળો બોલ્યો, "સુભગરાય"–કલ્યાણી નીચે જઇ કાગળ લઇ આવી. બે કાગળ એકજ અક્ષરના હતા. કાગળ લાવીને સુભગને આપ્યો. સુભગે અક્ષર જોઈ કહ્યું આ તો જ્યોતિના છે. મ્હારા કાગળનો જવાબ લાગે છે. કાગળ ફોડ્યો ને વાંચવા માંડ્યું. આ એક કાગળ તો પહેલેથી લખી રાખ્યો લાગે છે ને બીજો મ્હારો તરત પ્હોંચ્યો હશે, ને પછી લખ્યો લાગે છે.

કલ્યાણી—શું લખે છે, ત્યહાંની કાંઇ નવાજુની છે.?

સુભગ––આ પ્હેલા કાગળમાં તો હજી જર્મની જઇ પ્હોંચ્યા સૂધીનું લખ્યું છે, લ્યો વાંચો. ને આ બીજો હવે જોઉં શું લખે છે.

કલ્યાણી––હામાં તો હજી કાંઇ તમે જે કોલેજ કાઢવાનો વિચાર કરો છો તેનું તો કાંઇ નથી.

સુભગ—તે ત્હેમાં ક્યહાંથી હોય. આ રહ્યું એ તો હામાં. જો હું વાંચું છું

પ્રિય મિત્ર સુભગ તથા સારંગધર,

ત્હમારા કાગળો પ્હોંચ્યા, તે પ્હેલાં મ્હેં એક કાગળ લખી રાખ્યો હતો તેમાં જર્મનીમાં આવ્યા પછીની હકીકત લખવા વચન આપ્યું હતું. ત્હારા કાગળમાં ત્હારો વિચાર એક કાલેજ કાઢવાનો છે તે ઘણો સારો છે. મ્હારી બનતી મદદ આપવા હું ખુશી છું. અહીંની પદ્ધતિ નજરે જોઈ તેમ ઈંગ્લંડ, જાપાન વિગેરે સ્થળે શી પદ્ધતિ છે તે જોઈ ઉપયોગી સૂચના કરવા કહ્યું તે ધ્યાનમાંજ હતું. મનોમન સાક્ષી છે. મ્હને પણ એજ વિચાર આવ્યા હતા. કેટલીક સંસ્થાઓ જોઈ છે. ત્હાં અહીં પશ્ચિમ જેવી કેળવણીની પદ્ધતિ હોય તો ઘણોજ લાભ થાય. કારણ હાલ આપણે ત્હાં ‘Examination System’ ચાલે છે પરીક્ષાની પદ્ધતિજ ચાલે છે. ‘Teaching Universities’ શીખવનારી પાઠશાળાઓ જેવી પદ્ધતિ નથી વળી અહીંયાં પરીક્ષાઓ થાય છે પણ તે બધા વિષયો સામટા નથી લેવાતા. કકડે કકડે (By compartments) વિષયોની પરીક્ષા થાય છે. અભ્યાસકને ઘણુંજ સરળ પડે છે. મગજ ઉપર બહુ બોજો નથી રહેતો. ને દરેક વિષય ઘણો પાકો થાય છે. અહીંની કાલેજોના નીતિ નિયમો, શિક્ષણ વિગેરે ઘણુંજ ઊંચા પ્રકારનું છે. ગુરૂ ને શિષ્ય વચ્ચે ઘણો સારો સંબંધ હોય છે.

બીજું ગઈ કાલ્યે મ્હને એક અલભ્ય લાભ થયો હતો. અહીંની ઇસ્પીતાલો જોવા હું ગયો હતો. તેમાં એક ડોકટર પેન્ઝે-ન્ચેસ્ટરની ઇસ્પીતાલ જોઇને હું તો દિઙ્મૂઢજ બની ગયો. ઇસ્પી-તાલમાંજ એક ઇલાયદુ ભવ્ય મકાન કર્યું છે. આ દાક્તર આંખ્યના દરદોમાં એકકો છે. બધા પાશ્ચિમાત્ય દેશોમાં બલ્કે મ્હને કેહેવા દે કે આખી પૃથ્વી ઉપર હેના જેવો કોઈ બાહોશ નથી. એના હાથ તળે પણ હુંશીયાર મદદનીશો એણે રાખ્યા છે. તે આપણે અહીંયાં જેને સહુથી હુંશીયાર કહીએ તેને પણ ટપ્પી જાય એવા છે. આ-પણે ત્હાં જેમ બને છે તેમ દાક્તર એકદમ દવા કરવા મંડી જતો નથી. પ્હેલાં તો પૂર્ણ રીત્યે દરદીને તપાસે છે ને મટશે એમ લાગે તોજ દવા કરે છે. આ દાક્તરની ઘરાકીની શી વાત કહું. એને દરેક દરદી સાથે વાત કરવાનો પણ ફક્ત બે મીનીટજ વખત મળે છે પણ એ બે મિનિટમાં એની તપાસ ચોક્કસ કરે છે. ફક્ત દિ-વસના એકાદ હજાર રૂપીઆ હેને મળે છે. દેશપરદેશથી દરદીઓ અહીં આવે છે. તેમની માવજત ઉત્તમ પ્રકારની થાય છે ને બધાંજ કહું તો ચાલે સુધરીને જાય છે. આ દાક્તરને મ્હેં હિંદુ-

સ્થાન આવી રહેવા કહ્યું ને કહ્યું કે જો ત્હાં આવો તો ત્હમે આથી પણ વધારે કમાઇ શકો. તેણે કહ્યું હું આવું તો ખરો પણ ત્હાં મ્હને નાટક વિગેરેની ગમ્મતો ના મળે ભાઈ સારંગધર ? આપણે ત્હાં નાટક થાય છઁ એવાં ના સ્હમજતો હોં. અહિંયા તો મહા વિદ્વાન ને કેળવાયલા લોકો એકટર તરીકે કામ કરે છે. પ્રજા અહીં પણ શોખીન છે. જ્યહાં જ્યહાં જઇએ ત્હાં બાગ બગીચા, ફુવારા ને પ્રજાને આનન્દ સાથે શિક્ષણ મળે તેવી સંસ્થાઓ રાજ્ય તરફથી કરવામાં આવેલી છે. અહિંની વાદ્યકળા સારંગધર જો તું જૂવે ને સાંભળે તો હું ધારૂં છું, તું ગાંડોતૂર બને. આપણું ગાયનશાસ્ત્ર જો કે ઘણુંજ ખીલેલું છે પણ અહિંની પણ જૂદીજ મજા છે. આ દેશમાં સંધિવા, લકવો, વિગેરેના દર્દીઓ ઘણા આવે છે કારણ અહિં કુદરતિ પાણીના ઝરા હેવા છે કે જેમાં હેવાં દર્દ મટાડવાની શક્તિ છે. મુસાફરી શું છે ને કેમ કરવી તે જેટલું પશ્ચિમના લોકો જાણે તેટલું આપણે ત્હાં કોઇજ જાણતું નથી. આપણે સ્હમજીએ છીએ કે પુષ્કળ પૈસા વિના મુસાફરી થાયજ નહીં. આણી પાસ હેમાંનું કાંઈજ નથી. સાધારણ સ્થિતિના લોકો પણ મુસાફરી કરે છે. આનન્દ સાથે ગમ્મત, શિક્ષણ કેમ લેવું તે અહિંના લોકો સારી રીત્યે જાણે છે. આવતી કાલ્યે અહિંના એક અગ્રણી ન્યુસપેપરના એડીટરને મળવાનું રાખ્યું છે. હેની સંસ્થાનો પૂર્ણ ખ્યાલ મળશે એમ આશા છે. ભાઈ સુભગ ! ત્હારી કોલેજને સારૂં તું ત્હાં તૈયારી કરતો રહેજે. હંસબાવાને મળજે, હેમની પણ સલાહ લેજે ને હું આવીશ પછી આપણે ધમધોકાર કામ ચલાવીશું. હાલ તો સર્વને મ્હારા નમસ્કાર કહેજે. ઉમા ભાભી તથા કલ્યાણી ભાભીને આ દેશોની કાંઇક કાંઇક માહિતી આપતા રહેજો ને હેમની આંતર્વૃત્તિઓ ખીલવી ત્હમારી સાથે ઘસડવા પ્રયત્ન કરજો.

લી. ત્હમારો સ્નેહાધિન.

જ્યોતિ.

કાગળ વંચાતો હતો એટલામાં સારંગધર આવી પ્હોચ્યો.

સુભગે વાંચતાં બંધ રહી કહ્યું, જ્યોતિના કાગળો આવ્યા છે તે વાંચી સંભળાવું છું.

સારંગધર-હું એજ વિચાર કરતો હતો કે આજે મેલડે છે તે કાગળ આવવોજ જોઇએ.

સુભગ-મ્હેં કોલેજ કાઢવા સમ્બંધી જ્યોતિને લખ્યું હતું તેનો જવાબ કર્યો છે.

સારંગધર—જો આપણે ધારીએ છે હેવી કોલેજ થાય તો એક ખામી તો દૂર થાય.

કલ્યાણી--ઉમા ભાભીને કેમ ના લેતા આવ્યા?

સારંગ--મ્હેં આવવાનું તો કહ્યું પણ હમણા પેલો ઇનામી નિબંધ લખવા માંડયો છે ને મ્હારાં માશીજી આવ્યાં છે તેમની પાસે પાછું જવું છે કારણ તેમણે બે ચાર વાનીઓ સરસ કેમ થાય, તે શિખવવાનું કહ્યું છે તેથી ત્ય્હાં જવું છે. એટલે આવવાનું માંડી વાળ્યું. પણ ત્હમે આ શું લઇ બેઠાં છો?

કલ્યાણી—આતો હમે ગઇ કાલે અનાથાશ્રમમાં ગયાં હતાં ત્ય્હાં પેલી બાઇનું ન્હાનું છોકરૂં છે તેને માટે ઝભલું ભરૂ છું. મ્હને તો બિચારી ઉપર બહુ દયા આવી.

સુભગ--સારંગધર? કાલ્યે આપણે હંસસ્વરૂપને મળી બધી હકીકત કોલેજ વિષે જણાવીને સલાહ લઇએ એમ હું ધારૂં છું.

સારંગ—હું પણ કેટલાક દિવસથી હમણાં નથી મળી શકયો તે જવા વિચારજ કરતો હતો.

સુભગ—સારંગધર? આ વખતનું સ્ત્રીઓનું માસિક વાંચ્યુ?

સારંગ—હા, હવે તો ત્હેમાં ઘણું ખરૂં સ્ત્રીઓનાજ લખેલા વિષય આવે છે. ને તે પણ કેટલાક તો ઘણા સારા છે.

સુભગ—પણ મ્હને લાગે છે હજી હેમાં સુધારો થાય તો સારૂં.

સારંગ--કેવો સુધારો કહે છે?

સુરંગ—હાલ તો માત્ર પુખ્ત ઉમ્મરની સ્ત્રીઓને વાંચવા લાયક બહુ આવે છે પણ ભવિષ્યમાં જે સ્ત્રીઓ થનાર છે, ગૃહસ્થાશ્રમી થનાર છે તેમને માટે જે જે જોઇએ તે બધું પૂરૂં પાડી શકાય તો સારૂં.

સારંગ--ત્ય્હારે કલ્યાણી ભાભીને કહે ને કે કંઇક એ તરફ પ્રયાસ કરે. એ લખી તો સારૂં જાણે છે.

કલ્યાણી—વિચાર છે પણ એકદમ ઉછળતું પગલું ભરી લખું ને બરાબર લખાય નહીં તો નકામી મશ્કરી થાય.

સારંગ--ને વખતે લખ્યું ને એ સરસ થયું તો?

કલ્યાણી--તો શું લોકો વળી એમ પણ કહેશે કે એ તો ભાયડાઓએ લખી આપ્યું હશે.

સારંગ--સુભગ-એ પણ પુરૂષ વર્ગની ઈર્ષ્યાજને ? પોતાથી ના લખાય ને બીજા લખે એટલે બળી જાય.

સુભગ--ત્યારે કાંઈ જગતને મ્હોંડે ઢાંકણું દેવા જવાશે ? એ બોલતા થાકશે એ તો શરૂવાતમાં એમજ ટીકાઓ થાય.

સારંગ--અરે ટીકાઓ ભલેને થાય. આપણે હેવું હેવું સાંભળવા રહીએ તો પારજ ના આવે. જખ મારે છે. ચારે દહાડે એના એ બોલનારાજ વખાણશે, મનમાં તો હાલે સ્હમજતાજ હશે ને.

સુભગ--ચાલ્ય હવે સ્હાંજ પડી જરા બાગમાં આંટો મારી આવીએ.

સારંગ--હા ચાલ્ય આજ એણી પાસજ ફરવા નીકળીએ.

પ્રકરણ ૨૩ મું.

એક ભીખારણ.

જ્યોતિના ગયા પછી હંસસ્વરૂપને કામ વધારે પ્હોંચતું હતું પણ કામનો કેટલોક ભાગ હેમણે સતસંગીને સોંપ્યો હતો ને બીજું તો સુભગ તથા સારંગધરે ઉપાડી લીધું હતું. છતાં દરરોજ નવી નવી જાત્યનાં દુઃખી મનુષ્યોનાં દુઃખ દૂર કરવાના પ્રસંગો આવતા. વૃદ્ધ છતાં પોતે બધે પ્હોંચી વળવા પ્રયત્ન કરતા હતા.

એક દિવસ હંસસ્વરૂપને ખબર પડી કે મોતીરામની સ્ત્રી મુદત પૂરી થવાથી જેલમાંથી છુટી છે. હેમણે તજવીજ કરાવી કે જ્યારે હવે તે છુટી છે તો બિચારી ધણી વિના એકલી કોઈની મદદ વગર ક્યાં ભટકશે માટે મદદ કરીએ; હેવા હેતુથી જેલ ઉપર ખબર કઢાવી કે મોતીરામ વિશીવાળાની સ્ત્રીએ પોતાનું ઠામ ઠેકાણું હવેથી શું લખાવ્યું છે ? કારણ જે જે કેદીને છોડવામાં આવતા તે ક્યહાં જનાર છે તેની નોંધ ત્યહાં રહેતી હતી. ખબર મળી કે તે તો હેને દેશ જવાની છે એમ કહ્યું હતું તેણીએ શોણી-

તપુર ગામનું નામ લખાવ્યું છે. આ વાતની ખબર પડ્યા પછી નિશ્ચિંત થયા. ત્યાર પછી એક દિવસ પોતે બ્હારથી આવતા હતા ત્હાં સ્હામેથી એક ભીખારણ રસ્તે જતા લોક પાસે ભીખ માંગતી આવતી દીઠી. અત્યારે સંધ્યાકાળ થયો હતો ને રસ્તા ઉપર મ્યુનીસીપાલીટીના ફાનસો સળગવા માંડયાં હતા. આ બાઇ ભીખ માંગતે માંગતે સોડીઉં વાળીને એક ફાનસના થાંભલા પાછળ ઉભી રહી. હંસસ્વરૂપ ત્હાં આવી પ્હોંચ્યા ને કોઈ ભીખારણ નિરાશ થઇ ઉભી છે એમ જણાતાં પોતે તેની તરફ ગયા. જેમ જેમ તે પાસે ગયા તેમ તેમ પેલી ભીખારણ મ્હોં ઢાંકતી આઘે આઘે જવા માંડી. હંસસ્વરૂપે તેને ધાંટો પાડી ઉભી રાખી કહ્યું, કે બાઇ તું કોણ છે હું ત્હને કંઇ આપવા માંગુ છું. મ્હેં ત્હને રસ્તે જનાર પાસે માંગતી જોઇ તેથી તું કોઈ દુઃખી બાઇ છે જાણી ત્હને કાંઈ મદદ થાય તો કરવા ખુશી છું. ભીખારણે ઘુમટો ખેંચેલો રાખીનેજ કહ્યું કે જો કાંઇ આપશો તો ત્હમારૂં ભગવાન ભલું કરશે. ભીખારણનો ધાંટો હંસસ્વરૂપને કાંઇ પરિચિત લાગ્યો પણ બરાબર ઓળખાયો નહીં તેથી વધારે પાસે જઈ પૂછયું કે બાઇ ? ત્હારે કોઇ બીજાું છે કે નહીં ?

ભીખારણ–ભાઇ હું તો એકલી છું. હતાં ત્હારે તો બધાં એ હતાં પણ કરમ સંજોગે આ સ્થિતિ આવી છે.

હંસસ્વરૂપ—બાઇ તું કોઇ ભીખારણ જણાતી નથી. મ્હને તારો ધાંટો પરિચિત લાગે છે. તું જો હું ભૂલતો ના હોઉ તો એક મોતીરામ ચિશીવાળો હતો તેની સ્ત્રી તો ના હોય ? ખોટું ના લગાડીશ બાઇ ?

શકરી ભીખારણ—મહારાજ ? ત્હમે મ્હને બરોબર ઓળખી કાઢી છે એમ બોલી તે રોઇ પડી, આગળ બોલી શકી નહીં

હંસસ્વરૂપ—બાઈ ? ગભરાઇશ નહીં. તું જેલમાંથી છુટી તે મ્હને ખબર પડી હતી ને મ્હેં ત્હારી ખબર પણ કઢાવી હતી પણ તું તો ત્હારે ગામ ગઈ છે એમ સમાચાર મળ્યા.

શકરી—મહારાજ ગામ તો ગઇ હતી. અહીંથી દસ ગાઉ ઉપરજ ગામ છે. હું શોણીતપુરની છું પણ ગામમાં કોણ હોય ? પીયરમાં કોઇ નથી રહ્યું. ધણીનાં પાપે હું સપડાઈ. હું તો ધણું વારતી પણ મ્હારૂં શું ચાલે ?

હંસસ્વરૂપ--બાઇ શકરી ? હવે જે થયું તે થયું. આમ ભીખ માગે શું વળશે ? કાંઇ મહેનત મજુરી કર્ય ને ઉદ્યમ કરી રોટલો કાઢય.

શકરી—મહારાજ ? ગામમાં બધાં ઓળખે છે. કોઇ મજુરી આપતું નથી. બધાંએ ઘરમાં ઘાલીને કામ કરાવતાં ડરે છે કે રખે ને કાંઇ ચોરી ચપાટી જાય. મ્હેં તો જન્મારામાં એવું કામ કર્યું નથી પણ છીંડે ચ્હડયું તે ચોર. બાકી મજુરી મળે તો પછી ભીખ કોણ માંગે ?

હંસસ્વરૂપે હિમ્મત આપીને પોતાની સાથે આવવા કહ્યું. શકરીને લઇ પોતે ઇસ્પીતાલમાં ગયા, ત્હાં તેને સ્ત્રી વોર્ડમાં વાશીદુ કાઢવા ઉપર મહીને પાંચ રૂપીઆના પગારથી રખાવીને પેટીએ, દર્દીના ખોરાકમાંથી હેનું નીકળે એમ ગોઠવણ કરી આપી.

શકરી—મહારાજ ? હું અભાગિણી આજ સૂધી સ્હમજતી ન્હોતી પણ ત્હમે તો પ્રભુ છો. એમ કહી પગે પડી. પછી પૂછયું મહારાજ ? અમારે ત્હાં હતા એ જયોતિભાઇ ખુશીમાં તો છે ? બહુજ નરમ છોકરો હતો.

હંસસ્વરૂપ--હા બાઇ. જયોતિ તો હાલ વિલાયત ભણી ગયો છે તે જયારે આવશે ત્હારે ત્હને સારી જગ્યાએ મૂકશે. હું ત્હારે માટે ભલામણ કરીશ.

ઉપરની વાતની બધી હકીકત હંસસ્વરૂપે જયોતિને કાગળમાં લખી જણાવી હતી, ને આજે ત્હેના કાગળની વાટય જોઇનેજ મઢુલીમાં બેઠા બેઠા કઠોપનિષદ્ વાંચતા હતાં. એટલામાં સુભગને સારંગધર આવી પ્હોંચ્યા અને હંસસ્વરૂપને નમસ્કાર કરી બેઠા.

હંસસ્વરૂપ—અહો ભાઈ સારંગધર તું તો હમણાનો કાંઈ જણાયોજ નથી !

સારંગ—હાજી હું જરા કામમાં રોકાયો હતો.

સુભગ--હમે તો આપની પાસે આ જયોતિનો કાગળ આવ્યો છે તે સમાચાર કહેવા આવ્યા છીએ.

હંસ—મ્હારે પણ આજે આવવો તો જોઇએ. કાગળમાં શું લખે છે?

સુભગ--હાલ તો એ જર્મનીમાં છે. ત્હાંની ઇસ્પીતાલો વિગેરે જોયું છે. મ્હેં એક કોલેજ અહીં કાઢવા સમ્બંધી હેને લખી પૂછાવ્યું હતું, તે વિશે પણ હેણે લખ્યું છે કે તે પૂર્ણ મળતો છે પણ આપની સલાહને સંમતિ લેવા સૂચવ્યું છે.

હંસ—ઉંચા ધોરણ ઉપર કોલેજ કાઢો. દરેક પ્રોફેસર કાંઇક સ્વાર્થ સાથે પરમાર્થ કરવા તત્પર હોય હેવા રાખો. નિયમ પશ્ચિમના દેશોમાં છે તે પ્રમાણે રાખો. ત્હાંની જે જે અનુકુળ પડે તે તે પદ્ધતિઓ ગૃહણ કરો ને ખાસ કરી તું, જ્યોતિ, ને સારંગધર વિગેરે પૂર્ણ ઉત્સાહથી કામ ઉપાડી લ્યો તો કાંઇ વાંધો નથી. હું બધી મદદ આપીશ.

સારંગધર—હાજી હમે એજ ધોરણ રાખવા વિચાર કર્યોછે.

હંસ—ભાઈ સારંગધર ? સાચું છે કે હમે બધા અત્યારે શરૂવાત છે માટે ઉત્સાહ જણાવો છો પણ પાછળથી જ્હાં અડચણો આવશે, વિઘ્નો આવશે એટલે હમે નરમ થઇ જવાના માટે પ્હેલેથી પાકો વિચાર કરી ઉભા થજો.

સુભગ—જ્યોતિ, હું વિગેરે ઘણા વખતથી આ વિશે વિચાર કરતા હતા. પણ જ્યોતિનું કહેવું હેવું હતું કે એ પાશ્ચિમાત્ય દેશોમાં જઇ આવે ને ત્હાંની પદ્ધતિ નજરો નજર જોઈ આવે ત્યારપછી કામ ઉભું કરવું એટલે હવે કાંઈ વાંધો જણાતો નથી.

હંસ--તો ઘણું સારૂં. હું ખુશી થયો.

એટલામાં ટપાલવાળાએ આવી હંસસ્વરૂપના હાથમાં એક કાગળ મૂકયો. કાગળ જોઈ હંસસ્વરૂપ બોલ્યા, જૂવો હું કહેતો હતો ને કે આજે જરૂર કાગળ જ્યોતિનો આવવો જોઇએ.

કાગળ ફોડીને પોતે સુભગને આપ્યો કે લે આ મ્હને વાંચી સંભળાવ. મ્હારે આંખ્ય તાણવી પડે છે. સુભગે કાગળ લીધો ને વાંચવા માંડયું.

પૂજ્ય સ્વરૂપ મુરબ્બી હંસબાવા ને ભાઇ સતસંગી.

તમારો કાગળ મ્હને પ્હોંચ્યો છે. મ્હને બધી અનુકુળતા થઇ છે. મ્હારા ઉપર કૃપા કરી અહીંના એક અગ્રણી ન્યુસપેપરના એડીટરે પોતાની આખી સંસ્થાથી મ્હને વાકેફ કર્યો છે. આજ ૭ મહીનાથી હું તે સમ્બન્ધી માહિતી મેળવું છું. એડીટર એક મહા વિદ્વાન પુરુષ છે. ઘણો જ સરળ સ્વભાવનો છે. મનુષ્યના સામાન્ય દુર્ગુણો, ઇર્ષ્યા, અભિમાન, દંભ ઇત્યાદિથી રહિત છે. તમે લખ્યું છે કે મોતીરામની સ્ત્રી જેલમાંથી છુટી છે ને ભીખ માંગતી હતી તેને ઇસ્પીતાલમાં રાખી છે, ને તે પશ્ચાતાપ કરે છે. તમે હેને ઇસ્પીતાલમાં રાખી તેથી હું ઘણો જ ખુશી થયો છું.

સારંગધર અને સુભગ વખતો વખત આવતા રહેતા હશે. સુભગ એક કોલેજ કાઢવાનો વિચાર રાખે છે. હું તેને માટે જોઈતી માહીતી મેળવું છું. હંસબાવા ? ત્હમે બનતી મદદ હાલ સુભગને આપજો. સતસંગીએ અભ્યાસ વધાર્યો હશે. આ પત્ર ત્હમને પ્હોચશે તે વખતે હું ઈંગ્લાંડ ગયો હોઇશ. અહીંના ન્યુસ પેપરના એડીટરે મ્હને બધે ફેરવીને દેખાડયું છે. હેના એક ભવ્ય મકાનનુંજ જો વર્ણન આપું તોજ માત્ર એક પુસ્તક થાય. પોતાના હાથ નીચે લગભગ બીજા ત્રીસેક સબએડીટરો છે. દરેક ખાતાનો એક એક જણુ ઉપરી નીમ્યો છે, બધુંજ કામ ઇલેકટ્રીસીટી (વીજળીની શક્તિ) થી કરવામાં આવે છે. છાપખાનામાં બસેં બસેં માઇલ સૂધીના ટેલીફોન રાખેલા છે. કોઇ પણ ખબર ઘણા થોડા વખતમાંજ મળી શકે છે. મ્હેં એડીટરને પૂછ્યું કે અમેરિકા, હિંદુસ્થાન, ઇંગ્લાંડ વિગેરે સ્થળોએ કોઇ પણ બનાવ બને છે તે ત્હમે અહીંયાં એક કલાકમાં ત્હમારા પેપરમાં છાપી બ્હાર પાડો છો એ કેમ બને છે? એણે કહ્યું કે જૂવો બેસો હમણાજ એક બનાવ ફ્રાન્સમાં બન્યો છે. એક સાહસિક નરે (air-ship) પવન પાવડીમાં બેશી ડોવરની ખાડી ઓળંગી ઇંગ્લાંડમાં પ્રયાણ કર્યું છે. પોતે થોડીવાર એક ટેલીફોન આગળ જઈ આવ્યો. થોડીજ વારમાં ન્યુસપેપરનું એક પાનું આવ્યું તેમાં તે ખાડી ઓળંગનારની છબી તથા તેનું જીવનચરિત તથા તે કેવી રીત્યે ક્યહાંથી ઉડયો, કેટલા વખતમાં ઇંગ્લાંડમાં કીયે સ્થળે ઉતર્યો વિગેરે સર્વ ખબર તૈયાર છાપેલી હતી. આનું કારણ પૂછતાં હેણે કહ્યું કે હમે એક માણસ માત્ર બધી જાત્યની છબીઓ ઉતારનારો રાખેલો છે. આખી પૃથ્વિના મહાન્ પુરુષોની હમે છબીઓ રાખીએ છીએ. તેમનાં ટુંક જીવનચરિત રાખીએ છીએ. ખબરો તાર દ્વારા હમને કલાક કલાક અડધા અડધા કલાકે હમેશ મળતી રહે છે. સુભગ તથા સારંગધરને આ કાગળ વંચાવજો. હંસબાવા ? અહિંની પ્રવૃત્તિ, અહિંની વિદ્યાની હું શું વાત લખું. લખ્યું લખાય એમ નથી. પંચમહાભૂતને તો આ પાશ્ચિમાત્ય દેશોના લોકોએ જાણે ગુલામ બનાવ્યો હોય તેમ તે તેમની તાબેદારી ઉઠાવે છે. આપણા દેશમાં તો આનો સોમો ભાગ પણ નથી. હવે તો ઇંગ્લાન્ડ જઈ ત્ય્હાંની મહાન્ પ્રજાની થોડીક ખબરો લખીશ. હવે મ્હારે પાછા ફરવાને થોડોજ વખત બાકી છે.

લી૦ ત્હમારા જ્યોતિના પ્રણામ.

જ્યોતિનો કાગળ વંચાઈ રહ્યો..

સારંગધર—હંસસ્વરૂપજી ? મ્હેં તો હમણાજ જાણ્યું મોતીરામની સ્ત્રી છુટી છે. આપે ઈસ્પીતાલમાં રાખી તે સારૂં કર્યું. પણ હવે મોતીરામ ક્યારે છુટવાનો'?

હંસસ્વરૂપ—મોતીરામની પણ મુદ્દત પુરી થવા આવી છે. થોડા વખત પછી છુટશે. હવે તો એ બહુ નરમ થયો છે.

સુભગને સારંગધરે પછી હંસસ્વરૂપની જવાની રજા લીધી ને ત્હાંથી નીકળ્યા. સારંગધરે કહ્યું સુભગ ? હવે આમેને આમે ચાલ્ય ને મ્હારે ત્હાં, આપણે કોલેજ વિશે વિચાર ચલાવીએ.

સારંગધર—હા, ચાલો—એ વિશે હવે ઢીલ કરવી નહીં કારણ જ્યોતિ પણ થોડા વખતમાં આવી પ્હોંચશે.

પ્રકરણ ૨૪ મું.

જ્યોતિનો કાગળ.

સારંગધરને ઘેર આવી બન્ને મિત્રો કપડાં ઉતારી બેઠા. સારંગધર હીંચકા ઉપર લાંબો થઇને સૂતો ને સુભગ એક આરામ ખુરશી પડી હતી ત્હાં બેઠો.

સુભગ—સારંગધર ? તું અહીંયાં કોલેજની વાતો કરવા લાગ્યો છે ને આમ લાંબો થઇ સૂતોને ઊંઘવાનો ડોળ કરે છે તે કેમ ચાલે ?

સારંગ—તું ત્હારે જે બોલવું હોય તે બોલ્ય ને. હું બધું સાંભળું છું. ત્હને જવાબ ના દઉં તો કહેજે.

સુભગ—પણ આમ બેઠો થાને લક્ષ દેતો વાત થાયને ?

સારંગ—હું તો વિચાર કરૂંછું કે મકાન કરવું તે ક્યહાં ?

સુભગ—મ્હેં એક જગ્યા શોધી રાખી છે. સોંઘામાં મળશે. બધી જાતની સગવડ ત્યહાં થશે.

સારંગ—ક્યહાં એ જગ્યા આવી ?

સુભગ—તળાવની પેલી બાજુએ તે દિવસે આપણે નહિ પેલી ઝાડાની ઘટામાં બેઠા હતા તેની સ્હામેજ છુટી જગ્યા છે તે.

સારંગ—ઠીક જગ્યા તો સારી છે. સુભગ ? મ્હને એક વિચાર આવે છે કે આપણે આ કાલેજ તો કરીશું પણ સ્ત્રીઓ સારૂં હાવી કાલેજની વ્યવસ્થા ના થાય ?

સુભગ—સ્ત્રીઓ સારૂં એ થાય, શા સારૂં ના થાય ? પણ હજી તે કેવા પ્રકારની જોઇએ, શા શા વિષયો ત્યહાં શિખવવા જોઇએ વિગેરે ઘણા ગુંચવાડા છે ને મ્હને તો લાગે છે કે હજી આપણે એ સ્થિતિએ જોઇએ તેટલા નથી પ્હોંચ્યા.

સારંગ—મ્હને તો આ વિચાર કેમ આવ્યો કહું ? હમણાં હું પેલું ભાષણ સાંભળવા ગયો હતો તેમાં કહેવામાં આવ્યું કે સ્ત્રીઓ ઘર ધંધામાં ઘણો વખત ગાળે છે ને છુટથી હરી ફરી શકતી નથી તેથી જ્ઞાન મેળવવામાં ખામી આવે છે.

સુભગ—સારંગધર ? ત્હને શું એ ભાષણકર્તાના વિચારો અમલમાં મૂકી શકાય હેવા લાગ્યા? અને એક વખત ધાર્યું કે મૂકી શકાય તો શું તેથી ફાયદોજ છે ?

સારંગધર—હેતુ તો કહેવું એમ હતું કે સ્ત્રીઓએ રાંધવા કરવાની કડાકુટ મૂકી દેવી. હોટેલો, વિશીઓ હેમાં બધાંએ જમવું કરવું ને સ્ત્રીઓએ છોકરાં ઉછેરવાનું કામ પણ નર્સ, આયા વિગેરેને સોંપી દેવું; પોતે તો છુટાં ફરવું ને જેટલું જ્ઞાન મેળવી શકાય તેટલું પુરુષ વર્ગ માફકજ કરવું ને બીજો આર્થિક ઉદ્યમ પણ કરવો.

સુભગ—પ્હેલાં તો તું મ્હને કહે કે આપણી આ સ્થિતિને અનુકુળ આ બધા વિચારો છે ? એમ સ્હમજો કે સ્ત્રીઓ પણ પુરુષ સાથે કમાયને આર્થિક લાભ કરે તો તેથી શું ? ને વિશીઓમાં જમવા કરવાનું રાખવું તું કહે છે તે હેવી ક્યહાં વિશીઓ છે જ્યહાં તમને ત્હમારા ઘર જેવી સવડ મળે ?

સારંગ—મ્હને તો એના વિચાર જાણી બહુજ હસવું આવ્યું. જેને રસોઇ કહેવાય છે હેવો ઉત્તમ હુન્નર સ્ત્રીઓ મૂકી દે, છોકરાંને કેળવણી, સ્ત્રીઓ પોતે જાતે ના આપે ને બીજી નર્સો કે આયાઓ આપે તેથી લાભ છે કે હાની એ નથી સ્હમજાતું. પણ એમ ન બને કે નર્સો, આયાઓ બધીજ કેળવાએલી હોય ને તે ઉછેરે તો શું ?

સુભગ—પોતાનાં છોકરાંને પોતે જેટલી કાળજીથી ઉછેરી શકે તેટલું પગારદાર રાખેલી સ્ત્રી પછી તે ગમે તેવી કેળવાયલી હોય તે રાખશે ? બીજું વિશીઓમાં જેવો ઘર આગળ ચોખ્ખો ખોરાક લેશો તેવો ત્હાં મળશે ? ગમે એવા સારા પાયા ઉપરની વિશી હોય પણ તે તો વેપારને ? એટલે પૈસા કમાવવાની દાનત. અરે ભલભલા સુધરેલા દેશોમાં જૂવો તો નથી સાંભળતા કે ખોરાકના ગોટાળા થાય છે, તે પછી કમીશનો બેસે છે, ને ધમાલ થાય છે. વિચાર ભાષણ કર્તાનો છે તો સારો પણ હેમાં બહુ ફેરફારની જરૂર છે. તેને પણ હજુ આપણે અમલમાં મૂકવાની પણ વાર છે.

સારંગ—મ્હને એક બીજો વિચાર આ ઉપરથી આવ્યો હતો. હાલ આપણે ન્યુસપેપરમાં વાંચીએ છીએ કે ઈંગ્લાંડમાં સ્ત્રીઓ પાર્લામેન્ટમાં બેસવાનો ને મત આપવાનો હક માગે છે, શું તે વ્યાજબી છે ?

સુભગ—ભાઈ ? જો એ સ્ત્રીઓ ઘણી ખરી કેળવાએલી છે. બધીજ જેને સ્વતંત્ર કહીએ તેવી છે. કોઇક અંદર નીચ પણ હશે, પણ ઘણોખરો ભાગ તો કેળવાયલોજ છે. હવે સ્વતંત્રતાનો ત્હાં હાવો ઉપયોગ થાય છે તેથી આપણે અહીંને સારૂં સ્ત્રીને સ્વતંત્રતા આપવા બોલીએ છીએ તો મ્હોં બંધ થાય છે. ત્હાં ઓછું તોફાન કરે છે ? જેલમાં પુરવી પડે છે ને ત્હાં જ્યારે લાંઘણો કરે છે ત્હારે પાછી છોડી દે છે.

સારંગ—કેળવણી આપી ત્હાંના જેટલી સ્વતંત્રતા આપીએ તો શું આપણે અહીં પણ હેવોજ તાલ થાય ?

સુભગ—હું તો નથી ધારતો, આપણી સ્થિતિ જૂદી છે. આપણાં હવાપાણી ખોરાક જૂદાં છે, આપણે ત્હાં તો ગમે હેવી સ્ત્રી હશે પણ સ્હેજ લજ્જાયુક્ત હોય છે.

સારંગ—પણ ધારો કે આપણે પૂર્ણ સ્વતંત્રતા આપીએ. ભાષણકર્તા કહેતો હતો તે પ્રમાણે બધી સંસ્થા રાખીએ તો પછી ચારસે પાંચસે વર્ષમાં વિલાયત જેવી સ્થિતિ આપણે ત્હાં પણ ના થાય ? એક તરફ સ્ત્રીઓ ને બીજી તરફ પુરૂષો. પુરૂષે ડંડા ઉપાડવાજ બાકી છે ને ? સ્ત્રીઓ ત્હાં ઓછું નુકશાન કરે છે ?

સુભગ—હવે એ પ્રશ્નનો નિર્ણય કાંઇ એમ નહિ થાય. વખત વખતનું કામ કરશે હાલ તો આપણે તો એમજ સ્હમ-

જીએ છીએ કે આપણે ત્હાં આઓ કદી પણ એ સ્થિતિએ નહીં જાય. પણ જગતનો પ્રવાહ કી દિશાએ જાય છે, ક્યહાં જઈને વિરામશે તે કોઇથી કહી શકાય એમ નથી. બસ હુંતો એટલું સ્હમજું છું કે 'Move with the time' વખત પ્રમાણે ચાલો, તેની સાથે આગળ વધો.

સારંગ—ત્હારે હવે કોલેજની જગ્યા ઉપર મકાન સારૂં કાંઈ તજવીજ કરી ?

સુભગ—હું ધારૂં છું કોન્ટ્રાક્ટ આપી દેવો.

સારંગ—એ વિચાર સારો છે. જ્યોતિએ બધો ફરનિચર, એપેરેટસ વિગેરે સામાન તો ઇંગ્લાંડથી મોકલવા લખ્યું છે. એ આવશે એટલામાં આપણું અહિનું પણ કામ પુરૂ થશે.

સુભગ—ચાલ્ય ભાઈ ત્હારી વાતોમાં તો સ્હાંજ પડી, હવે કાલે પાછા મળીશું.

સુભગના ગયા પછી સારંગધર પડયો પડયો એક ન્યુસ પેપર વાંચતો હતો. નીચેથી ઉમાદેવીએ આવી એક કાગળ હાથમાં મૂકયો ને કહ્યું ત્હમે બ્હાર ગયા હતા ત્યહારે આ કાગળ આવ્યો હતો.

સારંગ—આતો જ્યોતિનોજ કાગળ છે, છાપ લંડનની છે. અહો! ઈંગ્લાંડ જઇ પણ પ્હોંચ્યો.

સારંગધરે નીચેનો કાગળ વાંચ્યો;—

" પ્રિયભાઈ સારંગધર,

ત્હારા કાગળનો જવાબ હું હંસબાવાના ભેગો લખવાનો હતો પણ ત્હારો સ્વભાવ હું જાણું છું તેથી જૂદોજ કાગળ લખ્યો છે. ત્હને ખોટું લાગે કે હું એક ટુકડા જૂદા કાગળમાંથી એ ગયો ? જર્મનીથી હંસબાવાને કાગળ લખ્યો હતો તે ત્હેં વાંચ્યો હશે. ભાઇ સુભગને તું વખતો વખત સોંપેલું કાર્ય ઉત્સાહથી કરતા હશો, સતસંગીને એકલો પડી મુંઝાવવા ના દેશો. ત્હમારી સાથે ફેરવજો. એ પણ કાંઇ વધારે સ્હમજે. આજરોજ કોલેજનો સામાન મોકલાવ્યો છે ને છાપખાનાનો પણ બધો સામાન ચ્હડાવ્યો છે. હવે મ્હારે આવવાનો થોડોજ વખત બાકી છે. હું બધે ફર્યો પણ સારંગધર ! અહીંના લોકો ઘણાજ 'hospitable' પરોણાગત કરનારા છે. મ્હને એમ નથી લાગતું કે હું અજાણ્યા લોકોની વચ્ચે છું. જો કે સ્હેજ અતડાતો છે પણ સ્વભાવ ઘણે દરજ્જે ઠંડો ગાર હોય છે. વિદ્યાને વિજ્ઞાનશાસ્ત્રની પાછળ અહિંનું

લોક ગાંડુ બને છે. બીજે ગમે તે હશે તે હું નથી જાણતો પણ અહિંયાં તો ન્યાય એક અમીર ને ભીખારી બન્ને માટે સરખો છે. ગરીબોનાં દુઃખને સારૂ પોકાર કાને આવતાં ગમે તે માણસ અહિં સ્વાત્માર્પણ કરવા તૈયાર હોય છે. પુરૂષો તેમજ સ્ત્રીઓ સાહસિક છે. સુભગને કહેજે કે કોલેજ માટે ફીકર ના રાખે. હવે તો મળીશું એટલે મ્હોંએ વાત થશે, લખે કાંઈ પાર આવે એમ નથી. સૌ. ઉમાભાભીને મ્હારા આશીર્વાદ કહેજે. એમણે નિબંધ લખી ઇનામ મેળવ્યું તે જાણી આનન્દ થયો છે. વખતો વખત લખવાને ઉત્તેજન આપજે. સુભગને કાગળ વંચાવજે.

લી. ત્હારો સ્નેહાધિન
જયોતિ.

સારંગ—જો સુભગ હમણાંજ ગયો. અશે, કાલે વંચાવીશું.

પ્રકરણ ૨૫ મું.

મોતીરામનો છુટકારો.

" Liberation is not deliverance. A Convict may leave the galleys behind him, but not his Condemnation."

Victor Hugo.

જ્યહારથી મોતીરામને એકાન્ત કેદખાનાની શિક્ષા થઇ હતી ત્યહારથી તે નરમ થયો હતો. છુટવાનો રસ્તો, નાશી જવાના પ્રયત્ન કરવાથી નહિ બને એ હેને હવે સ્હમજાયું હતું. સારી ચાલ ચાલવાથી વખતે શિક્ષામાં ઘટાડો થશે એ આશાએ તેણે વર્તણુક બદલી હતી. જે સિપાઇ ખાવાનું આપવા જાય તેની આગળ પણ ઘણો નમ્ર થતો. જેલર જે વખતે જતો તે વખતે કોઇપણ પ્રશ્નના જવાબમાં " માફ કરો " " ભૂલ્ય થઇ " એટલુંજ બોલી પગે પડતો. બીજો ઉત્તરજ ના દેતો, જેલરને લાગ્યું કે ઘણોજ ગરીબ થઈ ગયો છે. જ્યહારે એકલો પડતો ત્યારે છુટ-

વાના દિવસોનેજ વિચાર કરતો. છુટયા પછી શું કરવું, ક્યહાં જવું તેની ગોઠવણુ કર્યા કરતો. એકાન્ત કેદની શિક્ષાનો વખત પૂરો થયો એટલે હેને પાછો સાધારણુ કેદી માફક રાખવા માંડયો. જે કામ હેને સોંપવામાં આવતું તે બરોબર કરતો, કોઈપણુ વાતની ફરિયાદ એના તરફની હવે આવતી નહીં. હેની સ્ત્રી છુટીને ગઈ છે એ વિશે હેને ખબર નહોતી. તેની એને દરકાર પણુ નહોતી. વર્તણુક સારી હતી. હંસસ્વરૂપે દયાથી જેલરને ભલામણુ કરી કે હેનો વખત આવે તે પહેલાં એને છોડો તો સારૂ. એની સ્ત્રી છુટી ગઈ છે, જે હવે આટલું ખમ્યા પછી એ સુધરશે, ચાનક લાગશે. જેલરે દયા ખાતર માફીસ વધારે વધારે આપવા માંડયા ને બે મહીના મૂળ મુદ્દતમાં ઘટાડો થયો. એક દિવસ રહવારમાં જેલરે મોતીરામને એની કોટડીમાંથી બ્હાર કઢાવ્યો. બ્હાર કઢાવી પોતાની ઓફીસમાં સીપાઈ સાથે બોલાવ્યો. મોતીરામ જેલર રહામે હાથ જોડી ઉભો રહ્યો. તેને જાણ્યું કાંઈ પાછો વાંક આવ્યો હશે ને વધારે વખત અહીં રહેવાનું થશે. જેલરે કહ્યું મોતિરામ? આજે હુકમ આવ્યો છે કે ત્હને મુક્ત કરવો. મોતીરામ પ્હેલાં તો બરોબર ના સ્હમજ્યો. જેલરે ફરીથી ઘાંટો પાડી કહ્યું મોતીરામ? ત્હને છોડી દેવામાં આવે છે. તારી મુદ્દત પુરી થઇ છે. મોતીરામ જેલરને પગે પડયો. માફી માગવા લાગ્યો, ઉપકાર માન્યો. સ્વતંત્રતા મળી તે કોને આનન્દ ના આવે? પશુપક્ષી પણુ સ્વતંત્ર રહેવા ઈચ્છે છે તો આ મનુષ્ય જાત્ય મોતીરામ ખુશી થયો. આનન્દ ના સમાયો. જેલરે હેના મૂળના કપડાં બદલવા કહ્યું. જેલનાં કપડાં ઉતારી લીધાં. સીલવાળી પેટીમાંથી ચીઠ્ઠી ચ્હોડેલાં મોતીરામનાં કપડાં કાઢી આપ્યાં તે તેણે પ્હેર્યાં. સિપાઈ, જેલર, સર્વને સલામ કરી ને જવા માંડયું. જેલરે કહ્યું મોતીરામ? ઉભો રહે એકદમ ક્યાં ચાલ્યો જાય છે? ત્હારૂં જવાનું ઠામ ઠેકાણું લખાવી દે. પછી જવું હોય તો જા. મોતીરામને કાંઇ ના સુઝયું એટલે પોતાના ગામનું નામ શોણીતપુર લખાવ્યું. જેલરે લખી લીધું ને કહ્યું ત્હારી સ્ત્રીને છોડી મૂકે આજ વરસ થયું છે ને હંસસ્વરૂપજીએ હેને ઈસ્પીતાલમાં રાખી છે. મોતીરામ સ્હામું જોઇ પછી તે બોલ્યો મોતીરામ? ત્હારે જેલમાં સિપાઇની નોકરી ઉપર રહેવું છે? રૂપીઆ આઠ પગાર મળશે. જેલરને હંસસ્વરૂપે છુટયા પછી ઠેકાણે પાડવા ની ભલામણુ કરેલી ને હેવી રીત્યે ઠેકાણે પાડવા કહેલું કે બીજી

લાલચો હેને થાય નહીં.

મોતીરામ—ના બાપજી હું તો મ્હારો વિશીનો ધંધો કરવા વિચાર કરૂં છું. સિપાઇની નોકરી કોઇ દિવસ કરી નથી તે મ્હારાથી ના બને.

જેલર—ઠીક ત્યારે પણ હવે જોજે હો. સારી વર્તણુંક રાખજે! હરામખોરોને એકઠા થવા ના દઇશ. મોતીરામે બધાને પાછી સલામ કરીને પાછું જોયા વિનાજ જેલના દરવાજામાંથી ચાલવા માંડયું. શોણીતપુર જાય તો હેતું કોઈજ ન્હોતું. પોતે તેથી બ્હારોબ્હાર હરિણપુર ગયો. હરિણપુર આવી જૂના કેટલાક ઓળખીતાને શોધવા માંડયું. થોડા દિવસ આમતેમ આથડયો. કોઇએ પણ હેને સંઘર્યો નહીં. છેવટે ઇસ્પીતાલમાં પોતાની સ્ત્રી રહેલી છે તો તેને મળવા જવાનો વિચાર કર્યો ને કાંઈ એ જો મદદ કરે તો પાછી વિશી કાઢી બે પૈસા કમાઉં. ઇસ્પીતાલમાં એક બપોરે ગયો. ને ત્હાં તેની સ્ત્રીને મળ્યો. શકરી આગળ બધી હકીકત કહી વિચાર જણાવ્યો. શકરીને સાથે આવવા કહ્યું. શકરીએ કહ્યું, મ્હારે તો અહીં સુખચેન છે, હું તો હવે ત્હારે ત્હાં નહીં આવું. મોતીરામને હાલ, સ્ત્રી સાથે લઇ જવાનો વિચાર પણ ન્હોતો કારણ હવે તો એ બ્હારથી જૂદો અંદરથી જૂદો એમ થયો હતો. જેલની જીંદગીથી તે રીઢો થયો. તેણે છેવટે સ્ત્રી આગળ ઘણા કાલાવાલા કરી વિશી કાઢવા પૈસાની મદદ માંગી. સ્ત્રીએ કહ્યું હં. સરવરૂપને કહે તો રોટલા ભેગો કરશે. પાછી વિશીની લત કરી શું કરીશ? ના માન્યું ને ઘણો કરગરી પડયો તેથી કરીને દયા આવી ને પોતે પગારમાં જે બચાવ્યું હતું તે બધું પોતાના ધણીને આપી દીધું. છોકરીઓ વિશે તપાસ કરી શકરીને પૂછ્યું કે તે ક્યહાં છે? શકરી-ઘણી તપાસ કરી પણ કાંઈ હેમના ધણીનો ને કોઈને પત્તો લાગતો નથી, કાંઈક એવી ખબર મળી છે કે એ બધાં કમાવવા આફ્રિકા ભણી ઉપડી ગયાં છે. થોડીવાર બેશી મોતીરામ ત્હાંથી ચાલ્યો. બીજે દિવસે બજારમાં જઈ મકાન ભાડે રાખવા તજવીજ કરવા માંડી. કોઈએ મકાન આપવા હા કહી નહીં. છેવટે એક કોટડી રાખીને તેના ઉપર પાટીઉં માર્યું " દાળ, ભાત, રોટલી શાક વીગેરે અહીંથી તાજું મળશે " દરરોજ સ્ટેશન ઉપર આંટા મારવા માંડયા કે કોઈ ઉતારૂ વીશીમાં આવે. કોઇ રડયો ખડયો આવે વળી કોઈ ના આવે એમ રગડદગડ ચાલવા માંડયું. દુકાન

ને રહેવાનું બન્ને એકજ હતું. એક દિવસ રાત્રે કોઈ ઘરાક આવ્યું નહીં. તેથી નિરાશ થઈ કોટડીનાં બારણાં બંધ કરી સૂતો હતો. વિચારે ચઢયો હતો કે અહિ કાંઇ હવે ફાવતું નથી. ચાલ્ય બીજે દેશ જઇએ અહીં તો લોકોમાં આબરૂ નથી રહી માટે પરદેશજ ફવાશે. ક્યહાં જવું એ વિચારમાં સૂતો હતો. રાત્રીના દશ વાગી ગયા હતા. કોઈએ બારણાં ઠેલ્યાં એમ લાગ્યું. ભણકારો વાગ્યો. પવનથી ઠેલાયા કરી પાછો સૂઇજ રહ્યો. થોડીવાર થઈ વળી પાછાં બારણાં ઠેલાયાં. આ ફેરી તો બેઠો થયો. પથારીમાંજ પડી રહ્યો ને સાંભળ્યું. કોણ છે? કરી પૂછયું, કોઇએ જવાબ ના દીધો. મનમાં થયું કોઇ ઘરાક આવ્યું હશે પણ હવે આટલી મોડી રાત્યે કોણ આવે ? ના ના કોઇ છે તો ખરૂં. લાવ્ય જોઉં કરી દીવો સળગાવ્યો, બારણાં ફરી ઠેલાયાં. નક્કી થયું કોઇ છે પણ કોઇ જવાબ કેમ નથી દેતું ? હાથમાં દીવો લીધો બારણાં ધીમેથી ઉઘાડયાં ને જૂવે છે તો એક ફાટયાં તુટયાં લુગડાંવાળો પુરુષ જોયો. દીવો મ્હોં ઉપર ધરી જોયું. કોણ રવિરાય ? અલ્યા તું ક્યહાંથી અત્યારે ! કોણ કોણ કહું છું પણ બોલતો કેમ નથી?

રવિરાય—મ્હને આજેજ ખબર પડી કે તું છુટયો છે ને અહિ વિશી કાઢી છે.

મોતીરામ—ત્હને કોણે કહ્યું ?

રવિ--ત્હારી બાયડીએ. હું માંદો હતો, ઇસ્પીતાલમાં દવા લેવા ગયો હતો. ત્યહાં ત્હારી સ્ત્રીને જોઈ ત્હારી ખબર પૂછી ને હકીકત બધી મળી.

મોતીરામ--વારૂ પણ આમ કેમ? આ શો વેષ ? ને અત્યારે કેમ આવ્યો છું?

રવિરાય--તું જેલમાં ગયો. હું વગર જેલે દુઃખી થયો. હવે તો ફુટી બદામ નથી ? બચ્ચા ? ઘણા દિવસ મ્હારૂં ખાઇ ગયા છો હવે લાવ્ય હું તો ભૂખ્યો ડાંસ છું.

મોતીરામ—મ્હારી તો વિશી છે. હું કાંઈ હવે મફત ખવરાવી શકું એમ નથી.

રવિરાય--ગમે તે કર્ય ખાવા આપે છે કે નહીં? નહીં તો બોલાવું છું પોલીસને કે મ્હારા પૈસા લઇ ખાતા નથી આપતો. મોતીરામ જરા ડર્યો કે માંડમાંડ હમણાં છુટયો છું. કોઈ મ્હારૂં માનશે નહીં. ને આપણે હાતું કાંઇ ઓછું ઉડાવ્યું છે! છો ખાઈ

જાય જોઇ લઇશું.

મોતીરામ--રવિરાય? જરા ટાઢો પડય ટાઢો. ખાવાની ત્હને કોણુ ના કહે છે. લે પણુ આ કાલ્યની રોટલી ને ગવાર શીંગનું શાક છે ખાઇશ!

રવિરાય--ગમે તે હોય. લાવ્ય મ્હારાથી હવે ભૂખ નથી રહેવાતી. મોતીરામે ખાવાનું આપ્યું. દીવો લઇને પોતે રહામો બેઠો ને બધી હકીકત પૂછવા માંડી.

મોતીરામે વાતે વાતે કહ્યું યાર? અહીં તો કાંઈ ફવાય એમ લાગતું નથી. આગળના દિવસો ગયા. મ્હારો વિચાર તો પરદેશ જવાનો થાય છે. કે ત્હાં કોઇ ઓળખે તો નહીં?

રવિરાય--જમતે જમતે બોલ્યો ક્યહાં જવું છે?

મોતીરામ--એજ વિચાર કરૂં છું. પણુ કાંઇ બંધ બેસતું નથી.

રવિરાય—ત્હારી છોકરીઓ તો અલ્યા આફ્રિકા ગઇ છે. સાંભળ્યું છે?

મોતીરામ—હા યાર? ગઇ તો છે. મ્હને પણુ એજ વિચાર સૂઝયો છે કે હું પણુ આફ્રિકા જાઉં. તો કાંઈ સુખી થાઉં.

રવિરાય--કેવી રીત્યે જઇશ? પાસે પૈસા છે?

મોતીરામ--પૈસામાં તો મ્હારી સ્ત્રી વખતે મદદ કરશે. નહિં તો કોઇની સાથે નોકર તરીકે જવા વિચાર થાય છે.

રવિરાય—અલ્યા મોતીઆ? ત્યહારે મ્હને અહીં એકલો મૂકીશ? મ્હને પણુ લઇ જા. હવે તો મ્હને પણુ અહીં બધા હડધુત કરે છે.

મોતીરામ--યાર? આપણે બે જો જઇએ તો જરુર કમાઇએ તો ખરા. મ્હારે પણુ એક જણુની જરૂર તો પડવાની પણુ બીજો કોણુ મળે?

રવિરાય--બીજો કોણુ, વળી હું. ત્યહાં જઇ તું ત્હારો વિશીનો ધંધો શરૂ કરજે. હું ત્હને મદદમાં લાગીશ.

મોતીરામ—ઠીક ત્યહારે તું મ્હને કાલે પાછો મળજે હું મ્હારી સ્ત્રીને મળીને કાંઈ હેની પાસે હશે તે લઇશ. આપણા બેના ભાડા જેટલું હશે તો બસ, પછી તો આપણી પાસે કસબ છે તે બધુંએ મળી રહેશે.

રવિરાય--યાર મ્હારી પાસે એક સોનાની ઘડીઆળ લગભગ રૂ. ૩૦૦) ની છે એ વેચીને હું તો જવા ધારૂં છું.

મોતીરામ--લાવ્ય લાવ્ય જરૂર આપણે હવે તો જઇશું હમણાં તું પૈસા આપજે પછીથી હું ત્હારા વાળી આપીશ.

રવિરાય--મોતીરામ ? આજ સુધી મ્હેં ત્હને ખવરાવ્યું છે. જા, બસ ત્હારી પાસેથી ભાડું નહીં લઉં. ત્હને ફાવે ત્યારે પૈસા પાછા વાળજે

રવિરાય હવે જમી રહ્યો હતો. રાત મોડી ગઈ હતી. તેથી મોતીરામે કહ્યું હવે અત્યારે ક્યહાં જઇશ અહીંજ સૂઇ રહે.

રવિરાય--વળી જાય ક્યહાં, કોઇનો ઓટલો શોધવો પડે. હવે તો અહીંજ ધામા. આપણે હવે તો જલ્દી જવાય તેમ ગોઠવણ કરવી.

મોતીરામ—કાલે વાત. અત્યારે તો સુઈ જા. મ્હને તો બહુ ઊંઘ આવે છે.

બે જણ થાક્યા પાક્યા ઉંઘી ગયા, ધસધસાટ ઉંઘ્યા. નિશ્ચય કર્યો હતો તે સિદ્ધ થવાનું સાધન પણ હતું એટલે એકજ ઊંઘે વ્હાણું વાહ્યું.

પ્રકરણ ૨૯ મું.

આફ્રિકાની મુસાફરી.

नष्टोमोहोस्मृतिर्लब्धा ॥

આફ્રિકા જતા વહાણ ઉપર, બે મુસાફર એક બાજુએ બેઠેલા છે. વહાણ પાણી કાપતું કાપતું સપાટામાં ચાલ્યું જાય છે. બે મુસાફર દરિયામાં ઉદ્ભવતા મોજા તરફ જોતા બેઠા છે. બેમાંથી એકકે બોલતું નથી. સ્હાંજ પડવા માંડી છે. પવન દક્ષિણનો ફુંકવા માંડયો. બે મુસાફરમાંથી એક ધીમે રહી બોલ્યો-રવિરાય ? મ્હેં એક ભૂલ્ય કરી. જો મ્હેં પૈસાની મદદ પેલા જયોતિડા પાસે માંગી હોત તો એ મ્હને આપત.

રવિરાય--જયોતિડો કીયો ? પેલો ત્હારે ત્યાં નિશાળમાં હતો એ ?

મોતીરામ—હા, એજ.

રવિરાય--પણ ત્હારી સ્ત્રીએ મ્હને કહ્યું હતું કે એ તો કાંઈ

વિલાયત ભણી ગયો છે.

મોતીરામ--એમ કે ? ત્યારે હેનો પેલો સાધુ આપત.

રવિ--સાધુ શી બદલ આપત. ધર્માદા આપત ! હું કાંઇ ધર્માદા ના લઉં.

મોતીરામ—ધર્માદા શું. જયોતિડાની બધી અથ ઇતિ મ્હને ખબર છે.

રવિરાય--તેથી શું ત્હને પૈસા આપત. હેવી શી અથ ઇતિ છે !

મોતીરામ--મ્હારે ત્યાં જોતિડો હતો ત્હેને, તે મ્હને થોડા પૈસા આપીને લઇ ગયો હતો.

રવિરાય--કેટલા પૈસા આપ્યા હતા ?

મોતીરામ--પૈસા તો થોડા આપ્યા હતા. પણ મ્હારી સ્રીને છુટ્યા પછી હેણે ઠેકાણે પાડી તે કાંઇ એમને એમ રાખી છે? એ તો હું બધું જાણું છું ને એ પણ જાણે છે તેથી રાખી છે. બાકી કાંઇ ધર્મ કરે હેવો નથી.

રવિરાય--અલ્યા મોતીઆ તું ત્હારે ગામ ગયો હોત તો ત્હને કોઈ પૈસા ના આપત !

મોતીરામ—ભલો છે ભલો-તું શું જાણે. ભાઇ, ગામમાં તો કોઇ પેસવાએ દે નહીં એમ છે.

રવિરાય—કારણ ?

મોતીરામ—હવે લેને ત્યહારે બધું એકઠું માંડીને કહું. હવે તો આ આપણો દેશ નથી? ને જાણીને તું હવે શું કરવાનો છે. હવે તે એક વહાણમાંજ બેઠા છીએ.

રવિરાય—હં ચલાવ્ય યાર. વાતમાં વખત ઠીક જશે

મોતીરામ—આમ પાસે આવ્ય. કોઈપણ સાંભળે.

રવિરાય ઉઠીને પાસે ગયો ને મોતીરામે ધીમે ધીમે વાત શરૂ કરી.

આજથી પચ્ચીસ વર્ષ ઉપર મ્હારો બાપ છગન, શોણીતપુરમાં ગુજરી ગયો. મરી ગયો ત્યહારે હેની પાસે ત્રણુસેં રૂપીઆ નીકળ્યા.

રવિરાય—શો ધંધો કરતો હતો ત્હારો બાપ ?

મોતીરામ—સાંભળ્યને બધુંએ કહું છું. મ્હારો બાપ કે? આમ કાન ધર્ય, પાસે આવ્ય-મ્હારો બાપ તો ચમાર હતો-રવિ-હેં ! ! ચમાર !-મોતીરામ—છાનો મર્ય. ધાંટા પાડવાના છે કે? રવિ—હં-ભૂલ્યો, બોલ્ય બોલ્ય. મોતીરામ—રૂપીઆ ત્રણુસે નીકળ્યા.

ને હેના મરી ગયાની ખબર પડી કે માગનાર આવ્યાજ તો. મ્હેં તો વાયદા દીધા કે મહીના પછી આવજો. હું તો એકલો ઘરમાં હતો. હવે વિચાર કર્યો કે સાળુ આ ગામમાં તો કાંઇ રહેવું ઠીક નહીં. માગતાવાળા લેવા આવશે તો મ્હારી પાસે ફુટી બદામ પણ નહી રહે. એટલે મે તો શું કર્યું કે ધીમે ધીમે માગતાવાળાને આપવા છે એમ કરી ઘરનાં વાસણ કુસણ જે કાંઈ હતું તે વેચી સાટી રોકડ એકઠી કરી, એક દિવસ લાગ જોઇ અગીઆરા ગણ- વાની તૈયારી કરી. પણ મારે એક લફરૂં હતું. આ શકરી કાંઇ મારી પરણેતર ન હોય. રવિ—હેં ? ? મોતી—શકરી તો મ્હારા ગામથી બે ગાઉ ઉપર એક હજામ રહેતો હતો તેની દીકરી છે. મ્હારે ને હેને, એને ગામ આવ જા કરીએ એટલે ઠીક માયા થઈ હતી. મ્હારૂં મોસાળ શકરીને ગામ. મ્હેં તો એક દહાડો શકરીને બધી વાત કહી કે ચાલને, કોઈ મ્હોટા ગામમાં જઇ આબરૂ- દારમાં ખપીએ. અહીં કોઇ ગણતું નથી. શકરીએ પણ ખુશી થઇ હા કહી, એટલે એક દિવસ લાગ જોઈ હમે પગ રસ્તે ચાલી આવ્યાં ને આવીને હરિણપુરમાં ધર્મશાળામાં ઉતર્યાં. થોડા દિવસ ગામમાં આંટા માર્યા ને જોયું કે વિશી કાઢીએ તો ફવાય. એટલે આપણે તો મોતીઓ, તેનું મોતીરામ નામ રાખ્યું કે બ્રાહ્મણમાં ખપીએ. ને ખાસ્સું પાટીઉં ચીતરાવ્યું મ્હોટા અક્ષરે કે દાળ ભાત, રોટલી, શાક, બાસુદી, શીખંડ, ભજીયાં, પુરી વિગેરે વિગેરે તાજું ને સસ્તું અહીંથી મળશે. નશીબ જોગે તો આપણને પ્હેલપ્હેલાંતો તડાકો પડવા માંડયો. વળી ઘરાકી ધીમી પડે વળી ચાલે એમ થયું. એટલામાં એક દિવસ, આપણે તો પછી ઓળખાણ થઇ હોં કે રવિરાય ! એક દિવસ શું થયું કે એક બાઇ આવી ચાલી ચાલી. બપોરના અગીઆર બાર વાગ્યા હશે. ખરો દુકાળ ચાલતો હતો તે વખતે તે બાઇની કેડયમાં એક ત્રણ વર્ષનું છોકરૂં ને બાઇ કોઇ સારા ઘરની લાગતી હતી. પણ દુઃખી બહુ જણાઇ. બાઇ આવી ને જમવાનો દર પૂછ્યો. છોકરાને કેડયમાંથી નીચે બેસાડી એ તો ધબ લઇને બેઠી ને આંખ્યમાંથી તો ડળકડળક બોર જેવડાં આંસુ પડે. હું ત્યાં પાસે ઉભો હતો ને કહ્યું કે છ આના આપો. એ છોકરો મ્હને ને મ્હારી શકરીને બેને ગમ્યો. હમને થયું કે આ છોકરો જો રાખી લીધો હોય તો આગળ ઉપર કામ લાગે. છોકરો ચાલાક

લાગતો હતો. મ્હેં તો ધીમે ધીમે શકરીને એ બાઇ આગળ વાત કરવા કહ્યું ને વાત છેડાવી. વાતે વાતે ખબર પડી કે કાંઇક દાળમાં કાળું છે. વખાની મારી બાઈ હતી ને છોકરૂં સાથે લઈ ફરવું કય્હાં ફાવે? પોતાના પેટનું તો પુરૂં કરે વ્હેલું. તે બાઇને પણ શું સુઝયું તે હાજ કહી ને છોકરો મ્હે રાખ્યો. તે છોકરો જો હવે મળે, તો હેનાથી, મદદ કરવા, ના કહેવાય કે?

રવિ--એમા! ત્હારે અલ્યા આટલા દિવસ કેમ આ બધું ના કહ્યું?

મોતી—તે કાંઇ વાત વગર કશું કહેવાય છે?

રવિ—અલ્યા હરામખોર, ત્હેં તો ત્યારે બધાને વટલાવી માર્યા. આખું ગામ અભડાવ્યું.

મોતી—હં આખુ ગામ અભડાવ્યું તે શું ગામને અક્કલ નહોતી. આંખ્યો નહોતી. કેમ, સાહેબ લોકના બટલરો ઢેડા હોય છે તેને અડકો છો? તે શું હમે કાંઈ મુસલમાન છીએ કે વટલાવી માર્યા? હમે હિંદુ છીએ, ત્હમારા ધર્મને માનીએ છીએ. અમને ને ઢેડાને કોઈને ગણશો નહી. હલકાને હલકા કરજો ને રોજ રહ મો મળે ગાળ દેજો ને ધિઃક્કારજો પછી હમે પણ એ સાહેબ લોકના બટલર થઇશું ને તમે હમને સલામ કરતા આવશો. આડે લાકડે આડો વ્હેર.

રવિ--હવે પડતી મૂકય ત્હારી વાત-પણ કહેને અલ્યા એ બાઇ કોણ હતી હેનુ નામ શું?

મોતી--હેનું નામ તો કાંઇ 'મ' ઉપર છે ભૂલી ગયો-સંભારવા દે-અરે સાળું હમણા યાદ હતું-હં હં-" મન્દકાન્તિ "

રવિ—હેં! મોતીઆ! શું કહે છે! મન્દકાન્તિ? ને એ છોકરો હેનો હતો!

મોતી—હા તે કેમ? આમ ભડકયો કેમ? ત્હારી કાંઇ સગી થતી હતી?

રવિરાયના મ્હોં ઉપર આ વાત દરમિયાન અનેક રંગ આવતા હતા. છેવટે બાઈનું નામ સાંભળી એ ઘડી તે મુંગો થઇ ગયો. કાંઈ ઉંડા વિચારમાં ઉતરી ગયો. મોતીરામે કહ્યું રવિરાય! કેમ બોલતો નથી જોને આ પવન ફુંકાય છે. અલ્યા જબરો પવન છે હો. આ વખતે સંધ્યા થઇ ગઇ હતી. વહાણ ઉપર લોકોમાં ગભરાટ થતો હતો કારણ પવન વિચિત્ર હતો વહાણ ડોલાવી નાંખતો હતો. દરિયામાં મોજાં પણ ઉડવાં માંડયાં તે વહાણ ઉપર થઇ થઇને પાછાં પડતા. નાખુદા ઘણુંએ લોકોને કહે કે ફીકર

ના કરશો. હિમ્મત આપે પણ હિમ્મત ના રહે કારણ દર પળે કાંઇનું કાંઇ નવું તોફાન થતું. મોતીરામના હોશકોશ ઉડવા માંડયા. તેણે રવિરાયનો હાથ ઝાલી ઢંઢોળીને કહ્યું રવિરાય ! અલ્યા ઉંઘ્યો કે શું? રવિરાય ઊંડા વિચારમાં ગરક થઈ ગયો હતો. તેના હૃદયની વ્યથા કોઇ જાણી શકે એમ નહોતું. તે ઉભો થતો, આંટા મારતો વળી બેસતો; દાંત કચડતો. ઉદ્ગાર થઇ જતા. 'મોતીઆ' 'મોતિયા નખોદિઆ.' આમ બોલી જતો પણ ગરબડાટમાં કાંઈ સંભળાતું નહીં. એક જોરથી આંચકો વાગ્યો. વ્હાણનો વચલો થાંભલો કડકડાટ કરતો તૂટયો, પવનમાં ઉડયો ને ક્યહાં જઇ પડયો તે ખબર ના પડી. એક પછી એક બંધ તૂટવા માંડયા. એક જબરૂં મોજું આવ્યું, વ્હાણને ધસડયું, પાછું ફેંક્યું. અપૂર જળમાં વ્હાણ નીચે જવા માંડયું. નાખુદાએ વ્હાણમાંથી દરિયામાં ઝંપલાવ્યું. ડેક ઉપરની બોરો છોડી મૂકી. અંધકારમાં કોણ ક્યહાં ગયું જણાયું નહિં.

દરિયાના અગાધ જળ ઉપર અંધકારમાં એક મનુષ્ય ઝોલાં ખાય છે. ડુબકીઓ ખાય છે વળી પાછો ઉપર આવે છે. બુમો પાડી કોઈને બોલાવે છે હાથ લાંબા કરી કાંઇ હાથમાં આવે તે પકડવા પ્રયત્ન કરે છે. કોઇજ સાંભળતું નથી. નિરાશાથી બુમો પાડે છે. દૂર દીવાદાંડી દેખાય છે તે તરફ ફાટી આંખે જોયા કરે છે. મોજાં એક પછી એક આસપાસ વીંટળાઇ વળે છે, ડુબાડે છે. દૂર ફેંકે છે. ભયંકર દરિયાઇ વનસ્પતિ, પગે વિંટાય છે બાંધે છે. નીચે ધસડે છે. શરીર ઉપર ખારા પાણીથી ચામડી સ્હોરાય છે. ઉપર આકાશ નીચે પાણી. હજી પણ તરફડે છે. તરે છે. અગાધ અગમ્ય શક્તિ સાથે અલ્પશક્તિ તનમનાટ કરે છે. અદ્ભૂત અવાજ સાંભળે છે. અવાજ પૃથ્વિ ઉપરનો નથી સંભળાતો. મૃત્યુના ઘરમાંથી આવતો જણાય છે. કોઇજ જણાતું નથી. બુમ પાડે છે; હવે કોઈ અહીં નથી, પ્રભુ ક્યહાં છે? બુમ પાડે છે 'બુડતાને મદદ આપો મદદ આપો.' દૂર ક્ષિતિજમાં પણ કાંઇ જણાતું નથી. ઉંચે આકાશમાં પણ કોઇ નથી. ભૂરા વ્યોમને વિનવે છે. પાણીનાં મોજાંને વિનવે છે. સર્વ બ્હેરાં છે. ફૂંકતા તોફાની પવનને વિનવે છે પણ જાણતો નથી કે પ્રકૃતિ તો માત્ર મહાન્ ઈશ્વરનેજ માને છે. એકાન્ત, અંધકાર ને તોફાન. શરીર સોસાય છે. હાથનાં આંગળા ઠરી જાય છે, ફોગાય છે, દાંત કડકડ બોલે છે.

નિરાશ થઈ મૃત્યુ માંગે છે. પણ ડુબવા જતાં વળી પાછો પાણીની સપાટી ઉપર આવવા પ્રયત્ન કરે છે. હાથ પછાડે છે, કાંઇક પગ તળે અથડાય છે, પકડે છે, આશા ઉત્પન્ન થાય છે, ઇશ્વરની ગહન ગતિ છે, શું થશે કોણ કહી શકશે ?

પ્રકરણ ૨૭ મું.

આનન્દપુરનું કારખાનું.

આનન્દપુરમાં એક જણે થોડા વખત ઉપર આવી એક નવો ઉદ્યોગ કાઢયો હતો. આ ઉદ્યોગ કાચ બનાવી તેમાંથી બંગડીઓ તથા અનેક જાતના કાચ બનાવવાનો હતો. આ નવા ઉદ્યોગથી આસપાસનાં ગામડાંના લોકને ઉદ્યમ મળ્યો હતો ને તેઓ ખેતીમાં બહુ ફાયદો ના મળવાથી છપ્પનીઆ પછી અહીંજ કામે આવતા હતા. કારખાનામાં મજુર વર્ગ સારૂં હેવી તો સરસ ગોઠવણ રાખી હતી કે તેવી આસપાસ સો સો ગાઉ ફરતી કાંઇજ નહોતી. આનન્દપુરને પ્હેલ વ્હેલોજ મ્યુનિસિપાલીટીનો પ્રમુખ ચુંટવાનો હક પ્રાપ્ત થયો હતો. પ્રમુખપદ આ નવો ઉદ્યમ કાઢનાર ગૃહસ્થ જેનું નામ કીર્તિકર હતું તેને એકદમ મળ્યું હતું. આ પુરુષ હમ્મેશ ઘણો વિચાર ગ્રસ્ત રહેતો, પણ ઉદાર બહુજ હતો. તેમાં અનાથને સારૂં તો તે મરી ફીટતો. એક દિવસ હેના કારખાનામાં બે રખડતી સ્ત્રીઓ કામ મળવાની આશાએ આવી. કારખાનાના ઝાંપા આગળ આવી દરવાજા ઉપર ઉભેલા સીપાઇને પૂછયું કે અહિં મજુરી મળશે ? કીર્તિકરનો હેવો હુકમ હતો કે જે કોઈ નિરાધાર જણાય તેને એકદમ કારખાનામાં વગર પૂછે કામે લગાડવા. દરવાજા ઉપરના સીપાઇએ હુકમ હાવો હતો છતાં મેનેજરને જઈને હકીકત કહી. મેનેજરે મજુર વર્ગ જોઈએ તેટલો હતો માટે શેઠની પરવાનગી લેવા વાસ્તવિક ધાર્યું. ને શેઠ કીર્તિકરને પૂછયું. કીર્તિકરે બન્ને સ્ત્રીઓ કોણ છે તે જાણવા તેમને પોતાની પાસે બોલાવી, ને એકદમ મેનેજરને હુકમ કર્યો કે એ બન્ને સ્ત્રીઓને કામ ઉપર લગાડો.

વાંચનારને કહેવું જોઇએ કે આ બે સ્ત્રીઓ બીજી કોઇજ નહીં પણ તે વિશીવાળા મોતીરામની છોકરીઓજ હતી. તે બંન્ને બ્હેનો પરણ્યા પછી સુખી ન્હોતી અને તેમના ધણીએ તેમને મૂકીને આફ્રિકા ભણી જતા રહ્યા હતા ને તેમને નિરાધાર મૂકયાં હતાં. ભટકતાં ભટકતાં કાંઇપણ ઉદ્યમ જડયો નહીં એટલે આનન્દપુરમાં મજુર જોઇએ છીએ સાંભળી અહીં આવી હતી.

આનન્દપુરમાં કીર્તિકરને બધા ઘણુંજ માન આપતા હતા. કારણ દરેક નિરાધારને તે આધાર આપતો હતો. તેની સાથે ગામમાં લોકોને અનેક જાતના સુધારા, સુખશાન્ત મળે તે સારૂં મથન કરતો હતો. દયાળુ ઘણો હતો. કેટલીક વખત તો પોતે ગાંઠયના પૈસા કાઢી ગામને માટે જોઇતી સગવડો પૂરી પાડતો. ગામમાં કીર્તિકર વિશે એમ કેહેવાતું કે અર્બસ્તાનમાં ઘણા વર્ષ ઉપર કોઇ વેપારી હિંદુસ્થાનથી ગએલો, ત્હાં બાર વર્ષ રહીને પૈસો પુષ્કળ એકઠો કરી ત્યાર પછી અહીં આવી કારખાનું કાઢયું છે. આથી વધારે હકીકત કોઇ હેના વિશે જાણતું નહીં, ને જાણવાની દરકાર પણ કરતું નહીં, કેમકે લોકોમાં બહુજ પ્રિય થઇ પડેલા માણસ વિષે ઉંડી તપાસ કરવાને કોઇપણ લલચાતું નથી. કારખાનું ઘણુંજ ધમધોકાર ચાલતું હતું. જેટલો નફો હેમાંથી મળતો તેમાંથી માત્ર પોતાના નિભાવ જેટલુંજ રાખી બધું કીર્તિકર અનેક જાતના ધર્માદામાં આપી દેતો. કારખાનાની પાસે મજુરોને રહેવા સારૂ સગવડવાળી, હવાવાળી એક ચાલી બંધાવી હતી. મજુરોનાં છોકરાં માટે નિશાળ કાઢી હતી ને તેના ઉપર પોતાની દેખરેખ રાખતો. કીર્તિકરનો પોતાનો વખત તો દરરોજ સ્હવારમાં ઉઠી ઇશ્વર સ્તવન કરી બે કલાક ગામમાં તેમજ ગામ બ્હાર ફરી આવવાનો હતો. બપોરના કારખાનાનું કામકાજ કરતો. સ્હાંજનો વખત બ્હાર ફરવામાં જતો. અભ્યાસ કાંઇ કરતો. ને પછી સૂઇ જતો. પોતે એકલોજ હતો. ઘરમાં કોઇજ નહોતું. માત્ર એક નોકર ને એક રસોઇઓ તે સિવાય કોઇજ નહીં.

એક દિવસે સ્હાંજરે નિત્ય નિયમ પ્રમાણે બ્હારથી ફરીને કીર્તિકર ઘેર આવ્યો. ઘણા ઉંડા વિચારમાં હતો. ઘેર આવી કપડાં કહાડી એક આરામ ખુરશી ઉપર ટેબલ પાસે બેઠો. ટેબલ ઉપર દીવો બળ્યા કરતો હતો. એટલામાં જમવાનો વખત થવાથી ઉઠી

રુચિ પ્રમાણે જમી લીધું ને પાછો આવીને ખુરશી ઉપર બેઠો. નોકર, રસોઇઆને સૂઇ જવા હુકમ કર્યો ને કહ્યું હવે મ્હારે કાંઇ જોઇશે નહીં માટે જાવ નિરાંતે ઊંઘો. નોકર બ્હાર જઇ ઓટલાના પગથીયાં ઉપર બેઠો બેઠો ચલમ પીતો હતો. રસોઇઓ હુનાળાના દિવસ હતા તેથી ઓટલા ઉપર ખાટલો નાંખી ખાટલામાં બેઠો બેઠો પાન બનાવતો હતો, ને નોકર સાથે વાતોના ગપાટા હાંકતો હતો. બ્હાર ચંદ્ર પૂર્ણ ખીલ્યો હતો. હુનાળાની મોડી રાત્યનો ઠંડો પવન ફરફર આવતો હતો. અત્યારે રાત્યના દશેકનો અમલ થયો હશે. કીર્તિકરે નોકરને રજા આપી પછી મન સાથે વિચાર કરતો હતો કે એ માણુસ કોણ ? કીયો માણુસ આજ રહાંજરે નદીની બાજુએ જંગલી ઢોરની માફક ફરતો હતો ? લાગે છે તો પેલાના જેવો પણ એ અહીં ક્યહાંથી ? કેમ ના હોય ? હું પોતેજ અહીં ક્યહાંથી ? સ્મરણશક્તિ તાજી થઈ. ગભરાયો કે શું કરવું. વખતે એજ હોય તો ? મળવું કે નહીં. મન ઉશ્કેરાયું, ખુરશી ઉપરથી ઉભો થઈ ગયો. કોઇથી ડરતો હોય તેમ આસપાસ જોવા લાગ્યો. કાન દઇ સાંભળવા લાગ્યો, પવનથી ઝાડનાં પાદડાં હાલ્યાં હતાં. કાંઇ નહીં બ્હાર તો બધું શાન્ત છે. વિચારોએ ચિંતા ઉત્પન્ન કરી. આંટા આમતેમ મારવા માંડયા. દીવો ટેબલ ઉપર બળતો હતો તેને ફુંક મારી હોલવી નાંખ્યો. વખતે એજ માણુસ અહીં આવે તો ? આ વિચારે ગભરાયો; ઉઠયો, બારણા મજબુત બંધ કર્યા. પાછો આવી ખુરશીમાં બેઠો. કોઇ અંદર આવ્યું. બારણાં બંધ હતાં કોણ અંદર આવી શકે ? કોઇ આવ્યું તો ખરૂં. ક્યહાંથી. કેવી રીત્યે ? જે વિચારને કાઢી નાંખવા તે પ્રયત્ન કરતો હતો તેજ વિચાર અંતઃકરણમાં આવ્યા. બારણાં બંધ કર્યાં. પણ એ વિચારો તો અંદર આવ્યાજ. હૃદયમાં આવ્યા શું કરવું, લાગ્યું કોઇ જૂવે છે. કોણ જૂવે છે ? ઇશ્વર જૂવે છે. ખુરશી ઉપરથી તકીઓ લઇ અઢેલીને અડધો સૂતા જેવો પડયો. મગજ ભમતું હતું. હું ક્યહાં છું. સ્વપ્ન તો ના હોય ? આજે મ્હેં કોને જોયો ? મ્હને તો એજ લાગે છે. એ મ્હારી પાછળજ પડયો છે. કાલે આ વખતે હું કેવો નિશ્ચિંત હતો. મગજ તપતું હતું. બ્હારી ઉઘાડી, અડધી ઉઘાડી ઠંડો પવન ખાધો. બ્હારી બંધ કરી પાછો ખુરશી ઉપર આવી બેઠો. ફીકર નહીં શું છે. હું મ્હારા વિચારને કામોનો મુખત્યાર છું. એ શું કરી શકનાર છે. લાત મારીને હવે

તો કાઢી મૂકું. એ દિવસો ગયા, હવે તો એ મહાન્ પ્રભુની સેવામાંજ જીવન અર્પણ કરેલું છે, નામ ભૂસવા પ્રયત્ન કર્યો છે પણ આજે જે માણુસ જોયો તે કય્હાંથી ? એ આડખીલી ઉભી છે. અહીં આવી નિશ્ચિત થયો હતો પણ એ તો આગળનું આગળ આવીને ઉભું રહ્યું. શું છે, કેમ ભય કેમ લાગે છે ? કોની બ્હીક—શું કરનાર છે ! હૃદય તો ધડકતું હતું. પાછો દીવો સળગાવ્યો. કોઈનો પગરવ એટલા આગળ સંભળાયો. હરકત નહીં એજ હશે તો મ્હને તો કોઇ ઓળખી શકશેજ નહીં. મ્હારો વેશ જૂવો, મ્હારૂં શરીર જૂવો. ઉભો થઇ એક મ્હોટા તકતામાં જોયું. છ મ્હને કોણુ ઓળખે ! બ્હાર કોઇનો અવાજ સંભળાયો, નોકર કોઇની સાથે વાત કરતો હતો. નોકરને હુકમ હતો ગમે ત્યારે અડધી રાત્રે કોઇપણુ દુઃખનો માર્યો આવે તો વરધી આપવી. તે હુકમ અન્વયે નોકરે ધીમે રહી બારણા ઠેકયાં. અંદરથી જવાબ દીધો કોણુ ? હૃદય ધડકતું હતું.

નોકર—કોઈ નહીં. સાહેબ એતો હું ચકુ નોકર. નોકરનું નામ એ હતું. ખુરશીમાંથી ઉભો થયો બારણા તરફ ગયો. ઉઘાડયા વિનાજ કહ્યું કેમ શું છે ?

ચકુ—કોઇ વખાનું માર્યું આવ્યું છે, ને મદદ માગે છે.

કીર્તિ—કોણુ પુરુષ છે કે સ્ત્રી ?

ચકુ—પુરુષ છે.

કીર્તિ—નામ શું છે પૂછો—

બ્હાર ઉભેલો માણુસ આ થતી વાત સાંભળી શકતો હતો.

ચકુ—નામ તો " મોતીરામ " કહે છે.

કીર્તિ—કોણુ ? કેવું ? ધીમે રહી બોલ્યો " મોતીરામ ?— બારણું ઉઘાડતાં હાથ ધ્રૂજ્યા તોપણુ ઉઘાડયું ને કહ્યું, આવવા દે. સ્વસ્થ થઇ પોતે ખુરશી ઉપર બેઠો. દીવાનું અજવાળુ મોતીરામના મ્હોં ઉપર પડે તેમ રહેવા દીધું. પોતે અંધારામાં બેઠો.

વાંચનાર સ્હમજી શકશે કે કીર્તિકર કોઇજ નહી પણુ રવિરાય પોતેજ હતો. મોતીરામ ને રવિરાય બેનેજ ઇશ્વરે દરિયાના તોફાનમાંથી બચાવ્યા હતા. કેવી રીત્યે બચ્યા તે અત્યારે જાણુવાની જરૂર નથી; કારણુ મોતીરામ વખાનો માર્યો ખોટી થઈ રવિરાય સ્હામો ઉભો છે. કીર્તિકરના નામથીજ ગામમાં રવિરાય ઓળખાય છે તેથી આપણે પણુ હમણાં તો એજ નામ કહીશું. કીર્તિકરે મોતીરામને ઓળખ્યો. મનમાં ધ્રાસકો પડયો કે એજ અનુમાન

સાચું પડ્યું. અહીં શું કરવા આવ્યો ? પ્હેલી પળે કાઢી મૂકવા વિચાર થયો. વળી દયા આવી ને પુછ્યું. ત્હમારૂં નામ શું ? ક્યહાંથી આવો છો ?

મો—હું વખાનો માર્યો છું. કાંઈ ધંધો મળે તો કરવા ખુશી છું. મેહેરબાની કરી નોકરીએ લગાડો તો સારૂં. આપનું નામ સાંભળી આવ્યો છું. મ્હારી દુઃખની વાત તો લાંબી છે. તે આપને કહી કંટાળો શું કરવા આપું ?

કીર્તિ—તો પણ કહો તો ખરા.

મોતી—સાહેબ હું એક આબરૂદાર ગૃહસ્થ હતો. વિપત્તિ આવી પડવાથી એક મિત્રની સાથે આફ્રીકા જવા ઉપડયો. ભાઇબંધ મ્હારા ઉપર બોજા રૂપ હતો. મારી ગાંઠયના ખરચે હેને પણ મ્હારી સાથે આફ્રીકા લઈ જતો હતો પણ કરમ સંજોગે અધવચ વ્હાણુ તોફાન થવાથી ડુબ્યું. ડુબતાં ડુબતાં મ્હને તો એક વ્હાણુ વાળાઓએ બચાવી લીધો ને કાંઠે મૂકયો. ત્યાર પછી ભટકતો ભટકતો આણી પાસ આવી મ્હડયો આપનું નામ ને ખ્યાતિ જાણી આવ્યો છું. જો મદદ કરો તો ઈશ્વર ત્હમારૂં ભલું કરશે.

રવિરાય આ સાંભળતે સાંભળતે ઉંચો નીચો ખુરશીમાં થતો હતો પણ સ્વસ્થતાથી પૂછ્યું—હેવો કોણ મિત્ર હતો ?

મોતી—એક રવિરાય કરીને, મૂળ તો ખાનદાનનું ફરંજદ હતું પણ પાછળથી અનેક અપલક્ષણોમાં લપટાયલો માણસ હતો તેણેજ મ્હને પણ ખરાબ કર્યો.

રવિરાયના મ્હોં ઉપર અનેક રંગો આવી ગયા. શરમ, ક્રોધ વિગેરે વારા ફરતી મનમાં ઉછાળા મારી ગયા. પણ આખરે દુઃખીનું દર્દ જોઈ દયા આવીને બોલ્યો ત્હમે શું કામ કરી શકશો ?

મોતી—ગમે તે. જેટલું વૈતરૂં કરાવશો તે કરીશ

રવિરાય—જાવ અત્યારે તો જમો હું નોકરને વરધી આપું છું. સ્હવારે ત્હમને કારખાનામાં દાખલ કરીશ. એમ કહી ચકુને બોલાવી હેની તજવીજ કરવા કહ્યું ને સુવાની ગોઠવણ કરવા હુકમ આપ્યો.

મોતીરામના ગયા પછી રવિરાયને ઊંઘ ના આવી. હેની છોકરીયો અહીંયાંજ છે. મોતીરામે મ્હને તો ઓળખવો નાજ જોઇએ. હેની છોકરીઓ મ્હને ઓળખે છે કદાચ એને મળે ને વાત કરે તો હવે શું કરવું ? આ વિચારે હેને પાછલી રાત્ર થઇ

પણ ઉંઘ ના આવી. છેક ચાર વાગ્યે એક વિચાર સુઝી આવ્યો ને નિશ્ચય થયો તેથી ઉંઘ્યો પણ સ્વપ્નથી હેને બરાબર ઉંઘ ના આવી. સ્હવારે વ્હેલા ઉઠી મ્યુનીસીપાલીટીના કેટલાંક કામકાજ કરવાનાં હતાં તે કરી લીધાં ને મોતીરામને બ્હારોબ્હાર કારખાનામાં નોકર રાખવા મેનેજર ઉપર ચીઠ્ઠી લખી આપી. નિત્ય નિયમ પ્રમાણે કારખાનામાં જતો ને પેલી છોકરીઓ મોતીરામને મળી ના શકે તેમજ પોતાને પણ મોતીરામ બહુ વખત દેખી ના શકે તેની તજવીજ રાખતો. એક દિવસ મોતીરામની છોકરીઓને બોલાવી કહ્યું, ત્હમારી મા હરિણપુરમાં ત્હમને બહુ સંભારે છે માટે ત્હમારી તજવીજ મ્હેં ત્ય્હાં કરી છે. લ્યો આ કાગળ જેને નામે લખ્યો છે તેને આપજો. ત્હમારી ગોઠવણ ત્ય્હાં થશે ને તાબડતોબ ત્હમે ચાલ્યાં જાવ. છોકરીઓ માનો પત્તો લાગ્યો જાણી ખુશી થતી થતી તેજ દિવસે કાગળ લઇ ચાલતી થઇ.

પ્રકરણ ૨૮ મું.

ચાંચોઆના ટોળામાં.

મોતીરામના મ્હોંએથી જ્યોતિ, મન્દકાન્તિનો પુત્ર થાય હેતું જાણતાં તથા મન્દકાન્ત અને જ્યોતિના દુઃખની હકીકત જાણવામાં આવતાં રવિરાયની પ્રકૃતિમાં એકાએક અવનવો ફેરફાર થઇ ગયો. મોતીરામે જ્યોતિને જે દુઃખ દીધેલું તે પોતે નજરોનજર જોયેલું હતું ને તે જ્યોતિ પોતાનાજ પાપને લઇને આ સ્થિતિમાં આવ્યો હતો તે બધું સ્હમજાયું. મનુષ્યના જીવનમાં એક હેવી પળ આવે છે કે એક નજીવા બનાવ ઉપરથી કાંતો તે ઉંચે ચ્હડે છે કે પછી નીચે પડે છે. આજ સુધી અધોગતિ ચાલતી હતી પણ એ અધોગતિ ઇશ્વર કૃપાએ છેક હૃદયમાં મૂળ કરી નહોતી રહી, એ સ્વાભાવિક નહોતી. સંગતને લઇને એ સ્થિતિએ પ્હોંચ્યો હતો. હૃદય કોમળજ હતું. મોતીરામની વાત સાંભળતાંજ હેના મનમાં અનેક તરંગો ઉઠવા લાગ્યા. પોતે પોતાને એક પાપી, નીચ, અધમ જણાયો. મોતીરામ એક રાક્ષસ જણાયો. શૂન્યકાર જેવો બેશી રહ્યો. આગળ પાછળ શું થાય છે તેનું કાંઇજ ભાન ના રહ્યું. હું કોણ ને મ્હેં

શું કર્યું ? ભૂતકાળનો ઇતિહાસ તપાસ્યો. પાપી જણાયો. સાધુને ત્હાંનો રાત્રીનો બનાવ દૃષ્ટિ આગળ તાદૃશ ખડો થયો. સાધુનાં વચન મર્મ ભેદતાં લાગ્યાં. એક ઉંડો નિશ્વાસ મૂકયો. હું પાપી શેનો? મ્હને એ રસ્તે દોરનાર દોષયુક્ત છે. મ્હારો વાંક હું માત્ર દોરાયો તેજ. પણ હું લલચાયો કેમ? મનુષ્ય માત્ર ષડ્‌રિપુથી ઘેરાયલો છે. હું ષડ્‌રિપુની લ્હડાઇમાં હાર્યો. હાર્યો ને પાયમાલ થયો. વ્હાણમાંથી કૂદી પડી દરિયામાં ઝંપલાવી નાશી છુટું. પણ એ તો મૃત્યુ હાથે કરી વ્હોરી લેવાનું. ગમે તે થાય. મોતીઆથી તો છુટું. પડવુંજ. હવે એ દુષ્ટની સોબત એક પણ પળ ના કરવી. પણ છુટીને જવું ક્યહાં ગામમાં ઘર નથી સીમમાં ખેતર નથી. લોકોમાં આબરૂ નથી. આ પાપોનું પ્રાયશ્ચિત્ શું હશે ? કોણ પ્રાયશ્ચિત્ આપશે ! સાધુ પાસે જાઉં તો ? ના, ના, હવે તો એ દિશાનું નામજ નહીં હવે તો.

" જહાંગીરી ફકીરી હા લલાટે મ્હેં લખાવી છે. "

વળી વિચાર થંભ્યો; એમ ફકીર થયે શું વળે ! બસ હવે તો આજ સુધી જેને તુચ્છકાર્યો હતો, ઓળખ્યો નહોતો, ઓળખવા પ્રયત્ન નહોતો કર્યો હેવા મહાન્ પ્રભુને શરણે જઈ ત્હેને મદદ કરવા શુદ્ધબુદ્ધિ દેવા પ્રાર્થના કરવી. હું શા માટે પેલા સાધુ જેવોજ ના થાઉં ? હું શામાટે ઉન્નતિક્રમના પગથીઆં ના ચ્હડું ? કોઇ પર્વતની ગુફામાં જઇ ધ્યાન ધરૂં. પણ તેથી જગતને જે મ્હેં ઠગ્યું છે તેનો બદલો કયાંથી અપાય? જોઇએ. અત્યારે કાંઇ નહીં. નિર્મિત સ્થાને ગયા પછી વાત.

× × × × ×

વ્હાણ બુડયું. ભૂતકાળનાં કૃત્યો બુડયાં. સાગરને તળીએથી અમૃત કુપ જડયો. અમૃત રસ થોડો પીધો. પીને મસ્ત બન્યો. ચાંચીઆ લોકોનું એક વ્હાણ ફરતું ફરતું આવી પ્હોંચ્યું તેમણે રવિરાયને પોતાના વ્હાણમાં લઇ ડુબતો બચાવ્યો. મોતીરામને કોઈ બીજા વ્હાણવાળાઓ હિંદુસ્થાન તરફ આવતા હતા, ત્હેમણે લઈ લીધો ને કીનારે મૂકયો. રવિરાયને રૂની ગાંસડીઓમાંથી રૂ કાઢી તેમાં નાંખ્યો. દવાદારૂ કરી ચેતના આણી. પોતાના કામમાં મદદરૂપ થશે એમ જાણી ચાંચીઆએએ તેને ડુબતો બચાવ્યો હતો ને તેની સાર-વાર કરી હતી. હુશીયારી આવ્યા પછી આસપાસ બેઠા થઇ જોયું તો તે પોતે એક વ્હાણમાં છે ખબર પડી. પણ આ બીજું વ્હાણ

જણાયું. સ્મૃતિ થઇ કે મ્હેલું વ્હાણુ તો ડુબ્યું હતું. પૂછતાં સત્ર હકીકતની ખબર પડી. કેરા લોકો ભેગો પોતે આવી પડયો છે એ થોડીવારમાં કળી ગયો. હજી પણ ઇશ્વર અનુકુળજ નથી. ક્યહાંથી હોય ? શું હેવું કર્યું છે કે ઇશ્વર અનુકૂળ થાય. ના ના, ઇશ્વર અનુકુળજ થશે; નહીં તો મ્હને બચાવે શું કરવા ? ફીકર નહીં વ્હાણુ ક્યહાં જાય છે એ જોવાનું છે. જાણવાની ઉત્કંઠા થઇને અગ્રણી જણાતા પુરુષને પૂછયું ભાઇ ? ત્હમે ક્યહાં જવાના છો ?

ચાંચીઓ—હમારે અરબસ્તાનના કીનારા ઉપર જવું છે. હમે વ્હેપારી છીયે.

રવિ—મ્હને પણ ત્યહારે ત્હમારી સાથેજ લઇ જશો કે ?

ચાંચીઓ—હા. હમારો એક માણુસ ગઇ કાલ્યેજ તાવમાં ગુજરી ગયો છે ને હવે હમને એક માણુસની ખોટય હતી તે ત્હારાથી પૂરી પડશે. તું અજાણ્યો માણુસ જણાય છે પણ હમારી સાથે રહીશ એટલે બધી સમજણુ પડશે.

રવિ—સારૂં ભાઇ ત્હમારો ઉપકાર માનું છું. કે, ત્હમે મ્હને બચાવ્યો પણ હવે આપણે અરબસ્તાન કયારે પ્હોચીશું ?

ચાંચીઓ—એ ત્રણ દિવસ હજી લાગશે. એટલામાં દૂરથી દરિયામાં કાંઇ જણાયું. ચાંચીઆઓએ પોતાનું વ્હાણુ બીજી દિશા તરફ હાંકયું.

રવિ—આણી પાસ કેમ ચાલવા માંડયું ? ત્હમે કહો છો ને કે અરબસ્તાનનો રસ્તો પેલી પાસ છે ને ?

ચાંચીઓ—છાનોમાનો જોયા કર્ય. બધું વખત આવે સ્હમજાશે, આબરૂદાર વેપારીમાં ખપવાથી બહુ ફવાતું નથી.

બીજો એક શાણો દેખાતો ચાંચીઓ બેઠો હતો તેની સાથે ધીમે ધીમે વાતો શરૂ કરીને તેની પાસેથી સર્વ હકીકત જાણી. રવિરાયનામાં અશક્તિ હતી તેથી હમણાં તો વ્હાણુ ઉપર હેની બરદાસ થતી હતી. રવિરાય પણુ અરબસ્તાન ક્યહારે પ્હોંચાય ને કેમ કરીને આ માણુસોથી છટકી જઇ શકું તેનાજ બિચાર કર્યા કરતો હતો.

અરબસ્તાન આવી તો પ્હોચ્યા, પણ વ્હાણુ કાંઠે લઈ ના ગયા. બબ્બે જણુ વારા ફરતી જોઇતો ખોરાક કે ચીજ લેવા દરરોજ બોટમાં કાંઠે જતા. રાત્રીને સમયેજ જતા. રવિરાયને જવાનો વારો

ના આવતો. એક દિવસ ચાંચીઆમાંનો એક માંદો પડયો. બીજા કોઇનો વારો નહોતો પણ પેલો જેની સાથે રવિરાયે મિત્રતા જેવું કર્યું હતું તેનો વારો હતો, તેથી રવિરાયને હેની સાથે આજે કાંઠે જવાનો હુકમ થયો. રવિરાયના મનમાં હર્ષ માતો નહોતો પણ તે ખુલ્લી રીતે જણાવવા ના દીધો, દર પળે ઈશ્વરના અસ્તિત્વની ખાત્રી થવા માંડી. રાત્રી પડી ને બોટ તૈયાર કરી બન્ને જણ ચાલ્યા, સત્તાવાળાની નજર ચૂકાવી બન્ને જણ કાંઠે ઉતર્યા. ખોરાકી વિગેરે લેવા તે બન્ને સાથે સાથે ગયા. રવિરાય દર પળે નાસી છુટવાનોજ પ્રયત્ન કરતો હતો; સાથીને સ્હમજાવ્યું કે અમુક ચીજ લેવી રહી ગઇ છે તે લઈ આવું છું તું અહીં ઉભો રહે હું હમણાં આવું છું. સાથીએ તે પ્રમાણે કર્યું. રવિરાય ગયો તે ગયોજ. ચાંચીઓ વાટય જોતો રહ્યો. રવિરાય ના આવ્યો તેથી ગભરાયો. આમ તેમ તપાસ કરી પણ પત્તો ના લાગ્યો. ઉપરીને શો જવાબ દેવો, તેનો વિચાર થયો. છેવટે ઉપાય જડયો, કહીશું કે રવિરાય જીંદગીથી કંટાળ્યો હતો, તેણે હું પકડવા જાઉં તે પ્હેલાં તો દરિયામાં પડતું મૂકયું. પાછળ હું પડયો, ઘણું મથ્યો પણ પત્તો ના લાગ્યો. કારણ કાંઠે ગયા પછી રવિરાય નાશી ગયો એમ કહું તો હું વાંકમાં આવું કારણ જોડીઆએ એક બીજાથી છુટું પડવાનું છેજ નહીં ને અક્કેક જણ એક બીજા સારૂં જવાબદાર છે છેવટે થાકી ચાંચીઓ બોટ લઇને ચાલ્યો ગયો.

રવિરાય મુકીઓ વાળી નાઠો ને એક સરાઈ (ધર્મશાળા) માં ઉતારો કર્યો. અરબસ્તાનના કિનારા ઉપર મ્હોટી મ્હોટી યુરોપીઅન વ્હેપારીની પ્હેડીઓ આવી રહેલી છે. તેમજ અરબ્બી મ્હોટા મ્હોટા વ્હેપારીઓ પણ ત્ય્હાં આગળ છે. અહીં મોતીનો ધંધો ધમધોકાર ચાલે છે. અરબ્બી લોકો યુરોપિઅનોને દરિયામાંથી મોતી કાઢી આપે છે. આ મોતી લઇ તેઓ યુરોપ મોકલાવે છે ને એકના બે કમાય છે; રવિરાયે એક યુરોપીયન વ્હેપારીને ત્ય્હાં જઇ નોકરી રહેવાની ઇચ્છા જણાવી. ભાગું તુટયું ઈંગ્રેજી જાણતો હોવાથી તેને એકદમ પસંદ કર્યો ને પેઢીમાં દાખલ કર્યો. અરબ્બી વ્હેપારીઓ ને યુરોપીયન વ્હેપારીઓ સાથે હેણે ઓળખાણ કરીને પોતાના શેઠને ધીમે ધીમે ફાયદો કરી આપતો ગયો. મોતીના વ્હેપારમાં ચાલાકી દેખાડી. રવિરાયને એક વખત હેના શેઠે થોડા

અમૂલ્ય મોતી લઇ ફ્રાન્સમાં જઇ પેરિસની એક પેઢીમાં જઈ વેચવાને સારૂં જવા ખુશી છે કે કેમ તે પૂછ્યું. રવિરાયે એકદમ ખુશી જણાવી. એટલે તેની એક વ્હાણુ ફ્રાન્સ જતું હતું તેમાં જવા ગોઠવણ કરી. રવિરાય કેટલાંક મોતી લઇ પેરિસ જઈ પ્હોંચ્યો. પેરિસ જઇ મોતી ઘણાજ સારે ભાવે વેચ્યાં ને તેની ખબર પોતાના શેઠને મોકલી, શેઠ ઘણોજ ખુશી થયો; ને પોતાની પેઢીમાં ચોથા ભાગનો ભાગીઓ કર્યો. રવિરાય વગર શેઠને બીલકુલ ચાલેજ નહીં એમ થઇ ગયું. રવિરાયને પેરિસમાંજ રહેવાનું થયું, ને વખતો વખત માલ આખા યુરોપમાં લઇને ફરવાનું થતું. ઇંગ્લાંડ, જર્મની વિગેરે સ્થળોએ પણ રવિરાય જતો. મ્હોટા મ્હોટા વ્હેપારી મંડળમાં રવિરાય જાણીતો થયો. જર્મનીમાં તે થોડો વખત રહ્યો ત્હાં મહા મુસ્કેલીએ ઘણા પૈસાના ભોગે કાચનાં કારખાનાનું કામ બારીકીથી શીખી લીધું. રવિરાય હવે પ્હેલાનો રવિરાય ન્હોતો. રવિરાય એક દયાળુ પુરુષ તરીકે લેખાતો હતો, રવિરાય આટલો ઉદ્યોગ કરતો હતો પણ સદા તે ઉદાસી જેવો રહેતો. ભૂતકાળનાં પાપો ખૂંચ્યાં કરતાં હતાં. જર્મનીમાં, ઇંગ્લાંડમાં જ્યોતિને હેણે જોયો હતો. દૂરથીજ હેને મનમાંને મનમાં આશીર્વાદ દેતો. એકપણ પ્રસંગે હેને મળ્યો નહોતો. જ્યોતિ જર્મનીમાં હતો તે વખતે એક દિવસ જ્યોતિને ગાડીમાં બ્હાર જતાં ગાડી ઉંધી વળવાથી અકસ્માત્ થયેલો તે વખતે હેના રક્ષણ કરતા દેવની માફક તે હમ્મેશ તેની દેખરેખ રાખતો. જ્યોતિને અકસ્માત્‌થી ઇજા થઈ હતી, બેભાન થયો હતો, તે સ્થિતિમાં પોતે ઉચકી લઇ ઇસ્પિતાલમાં લઇ ગયો હતો. ત્હાં તેની સારવાર કરવા અનેક ઉપાયો કર્યા હતા. જ્યોતિ સાજો થયા પછી હેને એટલીજ ખબર પડી હતી કે કોઇ હેના દેશના દયાળુ પુરુષે હેને મદદ કરી હતી.

જ્યોતિ પોતાના ઉપર ઉપકાર કરનાર પરગજુ કોણ હતો તેની શોધ કરતો હતો પણ પત્તો લાગતો નહીં. ઈસ્પીતાલના ડાક્તરને પૂછ્યુ કે એ કોણ પુરુષ હતો કે જે હેને ત્હાં બેભાન અવસ્થામાં લાવ્યો હતો. ડાક્તરે કહ્યું. વખતો વખત તે પુરુષ ગરીબ ઇસ્પીતાલોમાં ભટકે છે. અનાથ દર્દીઓને સારૂ તે પોતાના પૈસા આપે છે. તે પાછો જ્યારે મળશે ત્હારે નામ ઠામ પૂછી લઈ ખબર આપીશ. બીજેજ દિવસે રવિરાય ઇસ્પીતાલમાં એક લૂલી થએલી

છોકરી, જે અનાથ હતી તેને લઈને ગયો તે વખત દાક્તરે વાતમાં ને વાતમાં નામ ઠામ પૂછ્યું. રવિરાયે પોતાનું નામ કીર્તિકર છે એમ કહ્યું. પોતાની રહેવાની જગ્યાની નીશાની આપી જ્યોતિને બીજે દિવસે દાક્તરે ખબર કરી ઠેકાણું ને નામ આપ્યાં. જ્યોતિ તેજ પળે ત્હાં જવા નીકળ્યો. નીશાની આપેલી જગ્યાએ ગયો તો ખબર મળી કે ગઇ કાલેજ કીર્તિકર હિંદુસ્થાન જતી સ્ટીમરમાં ઉપડી ગયા છે. જ્યોતિ નિરાશ થયો. પણ નામ મળ્યું જાણી કાંઇક શાન્ત થયો. ઠીક હિંદુસ્થાન ગયા પછી ઉપકાર પ્રદર્શિત કરીશું. રવિરાયે હિંદુસ્થાન આવી આનન્દપુરમાં કાચનું કારખાનું કાઢયું તે વાત આપણે જાણીએ છીએ.

પ્રકરણ ૨૯ મું.

જ્યોતિનું હિંદુસ્થાન આવવું.

જર્મનીથી ઉપડી જ્યોતિએ ઇંગ્લાંડ જતાં પ્હેલાં જાપાન પણ આંટો માર્યો હતો. અમેરિકા જવા વિચાર હતો પણ એટલામાં હંસસ્વરૂપનો કાગળ ગયો કે હવે હેમની તબીયત બરાબર રહેતી નથી તો જ્યોતિએ ત્વરાએ હિંદુસ્થાન પાછા ફરવું. સુભગની કોલેજનું મકાન લગભગ પુરૂં થવા આવ્યું હતું. જ્યોતિના છાપખાનાનું કામ પણ સારંગધર ને સુભગની દેખરેખ નીચે ગોઠવાતું હતું. જ્યોતિ આવતી મેલમાં આવનાર છે હેવી ખબર સારંગધરને કાગળથી મળી હતી. તેથી તે આવે તે દિવસ તેને આવકાર દેવા માન અકરામ આપવાની તૈયારી થતી હતી. ગામના સંભાવિત ગૃહસ્થોને, જ્યોતિને એક માનપત્ર આપવા સારૂ સુભગ અને સારંગધર ઉત્તેજીત કરતા હતા. કારણ ગામમાંથી જ્યોતિજ પ્હેલ વ્હેલો પાશ્ચિમાત્ય દેશોની મુસાફરી કરીને આવનાર હતો. કચરા શેઠને આગળ કર્યા હતા. તેમનેજ તે દિવસની સભામાં પ્રમુખ કરવાના હતા. આવતી કાલ્યે જ્યોતિ આવનાર છે હેવી ખબર સુભગ ને સારંગધરે ગામમાં પ્રતિષ્ઠિત ગણાતાને આપી હતી ને સ્હવારે મેલ

વખતે સ્ટેશન ઉપર હેને લેવા જવાને સારૂં પણ કેહેતા આવ્યા હતા. બીજે દિવસે સ્હવારમાં, સુભગ, સારંગધર, કલ્યાણી, ઉમાદેવી, હંસસ્વરૂપ, સતસંગી, કચરાશેઠ ને બીજા ગામના લોકો મેલ વખતે સ્ટેશન ઉપર ગયા. સુભગે ફુલ હાર લઇ લીધાં હતાં ને અડધા કલાક પહેલાં જઈ ને ખોટી થતા સ્ટેશને બેઠા હતા. ટ્રેન વખતસર સડસડાટ કરતી આવી પ્હોંચી. એક રીઝર્વ્ડ કરેલા ખાનામાં જ્યોતિપુંજ બેઠો હતો તેને એકદમ સુભગે તથા સારંગધરે ફુલના હાર તોરાથી વધાવી લીધો. જ્યોતિએ ગાડીમાંથી ઉતરી તરત હંસસ્વરૂપને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. મિત્રોને પ્રેમથી ભેઠી, શેઠ શાહુકારોની ખબર અંતર પૂછી. સ્ટેશન ઉપર ઉતારૂ તેમજ સ્ટેશનના નોકરો આ બધો બનાવ ઉભા ઉભા ઠઠ જમાવી જોયા કરતા હતા. જ્યોતિએ કલ્યાણી તથા ઉમાદેવીનું કુશળ પૂછ્યું. સતસંગીને ભેટી સર્વ મંડળ પ્લેટફોર્મથી બ્હાર આવી ગાડીઓમાં બેશી જ્યોતિને ત્ય્હાં ગયું. લોક વેરાયું ને મિત્રો સાથે જ્યોતિ એકલો રહ્યો. જાપાન વિગેરેની વાતો શરૂ થઇ. એશિયામાં ચ્હડતી કળાએ પ્હોંચતી પ્રજા વિશે જાણવાને મિત્રોની ઉત્કંઠા જોઇ જ્યોતિએ કહ્યું, કે ભાઇ ! આપણી હેવી સ્થિતિ થવા હજી બહુ વાર છે. આપણે હેમનાથી હજારમાં ભાગનું કરી શકીએ એમ નથી. અરે ત્હમને શું કહું. જે વખતે રશિયા સાથે લ્હડાઇ જામવાની હતી તે વખતે વ્હાણો ધમધોકાર નવાં તૈયાર થતાં હતાં પણ દેશમાં કોઇ જાણે નહીં કે એક મહાભયંકર લ્હડાઈની શરૂવાત થઇ રહે છે. ખુદ ભયંકર લ્હડાઇ દરમ્યાનમાં મુખ્ય શહેર ટોકીઓમાં કે જ્ય્હાં ચૌદ લાખ માણસની વસ્તી છે ત્ય્હાં નિર્ભય રીત્યે લોકો વેપાર ઉદ્યોગમાં મશગુલ હતા. જનરલ ટોગોને સારૂં જાપાન આખું મરી ફીટે છે. બાલ્ટીક ફલીટનો નાશ કરનાર આ બહાદુર નર એક વરસ દહાડો ક્ય્હાં હતો ને ક્ય્હાં નહીં તે ખુદ હેનાં ઘરના બૈરાં છોકરાંને પણ ખબર પડવા નહોતી દીધી. ખરે આ પ્રજા એક મહાન્ કર્તવ્ય કરવા નિર્માએલી છે એમ મ્હને તો લાગે છે. આ પ્રજામાં અમુક જણ ધર્મ શો પાળે છે હેની તો ભાંજઘડજ નહીં. ફક્ત એટલુંજ બસ છે કે દરેક જણ જેપાનીઝ છે. એટલે થયું. કહેવાતા ધર્મની જ્ય્હાં જ્ય્હાં આડખીલીઓ આવશે ત્ય્હાં ત્ય્હાં કાંઇપણ દેશને સારૂં થઈ શકનાર નથી. જ્યોતિ થાકેલો હતો ને જમવાનો વખત થયો

એટલે સુભગને સારંગધર પોતાને ઘેર ગયા. જતે જતે કહ્યું કે જ્યોતિ ! આજે સ્હાંજરે પરવારી વ્હેલો આવજે. આપણી કોલેજનું મૂહુર્ત છે ને તે હંસસ્વરૂપને હાથે ઉઘાડવાની છે. વળી ત્હને માનપત્ર પણ આપવાનું છે. ને કચરા શેઠે તે વખતે પ્રમુખપદ લેવા કબુલ કર્યું છે. જ્યોતિ જમી રહી થાકેલો હતો, ઉજાગરો હતો તેથી આરામ લેવા સૂતો. સુભગે ને સારંગધરે ઘણાજ ઉદ્યમથી કોલેજના મકાનને આજના પ્રસંગ ઉપર શણગાર્યું. હતું એક ભવ્ય મેળાવડો કરવાનો હતો. જાત્ય જાતનાં તોરણો કોલેજના મકાન ઉપર ઠેર ઠેર બાંધ્યાં હતા. એક સુંદર ન્હાના બાગ જેવું કોલેજના કમ્પાઉન્ડમાં બનાવી દીધું હતું. કીટસનને ઇલેટ્રીક લાઇટની ગોઠવણ કરી દીધી હતી. આખા કોલેજના મકાન ઉપર લાઇટની હેવી ગોઠવણ કરી હતી કે એક સુંદર દેખાવ થઇ ગયો હતો આમંત્રેલા સદ્‌ગૃહસ્થોને આવકાર દેવાને એક બેન્ડની ગોઠવણ રાખી હતી. ન્હાના ધોરણ ઉપર એક નાટ્ય પ્રયોગ પણ રાખેલો હતો. કોલેજ જવાના આખા રસ્તા ઉપર પાણીનો છંટકાવ કરાવી દીધો હતો. સ્હાંજ પડતાં ધીમે ધીમે ગાડીઓમાં સદ્‌ગૃહસ્થો આવવા મંડયા તેમને આવકાર દેવા સુભગ, સારંગધર જ્યોતિ વિગેરે ઉભા રહ્યા હતા. દરેકને તેમની યોગ્યતા પ્રમાણે જગ્યાએ બેસાડવામાં આવતા હતા. સ્ત્રીઓને સારૂં ખાસ ગોઠવણ કરવામાં આવી હતી. કલ્યાણી ઉમાદેવી વિગેરે પણ વખતસર આવી પ્હોંચ્યાં હતાં. સર્વ મંડળ આવી રહ્યું એટલે શરૂવાતમાં તો જ્યોતિને માનપત્ર આપવાનું કામ થયું. સુભગે માનપત્ર વાંચ્યું તેનો યોગ્ય ઉત્તર જ્યોતિએ આપ્યો ને તાળીઓના ગડગડાટ વચ્ચે સારંગધરે છેવટે જ્યોતિને તથા પ્રમુખને ફુલના હાર પ્હેરાવ્યા અનાથ આશ્રમ, ઈસ્પીતાલ વિગેરેનાં માણસોને દર્દીઓને હંસસ્વરૂપ તરફથી આજે મિષ્ટાન્ન જમાડવામાં આવ્યું. છેવટે હંસસ્વરૂપે કોલેજ આજથી ખુલ્લી મૂકવાનું કાર્ય કરતાં એક અસરકારક ભાષણ આપ્યું. નાટય પ્રયોગ ચાલુ થયો ને સર્વે જણે ઉત્સાહથી કામ આરંભ્યું હતુ તે સમાપ્ત કર્યું. સુભગે સદ્‌ગૃહસ્થોને રીફ્રેશમેન્ટ લેવા આમંત્રણ કર્યું. તે લઇને રાત્રીના આઠ નવ વાગતાને અમલે સર્વ મંડળ વિખરાઇ ગયું. જ્યોતિનું દૈનિકપત્ર “ ઉષા ” નામે આજથીજ શરૂ કર્યું હતું. તેનો પ્હેલો અંક બધાએ વચાવી લીધો હતો. પત્ર

ની હજારો નકલો ખપવા લાગી હતી ને તે હેવા ધોરણ ઉપર ચા લતું થયું કે તેની સત્તા સર્વત્ર મનાવા લાગી. દરેક જગ્યાએ પત્રની એજન્સી ખોલવામાં આવી હતી. ને તેની આવક ઘણે અંશે ગરીબ અનાથના ઉપયોગમાં જતી હતી. સુભગની કોલેજમાં સંખ્યાબંધ દાખલ થવાની અરજીઓ આવવા માંડી. જગ્યા નહીં હોવાથી મોડા પડેલાઓને નિરાશ કરવા પડતા હતા. કોલેજ પાસે પરગામનાને સારૂ હોસ્ટેલ રહેવા સારૂ બંધાવી તે પણ ભરાઈ ગઈ હતી ને કામ ધમધોકાર ચાલતું હતું. સર્વને કોલેજના કામથી સંતોષ મળતો હતો. રાત્રીએ બધાના વિખરાયા પછી જ્યોતિ, સુભગને સારંગધર એકલા પડયાને જ્યોતિની મુસાફરીની વાતો ચાલી. અનેક વાતોમાં જ્યોતિએ પોતાના જર્મનીમાં થયેલા અકસ્માતની વાત કાઢી કે કોઇ કીર્તિકર કરીને છે તેણે મ્હારા ઉપર બહુજ ઉપકાર કર્યો છે. એ હિંદુસ્થાનનો પાશ્ચિમાત્ય દેશોમાં એક નામીચો વ્હેપારી છે તેણે મ્હને એક દિવસ ગાડીમાંથી પડી જવાથી બેભાન અવસ્થામાં ઇસ્પીતાલમાં લઇ જઇ મ્હારી સારવાર કરી હતી. પણ કમનશીબે આજ સૂધી એ પુરુષને હું મળી શકયો નથી.

સારંગધર--કીર્તિકર ? હા, હા, મ્હેં એ નામ સાંભળ્યું છે. હેણે તો ઘણું કરીને એક કારખાનું કાઢયું છે.

સુભગ--શેનું કારખાનું કાઢયું છે?

સારંગ--મ્હેં એક પેપરમાં વાંચ્યું હતું કે આનન્દપુરમાં હમણાંજ એક કાચનું કારખાનું નીકળ્યું છે ને તે સારૂં કામ કરે છે. તેનો કાઢનાર વિલાયત વિગેરે દેશોમાં જઇ શિખી આવેલો હિંદુસ્થાનનો એક ધનાઢ્ય વ્હેપારી, નામે કીર્તિકર કરીને છે ને તેની આજ લગીની સખાવત લગભગ દસ લાખ રૂપીઆ સૂધીની છે.

જ્યોતિ--ત્યારે તો એજ. આનન્દપુરમાં રહે છે કેમ ?

સારંગ—હા-વાંચ્યું તો છે.

જ્યોતિ—સુભગ? ત્યારે આપણે આવતી કાલ્યે એ કારખાનું જોવા જઇશું ? ત્યાં કેવી વ્યવસ્થા છે વિગેરે જણાય તો આપણે એક 'લીડર' લખી પેપરમાં છાપીયે.

સુભગ—ભલે મ્હારે આવવાને અડચણ નથી.

આ પ્રમાણે વાતો કરતા કરતા ત્રણે મિત્રો ઘર ભણી ગયા.

પ્રકરણ ૩૦ મું.

પશ્ચાત્તાપ.

હંસસ્વરૂપને જ્યોતિપુંજ રહવારના પ્હોરમાં ઈશ્વર સ્તવન કરી વાતો કરતા બેઠા હતા, એટલામાં ત્હાં આગળ બે છોકરીઓ આવી. જ્યોતિના નામનો કાગળ લઈ હંસસ્વરૂપને આપ્યો ને ઉભી રહી. હંસસ્વરૂપે એ છોકરીઓને ઓળખી. જ્યોતિએ પણ હેમને ઓળખીને કહ્યું, બ્હેનો ત્હમે પેલા મોતીરામની છોકરીઓ ખરૂંને? વાહ! શું મ્હોટી થઈ ગઈઓ ત્હમે તો! ક્યહાંથી આવો છે? એમ કહી કાગળ ફોડી વાંચી સંભળાવવા માંડયો—હંસસ્વરૂપે કાગળ વાંચવા જ્યોતિને આપ્યો હતો.

છોકરીઓ—કાગળ વાંચો ભાઈ એટલે જણાશે.

જ્યોતિએ નીચે પ્રમાણે કાગળ વાચ્યોઃ—

મુ આનન્દપુર.

"પ્રિય જ્યોતિપુંજ તથા પૂજ્ય હંસસ્વરૂપજી"

ત્હમે તથા પૂજ્ય હંસસ્વરૂપ, ગરીબ, અનાથ અને દુઃખીનાં દુઃખ દૂર કરવા જન્મ્યા છો. પાપીઓનાં પાપ ધોવા મથ્યા રહો છો એ જાણી આ કાગળ લાવનાર બે નિરાધાર સ્ત્રીઓને ત્હમારી પાસે મોકલું છું. ખબર મળી છે કે ત્હેમની માતા ત્હમારી હોસ્પીટલમાંજ કામ ઉપર છે. તો દીકરીઓ માતા પાસે સુખી થશે જાણી ત્હમારે ત્હાં હેમને મોકલી છે. મ્હારૂં કારખાનું ચાલે છે એ વાત સાચી પણ ત્હમારી નિર્મળ, ને પવિત્ર છાયામાં રહેવાથી હરકોઈનું જીવન નિર્મળને પવિત્ર થઈ શકે છે તો આ સ્ત્રીઓનું પણ જીવન નિર્મળને પવિત્ર બનશે તો હેમાં નવાઈ નથી. હાલ તો એજ હવે પછી બનશે તો રૂબરૂ મળવા પ્રયત્ન કરીશ.

લી—કીર્તિકરના નમસ્કાર.

જયોતિ—હંસબાવા? આજ કીર્તિકરે જર્મનીમાં મ્હારા ઉપર ઉપકાર કર્યો હતો. મ્હારે હેમને મળવા જવાનો વિચાર છે. સુભગ તથા સારંગધર પણ સાથે આવવાના છે. છોકરીઓને કહ્યું, બ્હેનો?

જાવ ત્હમે ઇસ્પીતાલમાં. હું આ ચીઠ્ઠી લખી આપું છું ત્હમારી ગોઠવણ ત્હાં થશે. ત્હમારી માતા પણ ત્હાંજ છે તો ત્હમે મા દીકરીઓ હવે અહીંજ રહી સુખી થાવ. છોકરીઓને હેમની મા સાથે રહેવાનો પ્રસંગ મળ્યાથી હર્ષનાં આંસું આવ્યાં ને હેમનું ભલું કરનારને આશીર્વાદ દીધા.

મોતીરામની છોકરીઓને કાગળ આપી કીર્તિકરે આણી પાસ મોકલી પછી તે નિશ્ચિત થયો. મોતીરામ કારખાનામાં કામ કરતો ને શેઠની મ્હેરબાની કેમ મેળવાય તેના ઉપાયોજ ખોળ્યાં કરતો. તે ઘણી વખત શેઠને રૂબરૂમાં મળવા ઇચ્છતો, નજરે ન્હડવા પ્રયત્ન કરતો પણ બધું વ્યર્થ જતું. જ્યારે જ્યારે કીર્તિકર કારખાનામાં આવી ઓફીસમાં બેશી કામ કરતો તે વખતે અનેક બ્હાને મોતીરામ હેની પાસે જવાને આંટા મારતો, હેના મ્હોંની બરોબર ઝાંખી કરવા હજાર ઉપાય કરતો પણ નિષ્ફળ જતો. કારણ કીર્તિકરે હેવો બંદોબસ્ત રાખ્યો હતો કે ઓફીસમાં બેસે તે વખતે ઘણું ખરૂં મજુર વર્ગ હેને જોઈ ના શકે. કાચના બારણાં રખાવ્યાં હતા. ને તે બંધજ રાખવામાં આવતાં. કાચ ઉપર લીલો રંગ ન્હડાવવામાં આવ્યો હતો એટલે બ્હારથી કોઇ પણ જોઇ ના શકે તેમજ અંદર શી વાત થાય છે તે પણ કોઇ સાંભળી ના શકે. એક દિવસ મોતીરામે સ્હાંજરે બધાના છુટયા પછી ઓફીસના એક કાચ ઉપરનો રંગ કાંઇ કામ કરવાનો ડોળ કરી ધીમે ધીમે ઉખાડયો. રંગ હેવી જગ્યાએથી ઉખાડયો હતો કે તે એકદમ કોઇની નજરે આવી ના શકે, બપોરે એક દિવસ જમવાની વખત મળી તે વખતે મોતીરામે જમવા જતાં ઓફીસ આગળ કાંઇ કામ કરવાનાં બ્હાને આંટા મારવા માંડયા, કારખાનાના મકાનના એક થાંભલાની ઓઠે ઉભો રહ્યો, તે હેવી જગ્યાએ ઉભો કે કીર્તિકરના મ્હોંની એક બાજુ દેખાય. થોડીવાર ત્હાં ઉભો રહ્યો પણ કાંઈ જોઇ શકયો નહિ. થોડીવાર થઇને કીર્તિકર ઉભો થઇ ઓફીસમાં સ્હામે એક શેલ્ફ ઉપરથી ચોપડી લેવા ગયો. ચોપડી લઈ પાનું ઉઘાડી તેમાંજ નજર રાખી વાચતો વાંચતો ધીમે ધીમે ચાલી પાછો ખુરશી ઉપર બેસવા જતો હતો. તે વખતે મોતીરામે ધારી ધારીને કીર્તિકરનું મ્હોં જોયું. મ્હોં જોતાની સાથેજ ઠરીગાર થઇ ગયો. કીર્તિકરને ઓળખ્યો. તે દિવસે રાત્રે

સ્હેજ ધાંટા ઉપરથી જણાયું પણ સંભવિત ના લાગ્યું. આજે પૂર્ણ ખાત્રી થઇ કે કીર્તિકર તેજ રવિરાય. એકદમ ઉભો હતો ત્હાંથી મૂઠીઓ વાળી મોતીરામ નાઠો. પોતાની કોટડીમાં જઇ બારણાં બંધ કરી ચત્તોપાટ સૂતો. વિચારોએ ચ્હડયો કે રવિરાય આ સ્થિતિએ ક્યહાંથી, કેમ બચ્યો, શું થયું. હેને મળુ ને પૂછું. પણ ના હેને જો મ્હારી ઓળખાણ કરવી હોત તો તે મ્હને બીજે દિવસ પાછો બોલાવત નહીં? મ્હેં પણ હેને મ્હોઢેજ હેનું ભૂંડું કહ્યું છે. હવે શું કરવું ? શું એ મ્હારા ઉપર ઉપકાર કરે ? એ કેણ ? હું ના હોત તો આજે એ અહિયાં ક્યહાંથી હોત. આ વિચારે ઇર્ષ્યા થઇ. બસ હું ખરો કે આખા ગામમાં હેને ફજેત કરૂં. પણ ના, ના, મ્હારૂં કોણ માને ? મ્હને લોક ગાંડામાં કહાડી નાંખે. હાવો મ્હોટો શેઠીઓ આબરૂદાર તે મ્હારો મિત્ર કોણ માને: પાછું નામ પણ ફેરવ્યું છે. હું કહું કે હેનું નામ રવિરાય છે તો તે કોણ માને ? ત્યારે હવે શું કરવું ? હમણાં શું થઇ શકે ? મ્હારી પાસે કાંઇ સાધન નથી. પાસે પૈસો પણ નથી કે અહીંથી નાશી છુટી બીજે જઇ રહું ને જઇને પણ શું કરૂં ? ફીકર નહીં હાલ તો જેમ ચાલે છે તેમ ચાલવા દ્યો. આગળ ઉપર જોઇ લઇશુ. જોઇએ છીએ શું થાય છે. રવિરાય તું અભિમાનમાં છકી ગયો, મ્હારા ઉપર ઉપકાર કરતો હોઇશ કેમ ? એમ બડબડયો. કામ ઉપર જવાનો ઘંટ વાગ્યો તે સફાળો ખાધા વિનાજ ઉઠયો ને અ-સ્વસ્થ ચિત્તે કામ ઉપર લાગ્યો. બેદરકારીથી અસ્વસ્થ ચિત્તે કામ કરતાં એક કાચનો કડકો ઉડગો તે મોતીરામના માથામાં વાગ્યો. લોહી પુષ્કળ વ્હેવા માંડયું. સાથેના મજુરોએ દોડી જઇ પાણી આણ્યું ને રેડવા માંડયું. મોતીરામ બેભાન થઇ પડયો. કારખાના-માં કોઇને પણ ઇજા થાય અથવા કાંઇ અકસ્માત થાય તેની ખબર શેઠને તરતજ આપવામાં આવતી તે પ્રમાણે કીર્તિકરને ખબર પ્હોંચાડી. કીર્તિકર ત્હાં જઇ પ્હોંચ્યો ને જોયું કે મોતીરામ કાચથી ઘવાયો હતો. એકદમ હેની સારવાર કરવાને કહ્યું. પોતે ઘા ઉપર, એક ન્હાની ઇસ્પીતાલ જેવું કર્યું હતું તેમાંથી દવા આણી લગાડી પાટો બાંધ્યો. પ્હેલ્વહેલી મોતીરામની મદદે જઇ પ્હોંચનાર મજુરને તાબડતોબ ઇલાજ લીધો તે માટે ઇનામ આપ્યું. મોતીરામને હેની કોટડીમાં લઇ જવામાં આવ્યો ને પગાર, વગર કામ કર્યે ચ્હડતો

રાખવામાં આવ્યો. મોતીરામને માથામાં વાગ્યું હતું તેથી કોઇક કોઇવખત તે બેભાન થતો વળી ભાન આવતું પણ કોઇને ઓળખી શકતો નહીં. કીર્તિકર દરરોજ સ્હવારસ્હાંજ જાતે હેની ખબર કાઢતો. થોડા દિવસમાં ઘા રૂઝાશે જાણી હેને ત્ય્હાંજ રાખ્યો પણ હામાંથી મોતીરામને તાવ આવવા માંડયો એટલે કેટલાક માણસો સાથે એક કાગળ લખી હરિણપુરની જ્યોતિની ઇસ્પીતાલમાં મોકલી આપ્યો. કીર્તિકરે જ્યોતિ ઉપર કાગળ લખ્યો કેઃ--

પ્રિય જ્યોતિપુંજ.

ઇશ્વરની ઇચ્છા બળવાન છે. થોડાક દિવસ ઉપર છોકરીઓને માતા ભેગી કરી છે. આજે હેમનો પિતા જે અહીંજ હતો તેને બેભાન અવસ્થામાં ત્હમારે ત્ય્હાં મોકલું છું. એક કુટુમ્બ હાવા સંજોગોમાં એકઠું થશે તે, જ્યારે તે છુટું પડયું ત્યારે જાણતું નહોતું. તો ઈશ્વર છે હેની સાબિતિ અહીંજ અનેક પ્રકારે મળે છે છતાં મૂઢ ચિત્તનો મનુષ્ય તે જાણી શકતો નથી અથવા જાણવા પ્રયત્ન કરતો નથી. ત્હમારે ને મોતીરામના કુટુમ્બને સારૂ ઓળખાણ છે એમ મોતીરામ મજુર વર્ગમાં વાતો કરતો હતો તેથી જાણવામાં આવ્યું છે ને તેની સાથે બીજી કેટલીક પણ વાતો જાણી શકયો છું. તો આ વખતે ત્હમારા સ્વભાવ પ્રમાણે હેને મારી બક્ષી ક્ષમા કરશો. અનેકવાર હાવી તસ્દી આપું છું તેને માટે મ્હને પણ ક્ષમા કરશો એમ આશા રાખું છું. એક વખત મળવા વચન આપ્યું છે તે બનશે તો તો જરૂર મળીશ હાલ તો એજ.

લી. કીર્તિકરના નમસ્કાર.

મોતીરામને પણ તેની છોકરીઓની માફક રાખ્યો પણ તે કામ કરી શકે હેવી અવસ્થામાં નહોતો. થોડા દિવસ દવા થયા પછી મોતીરામ ઉઠતો બેસતો થયો. પણ અશક્તિ આવી ગઇ. કાચ વાગ્યા પછી હેની તબીયત સારી રહેતી નહોતી. એક સ્હવારે ઉઠીને જૂવે તો પોતાને આખરે પત નીકળેલું જણાયું. હાથમાંથી પગમાંથી બધેથી ચેપી પાણી વ્હેતું હતું. મોતીરામ હમ્મેશને માટે કામ કરવા અશક્ત થયો ઇસ્પીતાલમાં એક જુદી કોટડીમાં હેનો ખાટલો નાંખી હેને રાખ્યો હતો. હેની સ્ત્રી કે છોકરીઓ પણ કવચિત્જ હેની પાસે જતાં. જ્યોતિને હંસસ્વરૂપ વખતો

વખત હેની તજવીજ રાખતાં, મોતીરામની જ્યારે જ્યારે જ્યોતિ ખબર પૂછતો ત્હારે માત્ર એટલુંજ દુ:ખનો માર્યો બોલતો પ્રભૂ ત્હારૂં ભલું કરજો હું પાપી છું. જ્યોતિભાઈ મ્હને માફ કરો. આખી રાત્ય હેને ઉંઘ આવતી નહીં કારણ આખા શરીરમાં અગ્નિ ને અધુરામાં પૂરૂં બળતરા થતી ને હેરાન થતો.

મોતીરામ, ત્હેની છોકરીઓ, અને ત્હેની સ્ત્રી, સર્વની સ્થિતિના વિચાર કીર્તિકરને હમ્મેશ આવવા માંડયા. મોતીરામ જેવો હું પણ પડયો હતો. મોતીરામના ગયા પછી હાવા વિચારો કીર્તિકરને હેરાન કરતા. તે એક દીવસે કંટાળ્યો. પ્રવૃત્તિ મૂકી નિવૃત્તિમાં જવું કે કેમ ? શું કરવું ને શું નહિ હેના વિચારમાં પોતાના મકાનમાં એક દિવસ રાત્રે બેઠાં બેઠાં વિચાર ચલાવ્યા કરતો હતો. જ્યોતિપુંજને મળવું કે નહીં હેની ક્ષમા માગવી તો કેવી રીત્યે ? કદાચ એજ અહીં આવી મ્હડે તો જર્મનીમાં મ્હને મળવા હેણે ઘણા પ્રયત્ન કર્યા હતા તો હવે એ પણ અહીં છે હું પણ અહીંયાં છું. મ્હારા કાગળો હેને મળ્યા છે. ઠામ ઠેકાણું જાણે છે. હું હેની સાથે શી વાત કરીશ ? મ્હારાથી શું બોલાશે ? હેને મળવા જાઉં ને એ ના ઓળખે પણ હંસસ્વરૂપ ઓળખશેજ. હંસસ્વરૂપની ક્ષમા માગું ? શું કરૂં ? આ પાપમાંથી કેવી રીત્યે છુટકો થાય ? શેકસપીયરની લીટીઓ યાદ આવી:—

"Alack? I love myself. Wherefore?
for any good
That I myself have done unto myself?
O! No! Alas! I rather hate myself
For hateful deeds committed by myself.
I am a Villain. Yet I lie; I am not.
Fool, of thyself speak well; fool, do not flatter,
My conscience has a thousand several tongues,
And every tongue brings in a several tale,
And every tale condemns me for a Villain."

\+ × × +

ગમે તે થાય જવું તો ખરૂંજ ને મળવું પણ ખરું ને પછી—પછી શું ? પછી નિવૃત્તિ માર્ગ. એકદમ ઉઠયો, ઉઠીને એક કાગળ લખ્યો:—

પ્રિય જ્યોતિપુંજ.

ત્હમારા ' ઉષા ' પત્રમાં આ નીચેની નોટીસ આપશો તો ઉપકાર થશે. કેટલાંક કારણોને લઇને હવે હું નિવૃત્તિ માર્ગ લેવા ઇચ્છુછું. કારણો પાછળથી વખતે ત્હમને જણાશે. હમણાં તો નીચેનું છાપી ઉપકૃત કરશો.

" આનન્દપુરનું કાચનું ધમધોકાર ચાલતું કારખાનું ને તેની સાથેની દરેક ધર્માદા વ્યવસ્થા જે કોઈ ધર્મ નિમિત્તે રાજી ખુશીથી ચલાવવા તૈયાર હોય તેણે હરિણપુરમાં હંસસ્વરૂપજીને મળી બંદોબસ્ત કરવો. "

હું હંસસ્વરૂપજીને કાંતો કાગળથી કે કાંતો રૂબરૂ મળી બધી હકીકતથી વાકેફ કરીશ માટે ઉપર પ્રમાણે છાપવા વાંધો નથી એમ સ્હમજશો. હું આજે બ્હારગામ કામ પ્રસંગે જાઉછું માટે જો અહીં આવી રૂબરૂ ખુલાસો કરવા ધારતા હશો તો બની શકશે નહીં માટે ક્ષમા ચાહુછું. સર્વદા સુખી રહો એજ પ્રભુ પાસે મ્હારી પ્રાર્થના છે.

લિ૦ કીર્તિકરના નમસ્કાર.

કાગળ લખી બીડયો ને બીજે દીવસે મેનેજરને બધું કામ સોંપી બ્હારગામ જાઉછું કહી સંધ્યાકાળે નીકળી પડયો.

\+ × × × +

જ્યોતિની સાથે આનન્દપુર જવા હંસસ્વરૂપ પણ વિચાર કરતા બેઠા હતા કે હેવા સાધુ પુરૂષને મળાય તો સારૂં. આજે જઇશું, કાલ્યે જઇશું એમ વિચાર કરતા હતા કારણ હમણાં હમણાંનું હંસસ્વરૂપને શરીરે ઠીક નહોતું રહેતું. હંસસ્વરૂપ આમ વિચાર કરતા હતા, પ્રેસને દૈનિકપત્ર વિશેની હકીકત જ્યોતિને પૂછતા હતા એટલામાં ટપાલમાં એક કાગળ આવ્યો. જ્યોતિએ કાગળ લઇ ફોડીને વાંચ્યો ને કહ્યુ આતો કીર્તિકરનો કાગળ છે.

હંસ—શું લખે છે ?

જ્યોતિ--આપણે તો ત્યહાં જવા વિચાર કરીએ છીએ પણ એતો લખે છે કે ' હું બ્હારગામ કામ પ્રસંગે જાઉછું તે મળી નહીં શકું. પણ બીજું એ લખે છે કે મ્હારૂં કારખાનું કોઇ ધર્મ નિમિત્ત ઉપાડી લેવા તૈયાર હોય તો પોતે નિવૃત્તિ માર્ગ પકડવાના છે તેથી તે સંબંધી સર્વ વ્યવસ્થા ત્હમને સોંપી છે. ત્હમને રૂબરૂ

મળશે પણ ખરા ને ' હવા ' ની અંદર, એક નોટીસ લખી મોકલી છે. તે છાપવા વિનતિ કરે છે.

હંસ—પણ એ છે કોણ ?

જ્યોતિ--મ્હને પણ એજ નવાઇ લાગે છે કે આમ એ છુપાય છે કેમ ? હમણાં આપણે મળવા જવા વિચાર કરીએ છીયે ત્યારે એ બ્હારગામ જનાર છે. પણ વળી ત્હમને મળવાનું કહે છે.

હંસ—જોઇએ શું થાય છે. મ્હને તો એમ લાગે છે જ્યોતિ ! કે કાંઇક નવાઇજ સાંભળીશું.

જ્યોતિ--એટલે ?

હંસ--ના, ના, મ્હારૂં કહેવું એમ છે કે કોઇ ખરોજ લાગણીવાળો, દયાળુ પુરુષ હશે. કેમ ના હોય ? જગત્‌માં કાંઇ કાંઇ પડયા છે. વસુંધરામાં બહુ રત્નો છે.

જ્યોતિ—લ્યો આ સારંગધરને સુભગ પણ આવ્યા સુભગને જ્યોતિએ કાગળ કીર્તિકરનો આપ્યો. સારંગધરને પણ વાંચવા કહ્યું વાંચીને સુભગે કહ્યું ઠીક. કોઇ પણ કામ ઉપાડી લેનાર મળશેજ કેમ નહીં મળે. ?

હંસ--વારૂ સારંગધર ? વખતે કીર્તિકર મ્હને બધુ સોંપે ને કહે કે ત્હમારી નજરમાં આવે તેને કામ સોંપજો તો તું ઉપાડી લેવા તૈયાર છે ?

સારંગધર—ખુશીથી હું તૈયાર છું. સુભગ કોલેજ નભાવશે, જ્યોતિ પત્ર ચલાવશે. હું કારખાનું ચલાવીશ.

તે દિવસે તો ત્રણે મિત્રોએ પોતાને જગત્‌માં કરવાનાં કર્ત્તવ્યોની અનુકુળતા થઇ રહમજી ઘણો આનન્દ કર્યો. દરેકે પોતપોતાના વિચારો એક બીજાને જણાવવા માંડયા. રાત્રી પડવાથી સર્વ પોતપોતાને ઘેર ગયા રાત્રનું વાળુ કરી જ્યોતિ, સતસંગીને હંસસ્વરૂપ ઈશ્વર સ્તવન કરી, પોતપોતાની જગ્યાએ સૂતા, નિદ્રા લેવા ગયા.

રાત્રી શમશમાકાર ચાલી જતી હતી. પુર્ણીમા હોવાથી ચંદ્ર પૂર્ણ કળાએ પ્હોંચ્યો હતો. હરિણપુરમાં સર્વ કોઇ શાન્તિથી નિદ્રા લેતું હતું. હરિણપુરના સરિયામ રાજમાર્ગ ઉપર એક ભગવાં વસ્ત્ર પ્હેરેલો પુરુષ ઝપાટાબંધ રસ્તો કાપતો જણાતો હતો. રસ્તો પરિચિત હોય તેમ અનેક ગલીગુંચીઓ વાળા રસ્તા વટાવતો હતો.

મુખ મુદ્રા શાન્ત જણાતી હતી. કોઇ અમુક સ્થળેજ જતો હોય તેમ કોઇપણ જગ્યાએ રોકાયા વિના રસ્તો કાપતો હતો. નિર્મિત કરેલી જગ્યાએ આવી પ્હોંચતા થંભ્યો, કાન દઇ ઉભો રહ્યો. ખાત્રી થઇ કે નિદ્રાદેવીને સર્વ શરણ થયા છે. માર્ગ બધો પરિચિત હતો. એક વેળા એજ રસ્તે આવ્યો હતો તે વખતે જૂદીજ સ્થિતિ હતી. આજે એજ રસ્તે પાછો દાખલ થાય છે પણ સ્થિતિ જૂદી છે. હંસસ્વરૂપની મઢુલીએ આજે રવિરાય નહીં પણ કીર્તિકર આવ્યો છે. પ્રથમ બાગમાં આંટા માર્યા ખાત્રી કરી કે સર્વ શાન્ત છે. બાગ તરફનુંજ મઢુલીનું બારણું ધીમેથી ઉઘાડયું. બારણું અધૂખોલ્યું હતું. એજ જગ્યા, એજ હંસસ્વરૂપ, એજ ખાટલા ઉપર સૂતા હતા. નિશ્ચિંત શાન્ત મુખમુદ્રા હતી. સ્મિત કરતી જણાતી હતી. પેલી ઘડીઆળની જગ્યાએ બીજી ઘડીઆળ લટકી રહી હતી. ઘડીઆળ તરફ નજર જતાં ઘડીઆળના ધબકારા સંભળાયા સાથે સાથે હૃદયના પણ ધબકારા સંભળાયા. ચંદ્રનું અજવાળુ આજે હંસસ્વરૂપના મુખ ઉપર એક બ્હારીના કાણાંમાંથી આવતું હતું. બે ઘડી ખાટલા આગળ કીર્તિકર ઉભો રહ્યો. પ્રાર્થના કરી, ઊંઘતા હંસસ્વરૂપને પ્રણામ કર્યા. આંખ અશ્રુથી ભરાઇ ગઈ. ધુંટણીએ પડી ઇશ્વર સ્તવન કર્યું. બોલવાની હિમ્મત ના ચાલી. એજ હંસસ્વરૂપ, એજ પોતે. આજે નવોજ રંગ હતો. આજે રવિરાય નહોતો. આજે તો કીર્તિકર હતો. નીચે પડી હંસસ્વરૂપના મુખ ભણી જોયું. અહાહા ! કેવું શાન્ત મુખ !! હૃદયમાં કંઇ હિમ્મત આવી, મુખ ઉપર કોઇ ઓરજ પ્રભાવ જામી રહ્યો હતો. ઊંઘતું મુખ જાણે પ્રાણી માત્રને તેનાં પાપોની ક્ષમા આપતું હોય તેવું જણાતું હતું. કીર્તિકરને ખાત્રી થઇ કે મ્હારાં પાપની પણ ક્ષમા મળશે. હિમ્મત આવી. ધીમેથી બોલ્યો પ્રભુ ! સ્વામિ ? હંસસ્વરૂપજી ? કોઇએ જવાબ ના આપ્યો. ગભરાયો કે શું પાપની ક્ષમા નહિં મળે ? ના ના, હવે તો ઉર્ધ્વ રસ્તો જ નિર્માણ થયો છે. ફરીથી પ્રયત્ન કર્યો. ફેરો સફળ થશે. ફરીથી ધીમે સાદે બોલ્યો-પ્રભુ ? પ્રભુ ? [illegible] હિંમ્મત સાંભરો કે

હંસ—કોણ કીર્તિકર ? વાહ આ ઘડીએ ? પધારો પધારો. એમ કરી ઉઠીને ઝાંખો બળતો દીવો સતેજ કર્યો. દીવાનું અજવાળું કીર્તિકરના મુખ ઉપર પડ્યું. હંસસ્વરૂપ આશ્ચર્યચકિત થયા. તરતજ સ્વસ્થ થયા ને બોલ્યા કોણ રવિરાય! ક્યાંથી? વળી શું છે?

કીર્તિકર—પ્રભુ હું રવિરાય નહીં. રવિરાય તો મૃત્યુ પામ્યો છે હેની રક્ષામાંથી કીર્તિકર ઉદ્ભવ્યો છે. હું કીર્તિકર છું.

હંસ—શું કીર્તિકર ત્હમેજ ? ત્હમે રવિરાય કે કીર્તિકર ? સ્હમજાતું નથી. હું ઉંઘમાં છું કે પૂર્ણ જાગૃતાવસ્થામાં છું. એમ કરી આંખો ચોળી-ખાત્રી કરી. ના જાગું છું. સ્હમજ ના પડી શો ભેદ છે કહો ! સ્હમજાવો ! હું તો ત્હમને રવિરાય તરીકેજ ઓળખી શકું છું.

કીર્તિ—પ્રભુ ? એમજ છે હું રવિરાય, હુંજ કીર્તિકર. ક્ષમા માગું છું. પાપોની ક્ષમા માગું છું. જગત્માં હું ઠગાયો છું એમ કરી સજળ નેત્રે સાષ્ટાંગ પ્રણામ કર્યા.

હંસ--હાથ ઝાલી ઉભો કર્યો. સર્વ હકીકત સ્વસ્થ ચિત્તે સાંભળીને પૂછ્યું શું જોઇએ છીએ ?

કીર્તિ—કૃપા-સર્વ સંપત્તિ આપને સોંપી ફકીરી લેવી છે તે માટે આપને તસ્દી આપી છે.

હંસ—કહો કેવી રીત્યે. શું યોજના કરવા માગો છો ?

કીર્તિ—પત્ર દ્વારાએ જણાવી છે હવે તો માત્ર ક્ષમાજ માંગવા આવ્યો છું.

હંસ—રવિરાય !-કીર્તિકર ? હવે ક્ષમા કેવી? પ્રભુએજ ત્હમને ક્ષમા બક્ષી છે હવે તો પ્રભુજ પ્રસન્ન થયા છે. જાવ મ્હારી તો પૂર્ણ ક્ષમા છે.

કિર્તિ—પ્રભુ ? ત્હમારી તો ક્ષમા ખરી પણ. પણ—

હંસ—શું જ્યોતિની માંગો છો ?

કીર્તિ—આપ જાણો છો. હા, બીજા કોની ?

હંસ—તે... ...માં ને નિદ્રા લે છે.

મળશે, હું હેને નિદ્રામાંથી નહિ જગાડું એ નિર્ણયને હું દોષિત દૂરથીજ પ્રણામ કરવા માગું છું. જ્યોતિપુંજવાળો ખંડ ધીમે રહીને ઉઘાડ્યો કીર્તિકર ત્યહાં ગયો. હંસસ્વરૂપ પોતાના ખંડમાં બેઠા બેઠાજ જોઈ શકે એમ હતું તેથી ત્યહાંજ રહ્યા. કીર્તિકર ત્યહાં ગયો. આખ્યમાંથી દડદડ અશ્રુધારા વ્હેતી હતી. સાષ્ટાંગ પ્રણામ જ્યોતિને કર્યા ને કહ્યું—

"Come not, when I am dead,
To drop thy foolish tears upon my grave.
To trample round my fallen head,
And vex the unhappy dust thou wouldst not save,
There let the wind sweep and the plover cry ;
        But thou go by.
Child, wed thou whom thy wilt, but I am sick
    of time, and I desire to rest,
Pass on, weak heart, and leave me where
    I lie, go by, go by."

Tennyson.

અશ્રુ ઢાળી-ક્ષમા માંગી ખંડમાંથી નીકળ્યો, પાછું પણ ના જોયું, હંસસ્વરૂપને થોડાજ અક્ષરોમાં બધું સોંપી નીકળી પડ્યો; ક્ય્હાં ગયો ખબર ના પડી. એટલીજ ખબર પડી કે હિમાલયના બરફથી ઢંકાયલા પર્વતોની ગુફામાં ચાલ્યો ગયો છે.

પ્રકરણ ૩૧ મું.

સાધુનું અવસાન.

"I have lived my life, and that which I have done
May He within himself make pure, but thou,
If thou shouldst never see my face again,
Pray for my soul, more things are wrought by
prayer.
Than this world dreams of.

× × × ×

For what are men better than sheep or goats ?
That nourish the blind life within the brain,
If, knowing God, they lift not hands of prayer
Both for themselves and those who call them friend

× × × ×

But now farewell."

Tennyson.

જ્યોતિને આખી રાત્ય શાન્તિથી નિદ્રા આવી હતી. મઢુલીમાં શું બન્યું તેની ત્હેને કાંઇ ખબરજ પડી નહોતી. હંસસ્વરૂપે કે સતસંગીએ વાત પણ કરી નહોતી. હંસસ્વરૂપ હમણા હમણાના વધારે અશક્ત થતા જતા હતા ને પ્હેલા દિવસની રાત્યના બનાવ પછી પાછા વધારે અશક્ત થયા હતા. સતસંગીને જ્યોતિ હેમની સારવાર કરવા તત્પર રહેતા હતા. હંસસ્વરૂપને લાગ્યું કે અવસાન સમીપ આવતું જાય છે, તેથી જ્યોતિને એક દિવસ બોલાવીને કહ્યું કે બેટા જ્યોતિ ? હવે મ્હારા દિવસો ભરાઇ

ઘણી વખત જાણવા પ્રયત્ન કર્યો છે, આજે હેનો વખત આવ્યો છે તો જ્યહાં સૂધી મ્હારામાં શક્તિ છે તેટલા વખતમાં ત્હને તે જણાવી દઉં હેવી મ્હને ઇચ્છા થઇ છે, માટે જરા સતસંગીને બોલાવી લાવ. ત્હમે બે મ્હારા ખાટલા આગળ બસો. જે કહેવાનું છે તે કહી દઉં. મ્હને એમજ થાય છે કે હું આજનો દિવસ પણ રહું એ ભાગ્યે બને, જેવી ઇશ્વરેચ્છા.

જ્યોતિ જરા ગભરાયો પણ હંસસ્વરૂપે હિમ્મત આપી, સતસંગીને બોલાવી લાવ્યો. હંસસ્વરૂપે બારણાં બંધ કરી બેસવા કહ્યું. બારણાં બંધ કર્યાં. હંસસ્વરૂપે કહ્યું સ્વસ્થ ચિત્તે બેસજો. સતસંગી? તું તો ઘણીખરી હકીકત જાણે છે. મ્હારા અવસાન પછી જેવી રીત્યે તું આજ સૂધી મ્હારી સાથે રહીને વર્ત્યો છે તે પ્રમાણે જ્યોતિની સાથે વર્તજે.

હંસસ્વરૂપ વાત શરૂ કરવા સારૂં ખાટલામાં સુતા હતા તે બેઠા થયા. એક તકીઓ વાંસે ગોઠવવા કહ્યું. પગ જરા લંબાવ્યા ને ગોડવાઇને બેઠા; પછી તે બોલ્યા.

"ભાઇ જ્યોતિ? આજથી લગભગ ત્રીસ વર્ષ ઉપર હું એક સુખના શિખર ઉપર ચ્હડેલો ભાગ્યશાળી પુરુષ મનાતો હતો.—કેમકે ધન સંપત્તિ, શરીર સંપત્તિ, કુટુમ્બ કબીલો સર્વ અખંડિત હતું. આજ હરિણપુરમાં મ્હારા નામની પ્હેડી ચાલતી હતી—ધમધોકાર ચાલતી હતી. મ્હારા પિતા વ્હેપારી હતા છતાં પણ મ્હને કેળવણી આપવામાં પછાત નહોતા. મ્હને પાશ્ચિમાત્ય કેળવણી મળી હતી. ત્યાર પછી હું પણ પ્હેડીમાંજ જોડાયો. હમારા પડોશી મોહનરાયને હમારા ઘર સાથે સારો ઘરોબો હતો. મોહનરાય તે સુંદરરાના પિતા. મ્હારે એક પુત્ર હતો ને પુત્રી હતી. પુત્રને પણ મ્હારા જ કેળવણી આપવા બધી તૈયારી કરી હતી. હું તો વ્હેપારને દેશ પરદેશ ઘણું કરતો એટલે મ્હને ગામમાં પણ કોઇકજ યે ઓળખી શકતું. હું જવલ્લેજ પાંચ દિવસ સામટો

આથડતો હતો ત્હારે માત્ર મ્હારી પાસે આ મ્હારો નોકર કહો, રસોઇઓ કહો, મિત્ર કહો તે સતસંગીજ હતો બીજું કોઇ નહીં. સુંદરરાયનો પુત્ર રવિરાય ને મ્હારો પુત્ર મણીરાય એને કોઇ કહેનાર નહીં તે ઉંધે રસ્તે ચાલ્યા. કર્મ સંજોગે મ્હારો પુત્ર પરણ્યા પછી માત્ર એક વર્ષ પછી ગુજરી ગયો. જ્યોતિ વચ્ચે બોલી ઉઠયો–હંસબાવા ? રવિરાય તે દિવસે રાત્રે આપણે ત્હાં આવ્યો હતો એતો નહીં ? "

હંસ—" એજ ભાઇ એજ શાન્ત રહી સાંભળ્ય " હંસસ્વરૂપે આગળ ચલાવ્યું. " એજ રવિરાયે મ્હારા પુત્ર મણીરાયની વિધવા સ્ત્રીને ફસાવી. જ્યેતિ ! મ્હારી સ્ત્રીએ ને પુત્રીએ મણીરાયની વિધવાને અનેક દુઃખ દીધાં. મ્હારે અધુરામાં પૂરૂં સ્ત્રી ને પુત્રી હતાં તે પણ પ્લેગ જેવા દુષ્ટ રોગમાં એક પછી એક એમ ચાલ્યાં ગયાં. આ ખબર મ્હને પરદેશમાંજ મળ્યા. મ્હારૂં ચિત્ત હવે વ્હેપાર રોજગાર ઉપરથી ઉઠી ગયું. હરિણપુર આવવાને પણ મ્હારી હીમ્મત ના ચાલી. સતસંગીને મ્હેં હરિણપુર મોકલ્યો, સર્વ વ્યવસ્થા કરવા કહી. સર્વ માલ મીલકત વેચાવી દીધી. મ્હેં સંન્યાસ લીધો. ગવા ન્હોતાં પ્હેર્યાં. જગત્ ઉપરથી મ્હારૂં મન ઉઠી ગયું. સતસંગ. પણ મ્હને આવી મળ્યો. તે પણ ન્હાનપણથીજ મ્હારી સાથે રહેલો ; હેને પણ મ્હારા શિવાય જગત્‌માં કોઇ નથી. હું ને સતસંગી ાર પછી હિંદુસ્થાનના સર્વ તીર્થોમાં ફર્યા કે ચાલો ત્હાં કાંઇક શાન્તિ મળશે; પણ બ્હારના ઢોંગમાં હમને રુચિ ના થઇ. સર્વત્ર ફર્યા કોઇપણ જગ્યા હેવી ના જણાઇ કે જ્યહાં પૂર્ણ સાધુતા છ. વાઇ રહી હોય. અંતે એક નિશ્ચય કર્યો કે આટલો પૈસો કેવી રીત્યે વ્યય કરવો. હમારે તો હેની જરૂર નહોતી. જગત્‌માં જે કઠોર શિક્ષણ મળ્યું હતું તેનો અનુભવ બીજાને ના થાય. જગત્ જનસમાજ સુખી કેમ થાય તેવા ઉપાયો લઇ તેમાંજ સર્વ ર્પણ કરવા વિચાર કર્યો હરિણપુરજ આવીને રહેતું એમ કર્યું. આ [illegible] અહીં આવી રહ્યા.

જ્યોતિ સ્તબ્ધ થઇ ગયો. નીચું જોઇ અશ્રુપાત કરતો હતો, તેને હંસસ્વરૂપે છાતી સરસો દાબી શાન્ત કર્યો.

જ્યોતિ—પણ ત્યારે રવિરાયનું શું થયું? તે દિવસ પછી કોઈજ જણાયું નથી.

હંસ—ભાઈ! એ હતભાગી જીવ મોતીરામની સંગે છેક અધમ સ્થિતિએ પ્હોંચ્યો હતો. મોતીરામની સ્થિતિ તો તું જુવેછે. જાણે છે. પણ ઇશ્વરની ઇચ્છાથી સુરદાસની માફક કોઇ બનાવને લઇને રવિરાય રવિરાય તરીકે મૃત્યુ પામ્યો. ને હેમાંથી કીર્તિકર તરીકે હેનો પુનરોદ્ધાર થયો. જે કીર્તિકરે ત્હને જર્મનીમાં બચાવ્યો હતો તેજ કીર્તિકર ગઇ કાલ્ય રાત્રીએ ક્ષમા યાચવા આવ્યો હતો. ત્હારી પણ ક્ષમા યાચી પશ્ચાતાપ કરતો સર્વ ત્હને સોંપી પ્રાયશ્ચિત કરવા ફકીર થઇ નીકળી પડયો છે. ક્યહાં ગયો હશે તેનો પત્તા નથી. આ દરમ્યાન જ્યોતિ વિચારમાં લીન હતો. હંસસ્વરૂપને વાત બંધ કરવા કહ્યું. પોતે અસ્વસ્થ હતો, ચિત્ત બરોબર ઠેકાણે નહોતું. હંસસ્વરૂપે શાન્ત કર્યો શાન્ત થયો. હંસસ્વરૂપ બહુજ . ગયા હતા મ્હોં સૂકાતું હતું. જ્યોતિનો અને સતસંગીનો હાથ પકડયો, જ્યોતિને ખભે માથું નાંખ્યું. બરોબર બોલી શકાતું નહોતું. મનમાં કાંઇ ગણગણતા હોય તેમ લાગ્યું. નીચે પ્રમાણે સંભળાયું.

" હરિનામ ભજનકા બેલાહય
જગદો દિનકા યહ મેલાહય
ફિર કરના કૂચ અકેલાહય.
ક્યું બિરથા કલેષ અનેક સહે
જગ તૃષ્ણા પાવક માંહી દહે
ક્યું પાપ સમુદ્ર મેં બિબશ બહે "

આગળ બોલી શકાયું નહીં 'કૂચ' શબ્દ બોલતાં બોલતાં હાવાળો કરી જ્યોતિને સ્હમજાવ્યું કે કૂચ કરી જાઉંછું. શાન્ત થઇ ગઈ. સતસંગી ને જ્યોતિ શોક [illegible] થઈ ગયા.

પ્રકરણ ૩૨ મું.

હંસસ્વરૂપની જયન્તિ.

Lives of great men all remind us
We can make our lives sublime,
And departing leave behind us
Foot-prints on the sands of time;
Foot-prints, that perhaps another,
Sailing o'er life's solemn main,
A forlorn and ship-wrecked brother,
Seeing, shall take heart again.

"Longfellow."

હંસસ્વરૂપના દેવલોક પામ્યાની વાત આખા ગામમાં પ્ર[illegible] ગઈ. જ્યોતિને સાંત્વના આપવા ગામમાંથી અનેક જણ આવવા લાગ્યા. કુચરાશેઠ વિગેરે સંભાવિત ગૃહસ્થોએ જ્યોતિને તથા સતગીને દિલાસો આપ્યો. સુભગને સારંગધર તો ખબર પડી ત્હારના જ્યોતિ પાસે આવેલાજ હતા. જ્યોતિ તે દિવસે તો ઉદાસજ હતો. હંસસ્વરૂપનું દેવલોક પામવું તેની સાથે પોતે કોણ હતો, હેનો પિતા કોણ હતો તે કેવો હતો કેવો થયો વિગેરે હકિકતે હેને વધારે ઉદાસિન કર્યો હતો. મનની વાત મનમાં રાખ્યા કરતાં જેની સાથે હૃદય મળ્યાં હોય તેની આગળ ઉભરો કાઢી કહ્યાથી કાંઇક શાન્તિ વળે છે જ્યોતિએ એમ ધારી સર્વ હકીકત સુભગ તથા સારંગધરને કહી. સર્વ ખિન્ન થયા પણ જ્યોતિને શાન્ત પમા[illegible] અનેક વાતો કરવા લાગ્યા. જ્યોતિ બાળક ન્હોતો, [illegible] હેને થોડા [illegible] ગમ્યું નહી. પણ દુઃખનું ઓસડ